# નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાના આજીવન પ્રમુખ અ.મુ.પૂજ્ય શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના વ્યતિરેક દિવ્ય સ્વરૂપ સંબંધી સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિથી સત્સંગ સુપેરે વાકેફ છે.

પરમાત્માની વાણીની જેમ જ તેમનું પરમસાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પ્રભુના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી અત્યંત પ્રભાવક, પ્રેરણાદાયક, આદર્શરૂપ અને અનુકરણીય હોય છે. અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું જ કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પણ શ્રીહરિ જ છે.

આવા મહાન સદ્‌ગુરુ અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈના વચન મૌક્તિકોને 'અમૃત બિંદુ' શીર્ષક નીચે તથા તેમની ધ્વનિમુદ્રિત વાણીને 'અમૃત સરિતા' શીર્ષક હેઠળ ત્રણ ભાગમાં પ્રકાશિત કરવામાં આવેલી છે. સદ્‌ગુરુ પૂજ્ય શ્રી નારાયણભાઈના અંતરંગ શિષ્ય રહી આશરે ૨૭ વર્ષ સુધી જોગ-સમાગમ-સેવાનો અલભ્ય લાભ લઇ અનેક પ્રકારના વાર્તાલાપો ને પ્રશ્નોત્તરી દ્વારા જેમણે અનેક





આધ્યાત્મિક રહસ્યો સદ્‌ગુરુ પાસેથી જાણીને તેનો સંગ્રહ કરેલો અને સંસ્થાના સાહિત્યસર્જનમાં જેમનું અતિ અમૂલ્ય યોગદાન છે એવા પ.ભ. શ્રી જીતુભાઈ વ્યાસ દ્વારા તૈયાર કરાયેલો, મુમુક્ષુ સાધકને સાક્ષાત્કાર-પ્રભુપ્રાપ્તિ કરવા માટે તથા ઉત્કૃષ્ટ જીવનઘડતર કરવા માટે અતિ ઉપયોગી એવો વાણીસંગ્રહ લેખન-સંકલન સાથે ઉપલબ્ધ થયો છે, તેને 'અમૃત સાગર' શીર્ષક હેઠળ વિવિધ વિષયમુદ્દાઓ આવરી લઇ, ત્રણ ભાગમાં પ્રકાશિત કરતાં હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવાય એ સ્વાભાવિક છે. ગ્રંથનો આ પ્રથમ ભાગ છે. 'અમૃત સાગર સાધકને...' એવું સૂચક નામ પણ એવો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આ ગ્રંથ કેવળ પ્રભુપ્રાપ્તિની ઝંખના સાથે સાધનાપથ ઉપર પ્રયાણ કરતા સંનિષ્ઠ સાધકને સમર્પિત છે. પછી તે સાધક કોઈ પણ ધર્મ, સંપ્રદાય, મત કે વિચારધારામાં માનતો હોય, એ બધાને માટે સમાનરૂપે સાર્થક નીવડશે.

આ ગ્રંથમાં અનેક આધ્યાત્મિક ગહન રહસ્યનું સ્પષ્ટીકરણ છે. સાથે સાથે ઉત્કૃષ્ટ પ્રકારનું જીવનઘડતર કરવા માટેના અતિ ઉપયોગી વચનો પણ છે, જે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરેલા પ્રબુદ્ધ enlightened સદ્‌ગુરુ સિવાય અન્ય વ્યક્તિ પાસેથી મળવા શક્ય નથી. સાધનાપથ ઉપર ગતિ કરતા સાધકને પૂર્ણરૂપે પથદર્શન પૂરું પાડનાર આ અમૂલ્ય ભાથું છે. જેમ મરજીવા રત્નાકરમાં ડૂબકી મારી રત્નોને વીણી લાવી ધનાઢ્ય બને છે, તેમ આ 'અમૃત સાગર'માં નિમજ્જન કરી નિષ્ઠાવાન સાધક ગહન રહસ્યરૂપ અનેકવિધ અમૂલ્ય રત્નોને

મેળવી આધ્યાત્મિક રીતે સમૃદ્ધ થઇ જીવનનો સર્વોચ્ચ ધ્યેય એવી પ્રભુપ્રાપ્તિ કરી શકશે એવી અમને શ્રદ્ધા છે.

અંતમાં આ ગ્રંથપ્રકાશનમાં સહાયરૂપ થનાર સર્વે તથા સુજ્ઞ વાચકવૃંદ ઉપર પરમ કૃપાળુ શ્રીહરિજી, શ્રી અબજી બાપાશ્રી અનંત સદ્‌ગુરુશ્રીઓ તથા સદ્‌ગુરુવર્ય અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની અસીમ પ્રસન્નતા સદાય વરસતી રહે તેવી અંતરની અભ્યર્થના!

વિક્રમ સંવત ૨૦૭૬ — પ્રકાશક

અષાઢ સુદ બીજ, — **narayanleela.org**

તા.૨૩ જૂન, ૨૦૨૦





## લેખકનું નિવેદન

પરમકૃપાળુ શ્રીજીમહારાજ, અનાદિ મહામુક્તરાજ શ્રી અબજી બાપાશ્રી તથા સદ્‌ગુરુવર્ય પૂજ્યપાદ નારાયણભાઈની અસીમ કૃપાથી જ મારા મામા પ.ભ.શ્રી અનંતરાયભાઈ દવે દ્વારા ગુરુવર્ય નારાયણભાઈની ઓળખાણ મારા અભ્યાસકાળ દરમ્યાન ૧૯૭૧માં થઈ. પ્રથમ મુલાકાતના અદ્‌ભુત અનુભવથી જ ગુરુદેવ પ્રત્યે અદમ્ય આકર્ષણ ઉદ્‌ભવ્યું. અને તેમણે કરાવેલી દિવ્ય અનુભૂતિઓથી અત્યંત પ્રભાવિત થઈ તેમને આધ્યાત્મિક પથદર્શક spiritual master તરીકે હૃદયપૂર્વક સ્વીકારી લીધા.

મારા અભ્યાસકાળમાં યથાવકાશે અવારનવાર આણંદ-વલ્લભવિદ્યાનગરથી ગુરુદેવની મુલાકાતે જવાનું થતું. મારા મૂંઝવતા અનેક પ્રશ્નોના ઉત્તરો તેઓ આપતા અને આધ્યાત્મિક માર્ગના અનેક પ્રકારના ગૂઢ રહસ્યો તેઓ ઉકેલી આપતા. મારો સહજ સ્વભાવ એવો હતો કે કોઈપણ વાત બુદ્ધિગમ્ય ન હોય તો અંધવિશ્વાસપૂર્વક સ્વીકારતો નહીં. સંપ્રદાયના તેમજ વિવિધ ધાર્મિક સંસ્થાઓના ઘણા બધા વિદ્વાન સંતો

અને ભક્તો-સાધકો સાથે વાર્તાલાપ કરતો, પણ યોગ્ય, સંતોષકારક ને પૂર્ણ સમાધાન મળતું ન હતું, જે કરુણામૂર્તિ ગુરુદેવની પાસે તરત મળી જતું. પૂર્ણ સિદ્ધમુક્ત પુરુષની એ જ તો વિશિષ્ટતા છે કે તેઓ સ્વાનુભવના આધારે દરેક પ્રશ્નનું યથાર્થ સમાધાન સહજમાં આપી શકે છે.

કોમર્સના અભ્યાસ બાદ એલીકોન એન્જિ. કંપનીમાં થોડો વખત કોમર્સિઅલ ઓફિસરની નોકરી કરી ઈ.સ. ૧૯૮૩માં ગુરુદેવે સર્વિસ મુકાવી પોતાની સાથે અમદાવાદ લઈ ગયા. ત્યાં તેમના સાંનિધ્યમાં રાખી લાઈબ્રેરીમાં સેવા, પુસ્તકોની ખરીદીમાં, રજીસ્ટરમાં નોંધણી, પુસ્તકોની વિષયવાર ગોઠવણી તથા સત્સંગલક્ષી વિવિધ કાર્યોમાં સાથે રાખી સેવા-સમાગમનો અલભ્ય લાભ આપતા. સાથે સાથે આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી પણ ચાલુ જ રહેતી.

આશરે ૨૭ વર્ષના જોગ-સમાગમ-સેવા દરમ્યાન જે કંઈ વાર્તાલાપો તથા પ્રશ્નોત્તરી થતા તેની હું કાળજીપૂર્વક નોંધણી કરી લેતો અને તે ગુરુદેવને પણ બતાવતો. તે લેખન કાર્યમાં પણ ગુરુદેવની પ્રસન્નતા અને માર્ગદર્શન સદાય મળ્યા કરતું. તે દિવ્ય પ્રેરણાની અનુભૂતિ તેમના મૂર્તિનિવાસી થયા પછી પણ ચાલુ રહી છે તે કેવળ તેમની કૃપાનું જ પરિણામ છે.





અંતમાં આ પ્રકાશન કાર્યમાં જે કોઈ સેવા પ્રતિબદ્ધ સમર્પિત સેવકોનું તન-મન-ધનથી યોગદાન છે તે સર્વ ઉપર પરમકૃપાળુ શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, અનંત સદ્‌ગુરુશ્રીઓ તથા વાત્સલ્યમૂર્તિ કૃપાળુ અ.મુ. પૂજ્ય શ્રી નારાયણમામાની પ્રસન્નતા સદાકાળ વરસતી રહો એ જ અંતરની અભ્યર્થના!

લી.

શ્રીજીપ્રસન્નતા યાચક દાસાનુદાસ સત્સંગ સેવક
જીતુભાઈ વ્યાસના જય શ્રી સ્વામિનારાયણ

# અનાદિમુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈની સંક્ષિપ્ત જીવન ઝરમર

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના સંસ્થાપક ને આજીવન પ્રમુખ અનાદિમુક્ત પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારવાળા, પ્રબુદ્ધ, અનુભવસિદ્ધ ને મહાન આર્ષદૃષ્ટા હોવાથી અધ્યાત્મજ્ઞાનની સાચી પિપાસા ધરાવતા મુમુક્ષુ સાધકો માટે પ્રખર આધ્યાત્મિક માર્ગદર્શક હતા. તેઓશ્રી 'સ્વામિનારાયણ ધર્મ'ને કોઈ સંકુચિત વાડો નહિ ગણતા એક મહાન વિશ્વધર્મ તરીકે પ્રતિપાદિત કરતા. તેમની દૃષ્ટિ વિશદ અને સર્વધર્મ સમન્વયકારી હતી. તેઓશ્રીનો અભિગમ હંમેશાં સર્વજીવહિતાવહ જ રહેલો. તેઓશ્રી કહેતા કે પૂર્ણ પરબ્રહ્મ પરમાત્મા તત્ત્વ એક જ છે ને તે અંતિમ-સર્વોપરી સત્તા છે. તે સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણરૂપે પૂર્ણસ્વરૂપે આવિર્ભાવને પામેલું હતું. મનુષ્ય જીવનનું સર્વોચ્ચ ધ્યેય એ સર્વોપરી પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિરૂપ આત્યંતિક મોક્ષ Ultimate redemptionની સ્થિતિ છે. એ સ્થિતિની ઉપલબ્ધિ





પરમાત્માના પૂર્ણ આવિર્ભાવ Manifestation ના યથાર્થ જ્ઞાન-ધ્યાન ને શુદ્ધ ઉપાસના વગર શક્ય નથી બનતી. તે માટે એ સ્વરૂપની શુદ્ધ ઉપાસના તથા તેનું ધ્યાન ને યથાર્થ જ્ઞાન અનિવાર્ય છે.

પૂજ્યશ્રી નારાયણભાઈ પાસે વિવિધ ધર્મના અનુયાયીઓ પણ આધ્યાત્મિક માર્ગદર્શન માટે આવતા, તેમના વાત્સલ્યપૂર્ણ સાંનિધ્યમાં બેસવા માત્રથી જ અનેક પ્રશ્નોના ખુલાસા આપોઆપ અંતઃકરણમાં જ થઈ જતા. સંસારના ત્રિવિધ તાપ શમી જઈ અંતરમાં શીતળતા વ્યાપી જતી. આવા અનુભવો અનેકને થયેલા છે.

## પ્રાગટ્ય અને બાલ્યકાળ:

પૂર્ણ સ્થિતિને પામેલા પૂર્ણકામ અનાદિમુક્તને સ્વામિનારાયણ ભગવાને ધ્રાંગધ્રા ગામમાં સંવત ૧૯૭૮ મહાવદ પાંચમ, ઈ.સ.૧૯૨૨ ૧૬ ફેબ્રુઆરી, ગુરુવારના દિવસે સવારે ૧૦:૪૬ કલાકે જીવો પર દયા કરી આપણી વચ્ચે મોકલ્યા. તેઓ અગિયાર મહિનાના હતા ત્યારે જ મહારાજના સંકલ્પસ્વરૂપ અબજીબાપાશ્રીએ સર્વ સમાજને પોતાના આશીર્વચનોના રૂપમાં આ મુક્તની ઓળખાણ કરાવી કે "આ તો શ્રીજીમહારાજના મહામુક્ત છે અને અનંત જીવોના કલ્યાણ કરવા તથા સર્વજીવહિતાવહ કાર્યો કરવા માટે જ ભગવાને તેમને પૃથ્વી પર મોકલ્યા છે." આ મુક્ત એટલે શ્રેયસાધકના લાડીલા, સૌના પ્રેરણામૂર્તિ, સૌના

પથદર્શક પૂજ્યશ્રી નારાયણભાઈ ઠક્કર જેને સૌ સત્સંગ સમાજ 'મામા' ના હુલામણા નામથી સંબોધે છે. 'મામા' શબ્દની અંદર બે વખત 'મા' અક્ષર સમાયેલો છે. એનો અર્થ એમ ઘટાવાય કે આ લોકમાં 'મા'ની જેમ બધી આપત્તિઓથી રક્ષા કરે છે અને જીવને પોષણ આપે છે. તેમજ પરલોક એટલે પરમાત્મા સુધી પહોંચવામાં સાચી રાહ દર્શાવી જીવને પરમાત્માનું દિવ્યસુખ ભોગવી શકે તેવો પાત્ર બનાવે છે. આમ બંને રીતે 'મા'ની ગરજ સારે છે માટે 'મામા'.

મુક્તરાજને પાંચ વર્ષની નાની ઉંમરમાં જ પિતાની છત્રછાયા ગુમાવવી પડી. આથી અતિશય આર્થિક સંકડામણમાં દિવસો પસાર કરવા પડતા. એવે સમયે પણ માતા પાસે ક્યારેય કોઈ વસ્તુની જીદ નહિ કે કોઈ મોટી જરૂરિયાત ઊભી કરે નહીં. પોતે સંપૂર્ણ શુદ્ધ, સાત્ત્વિક અને સાદું જીવન જીવતા.

બાલ્યકાળમાં મુક્તરાજ ધીર-ગંભીર, નિડર, સહજ અંતરવૃત્તિવાળા છતાં આનંદી હતા. વિદ્યાર્થીકાળમાં અત્યંત મેધાવી તથા તેજસ્વી વિદ્યાર્થી હોવાથી સહવિદ્યાર્થીઓમાં અત્યંત પ્રિય હતા તથા નિર્માનીપણું, નૈતિકતા, શિસ્ત અને આજ્ઞાપાલનમાં સાવધાન વગેરે ગુણોને લીધે શિક્ષકોના માનપાત્ર હતા. એક જ વખત વાંચવાથી યાદ રહી જતું હોવાથી શાળામાં હંમેશાં પ્રથમ જ આવતા. અનેક વિદ્યાર્થીઓ તેમની પાસેથી માર્ગદર્શન મેળવી અભ્યાસમાં ઉચ્ચસ્તરની





સફળતા મેળવતા. ઘણી વખત મિત્રોને શિક્ષક કરતાં મુક્ત દ્વારા સમજાવેલો વિષય વધુ સારી રીતે સમજાતો.

આઠ વર્ષની નાની ઉંમરમાં જ પોતે જે ઘરમાં રહેતા તે ઘરના અસદ્‌ગતિને પામેલા આત્માઓનો મોક્ષ કરી ઘરને તીર્થરૂપ બનાવી દીધું. જીવનમાં તેમણે આવા કેટલાયે અસદ્‌ગત જીવોને મોક્ષ પ્રાપ્તિ કરાવી હતી. આઠ વર્ષની ઉંમરે જ મુક્તરાજને ૧૦૦ કીર્તનો કંઠસ્થ હતા. વઢવાણના શ્રી સ્વામિનારાયણ મંદિરના ઘનશ્યામ મહારાજની મૂર્તિ સાથે તેઓ પ્રેમભરી ગોષ્ઠિ કરતા અને ભગવાન પણ પ્રતિમાભાવ છોડી દઈ તેમના વહાલા મુક્ત સાથે વાર્તાલાપ કરતા. જેના સાક્ષી એ મંદિરના પવિત્ર સંત સાધુ ભક્તિપ્રિયદાસજી સ્વામી બનતા.

## કારકિર્દી અને વ્યવસાયઃ

મુક્તરાજે શાળાએ જવાનું શરૂ કર્યું ત્યારે તેમના માતાએ તેમને શિખામણ આપી, શાળાએ જતા-આવતા રસ્તામાં સ્વામિનારાયણ મંત્ર જપવો, આડું-અવળું જોવું નહિ. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખી ચાલવું. સ્ત્રીનો સ્પર્શ કરવો નહિ. અજાણતા થઇ જાય તો ઘરે આવી સ્નાન કરવું.

પૂર્ણ મુક્તસ્થિતિને પામેલા મુક્તો સર્વાંગે પૂર્ણ જ હોય છે. તેઓ સંપૂર્ણપણે પવિત્ર જ હોય છે. તેઓને એવું જીવન સહજ હોવા છતાં તેમણે માતાને એ પ્રમાણે રહેવાનું વચન આપ્યું અને આજીવન તેને પાળી બતાવ્યું. કૉલેજ કાળમાં

તેઓ હૉસ્ટેલમાં રહેતા ત્યારે પણ એ જમાનાની કહેવાતી ફેશનથી તેઓ પ્રભાવિત થયા વગર સંપૂર્ણ સાદગીપૂર્ણ ચારિત્ર્યશીલ વર્તન કરતા. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી હૉસ્ટેલમાં ફક્ત ફોતરાવાળી સીંગ તથા ગોળ નાસ્તામાં લેતા. અને કૉલેજથી આશરે પાંચ કિ.મી. દૂર આવેલા સ્વામિનારાયણ મંદિરે જમવા જતા. આવી રીતે સાદગીથી રહી દરેક વખતે પ્રથમ આવી B.Sc. કર્યું અને ત્યાર બાદ ડી.ટી.સી. (ડિપ્લોમા ઈન ટેક્સટાઈલ કેમેસ્ટ્રી)નો અભ્યાસ કરી અવરભાવની દૃષ્ટિએ કહેવાતા અભ્યાસક્રમ મુક્તરાજે પૂર્ણ કર્યા પહેલા એક વર્ષ તેમણે માંદગીને લીધે ડ્રોપ લીધેલો ત્યારે પાટણની સ્કૂલમાં નોકરી કરેલી એ દરમ્યાન એક ઉલ્લેખનીય પ્રસંગ એ બન્યો હતો કે એક જ સમયે વર્ગમાં અને કાર્યાલય એમ બન્ને જગ્યાએ એક સાથે દેખાઈ પોતાનું સામર્થ્ય દર્શન કરાવ્યું હતું. અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ મુક્તરાજે કેલિકો મિલમાં ડાઈંગ આસિસ્ટન્ટ તરીકે રૂ. ૩૫૦/-ના ઊંચા માસિક પગારે નોકરી સ્વીકારી, પરંતુ નીતિમત્તાના હિમાયતી મુક્તરાજના સિદ્ધાંતો અન્ય હોદ્દેદારોના કારણે ન જળવાતા તે નોકરી છોડી દઈ સરસપુરમાં સરસ્વતી વિદ્યાલય નામની શાળામાં નોકરી સ્વીકારી. જ્યાં માસિક પગાર માત્ર રૂ. ૬૦/- અને વાર્ષિક રૂ. ૫નો પગાર વધારો મળતો પગાર ધોરણ નીચું હોવા છતાં ત્યાં પોતાના આદર્શોની જાળવણી થતી હોવાથી એ નોકરીમાં રહ્યા. અને બૅચલર





ઈન ટિચિંગનો કોર્સ પણ કર્યો.

ભારતના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી એચ.એમ.પટેલ તથા જાણીતા કેળવણીકારો શ્રી હરભાઈ ત્રિવેદી અને શ્રી રઘુભાઈ નાયક સરસ્વતી વિદ્યામંડળના મુખ્ય સંચાલકો હતા. તેઓ પૂજ્ય નારાયણભાઈની કાર્યદક્ષતા તથા વહીવટી સૂઝથી પ્રભાવિત થયા તેથી મુક્તરાજને સરસ્વતી વિદ્યામંડળની જ જે. એન. વિદ્યાલય કન્યાશાળામાં આચાર્યપદ સોંપ્યું. નિષ્ઠાવાન તથા ઉચ્ચ ચારિત્ર્યવાન આચાર્ય તરીકે સેવા બજાવી પૂજ્ય નારાયણભાઈએ ઉજ્જવલ આદર્શો સ્થાપ્યા. શૈક્ષણિક કાળ દરમિયાન તેમના Research Papers on modern Education Theory with respect to teachingને રાષ્ટ્રીય ઍવૉર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આશરે ૨૫ થી ૩૦ વર્ષ શિક્ષણ ક્ષેત્રે સેવા બજાવ્યા બાદ તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી.

## આદર્શ ગૃહસ્થ જીવનઃ

અનાદિમુક્તને તો આ લોકના વર્ણાશ્રમ ધર્મના પાલનની કોઈ જ આવશ્યકતા હોતી નથી, પરંતુ કેવળ દરેક જીવોના તેમાં સ્ત્રી અને પુરુષ બન્નેના કલ્યાણ અર્થે તેમણે ગૃહસ્થાશ્રમ અપનાવ્યો હતો. ઈ.સ.૧૯૪૪માં તેઓ પૂજ્ય લીલાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પૂજ્ય લીલાબેન ખૂબ જ સાધન સંપન્ન પરિવારમાંથી આવતા હોવા છતાં મુક્તરાજ પૂજ્ય નારાયણભાઈએ અવરભાવની રીતે સ્વીકારેલી દરિદ્રતાને

અપનાવી પોતાની જીવનશૈલીને પૂર્ણરૂપે બદલી નાંખી હતી. તેઓમાં મુક્તત્વની સાથે સતીત્વના દરેક ગુણો આત્મસાત્ થયેલા હતા. મુક્તરાજ ઘરમાં ન હોય ત્યારે પોતાના સગા ભાઈને પણ ઘરમાં પ્રવેશવા ન દેવા એવી મર્યાદા જાળવતાં. સત્સંગ સમાજમાં તેઓ 'માસી'ના હુલામણા નામથી પ્રસિદ્ધ હતાં. માસી અર્થાત્ મા સમાન. મુક્તરાજ તેમના વિશે જણાવતા કે બહેનોનો આશ્રમ કર્યો હોય તો તમારા માસી એક આદર્શ ગૃહમાતા તરીકે તેનું કુશળતાપૂર્વક સર્વશ્રેષ્ઠ સંચાલન કરી શકે એવું સક્ષમ વ્યક્તિત્વ છે.

માસીએ મુક્તરાજના સિદ્ધાંતો અને આદર્શોને પોતાના બનાવી એક આદર્શ સહધર્મચારીણીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ ગુણિયલ દંપતિએ આ લોકમાં પ્રસિદ્ધ શ્રીરામકૃષ્ણ પરમહંસ અને શારદામણીદેવીની જેમ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરી આદર્શ ગૃહસ્થાશ્રમ ચરિતાર્થ કરી બતાવ્યો હતો.

આ મુક્ત દંપતિના જીવન વિશે વિસ્તૃત વિગત જાણવા માટે શ્રી સ્વામિનારાયણ  ડિવાઇન મિશન સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ 'પૂજ્યશ્રી નારાયણભાઈ' અને 'પૂજ્યશ્રી લીલામાસી' આ બન્ને પુસ્તકો વાંચવા અનુરોધ છે.

### શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની સ્થાપનાઃ

શૈક્ષણિક ક્ષેત્રે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા પાછળનો મુક્તરાજનો હેતુ ભગવાને તેમને જે કાર્ય માટે પૃથ્વી પર મોકલ્યા હતા તે કાર્યને વેગવંતુ બનાવવાનો હતો. એ હેતુને





બર લાવવા કાલુપુર સ્વામિનારાયણ મંદિરના રંગમહોલના ઘનશ્યામ મહારાજની પ્રત્યક્ષ પ્રેરણા ને આશીર્વચનથી તેમણે શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનની ઈ.સ.૧૯૮૧, ૮ ઓક્ટોબર વિજયાદશમીને પવિત્ર દિવસે સ્થાપના કરી. મિશનની સ્થાપના વખતે જ મુક્તરાજે તેના ઉદાત્ત હેતુઓ, આદર્શ ઉદ્દેશો અને મિશનની પ્રવૃત્તિઓ વિષે સુંદર માળખું તૈયાર કરી રાખ્યું હતું. જેથી સુવ્યવસ્થિત રીતે અવિરતપણે કાર્ય પ્રવાહ વહેતો રહે. આ સંસ્થામાં ભગવાન સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સિદ્ધાંતાનુસાર માનવ કલ્યાણની પ્રવૃત્તિઓ ચાલુ કરી. જેના દ્વારા સુંદર ચારિત્ર્ય ઘડતર થઇ જીવનનો સર્વોચ્ચ ધ્યેય જે પ્રભુપ્રાપ્તિ તથા આત્યંતિક કલ્યાણ થાય તેવા ઉદાત્ત હેતુ આ મિશનની સ્થાપના પાછળ અભિપ્રેત છે.

અત્યારે પણ મુક્તરાજે દર્શાવેલ હેતુઓ અને ઉદ્દેશો અનુસાર મિશન દ્વારા કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર ગરીબોને અનાજ-કપડાં તથા આર્થિક સહાય કરવામાં આવે છે તથા આવા કાર્યો કરતી સંસ્થાઓમાં દાન પણ આપવામાં આવે છે. 'પૂ. શ્રી નારાયણભાઈ સાર્વજનિક દવાખાનું' ચલાવવામાં આવે છે જ્યાં સંપૂર્ણ નિઃશુલ્ક તબીબી સેવા, નિદાન, સારવાર અને દવા આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને ભણતરમાં આર્થિક મૂંઝવણ બહુ નડે નહિ તે માટે રાહત દરે ઉચ્ચ ગુણવત્તાવાળા નોટબૂક-ચોપડાઓનું વિતરણ પણ કરવામાં

આવી રહ્યું છે.

મુક્તરાજે પ્રકાશન સમિતિની રચના કરી ‘સર્વજીવહિતાવહ ગ્રંથમાળા’ હેઠળ જીવનઘડતર, ચારિત્ર્ય ઘડતરમાં તથા ચેતનાના ઊર્ધ્વીકરણ માટે ઉપયોગી એવું પ્રકાશન કાર્ય શરૂ કર્યું. સંસ્થાના પ્રકાશનના હેતુ અનુસાર અત્યાર સુધીમાં ૭૭ ઉત્કૃષ્ટ પ્રકાશનો પ્રકાશિત થઇ ચૂક્યા છે. આ પવિત્ર કાર્ય અવિરત ચાલુ જ છે. સંસ્થા દ્વારા પ્રકાશિત પ્રકાશનોને સમાજમાં બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ‘અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર’ પુસ્તકને The Federation of Indian Publishers, New Delhi તરફથી Award For Excellence in Publication ૧૯૯૩નો એવૉર્ડ એનાયત થયો છે જે પ્રકાશન પ્રવૃત્તિની ઉત્કૃષ્ટતા સાબિત કરે છે.

મિશનની સ્થાપના કર્યા બાદ મુક્તરાજે ગ્રંથાલયની પણ સ્થાપના કરી કે જેથી દરેક વ્યક્તિને વિવિધ વિષયો પરના પુસ્તકો એક સ્થાનમાં પ્રાપ્ત થાય. આધ્યાત્મિક પથ પર આગળ વધવા માંગતા મુમુક્ષુ માટે દરેક ધર્મના ગ્રંથો પણ વસાવ્યા, જેથી મુમુક્ષુ જીવ તુલનાત્મક અભ્યાસ કરી, સ્વામિનારાયણ ધર્મ સર્વોપરી અને શ્રેષ્ઠ વિશ્વધર્મ છે તે જાણી શકે અને સર્વધર્મ સમન્વયકારી વિશાળ દૃષ્ટિ વિકસાવી શકે, જેથી સંકુચિતતા અને ભેદદૃષ્ટિ દૂર થાય. પુસ્તકોની ખરીદી પોતાની ટૂંકી આવકમાંથી જાતે જહેમત ઉઠાવી કરતા. ચોકસાઈપૂર્વક





જોઈ-તપાસી જીવનઘડતરમાં ઉપયોગી હોય તેવા જ પુસ્તકો ગ્રંથાલયમાં સ્થાન પામતા. તેમના લગભગ પચાસ વર્ષના અથાક પરિશ્રમના પરિપાકરૂપે ઉત્કૃષ્ટ પ્રકારના આશરે ૨૫ થી ૩૦ હજાર પુસ્તકોનું ગ્રંથાલય નિર્માણ થયેલું છે. જે અત્યારે ‘પૂજ્યશ્રી નારાયણભાઈ જ્ઞાનભવન ગ્રંથાલય’ના નામાભિધાન હેઠળ આકાર પામેલું છે. ગ્રંથાલયમાં વાંચન કક્ષ પણ રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થી વાચકવર્ગને તેનો ઉપયોગ નિઃશુલ્ક કરવા દેવામાં આવે છે.

શ્રી નારાયણભાઈના વિધાન- ‘જીવના સમગ્ર જીવનનો યોગ જે આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જોડાવું તે છે.’ તેના માટે જ્ઞાન-ધ્યાન-ઉપાસના કેન્દ્ર સ્થાપ્યું. ત્યાં પ્રભુના ચિત્તાકર્ષક સ્વરૂપો પધરાવી મુક્તરાજે આશીર્વચનો આપ્યા છે કે “આ સ્થાનમાં આવીને ધ્યાન, ભજન, કથા-વાર્તા, ઉપાસના કરનારને અંતરમાં અલૌકિક સુખ-શાંતિ અને આનંદની અનુભૂતિ થશે તથા આત્યંતિક કલ્યાણ થશે. ભગવાનના આ પ્રતિમાસ્વરૂપો સમક્ષ ગદગદ કંઠે, સાચા ભાવથી કરેલી પ્રાર્થના શ્રીજીમહારાજ જરૂરથી સાંભળશે અને તેમના શુભ મનોરથ પૂર્ણ કરશે.” આવા અનુપમ આશીર્વાદને લઈને મિશન સંસ્થા શ્રીજીમહારાજના કૃપાપ્રસાદની ચિરકાલીન અમૃત સરિતા બની છે.

મિશનની સ્થાપના કરી ત્યારે ફાળો નોંધાવાના ક્રમાંકમાં પોતે પ્રથમ સ્થાને હતા. તેમના દ્વારા ફાળો આપવાની શરૂઆત

થઈ, ત્યાર બાદ તેમની પ્રેરણા લઈ ધીમે ધીમે અન્ય દાતાઓ સક્રિય થતા ગયા. મિશનમાં ફાળા માટે મુક્તરાજે ક્યારેય કોઈ પાસે હાથ લાંબો કર્યો નહોતો. દાતાઓ સ્વેચ્છાએ મિશનની કલ્યાણકારી પ્રવૃત્તિઓ જોઈ તન, મન, ધનથી સેવા આપવા આકર્ષાયા. અધ્યાપિ પર્યંત આ સંસ્થાએ દાન માટે કોઈ પાસે યાચના કરી નથી, છતાંય દાનપ્રવાહ નિરંતર ચાલતો રહ્યો છે.

પ્રભુના ગૂઢ સંકેતને સાકાર કરતી એક આનંદકારી ઘટના એ પણ બની કે મિશન પાસેથી પસાર થતા માર્ગને નગરપાલિકા દ્વારા 'પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ' નામાભિધાન થયું અને ત્યાંથી આગળના ચોકને 'સહજાનંદ ચોક' નામાભિધાન થયું. જે આવતા-જતા રાહદારોને ચૈતન્યના આત્યંતિક કલ્યાણનું બીજબળ ઉત્પન્ન કરી પ્રભુપ્રાપ્તિના માર્ગે પ્રયાણ કરવાની પ્રેરણા પૂરી પાડે છે.

## વ્યક્તિત્વઃ

અવરભાવની દૃષ્ટિએ મુક્તરાજનો સાવ સામાન્ય દેખાતો પહેરવેશ હતો. ટોપી, ઝભ્ભો, ધોતિયું અને પગમાં સાદી સ્લીપર બસ. છતાં વ્યક્તિત્વ એટલું બધું પ્રભાવશાળી કે એક વખત તેમના પરિચયમાં આવનાર વ્યક્તિ પછી ભલે તે ગમે તે સંપ્રદાયની હોય તેમના ચુંબકીય પ્રભાવ હેઠળ આવ્યા વગર રહી શકતી નહિ. તેમના વાણી-વર્તનની એકતા જીવોનું આમૂલ પરિવર્તન કરી શકવા સક્ષમ હતી. પૂર્ણ મુક્તદશા





ધરાવતા હોવા છતાં પોતાનું સામર્થ્ય ઢાંકી દાસભાવે તથા વિનમ્રભાવે સદાય વર્તતા. તેમના સાંનિધ્યમાં દરેકને દિવ્યસુખ ને શાંતિનો અનુભવ અચૂક થતો. તેમના આશીર્વચનથી અનેક હરિભક્તોને આધિ-વ્યાધિ-ઉપાધિ તથા ત્રિવિધ તાપથી ઉગરી ગયાનો સ્વાનુભવ છે. મુક્તરાજે અનેક આધ્યાત્મિક જ્ઞાન પિપાસુઓને જ્ઞાનામૃતનું પાન કરાવી સાચી દિશા બતાવી છે.

આ મુક્તરાજ આધ્યાત્મિક પથદર્શક માત્ર ન હતા, પરંતુ એક પ્રતિભાસંપન્ન, વ્યવહાર કુશળ અને ઉમદા કેળવણીકાર હતા. ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ અને ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી હતા. જીવનના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવા શૈક્ષણિક, સામાજિક, વ્યાવહારિક તેમજ પારમાર્થિક એમ દરેક પાસાંઓના જ્ઞાતા, જીવનમાં શ્રેય અને પ્રેય બંનેનો સુયોગ્ય વિકાસ સાધવામાં સહાયક સમર્થ સદ્‌ગુરુવર્ય હતા.

સંપ્રદાયના વડીલ મહાન સંતોને મુક્તરાજને ત્યાગાશ્રમ કરાવવાનો આગ્રહ હોવા છતાં શ્રીહરિની પ્રત્યક્ષ પ્રેરણાથી મુક્તરાજે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો અને તેમાં બંગાળના સુપ્રસિદ્ધ સંત રામકૃષ્ણ પરમહંસ ને મા શારદામણિદેવીની જેમ દંપતી નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી રહ્યાં. મુક્તરાજ નારાયણભાઈને તો ઊર્ધ્વરેતાપણું સહજ સિદ્ધ હતું જ. તેથી તે બાબત તેમને કોઈ પ્રયાસની આવશ્યકતા નહોતી.

## સેવાનો ગુણઃ

પ્રભુના અનંત કલ્યાણકારી ગુણો મુક્તમાં આત્મસાત્ હોય જ છે. તેમાંનો સેવાનો ગુણ પણ મુક્તરાજમાં પૂર્ણરૂપે વિકસેલો હતો. પોતાના માતાની તેમના દેહોત્સર્ગ સુધી ખંતપૂર્વક સેવા કરેલી. એ માટે એક વર્ષ અભ્યાસની કારકિર્દીનો પણ ભોગ આપ્યો હતો. અભ્યાસની સાથે સાથે માતાને ઘરના અને બહારના કાર્યોમાં સહાયરૂપ થતા. વિદ્યાર્થીકાળ દરમિયાન સહધ્યાયીઓની માંદગીમાં રાત-દિવસ જોયા સિવાય સેવા બજાવતા. વડીલ સંતો અને હરિભક્તોની પણ અનેક પ્રકારે સેવા કરતા. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી સ્વામીને પોતાના નિવાસસ્થાને એક માસ રાખી સેવા કરી રાજી કરેલા. સદ્‌ગુરુ ભગવત્સ્વરૂપદાસજીની તથા અન્ય સંતોની અવારનવાર નિષ્ઠાપૂર્વક સેવા કરતા. અનાથો-ગરીબોને પણ સાવકાશે સામર્થ્ય પ્રમાણે સેવા કરતા અને કરાવતા.

## આધ્યાત્મિક દિવ્યજીવનઃ

પૂર્ણ મુક્તસ્થિતિને પામેલા સદા પૂર્ણકામ મુક્તને આધ્યાત્મિક કોઈ સિદ્ધિ હાંસલ કરવાની બાકી હોતી નથી. તેઓ તો પૃથ્વી પર કેવળ જીવોના કલ્યાણ કરવા પ્રભુ ઈચ્છાથી આવ્યા હોય છે. પૂર્ણ સ્થિતિને પામેલા હોવાથી અને અખંડ ભગવાનના દિવ્યસુખમાં નિમગ્ન રહેતા હોવાથી ભગવાન તેમાં રહી દરેક કાર્ય કરે છે. તેઓ જયારે મનુષ્યરૂપે પધારે





ત્યારે તેમને અડીને આવેલા વાયરાના સ્પર્શ માત્રથી પણ જીવના અનેક જન્મના કર્મો કપાઈ જાય તેવું તેમનું સામર્થ્ય હોય છે. તેવી જ રીતે મુક્તરાજના દર્શન-સ્પર્શ-સંકલ્પ માત્રથી જીવોના સંકલ્પો વિરામ પામતા. શારીરિક રોગો દૂર થતા, આધ્યાત્મિક શાંતિનો અનુભવ થતો.

પૂર્ણકામ હોવાને કારણે આ લોકમાં આવી તેમને આધ્યાત્મિક જ્ઞાન મેળવવું બાકી નહોતું. છતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધવા ઈચ્છુક મુમુક્ષુઓ માટે અનાદિમુક્ત ગુરુની અતિ આવશ્યકતા છે તેવો આદર્શ પ્રસ્થાપિત કરવા આ લોકમાં સ્વામી ભગવત્સ્વરૂપદાસજી અને સદ્‌ગુરુ વૃંદાવનદાસજીને પોતાના આધ્યાત્મિક ગુરુ તરીકે સ્વીકાર્યા હતા.

આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારવાળા હોવાથી પરમાત્માના દિવ્યસુખમાં અખંડ નિમગ્ન રહેતા, આથી ત્રિકાળદર્શીતા અને સર્વજ્ઞતા તેમને સહજ હતી. તેમની પાસે આવનારના પ્રશ્નોનું વગર પૂછે જ સમાધાન મળી જતું. તેવી અનેકને અનુભૂતિ છે. તેમના સામર્થ્યનો મોટામાં મોટો કોઈ ચમત્કાર હોય તો તે એ કે તેમના સંપર્કમાં આવનારની ચેતનાનું ઊર્ધ્વીકરણ થઈ પ્રભુના દિવ્યસુખને પામવા માટે તેઓ પાત્ર બનતા.

આ લોકમાં શ્રીજીમહારાજે તેમના માટે નિર્ધારિત કાર્ય પૂર્ણ થતાં પોતે સ્વતંત્રપણે દેહલીલા સંકેલી લીધી. તેમની મહાનતાની સાક્ષી ભગવાને મિશન ઉપર કેટલાય વખત સુધી

ચંદનવૃષ્ટિ કરીને બતાવી. પોતાના પ્રવચનોમાં નારાયણભાઈ ઘણી વખત કહેતા કે અનાદિમુક્તને આવવા-જવાપણું નથી. તેમના આશીર્વાદ સદાય વરસતા જ રહે છે. તેઓ સદાય દિવ્યસ્વરૂપે પ્રગટ હોય છે. તેવી જ રીતે નારાયણ મામા અત્યારે પણ હાજર છે. તેમના આશીર્વાદ દરેક ઉપર વરસતા રહે છે. ભાવે સહિત જે કોઈ તેમને સંભારે તેમને તેનો અનુભવ પણ થાય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈએ પોતાના જ્યોતિર્મય જીવન દ્વારા અનેક મુમુક્ષુ સાધકો અને આધ્યાત્મિક જીજ્ઞાસુઓના પ્રાણમાં પ્રેરણા પાથરીને પરમ જ્ઞાન, ભક્તિ તથા શ્રદ્ધાની જ્યોતિ જગાવી એ તો ખરું જ. પરંતુ સાથે સાથે જ્ઞાત-અજ્ઞાત રીતે, જીવનના આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાનો પુરુષાર્થ કરીને સારાય સ્વામિનારાયણ ધર્મનું નામ ઉજ્જવળ કર્યું. એ દૃષ્ટિએ એમની જેટલી પ્રશસ્તિ કરવામાં આવે અને એમને જેટલી ભાવાંજલિ અર્પવામાં આવે તેટલી ઓછી છે. પૂજ્ય શ્રી નારાયણભાઈએ સત્સંગમાં લુપ્ત થતા આધ્યાત્મિક તત્ત્વને પુનઃ ઉજાગર કરી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે.

એમની જગાવેલી આહલેકને પ્રજ્વલિત રાખવાનો આપણે સૌ સંનિષ્ઠ પ્રયત્ન અવિરત કરતા રહીએ એ જ આપણું કર્તવ્ય.





# વિષય પ્રવેશ

પરમતત્ત્વ પરમાત્માને પામવાની હૃદયમાં અભિલાષા સાથે અધ્યાત્મની યાત્રાએ નીકળેલા મુમુક્ષુ સાધકને યથાર્થ માર્ગદર્શનના અભાવે આધ્યાત્મિક પંથે પ્રગતિ સાધવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે છે. વિશ્વમાં અનેક પ્રકારના ધર્મો, સંપ્રદાયો, વાડાઓ, ફિરકાઓ, મતમતાંતરો અને વિચારધારાઓ રહેલાં છે. એમાંથી કયો મત, કઈ વિચારધારા ગ્રહણ કરવી એ સાધક માટે મોટી દ્વિધા છે. આટલા બધા મતમાંથી કોઈ એક મત કે વિચારધારા પોતાની પ્રકૃતિ, સમજણ, ગ્રહણશક્તિ ને યોગ્યતા પ્રમાણે અનુકૂળ આવે તો અસંખ્ય શાસ્ત્રોમાંથી ક્યા શાસ્ત્રને અનુસરવું એની દ્વિધા સર્જાય. પોતાની રુચિ ને ગ્રહણશક્તિ પ્રમાણે યોગ્ય શાસ્ત્ર નક્કી થાય તો અનેક સંતોમાંથી કોને પોતાના ગુરુ તરીકે સ્વીકારવા એ દ્વિધા ઉદ્ભવે.

આમ અનેક પ્રકારની દ્વિધાઓ ને વિટંબણા ઉદ્ભવતી હોય ત્યારે પરમાત્માને હૃદયના ખરા ભાવથી પ્રાર્થતા રહેવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે. સાચા ભાવથી કરેલી પ્રાર્થના સાધકને ચોક્કસ સત્યમાર્ગ દર્શાવે છે. એવી પ્રાર્થના દ્વારા મુમુક્ષુ સાધકને પ્રભુ સાચા સંતનો મેળાપ કરાવી આપે છે અને મુમુક્ષુને ગેરમાર્ગે દોરનારા દંભી ભગવાનો તથા દંભી ગુરુઓ થકી રક્ષા પણ કરે છે. માટે જ્યાં સુધી સાચા સંતનો મેળાપ ન થાય, ત્યાં સુધી પ્રભુને પ્રાર્થના કરતા રહેવું, પરંતુ દંભી

ભગવાનો કે ગુરુઓથી દૂર રહેવું મનુષ્ય જન્મની સાર્થકતા માટે અતિ અનિવાર્ય છે, નહિતર દુર્લભ માનવજન્મ એળે જવાની પૂરી સંભાવના રહે. સાચા સંત કોને ગણવા એ પણ સાધક માટે મોટો પડકાર છે. સાચા સંતની પરખ શાસ્ત્રોમાં વર્ણવેલ સંતના લક્ષણ પરથી થઈ શકે. આ બાબતે શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા પ્રકાશિત 'સંતના લક્ષણ' પુસ્તક અતિ ઉપયોગી સાબિત થશે. સાચા સંતની વ્યાખ્યામાં પૂર્ણ સ્થિતિવાળા પ્રબુદ્ધ સિદ્ધ મુક્તપુરુષો તેમજ ઉચ્ચ સાધનદશાવાળા કે જેઓનું લક્ષ્ય કેવળ પ્રભુપ્રાપ્તિ જ છે, જેઓ પ્રભુની આજ્ઞાઓના યથાર્થ પાલન સાથે પોતાના લક્ષ્યને સિદ્ધ કરવા અવિરત સાધના કરતા રહે છે, એવા એકાંતિક સંતની પણ ગણના થઈ શકે. પરંતુ યશ-કીર્તિ-પ્રસિદ્ધિના તીવ્ર રાગ સાથેના અહંકારી ને અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ દ્વારા ભોળા લોકોનું શારીરિક, માનસિક કે આર્થિક શોષણ કરતા એવા દંભી ભગવાનો કે ગુરુઓનો તે સંતની વ્યાખ્યામાં સમાવેશ ન જ થાય તે સ્વાભાવિક છે. આવા કલિકાળમાં અનેક કહેવાતા ભગવાનો ને ગુરુઓના કૌભાંડોનો જ્યારે પર્દાફાશ થાય છે, ત્યારે સાત્ત્વિક મનુષ્યોને અત્યંત ખેદ તથા વ્યથાની લાગણી અનુભવાય છે. મુમુક્ષુ સાધકને પરમાત્માએ આપેલી વિવેકશક્તિનો સદુપયોગ કરી સાચા સંતને ઓળખી તેમના માર્ગદર્શન હેઠળ પોતાની આધ્યાત્મિક પ્રગતિ સાધવી તે જ શ્રેષ્ઠ માર્ગ છે.

પ્રસ્તુત ગ્રંથમાં જેમને આત્મા-પરમાત્માના સ્વરૂપના





અખંડ સાક્ષાત્કારની દિવ્ય સ્થિતિ હતી અને કારણસત્સંગના અદ્વિતીય પ્રણેતા એવા સ્વયં અનાદિ મહામુક્તરાજ અબજી બાપાશ્રીએ તથા કારણસત્સંગના અનેક મહાન સ્થિતિવાળા સંત-મુક્તોએ જેમને પ્રમાણ કરેલા, એવા પ્રબુદ્ધ ને પૂર્ણ સિદ્ધ અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈએ પ્રબોધેલા જ્ઞાનોપદેશમાં મુમુક્ષુ સાધકને તેની સાધનાના ક્રમબદ્ધ વિકાસ માટે અતિ ઉપયોગી વચનો તથા અંતરંગ સેવક જીતુભાઈ સાથેના સંવાદ અને પ્રશ્નોત્તરી પણ સમાવિષ્ટ છે. જેમ કે દેહની અગત્ય, વિવેકજ્ઞાન, સમજણ, ગુણદોષ, સ્વભાવ-પ્રકૃતિ, પુરુષપ્રયત્ન, સેવાભાવ, નિર્ભયતા, બ્રહ્મચર્યની અગત્ય, પ્રભુના સ્વરૂપનું ધ્યાન, પ્રભુ તથા સત્પુરુષની કૃપા, જીવન વ્યવહારમાં ઉપયોગી સૂચનો, જ્ઞાનોપદેશ વગેરે વિષય મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. આ ગ્રંથમાં જ્યાં જ્યાં મુક્તરાજ કે ગુરુવર્ય શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, ત્યાં અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈના નામનો ઉલ્લેખ સમજવાનો છે. અત્રે સાધકને સિદ્ધદશા પ્રાપ્ત કરવા માટે નડતી ગૂંચવણો, વિઘ્નો-વિક્ષેપો વગેરે દૂર કરવાના ઉત્તમ ઉપાયો દર્શાવેલા છે. સાધનદશામાં શૌર્ય, ધૈર્ય, ખંત, સત્પુરુષનું માર્ગદર્શન, કૃપા વગેરે અતિ આવશ્યક અંગો છે. તે અંગેનું બધું જ ભાથું આ ગ્રંથમાંથી મળી રહે છે. સાધકો માટે દીવાદાંડીરૂપ આ ગ્રંથની મહત્તા આના ઊંડા અભ્યાસ દ્વારા જ યથાર્થ રીતે સમજી શકાશે. આ ગ્રંથ ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી સાધકો પૂરતો સીમિત નથી, બલ્કે કોઈ પણ મત કે વિચારધારા ધરાવતા સાધક માટે પોતાની લક્ષ્ય

પ્રાપ્તિ કરવા અતિ ઉપયોગી સાબિત થશે.

મુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈએ પ્રબોધેલો જ્ઞાનોપદેશ અને તેમના અંતરંગ સેવક જીતુભાઈ વ્યાસ વચ્ચેના સંવાદો, વાર્તાલાપો ને પ્રશ્નોત્તરીને આધારે તે સેવકે જ તૈયાર કરેલા અને મિશન સંસ્થા દ્વારા પ્રકાશિત 'જીવન પાથેય', 'પ્રેરણા સ્રોત', 'પંચવર્તમાન', 'ધર્મનો મર્મ', 'સંતના લક્ષણ', વગેરે ગ્રંથોનો અભ્યાસ પણ સાધકને અતિ ઉપયોગી તેમજ સાચા સંતના સચોટ માર્ગદર્શનની ગરજ સારશે એવી અમને પૂર્ણ ખાત્રી છે.





## અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મનુષ્ય દેહની અગત્ય | ૧ |
| ૨ | વિવેકજ્ઞાન | ૧૨ |
| ૩ | કર્મ, ગુણ, દોષ અને સ્વભાવ | ૩૭ |
| ૪ | સેવા | ૫૫ |
| ૫ | નિયમ, પ્રતિજ્ઞા અને તપ | ૭૩ |
| ૬ | નિર્ભય | ૮૧ |
| ૭ | સંત પાસેથી પ્રેરણા | ૮૮ |
| ૮ | પ્રાર્થના | ૯૧ |
| ૯ | પુરુષાર્થ | ૯૫ |
| ૧૦ | કૃપા | ૧૨૭ |
| ૧૧ | ઐશ્વર્ય-સામર્થ્ય | ૧૩૪ |
| ૧૨ | શિક્ષા | ૧૪૦ |
| ૧૩ | દર્શનની તાલાવેલી | ૧૪૭ |
| ૧૪ | સાધકની પ્રગતિ | ૧૫૧ |
| ૧૫ | ધૈર્ય | ૨૧૪ |
| ૧૬ | ધ્યાન સિદ્ધ કરવાના સૂચનો | ૨૨૦ |
| ૧૭ | જીવનવ્યવહારલક્ષી સૂચનો | ૨૫૧ |
| ૧૮ | ઉપસંહાર | ૨૭૩ |

# ૧

# મનુષ્ય દેહની અગત્ય

**સાધકમાં મુમુક્ષુતા પ્રગટે અને હૃદયમાં પ્રભુપ્રાપ્તિની ઉત્કંઠા જન્મે ત્યારે તેને મનુષ્યદેહની અગત્ય સમજાય છે. સૃષ્ટિની ઉત્ક્રાંતિમાં છેલ્લી કક્ષા મનુષ્યશરીર છે. એ માનવશરીરમાં જ આધ્યાત્મિક પ્રગતિ સાધી અંતિમ લક્ષ્ય એવી મોક્ષપ્રાપ્તિ સંભવે છે.**

મનુષ્યશરીરરૂપી સાધનના સદુપયોગ દ્વારા ચૈતન્યની ઉન્નતિ થઇ શકે છે તેમજ તેના દુરુપયોગ દ્વારા અવનતિ પણ થાય છે, જે મનુષ્યની વિવેકશક્તિ ઉપર અવલંબે છે. મનુષ્ય માટે કોઈ જ વસ્તુ અશક્ય કે દુર્લભ નથી. ધારે તે કરી શકવાની ક્ષમતા તેમાં રહેલી છે, કારણ કે પરમાત્માએ તેનામાં બુદ્ધિશક્તિ, વિવેકશક્તિ, નિર્ણય-નિશ્ચયશક્તિ, પૃથ્થકરણ-શક્તિ, વિશ્લેષણશક્તિ, કલ્પનાશક્તિ, વિચારશક્તિ, ચિંતન-મનનશક્તિ વગેરે અનેક પ્રકારની શક્તિઓ તથા અગાધ સંભાવનાઓ પ્રેરેલી છે. માટે ઈશ્વરદત્ત આ બધી શક્તિઓના ઉપયોગ દ્વારા પોતાનો પ્રભુપ્રાપ્તિરૂપ ધ્યેય સિદ્ધ કરવો એ જ સાધકનું કર્તવ્ય છે. મનુષ્યશરીર સિવાય બીજી પશુ-પક્ષી વગેરે યોનીઓમાં મોક્ષપ્રાપ્તિ શક્ય બનતી નથી. કારણ કે તેમનામાં





ઉપર્યુક્ત પ્રભુદત્ત શક્તિઓ વિકસિત નથી હોતી. તેમનામાં અમુક કુદરતી વૃત્તિઓ natural instinct જ હોય છે. જેમકે આહાર, નિદ્રા, ભય ને મૈથુન. આ વૃત્તિઓ જ મુખ્યપણે સહજ રીતે હોવાથી તે જીવના મોક્ષ માટે ઉપયોગી બનતી નથી. માટે સાધકે દેહ નીરોગી ને સ્વસ્થ હોય ત્યાં સુધી જાગૃત રહીને પ્રભુપ્રસન્નતાના સાધન કરી લેવા જોઈએ. (૧)

દેહ તો પ્રભુને પામવાનું અમૂલ્ય સાધન છે. તેનો અનાદર કરવાનો નથી, પરંતુ દેહભાવનો, દેહાત્મબુદ્ધિનો અનાદર કરવાનો, અર્થાત્ આત્મભાવની દૃઢતા કરી દેહભાવથી રહિત વર્તવાનો અભ્યાસ કર્યા કરવો. દેહને નિયમપૂર્વક સાચવી પ્રભુના સ્વરૂપના ધ્યાન-ભજન, સંત સમાગમ તથા સત્સંગ-સેવાદિ કાર્યોમાં જોડી રાખવાથી અનેક જન્મોના કર્મસંસ્કારો ઘસાય છે, તેથી દેહભાવ ઘટતો જાય છે અને આત્મભાવ તથા મુક્તભાવ દૃઢ થતો જાય છે. (૨)

દેહને આખો દિવસ ઘસ-પુસ કરીને બહુ જતન કર્યા ન કરવું. અર્થાત્ રજોગુણ-તમોગુણની વૃદ્ધિ થઇ દેહભાવ, દેહાત્મબુદ્ધિ વધે તેમ દેહની ક્રિયાઓ અને દેહની પરિચર્યા ન કર્યા કરવી. પરંતુ દેહ એક મંદિર છે અને તેમાં રહેલા ચૈતન્યમાં મહાપ્રભુજીને પધરાવીને નિજમંદિર કરવાનું છે એવી ભાવના સાથે તેને ધર્મ-નિયમમાં વર્તાવી નીરોગી, સ્વચ્છ રાખવો તે દેહમંદિરની સેવા છે, પણ કેવળ દેહના સુખ અર્થેનું જતન નથી. કેટલાક મનુષ્યો અજ્ઞાનને કારણે

ઇન્દ્રિયસંયમ ન પાળવાથી શરીરની શક્તિનો હદ ઉપરાંત ક્ષય કરે છે, તેથી શરીરમાં અમુક જાતના chemical reactions રાસાયણિક પ્રક્રિયાઓથી દેહ વિવિધ પ્રકારના રોગોમાં સપડાય છે. પછી મોટા મુક્ત પાસે આવી તેને મટાડવા આશીર્વાદ માંગે, પણ તેમાં મુક્ત શું કરે? તો પણ કેવળ દયાએ કરીને તેના દેહમાં પોતાની દિવ્યશક્તિ દ્વારા આવશ્યક સુધારો કરે છે. (૩)

દરેક ક્રિયા સાહજિક કુદરતી રીતે અને પ્રભુની મૂર્તિના અનુસંધાને સહિત જ થવી જોઈએ. ક્રિયા કરતી વખતે બનાવટી, અકુદરતી ભાવો artificiality પ્રદર્શિત ન થવા જોઈએ. મુક્ત પાસે બેઠા હોઈએ ત્યારે અતિ આદરભાવ, પૂજ્યભાવ અને નમ્રતા દેખાડવા વારેવારે પગે લાગવું, ચરણમાં માથું મૂક્યા કરવું, બહુ નમ્ર વચનો બોલ્યા કરવા, આ બધી ક્રિયાઓનો મુક્તને વિષે દિવ્યભાવ હોય તો પણ ત્યાગ કરવો, કારણ કે તે બીજાને સમાસકર્તા ન બને. એવી ક્રિયાઓ બીજાને દંભરૂપ લાગે અને તેથી તેને અયોગ્ય સંકલ્પ થઇ અવગુણ-અભાવ આવે. માટે મુક્ત વિષેનો દિવ્યભાવ તથા સુખ એ બધું અંદર અંતરમાં સમાવવું તો આંતરિક સુખની વૃદ્ધિ થાય અને સ્થિતિ પણ થાય. માટે કુદરતી, સત્ય ને પવિત્ર આચરણ કરવું. (૪)

પાત્ર થવા માટે શ્રીજીમહારાજે પ્રબોધેલા દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ, એ





પંચવર્તમાન તેના સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થમાં પાળવા અત્યંત જરૂરી છે. એ સિવાય પાત્રતા ન આવે. મોટા મુક્તને વિષે નિર્દોષભાવ રાખી નિર્વિકલ્પ રહેનારને પાત્રતા જલદી સિદ્ધ થાય છે. (પંચવર્તમાનના સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા પ્રકાશિત 'પંચવર્તમાન તેના વિશદ અર્થમાં' પુસ્તકમાંથી મળી રહેશે.) (૫)

જેને બ્રહ્મચર્ય સિદ્ધ કરી ઊર્ધ્વરેતા થવું હોય તેમણે મનને ક્યારેય નવરું ન પડવા દેવું. હંમેશાં સદ્‌પ્રવૃત્તિને વિષે મનને જોડી રાખવું. સદ્‌પ્રવૃત્તિમાંથી મન નવરું પડે કે મહારાજનું ધ્યાન તથા અંતરવૃત્તિનો અભ્યાસ કરવો. બધી ઇન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા અને મિતાહારી થવું. આપણે જેટલું ખાતા હોઈએ તેથી ઉણું પેટ રાખવું. તો ધ્યાન-ભજન સરસ રીતે થાય. પેટનો ૨ ભાગ ખોરાકથી, ૧ ભાગ પાણીથી ભરવો અને ૧ ભાગ હવા માટે ખાલી રાખવો એમ યોગશાસ્ત્રનો નિયમ છે. બહુ રાજસી ને તામસી ખોરાકથી શરીરમાં તથા અંતઃકરણમાં અનેક પ્રકારની વિકૃતિઓ જન્મે છે તે સાધનામાં વિક્ષેપરૂપ બને છે, માટે સાધકે એવો આહાર વિવેકપૂર્વક વર્જવો. (૬)

સાધકે પરમાત્માના સાક્ષાત્કાર માટે શરીર ખૂબ જ સુદૃઢ અને નીરોગી બનાવવું અતિ આવશ્યક છે. પોતાની બેદરકારીને કારણે માંદગી ન આવે એવું શરીર કેળવે તો જ

enlightened પ્રબુદ્ધ થઈ શકાય. શરીર સારું હોય તથા મન મજબૂત હોય તો જ સાક્ષાત્કારને માર્ગે પ્રગતિ શક્ય બને છે. પૂર્ણ પાત્ર થવાથી સત્પુરુષની કૃપાએ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. (૭)

સાધકે ઉપવાસ દ્વારા થોડું તપ પણ કર્યા કરવું જોઈએ. જેથી શરીર શુદ્ધ, સ્વસ્થ અને નીરોગી બને. શરીર નીરોગી બને તો સાથે સાથે મન પણ નીરોગી ને બળવાન બને. સ્વસ્થ ને બળવાન તન મન દ્વારા આત્મબળ વધવાથી આંતરિક પવિત્રતામાં સ્થિરતા આવે છે. અગિયારસ વગેરે વ્રતોમાં સ્વસ્થ વ્યક્તિએ થઇ શકે તો નકોરડો ઉપવાસ કરવો વધુ લાભપ્રદ ગણાય. શરીરથી અશક્ત વ્યક્તિ કેળા, પપૈયા, ચીકુ, સફરજન જેવા થોડા ફળ ફળાદિ લઇ શકે. દૂધ, છાશ, ફળોનો રસ જેવા પ્રવાહી પણ લઇ શકાય. આવા સાત્ત્વિક પદાર્થોથી અંતઃકરણની નિર્મળતામાં વૃદ્ધિ થાય છે, જેના લીધે પ્રભુના સ્વરૂપમાં ધ્યાન દ્વારા જોડાવાની સરળતા રહે છે. (૮)

બહુ બોલવાની ટેવ છોડી દેવી, બાળકિયા સ્વભાવનો ત્યાગ કરી ધીર ગંભીર થતાં શીખવું ને દરેક પરિસ્થિતિમાં સમતા જાળવવાનો અભ્યાસ કરવો. સાધનદશામાં વધુ પડતું બોલવાની ટેવથી શક્તિનો વ્યય થાય છે ને સાધના માટેનો અમૂલ્ય સમય પણ વેડફાય છે. એટલે જ મૌનની અગત્ય ગણાય છે. મૌન દ્વારા આંતરિક ઊર્જાનો સંચય થાય છે જે સાધનામાં અતિ આવશ્યક છે. (૯)





એકાંતમાં મૌન સેવન કરી એક પ્રભુ સિવાય બીજા કોઈના સથવારાની અપેક્ષા રાખ્યા વગર પ્રભુના સ્વરૂપનું દર્શન, મનન-ચિંતન, નિદિધ્યાસ દ્વારા ચેતનાનું આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ થવાથી પ્રભુની વધુ ને વધુ નિકટ જવાય છે. (૧૦)

અંતઃશત્રુઓ સાથેનો કે વિકારો-વિચારો સાથેનો માનસિક સંઘર્ષ હંમેશાં તાણ-તણાવ રાખ્યા સિવાય સાહજિકતાથી, સરળપણે કરવો જોઈએ, જેથી શરીર ને મન ઉપર તેનું ભારણ ન લાગે અને વિષય-વિકારોને સરળતાથી જીતી શકાય. તણાવયુક્ત થઈને વ્યગ્ર ચિત્તે વિકાર જીતવા સંઘર્ષ કરવામાં આવે તો મન વધુ ને વધુ અશાંત અને તણાવયુક્ત બને, જેની વિપરીત અસર શરીર તથા મન ઉપર થાય, માટે સાધકે જાગ્રત રહી ધીરજ ને હિંમત રાખી ખંતપૂર્વક સાધના કરવી ને તાણ-તણાવથી મુક્ત રહેવું. (૧૧)

નિષ્ઠાવાન સાધકે મૂર્તિ ધારવાનો પુરુષપ્રયત્ન નિરંતર કર્યા કરવો, સાથે સાથે આત્મનિરીક્ષણ કરી જોયા પણ કરવું કે મારામાંથી દેહાત્મબુદ્ધિ, દેહભાવ, અહંકાર, કામ-ક્રોધાદિક દોષો કેટલે અંશે દૂર થયા છે કે તેમાં કાંઈ વૃદ્ધિ થઇ છે? એમ નિરંતર તપાસતા રહેવું. ઐશ્વર્ય, સામર્થ્ય, યશ, કીર્તિ, પ્રસિદ્ધિના સૂક્ષ્મ રાગ આ બધું દેહભાવ સાથે છે. એ બધા રાગ જાય ત્યારે સમજવું કે દેહભાવ ઘટી રહ્યો છે. (૧૨)

સત્સંગી હરિભક્તો તથા ત્યાગીઓનો મોટાભાગનો

સમૂહ જ્યાં ત્યાં ફરવામાં, વ્યર્થ ચર્ચા, વાદવિવાદ, વાર્તાલાપો તથા વિતંડાવાદમાં અને કાર્યસત્સંગની પ્રવૃત્તિઓ કરવાના તાનમાં તથા માન, મોટપ મેળવવાના રાગની પૂર્તિ કરવામાં જીવનનો અમૂલ્ય સમય વેડફી નાંખે છે. પરંતુ અંતરવૃત્તિ કરી જીવનનો પ્રભુપ્રાપ્તિરૂપ સર્વોચ્ચ ધ્યેય સિદ્ધ કરવાનું તાન ભાગ્યે જ કોઈકને થાય છે. એ કેવી વિડંબના છે! (૧૩)

અખંડ એવી દૃઢતા કર્યા કરવી કે હું મહારાજની મૂર્તિમાં રહેલો અનાદિમુક્ત જ છું. દેહાભિમાનરૂપ 'હું' અહંકાર ભૌતિક છે, માયિક છે, મલિન છે, જ્યારે 'હું' પ્રભુનો દાસ એવો અનાદિમુક્ત છું. એ પ્રકારનો અહંકાર દિવ્ય છે divine ego છે. માયિક અહંકાર મલિન ને બંધનકર્તા છે, જ્યારે મુક્તભાવમાં રહેલો અહં નિર્ગુણ ને દિવ્ય છે. તે બંધનકર્તા નથી. અવરભાવના કાર્ય કરતી વખતે મૂર્તિમાં વૃત્તિ રાખવા જાય તો કાર્ય બરાબર થઈ શકે નહીં. જ્યાં કાર્ય કે ફરજ બજાવતાં હોઈએ, ત્યાં એકાગ્રતાના અભાવે કાર્ય બગડે અને ફરજ ચૂકી જવાય તે યોગ્ય નથી. માટે દરેક કાર્ય કરતાં પહેલાં થોડી પળો પ્રભુની મૂર્તિ સંભારી, પ્રભુને દરેક કાર્યમાં ભેળા રહેવાની પ્રાર્થના કરી એકાગ્રતાપૂર્વક કાર્ય કરવું. જેથી પ્રભુ રાજી થાય અને કાર્ય પણ સફળ થાય. દરેક કાર્ય કરતાં પહેલા પ્રભુની સ્મૃતિ કરવાના અભ્યાસથી પ્રભુની મૂર્તિનું અખંડ અનુસંધાન પણ રહેવા લાગે છે. (૧૪)

એક **life**-મનુષ્યજીવન કેવળ પ્રભુમય હોવું જરૂરી છે.





એવા જીવનમાં કોઈ પણ ફરજ કે **duty** બજાવવાની રહેતી નથી. જો એ જીવન કેવળ પ્રભુપ્રાપ્તિ માટે કરી રાખ્યું હોય, તો બધી ફરજોનો અંત આવી જાય અને ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર શક્ય બને છે. (૧૫)

જેને પ્રભુનું કાર્ય કરવું હોય અને પ્રભુપ્રાપ્તિ માટે પ્રગતિ સાધવી હોય, તેમણે પોતાનો દેહ તથા દેહના સંબંધી મા-બાપ, ભાઈ-બહેન વગેરેમાંથી સંપૂર્ણપણે નિરાસક્ત થવું આવશ્યક છે. તેમના પ્રત્યેની ફરજો પણ નિરાસક્તભાવે બજાવવી. બીજા જીવો છે તેવા જ તેમને માની અને વિતરાગી થવું, નહીં તો તે બધાની આસક્તિનું વળગણ અને વ્યાવહારિક પળોજણમાંથી છૂટવું દુષ્કર બની જાય, તો ધ્યેય ક્યાંથી સિદ્ધ થાય? કોઈ પણ પ્રકારની આસક્તિનું વળગણ જન્મ ધરાવી દે, માટે સાધકે વિચારવું. ભગવાન બુદ્ધે પણ પોતાની પત્ની અને બાળકનો ત્યાગ કરી, બધામાંથી નિરાસક્ત થઈ સાધના કરી તો પ્રબુદ્ધ બન્યા. ગૃહસ્થ હરિભક્તોએ પોતાના કુટુંબીજન પ્રત્યે ફરજ બરોબર બજાવવી, પરંતુ સમજણ કેળવી આંતરિક રીતે નિરાસક્ત રહેવું, નહિતર બંધન થાય. (૧૬)

જે હરિભક્તને તીવ્ર વૈરાગ્ય હોય અને તેને પ્રારબ્ધમાં પરણવાનો યોગ હોવા છતાં પણ કુંવારા રહી સત્સંગસેવા કરવાની ઈચ્છા હોય અને પ્રભુપ્રસન્નતા મેળવી મુક્તદશા પ્રાપ્ત કરવાની ખેવના હોય, તેણે તો યુવા અવસ્થા આવવા જ ન દેવી. એટલે કે સ્ત્રી આદિકના કે પરણવા વગેરેના કોઈ સંકલ્પ

જ ન કરવા. તેનો ક્યારેય વિચારમાત્ર ઈરાદાપૂર્વક ન કરવો. મનને ભગવાનની અને મુક્તની સેવા, સત્સંગસેવા આદિ સદ્પ્રવૃત્તિમાં જ રોકી રાખવું. મન તેમાંથી નવરું પડે ત્યારે ભગવાનના સ્વરૂપનું ધ્યાન-ભજન કરવામાં જોડી દેવું, તો તે ઘણી પ્રગતિ સાધીને સ્થિતિ પણ પ્રાપ્ત કરી શકે એવો થઇ જાય. માટે એમ ન ધારવું જે પ્રારબ્ધમાં પરણવાનું લખ્યું હોય એટલે તેમ જ થાય, એમ નથી! એવા દઢ હરિભક્ત ઉપર તો ભગવાન અને મોટા મુક્તની કૃપા થાય એટલે કોઈ વિઘ્નો નડી શકે નહીં અને બેડો પાર થઇ જાય. (૧૭)

જે મુમુક્ષુએ માનવકલ્યાણરૂપ પ્રભુનું કાર્ય કરવું હોય, પુરુષપ્રયત્ન કરી પાત્રતા કેળવી પ્રભુનો સાક્ષાત્કાર કરવાની અંતરની અભિપ્સામાંથી તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય, તેવો મુમુક્ષુ ઘર-બારનો ત્યાગ કરે તો પાછળ રહી ગયેલાઓનું ગમે તે થાય તેની ચિંતા કે આસક્તિ તેને ન રહે. એવો મુમુક્ષુ બધું ત્યાગ કરીને જતો રહે, તો પણ તેને દોષ ન લાગે ને કર્મબંધન ન થાય. એવો વૈરાગ્ય ન હોય અને કાચો-પોચો હોય તો તેવા ત્યાગીને દોષ લાગે અને કર્મબંધન પણ થાય. એવી નિર્માલ્ય વ્યક્તિ કોઈ આંતરિક પ્રગતિ કરી શકે નહીં. ત્યાગ કરવાથી તેઓ ઉલટા વધુ હેરાન થાય, માટે એવા મુમુક્ષુએ ઘર માંડીને ગૃહસ્થાશ્રમમાં રહીને શક્ય હોય તેટલાં ભજન-ભક્તિ ને સેવાકાર્યો કરવાં એ જ તેમને માટે હિતાવહ ગણાય.





એવા જ મુમુક્ષુનો ત્યાગ ટકે અને આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકે અને ભગવાનનું જ્ઞાન ફેલાવી જીવોના કલ્યાણ કરી શકે કે જેમણે પૂર્વજન્મમાં એવો પ્રબળ પુરુષપ્રયત્ન કરેલો હોય. તેમનું આ જીવન શ્રેષ્ઠ કલ્યાણકારી કાર્ય કરી શકે તેને માટે યોજાયેલું, પૂર્વનિર્મિત થયેલું હોય અથવા તેવા મુમુક્ષુ ઉપર પ્રભુની કે મોટા અનાદિમુક્તની કૃપા થઇ હોય અને તેમના સંકલ્પથી તેની પાસે તેવું કાર્ય કરાવવું હોય એવા મુમુક્ષુને તેવી સ્વયં પ્રેરણાથી જ ત્યાગી થઇ આજીવન પ્રભુની પ્રાપ્તિ માટે અને તેમની કૃપા મેળવી તેમનો કલ્યાણકારી સંદેશો ફેલાવવા માટે એવું ત્યાગી જીવન બનાવવું જોઈએ. કાચો-પોચો હોય અને શૂરવીર ન હોય તેને તો ગુહસ્થ રહેવાની જ પ્રેરણા કરવી. નહીં તો તે અસમાસ કરે. પછી મુક્તરાજે એક હરિભક્તને ચટકીલો વૈરાગ્ય થયો, પણ તેમાં ટકી ન શકવાથી ચાર-પાંચ વર્ષે પાછો આવ્યો અને ઘર માંડ્યું તેની વાત કરી. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના'- સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી.

અનાદિમુક્તરાજ શ્રી ભગવત્સ્વરૂપદાસજી સ્વામી પાસે કોઈકે આવીને પૂછ્યું, 'સ્વામી, હું સાધુ થાઉં? આપ કહો તો થાઉં.' ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું, 'ના, તમારે સાધુ ન થવું અને ગૃહસ્થાશ્રમમાં જ રહેવું.' બીજા હરિભક્તે સ્વામીને પૂછ્યું જે સ્વામી, 'તેમને સાધુ થવાની કેમ ના પાડી?' ત્યારે સ્વામીએ કહ્યું, 'જેને સાધુ થાવું હોય અને તેની સ્વતઃ પ્રેરણા થઇ

હોય તે તો પૂછવા રહે જ નહીં અને શૂરવીરતાથી બધું ત્યાગ કરીને નીકળી પડે, પણ જે ફોશી હોય અને શ્રદ્ધામાં ડગમગાટ હોય તે જ પૂછવા આવે કે હું સાધુ થાઉં કે નહિ? ત્યારે એવા સાધુ થઈ શકે નહિ. અને કદાચ થાય તો ત્યાગમાં ટકી શકે નહિ, માટે એવાને તો ગૃહસ્થ રહેવાની જ પ્રેરણા કરવી.' (૧૮)





# ૨

# વિવેક જ્ઞાન

**પ્રગતિના પથ પર પગલાં માંડતો સાધક અનેકવિધ પ્રશ્નોથી મૂંઝાયેલો, પોતાની જડ કરેલી અનેક પ્રકારની જૂની-નવી માન્યતાઓ, ગેરસમજો, સાંભળેલી સાચીખોટી વાતો તે બધી સંકુચિતતાઓને દૂર કરી સાચી સમજણ કેળવે તો જ વિશાળ દૃષ્ટિ થઈ પ્રભુ ભજવામાં સરળતા રહે. પ્રભુપ્રાપ્તિ માટે નીકળેલા સાધકે કઈ કઈ બાબતો લક્ષ્યમાં લેવી જોઈએ તેનો નિર્દેશ આ વિષય મુદ્દામાંથી મળી રહેશે.**

જે પૂર્ણ ન હોવા છતાં મોટા મુક્ત કે ભગવાન થઈને પૂજાતા હોય તેનો સંગ ન કરવો અને તેઓ સાથે વ્યર્થ ચર્ચામાં કે વાદવિવાદમાં પણ વગર કારણે ન ઊતરવું. કારણ કે તેઓ પોતાના મનની આંટી અને ક્ષુદ્ર અહંકાર મૂકી શકતા નથી અને પોતાની સાથે બીજા ઘણા બધા જીવોનું પણ બગાડે છે. જે સાચો મુમુક્ષુ છે તેની ભગવાન રક્ષા કરે અને તેવા પાપી જીવોથી છોડાવે છે. અનાદિમુક્તરાજ બાપાશ્રી પણ કહે છે કે એવા કહેવાતા દંભી ભગવાનને કે દંભી મુક્તને અંતે ભૂખ, દુઃખ ને માર જ મળે છે. માટે સુજ્ઞ શ્રેયસાધકે એવો

લલચામણો માર્ગ વર્જવો અને દંભી ભગવાનો ને દંભી ગુરુઓથી હંમેશ દૂર રહેવું. (૧)

જેને મુક્તનો જોગ હોય, તેમનો રાજીપો હોય, તેમને સુખ-દુઃખ, જય-પરાજય, લાભ-હાનિ, સફળતા-નિષ્ફળતા વગેરેના પ્રેરનારા શ્રીજીમહારાજ પોતે જ છે. સાચી સમજણ ને જ્ઞાનવાળા માટે સફળતા કે નિષ્ફળતા બંને સરખું જ છે. Both are one and the same. માટે જ્યારે નિષ્ફળતા મળે, ત્યારે હતોત્સાહી કે નાહિંમત ન થતાં સમતા ને સ્થિતપ્રજ્ઞતા ધારણ કરવી. નિષ્ફળતામાંથી પણ જ્ઞાન લાધે છે, અનુભવ મળે છે, તેમાંથી સફળ થવાની પ્રેરણા અને ચાવી હાથ લાગે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે Failure is the ladder of success નિષ્ફળતા એ સફળતાની સીડી છે. સ્થિતપ્રજ્ઞ સાધક માટે તો સફળતા કે નિષ્ફળતા બંને સરખું જ છે. (૨)

શાસ્ત્રોમાં એમ જણાવ્યું છે કે ખરા હરિભક્તો પ્રભુની સેવા જ ઇચ્છે છે, પણ કેવળ ચાર પ્રકારની મુક્તિને નથી ઇચ્છતા. તેનું ખરું રહસ્ય એ છે જે, એવા ભક્ત જ્યારે પુરુષોત્તમરૂપ થઈ પ્રભુના દિવ્યસ્વરૂપમાં પ્રેમાદ્વૈત સાધે, ત્યારે તેને પોતાના સુખ, સામર્થ્ય, પ્રકાશ કરતાં પ્રભુ સંબંધી સુખ, સામર્થ્ય, પ્રકાશ, ગુણો, શક્તિ વગેરેનું અનંતગણું અધિક અપારપણું અનુભવાય, તેથી તેને મુક્તદશામાં પણ પ્રભુ સાથે સ્વામી-સેવકભાવ નિરંતર રહે છે. પ્રભુના દિવ્યસ્વરૂપમાં





રસબસ ભાવે લીન રહી, દાસભાવે પ્રભુ સંબંધી દિવ્યસુખ ભોગવવું તેને જ પરભાવમાં સેવા ગણેલી છે. સાચો ભક્ત એવા પ્રકારની પરભાવની દિવ્ય સેવાને જ ઇચ્છે, પરંતુ જન્મ-મરણ રહિત અવસ્થા એવી મુક્તિને જ કેવળ નથી ઇચ્છતો. શાસ્ત્રોના વચન પાછળનું એવું તાત્પર્ય છે. (૩)

જેને પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની જ કેવળ ઇચ્છા હોય તેમણે ખૂબ જ સૂક્ષ્મ સમજણ કેળવવી પડે. પાત્રતા કેળવવા માટે પંચવિષય સંબંધી સર્વ રાગ તથા માન, મોટપ, યશ, કીર્તિ, પ્રસિદ્ધિના બધા રાગ સતત જાગૃત રહી, જાણપણું રાખી સમજણથી કાઢવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. (૪)

જીવોને પોતાના સ્વભાવ પ્રમાણે કર્મ કરવાની સ્વતંત્રતા હોય છે. એમાં ભગવાન અથવા ભગવાનના મુક્ત બિનજરૂરી હસ્તક્ષેપ કરતા નથી. (૫)

જે મુમુક્ષુને પોતાનો સ્વભાવ જીતવાની તીવ્ર ઇચ્છા હોય અને એ દિશામાં પુરુષપ્રયત્ન કરતો હોય તેની ઉપર જ ભગવાન અને મુક્તની કૃપા થાય અને તે સ્વભાવ જીતી શકે. અન્ય જીવોના સ્વભાવ તો કેટલાય જન્મે પણ ઘસાતા નથી. જીવ પોતે ઇચ્છે અને પુરુષપ્રયત્ન કરે તો જ સ્વભાવ ટળે. (૬)

રાગ અને દ્વેષ ઉપર વિજય મેળવ્યા વગર કદીયે સાચા સુખ-શાંતિ પ્રાપ્ત થતાં નથી. (૭)

જીવો અનાદિકાળથી માયાના ગર્ભમાં જ છે. જીવ સારા

નરસા જે કંઈ કર્મ કરે તેનું બંધન થાય ને તેના સુખ-દુઃખરૂપ ફળ તેને ભોગવવા પડે. જીવોને ક્યારથી કર્મ વળગ્યા તેનો ઉત્તર આપવો અશક્ય છે, કારણ કે જીવો અનાદિકાળથી માયાના આવરણોમાં જ છે. આધ્યાત્મિક પ્રગતિ સાધતાં સાધતાં એ આવરણોમાંથી છૂટીને પૂર્ણ થવું એ ઉત્ક્રાંતિનો નિયમ છે. (૮)

સાધકે સાધના દરમ્યાન હંમેશાં cheerful પ્રસન્નચિત્ત રહેવું. મન ઉપર ખોટી ચિંતા ને તાણ-તણાવ ન રહેવા દેવા. સુખ-દુઃખ, માન-અપમાન, હર્ષ-શોક વગેરેમાં સ્થિતપ્રજ્ઞ રહે તે પ્રસન્નચિત્ત રહી શકે. ચિત્તની પ્રસન્નતા દ્વારા સાધનામાં ત્વરિત ગતિએ પ્રગતિ સધાય છે. (૯)

વિવિધ પ્રકારના ઘાટ-સંકલ્પથી મૂંઝાયા સિવાય મહારાજની મૂર્તિ સંભારવાના અભ્યાસથી ઘાટ-સંકલ્પના વિક્ષેપો ઓછા થતા જાય છે. (૧૦)

મુમુક્ષુએ પૂર્ણમુક્ત મનુષ્યરૂપે પ્રગટ હોય, ત્યારે પોતાને મૂંઝવતા સઘળા પ્રશ્નો પૂછીને સમાધાન મેળવી લેવું જોઈએ. નહીં તો તે પ્રશ્નો હંમેશાં મૂંઝવ્યા કરે અને મનને disturb વિક્ષિપ્ત કર્યા કરે, તેને લીધે સાધનાપથ પર પ્રગતિ રૂંધાય છે. યથાર્થ સમાધાન દ્વારા મૂંઝવતા પ્રશ્નોની સ્પષ્ટતા થવાથી સાધનાપથ મોકળો બને છે. (૧૧)

અનાદિમુક્તો શ્રીજીસ્વરૂપ છે. શ્રીજીમહારાજ દિવ્ય તેજોમય છે તેમજ તેમના અનાદિમુક્તો પણ દિવ્ય તેજોમય





છે, તો પછી મોટા મુક્તોનું ધ્યાન કરાય કે નહીં? કારણ કે શ્રીજીમહારાજે અનાદિમુક્તોને પણ પોતાના અવતાર ગણેલા છે. તેઓ મૂળપુરુષાદિક ઐશ્વર્યાવેશ અવતારો કરતાં ઘણાં જ શ્રેષ્ઠ છે તો તેનું ધ્યાન થાય કે નહીં? અને ધ્યાન કરે તો શું બાધ આવે? અને પોતાને મળેલા અનાદિમુક્તમાં આપોપું કરવું એટલે શું? સેવકના આ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં ગુરુદેવે જણાવ્યું જે, શ્રીજીમહારાજની આજ્ઞા છે કે મહારાજની મૂર્તિનું જ ધ્યાન કરવું, કારણ કે મહારાજ સ્વામી છે અને મુક્ત સેવક. માટે સ્વામીનું ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે અને જો કોઈ અજાણપણે અનાદિમુક્તનું ધ્યાન કરે તો મોક્ષ તો પામે, પણ મહારાજની આજ્ઞા લોપાય તે દોષ આવે. મુક્તમાં આપોપું કરવું એટલે મુક્તની અનુવૃત્તિમાં વર્તવું અને તેની આજ્ઞા યથાર્થ પાળવી તે જ આપોપું છે. જેવી રીતે તેમને મહારાજે મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યા છે તેમજ મને પણ તેમની કૃપાથી પોતા જેવો જ મૂર્તિરૂપ કરી મૂર્તિમાં રાખ્યો છે. તેમ માની મહારાજનું જ ધ્યાન-ભજન કરવું અને મુક્તના અંતરવૃત્તિ તેમજ બહારવૃત્તિથી સેવા-સમાગમ કરવાં તે જ ખરા અર્થમાં આપોપું ને આત્મબુદ્ધિ છે. (૧૨)

મોટાભાગના સત્સંગી હરિભક્તો ભગવાન તથા મુક્તોની મૂર્તિ મોટરકારમાં, ઘરમાં, ઑફિસ વગેરે સ્થાનોમાં રાખે છે. તેમાં તેઓનો આશય એવો હોય છે કે ભગવાન તથા મુક્તની મૂર્તિ મોટરકારમાં રાખી હોય તો એકસીડન્ટ ન

થાય, ઘરમાં રાખવાથી સુખ-સમૃદ્ધિ વધે, વ્યવહાર સારો ચાલે, ધનમાં વૃદ્ધિ થાય એવી ભૌતિક ઇચ્છાથી રાખતા હોય છે, પરંતુ મહારાજ તથા મુક્તની મૂર્તિ રાખી તેમને સંભારી તેમના જેવા કલ્યાણકારી ગુણો પોતાનામાં આવે છે કે નહીં? તેમ તપાસવું અને તેમના ગુણો પોતાના જીવનમાં આત્મસાત્ કરવા પ્રયાસ કરવો, તો મોક્ષને માર્ગે પ્રગતિ સાધી શકાય. માટે તુચ્છ પદાર્થોની તેમજ તુચ્છ ઇચ્છાપૂર્તિની આસક્તિ ટાળીને ભગવાન તથા મુક્તની પ્રેરણાદાયી મૂર્તિઓ જીવના આત્યંતિક કલ્યાણરૂપ ઉત્કૃષ્ટ હેતુ માટે રાખવી જોઈએ. (૧૩)

જ્યાં ક્લેશને લીધે હરિભક્તોના મન જુદા થઇ અંતર પડી ગયું હોય તથા એકબીજાને પરસ્પર અવગુણ આવી જાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઇ હોય, ત્યાં પ્રભુને રહેવું ન ગમે. માટે એવા ક્લેશમય વાતાવરણથી દૂર રહેવું, જેથી પ્રેમ અને દિવ્યભાવ જળવાય રહે. પરંતુ ભેગા રહેવાથી જો ક્લેશ થતો હોય તો ભેગા ન રહેવું. એવા ક્લેશથી ધ્યાન-ભજનનું સુખ ન આવે. મહારાજને આંતર-બાહ્ય એવી કોઈ પણ પ્રકારની ગંદકી નથી ગમતી. માટે આંતરિક અને બાહ્ય બંને રીતે ચોખ્ખું વર્તવું. વાણી વર્તનની નિર્મળતા દ્વારા જ પ્રભુપ્રસન્નતા થાય છે. (૧૪)

ઘણા જીવોને પોતાનું દેહાભિમાન, પોતાનો અહંકાર તથા વિદ્વત્તાનું મિથ્યાભિમાન મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ થાય છે. તેને જો સમજણપૂર્વક મૂકી દઈ, મોટા મુક્ત પાસે નમ્રતા





ધારણ કરી, નિષ્કપટ, ગરજવાન થઇ તેમને જોગ-સમાગમ-સેવા કરીને પ્રસન્ન કરી તેમની પાસેથી સાચું જ્ઞાન મેળવે તો પાત્ર થવામાં સરળતા રહે છે. તે ઉપર ગુરુવર્યે એક બ્રાહ્મણની વાત કરી. તે બ્રાહ્મણ ભણેલો ગણેલો અને વિદ્વાન હતો. તેને તેની વિદ્વત્તાનું ખૂબ જ માન આવી ગયેલું. તેથી મોટા પુરુષને ઓળખી શકે એટલો પણ વિવેક ન રહ્યો. તેને એવી ટેવ પડી ગયેલી કે તે પાત્ર જોયા વગર ગમે તેની પાસે જઈને પોતાની જ્ઞાનવાર્તા કર્યા જ કરે. જ્યારે બીજાને વાતો કરે, ત્યારે જ તેને શાંતિ થાય, પણ એ વગર તેને ચેન ન પડે. તેને વાતો કરવાનું એટલું બધું તાન હતું. અ.મુ. સ.ગુ. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી પાસે તે દરરોજ આવતો. સ્વામીશ્રી અતિ દયાળુ પ્રકૃતિવાળા હોવાથી ઊભા થઇ તે બ્રાહ્મણને આવકાર આપી ચાકળો પાથરી આપતા. તે ચાકળા ઉપર એ બ્રાહ્મણ બેસી અને સ્વામીશ્રી પાસે પોતાની વિદ્વત્તાની વાતો કલાક બે કલાક સુધી કર્યા કરતો. સ્વામીશ્રી તો પ્રભુના સ્વરૂપમાં જોડાઈ જઈ ઊંડા ઊતરી જતા, પરંતુ આ બ્રાહ્મણને એમ લાગતું કે સ્વામી મારી વાતો એકાગ્ર થઈને સાંભળે છે. પછી તે વાતો કરીને થાકે ત્યારે ઊભો થઈને જતો રહે. એટલે સ્વામીશ્રી તો ચાકળો લઇ તેની જગાએ મૂકી દેતા. સ્વામીશ્રી ક્યારેય પણ તે બ્રાહ્મણ સાથે ચર્ચામાં નહોતા ઊતરતા, કારણ કે તેઓશ્રી તેનો સ્વભાવ જાણતા. સ્વામી શ્રી ચર્ચામાં ન ઊતરે તેથી તે બ્રાહ્મણને વિદ્વત્તાનો ગર્વ પુષ્ટ

થતો.

કોઈ એક વખત અ.મુ. સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી ધાંગધ્રા મંદિરે પધારેલા. તેમને આઠ દસ દિવસનું રોકાણ હતું. પેલો બ્રાહ્મણ રોજની ટેવ મુજબ મંદિરે આવ્યો અને ભગવત્સ્વરૂપ સ્વામીને શોધવા માંડ્યો. ત્યાં કોઈક હરિભક્તે કહ્યું કે અમારા મંદિરમાં મોટા સંત પધાર્યા છે. એટલે સ્વામી તેમની પાસે સભામાં બેઠા છે. તે બ્રાહ્મણ સભામંડપમાં આવ્યો. એને તો મનમાં એમ હતું કે, આજે મારું જ્ઞાન આ સભામાં મોટા સંતને પણ દેખાડી દઉં. એમ વિચારી સભામાં બધાની આગળ જઈ બેઠો અને વૃંદાવનદાસજી સ્વામીને સીધો જ પ્રશ્ન કર્યો, 'સ્વામી, તમને હવે અવસ્થા ઘણી થઇ છે, તો આટલું ફરવાનું ને વાતો કરવાનું કષ્ટ શું કામ સહન કરો છો? શાંતિથી પ્રભુભજનમાં સમય ગાળો તો બેડો પાર થઇ જાય. તમને શરીરે મંદવાડ જેવું પણ જણાય છે.' સ્વામીશ્રી તે બ્રાહ્મણનો ગર્વિષ્ઠ સ્વભાવ અંતર્યામીપણે જાણી ને તેનો ગર્વ ઊતારવા જ્ઞાન કર્યું કે, 'અમારે અવસ્થા છે જ નહીં. એ તો તમારા ચર્મચક્ષુથી તમને એમ લાગે છે. અમે તો સદાય જેમ છીએ, તેમ જ છીએ. અમને મંદવાડ તો તમારામાં જણાય છે. એ મંદવાડ તો મોટા પુરુષનો જોગ કરીને તેમની સેવા કરીને પ્રસન્ન કરશો ત્યારે જશે, કારણ કે તમારા મંદવાડના મૂળ ઊંડા છે. એ મંદવાડ ઓળખવા માટે અંતર્દષ્ટિની જરૂર છે. એ વગર તે ઓળખાય એવો નથી.'





સ્વામીશ્રીએ આટલું કહ્યા છતાં ગર્વિષ્ઠ બ્રાહ્મણ પોતાની વિદ્વત્તા નો ડોડ મૂકી ન શકતાં આવેગમાં આવી સ્વામીશ્રીને વ્યંગાત્મક રીતે પૂછ્યું, 'તમે કોઈ દિવસ કાશીની યાત્રા કરી છે?' ત્યારે સ્વામીશ્રી કહે, 'જે કાશીએ તમે ગયા છો તે કાશીએ હું નથી ગયો. અને જે કાશીએ હું ગયો છું તે કાશીએ તમે નથી ગયા.' ત્યારે બ્રાહ્મણ સહેજ ભોંઠો પડયો, પછી આશંકા કરી કે, શાસ્ત્રમાં એક જ કાશીનું વર્ણન છે અને સ્વામીએ કોઈક નવું કાશી શોધ્યું લાગે છે. પછી સ્વામીશ્રી કહે, 'જે કાશી શાસ્ત્રમાં છે ત્યાં તમે ગયા છો અને જે કાશી શાસ્ત્રથી પર છે, ત્યાં હું હંમેશ રહેલો છું. એ કાશી તે પરમાત્માનું દિવ્યસ્વરૂપ છે.' પછી પેલા બ્રાહ્મણને લાગ્યું કે આ સાધુ કંઇક સ્થિતિવાળા લાગે છે. મેં તેમની સાથે ખોટો વાદ-વિવાદ કર્યો તે યોગ્ય ન થયું. પછી તેણે પ્રશ્નો પૂછવાના બંધ કર્યા. સ્વામીશ્રીએ તેને બધું જ્ઞાન કર્યું. અનાદિમુક્તની સ્થિતિ સમજાવી, ભગવાનની સર્વોપરી શુદ્ધ ઉપાસના સમજાવી કહ્યું, 'મોટા પુરુષ પાસે દાસભાવ ગ્રહણ કરી નિર્માની થઇને ગરજવાન બની જ્ઞાન સંપાદન કરાય, નહીં તો ખોટી ચર્ચા અને વાદ-વિવાદમાં જન્મ એળે જાય અને કોઈ જ પ્રાપ્તિ ન થાય. આમને આમ અનેક જન્મો થઇ ગયા, તો પણ કેટલી અપૂર્ણતા છે તે ઊંડા ઊતરી વિચાર કરો તો જણાય. તે માટે પ્રભુના સ્વરૂપને તથા તેમના દિવ્યસુખને પામવાની ત્વરા અને ખરો ખપ જોઈએ. ત્યારે મોટા પુરુષ સત્ય જ્ઞાન કરાવે.'

'તમે રોજ આ મોટા સંત પાસે આવીને વાતો કરો છો. તેઓ ઊભા થઇ તમને ચાકળો પાથરી આપે છે. તે તો રાજા રાંકને ગાદીએ બેસાડે એવું છે. એવા મોટા સંત પાસે તો પોતાનું દેહાભિમાન અને વિદ્વત્તાનું માન મૂકી દઈ વિનમ્ર થઈને બેસવું જોઈએ. તો સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય.' સ્વામીશ્રીના આવા બળવાન વચનથી એ બ્રાહ્મણ ઉપર ખૂબ ઊંડી અસર થઇ અને તેને સાચી વાત સમજાણી. તેનામાં રહેલી મુમુક્ષુતા જાગૃત થઇ અને સ્વામીશ્રીનો ગુણ આવ્યો અને મહિમા થયો. પછી તે ભગવાનનું ધ્યાન-ભજન કરવા માંડ્યો અને મંદિરે ભગવત્સ્વરૂપ સ્વામી પાસે આવીને રોજ આસન પાથર્યા વગર નીચે બેસી જાય. બીજા ભક્તો આસન ઉપર બેસે તો પણ પોતે નીચે જ બેસે. એવું નિર્માનીપણું ગ્રહણ કરી સ્વામીશ્રીની પ્રસન્નતા મેળવી, તો પ્રભુનું સ્વરૂપ જેમ છે તેમ ઓળખાયું અને સાચું જ્ઞાન થયું. (૧૫)

કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા વગેરે દુષ્ટવૃત્તિઓને સંપૂર્ણ કાબૂ હેઠળ રાખવાનો પ્રયત્ન અવિરત કર્યા કરવો જોઈએ. એવી દુષ્ટવૃત્તિઓ ઘણીવાર પોતાની જાતને તથા અન્યને અપાર મુશ્કેલીમાં મૂકી દે છે. જ્યાં સુધી એક પણ દોષ બાકી હોય, ત્યાં સુધી પ્રભુના કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થતો નથી. પ્રભુ જેટલી નિર્મળતા થાય ત્યારે જ પ્રભુપ્રાપ્તિ સંભવે. (૧૬)

જે સાધકને ભગવાન અને મુક્તો મળ્યા અને તેમના





આશીર્વાદ મળ્યા, તેને માટે બીજું કોઈ પ્રારબ્ધ રહેતું નથી. તેનું પ્રારબ્ધ એક શ્રીજીમહારાજ છે. માટે પ્રારબ્ધમાં પરણવાનું લખ્યું હોય તો પણ જેને અપરિણીત રહી પ્રભુપ્રાપ્તિ કરવી હોય તથા જીવોના કલ્યાણ સંબંધી સેવાકાર્યો કરવા હોય, તેને અડગ નિશ્ચય, દૃઢ શ્રદ્ધા અને સાચી સમજણ રહે તો અપરિણીત રહી શકાય. તેમાં કાંઈ અઘરું નથી. માટે અઘરાપણાની માનીનતાની ગ્રંથિ ટાળીને નિર્ભય-નિશ્ચિંત રહી પ્રભુપ્રસન્નતાના સાધન કર્યા કરવા. (૧૭)

બાહ્ય દૃષ્ટિએ કરીને મહારાજ કે મુક્ત પાસે સદાય રહે તો પણ કોરો ને કોરો રહે, કોઈ પ્રાપ્તિ ન થાય, પણ જો અંતરવૃત્તિએ કરીને અખંડ જોગ રાખે તો લાખ્ખો ગાઉ દૂર હોય તો પણ મહારાજ ને મુક્ત સદાય ભેળા જ છે. (૧૮)

મુક્તરાજનું નામ સાંભળી એક વખત કબીરપંથના સંત ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈની મુલાકાતે આવેલા. મુક્તરાજને તેમણે પૂછ્યું, 'શિક્ષાપત્રીમાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે, મોટા પુરુષે અધર્માચરણ કર્યું હોય તે ગ્રહણ ન કરવું, તો મોટાપુરુષ હોય તે અધર્માચરણ કરે જ કેમ? અને અધર્માચરણ કરે તો તેને મોટાપુરુષ કેમ કહેવાય?' તેના પ્રત્યુત્તરમાં મુક્તરાજે કહ્યું, 'જે પરમાત્માના અખંડ સાક્ષાત્કારની સ્થિતિએ પહોંચ્યા હોય એવા પૂર્ણમુક્તને મોટા પુરુષ કહેવાય તેમજ સાધનદશાની ઉચ્ચ સ્થિતિવાળાને પણ મોટા પુરુષ કહી શકાય. પૂર્ણ સ્થિતિ થયા પહેલાં

સાધનદશાવાળા સાધક હોય અને પવિત્ર આચરણ માટે પ્રયત્નશીલ રહેતા હોય, પણ બધા દોષોથી પર થયા ન હોય તે ક્યારેક પોતાપણું મનાવાથી દેહાત્મબુદ્ધિને લઈને ક્રોધ કરી બેસે, વિષયમાં લેવાઈ જાય, મન પરનો અંકુશ ગુમાવી બેસવાથી ગમે તે અધર્મની ક્રિયા થઈ જાય, તે અધર્માચરણ છે. એવા સાધનદશાવાળાનું આચરણ અધર્મયુક્ત હોય તો તેનું ગ્રહણ ન જ કરી શકાય.

તમે પણ સંત છો ને પ્રભુપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ છો, પરંતુ હજી પૂર્ણ નથી થયા, તો પણ તમને મોટા પુરુષ કહી શકાય. હવે મને પ્રભુની સાક્ષીએ કહો કે તમને કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા વગેરે દોષો સંબંધી ભાવો ઉત્પન્ન થાય છે કે નહીં? ને એવા ભાવોથી કોઈ અયોગ્ય ક્રિયા થવાની સંભાવના ખરી કે નહીં?' ત્યારે તે સંત થોડા ઝંખવાયા, પછી કહ્યું, 'હું આપ જેવા મહાન સંત પાસે અસત્ય નહિ બોલું. મને ક્યારેક એવા દુર્ભાવો થઈ આવે છે ખરા!' મુક્તરાજે કહ્યું, 'શિવ, બ્રહ્મા જેવા મોટા દેવો તથા મોટા મોટા ઋષિઓ પણ વિષયોમાં લેવાઈ જઈ પતન પામ્યા હોય તેવા દાખલાઓ શાસ્ત્રમાં નોંધાયેલા છે. તેમના એવા આચરણને અધર્માચરણ જ કહેવાય. માટે તેવું અધર્મરૂપ આચરણ ગ્રહણ ન કરવું ને તેમનું ધર્મરૂપ આચરણ હોય તે જ ગ્રહણ કરવું, એવું સ્વામિનારાયણ પ્રભુના કહેવાનું તાત્પર્ય છે. પરમાત્માની વાણી હંમેશ સંપૂર્ણ સત્ય જ હોય છે.' આવી સચોટ સ્પષ્ટતા થવાથી





તે કબીરપંથી સંત સંતોષ પામી મુક્તરાજને પોતાના દોષો દૂર થઈ આધ્યાત્મિક પ્રગતિ સધાય એવા આશીર્વાદ માંગી, વંદન કરી વિદાય થયા. (૧૯)

બધાને વિષે તેનું ભલું થાય અને કલ્યાણ થાય એવા જ શુભ સંકલ્પ કરવા, પણ તેનું અહિત થવાનો સંકલ્પ ન કરવો. બધાને તેના ગુણદોષથી ઓળખી રાખવા, તેથી તેમનો સંગ યોગ્ય છે કે નહીં તે ખબર પડે અને અયોગ્ય સંગથી બચી શકાય. આવી સમજણથી સાધકમાં દુર્ગુણો દૂર થઈ સદ્‌ગુણોનો વિકાસ થવાથી નિર્દોષતા ને નિર્મળતા આવે છે. (૨૦)

જીવોના સામાન્ય દોષો તો ભગવાન તથા તેમના મુક્તો દૃષ્ટિ માત્રમાં દૂર કરી નાંખે. પરંતુ પ્રસિદ્ધિનો, કીર્તિનો કે એવો કોઈ બંધનકારી રાગ જીવમાં રસબસ વણાઈ ગયો હોય તો પ્રભુ તેવા રાગવાળાને પણ માધ્યમ બનાવી તેમના દ્વારા અમુક કાર્યો સાધી લેતા હોય છે. (૨૧)

કેટલાક હરિભક્તના અમુક વધારે પડતા આગ્રહી અને હઠીલા સ્વભાવને કારણે મોટા મુક્તે પણ તેઓને એટલા માટે સાચવવા પડે છે કે તેઓ સ્વભાવગત મુક્તનો અભાવ લઈ તેની આંટી બાંધે તો તેનું પતન થવાની પૂરી સંભાવના રહે. પણ જેમને ખરેખર ખપ છે અને મોટાને વિષે પૂર્ણ વિશ્વાસ અને હેત છે, તેમને બહુ સાચવવા નથી પડતા. કારણ કે મોટા મુક્તનો રાજીપો તેમની ઉપર અખંડ છે તેમ

તેઓ જાણે છે. (૨૨)

મૂર્તિમાં રહેતા હોય અથવા મૂર્તિમાં રહેવાની સમજણ પરિપક્વ હોય તો માન-સન્માન થાય તે મહારાજને થાય છે અને અપમાન દેહને તથા દેહાભિમાનને થાય છે એમ સમજાય છે. (૨૩)

મુક્તની સેવા તથા જોગ-સમાગમ કરીને પોતાનામાં કંઈક કલ્યાણકારી ગુણોનો વિકાસ થયો હોય તો તે પોતાના ન માનવા. બધા ગુણો પ્રભુના જ છે. ઐશ્વર્ય, શક્તિઓ, સામર્થ્ય, પ્રતાપ વગેરે બધું પ્રભુનું જ છે તેમ માનવું. જે મુક્ત થકી ગુણો, ઐશ્વર્ય, શક્તિઓ, સુખ-શાંતિ વગેરેની પ્રાપ્તિ થઈ હોય તે મુક્તનો મહિમા તેણે અતિશય જાણવો. હું જે કંઈ છું તે તેમની કૃપાથી જ છું. એમ તેમનો ઉપકાર ક્યારેય ન ભૂલવો. બીજાની પાસે પણ પોતાના ગુરુનું તથા પ્રભુનું જ મહત્ત્વ પ્રદર્શિત કરવું, પણ પોતાની મોટાઈ જણાવવા બેસે તો કૃતઘ્ની કહેવાય. પ્રભુ પણ તેવા અપૂર્ણને કસોટીએ ચડાવે અને બીજા પાસે તેનું અપમાન કરાવે. પછી તેનું પતન થઈ જાય. જેમ શાહુકાર પાસેથી ઉછીના ઘરેણાં લાવ્યા હોઈએ તે કોઈ દિવસ પોતાના મનાતા નથી, તેમ પોતાને પ્રાપ્ત થયેલા પ્રભુના ગુણો, શક્તિઓ, સુખ વગેરે પોતાના ન માનવા, પણ પ્રભુના માનવા અને પોતાના ગુરુની કૃપાથી તે મળેલા છે તેમ તેમનો ઉપકાર માન્યા કરવો. તો ત્વરિત પાત્રતા થાય અને મુક્તદશા આવે.





સ.ગુ ગોપાળાનંદ સ્વામી જેવા મહા અનાદિમુક્ત પણ કહેતા કે મારામાં જે કંઈ કલ્યાણકારી ગુણો છે તે મારા ઈષ્ટદેવ પ્રભુ સ્વામિનારાયણના છે, મારું કાંઈ નથી. સ્વામી વિવેકાનંદ પણ એમ કહેતા કે મારામાં જે કંઈ સારા ગુણોના તમને દર્શન થાય છે તે બધા મારા ગુરુજી રામકૃષ્ણ પરમહંસના છે અને જે કંઈ ક્ષતિઓ જણાય છે તે બધી મારી છે. (૨૪)

જેને આ લોકમાં મોટા થવાના કે પૂજાવાના રાગ હોય તેમને પ્રારબ્ધવશાત્ આ લોકમાં કોઈ કીર્તિ મળે તો દેખાવના મોટા થઈ પડે, પરંતુ વાસ્તવિક સ્થિતિ થઈ ન હોવાથી એ સ્થિતિને જાળવી રાખવા અને દંભને પોષણ આપવા તેણે યુક્તિ-પ્રયુક્તિ ને અનેક પ્રકારના ઉપાયો યોજવા પડે. પરંતુ જેને આધ્યાત્મિક રીતે મોટા થવું હોય તેણે ખોટી મોટાઈ જાળવવા પ્રયત્ન ન કરવો પડે. એ તો ગુપ્ત રીતે પોતાની આંતરિક પ્રગતિ સાધતો જ રહે. (૨૫)

પ્રસાદીના કુટુંબનો અર્થ એ છે કે જેને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર હોય તે જ ખરો પ્રસાદીનો કહેવાય. જેણે પ્રભુના ખરા ભક્ત કહેવડાવવું હોય, તેની પ્રભુની આજ્ઞા પ્રમાણે અણીશુદ્ધ વર્તન કરવાની જવાબદારી બને છે. ભક્તમાં રહેલું સ્થૂળ માન ઉપરના શીંગડા જેવું છે તે થોડા પ્રયત્ને ખરી પડે, પરંતુ કેટલાક ગુણોનું સૂક્ષ્મમાન હોય તે વધુ ભયંકર છે. તે અંદરના શીંગડા જેવું છે અને તે ટળવું અઘરું હોવાથી અનેક જન્મો ધરાવે છે. તેને ઓળખીને સમજણથી ટાળવું. પ્રતિષ્ઠાના

રાગ ખૂબ સૂક્ષ્મ છે માટે તેને પ્રયત્નપૂર્વક ટાળવા. (૨૬)

પ્રભુ જો આપણને પૂર્વ જન્મોની સ્મૃતિ કરાવે તો ખબર પડે કે આપણે અનેક વખત સત્તા ને પ્રતિષ્ઠા મેળવી ચૂક્યા હોઈએ છીએ. માટે સુજ્ઞ સાધકે આ જન્મે તેવા બંધનરૂપ સૂક્ષ્મ રાગનો વ્યામોહ છોડી એક પ્રભુના સ્વરૂપમાં જ જોડાવા પ્રયત્ન કરવો. (૨૭)

જીવને ઘણા પ્રકારના ડોડ હોય છે. (મોહને માટે બાપાશ્રી ડોડ શબ્દ વાપરતા) યશ-કીર્તિ, માન-મોટપ, ઐશ્વર્ય વગેરેનો મોહ જ્યાં સુધી ન જાય, ત્યાં સુધી પાત્રતા થતી નથી. માટે તેવા મોહ અને રાગ સમજણપૂર્વક ટાળવા. (૨૮)

પોતાપણાનો ભાવ લાવ્યા સિવાય કેવળ પ્રભુને જ કર્તા માનનાર નિઃસ્વાર્થ વ્યક્તિનો ભૌતિક અહં ઓગળી જાય છે ને દિવ્ય અહં પ્રગટ થાય છે. 'હું મહારાજનો દાસ, મહારાજ મારા સ્વામી' પછી તે પ્રભુનું કલ્યાણકારી કાર્ય કરવા માટેનું ઉત્તમ માધ્યમ બની રહે છે. તેથી તેનું પોતાનું અને અનેકનું ઊર્ધ્વીકરણ થાય છે. (૨૯)

મચ્છર, કીડી વગેરે જંતુઓમાં જેવો જીવ છે, તેવો જ સ્ત્રી-પુરુષમાં પણ છે એમ માનવાથી તથા વિજાતીય ભૌતિક પંચભૂતાત્મક દેહમાં મળ, મૂત્ર, લોહી, માંસ, હાડકાં, ચામડાં વગેરે તુચ્છ પદાર્થમાં અશુચિનો ભાવ ઉત્પન્ન થવાથી સ્ત્રી પુરુષને પરસ્પર રહેલો દેહનો આસક્તિભાવ ટળી જાય છે અને નિષ્કામવ્રતની દઢતા થાય છે. (૩૦)





જેને મૂર્તિના ધ્યાનનો અભ્યાસ ન હોય તેને છતે દેહે મૂર્તિનું સુખ તથા આનંદ ન આવે, તેમ છતાં ક્યારેય પોતાનું અધૂરું ન માનતાં મહારાજ અને મુક્તની કૃપાથી મહારાજની મૂર્તિમાં રહેલો અનાદિમુક્ત છું એ ભાવની નિરંતર દઢતા કર્યા કરવી. (૩૧)

શ્રીજીમહારાજ અથવા અનાદિમુક્તની પ્રાપ્તિ થઇ તેમના આશીર્વાદ મળ્યા પછી હંમેશ એમ જ માનવું કે હું શ્રીજીમહારાજની મૂર્તિમાં, તેમના દિવ્યસુખમાં અખંડ રહેલો અનાદિમુક્ત જ છું. પણ ક્યારેય પોતાનું અપૂર્ણપણું ન માનવું. બીજાને પણ તેમ જ શીખવવું. એવી શ્રદ્ધા પોતે દઢ કરવી તથા બીજાને કરાવવી. અંતકાળે મૂર્તિ નહિ દેખાય તો, મહારાજના દર્શન નહિ થાય તો મારી શું ગતિ થશે? એવા નબળા વિચારો ફગાવી દઈ નિર્ભય થઇ, હું અખંડ મહારાજના દિવ્યસ્વરૂપમાં જ છું, સદાય સુખિયો છું, તેમ જ દઢપણે માનવું. ક્યારેય હિંમત હારવી નહીં. મૂર્તિ ન દેખાતી હોવા છતાં પણ દેહત્યાગ થયા પછી તરત જ શ્રીજીમહારાજ અને અનાદિમુક્તો પોતાના આશીર્વાદને સાર્થક કરવા કૃપા કરીને બધા આવરણો હટાવી પોતાના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી, જે સુખમાં રાખ્યા છે તે સુખનો અનુભવ કરાવે છે. એમ અ.મુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી પણ કહેતા. માટે ક્યારેય પોતાને કુપાત્ર ન માનવો. પાપી પણ ન માનવો કારણ કે તેમ માનવાથી તેવી નબળાઈની ગ્રંથિ મનમાં બંધાઈ

જવાથી મન નબળું થઇ ચૈતન્યને પણ નિર્માલ્ય બનાવી દે છે. માટે તેવી સઘળી ગ્રંથિઓ પ્રયત્નપૂર્વક કાઢવી અને પોતાને અપૂર્ણ માન્યા સિવાય પ્રભુનું ધ્યાન-ભજન કર્યા કરવું. પોતાને પૂર્ણ અનાદિમુક્ત છું તેમ જ માનવું. '**अन्ते या मतिः सा गतिः ।**' શ્રુતિનો એ જ અર્થ છે જે જેવું અત્યારે જ્ઞાન અને સમજણ છે, તેવી જ અંતે ગતિ થાય છે. અહીં અંતે નો અર્થ આખરે **ultimately** છે. (૩૨)

પૃથ્વી ઉપર હંમેશાં ભગવાન અથવા ભગવાનના સંત વિચરતા હોય. એમ કહ્યું છે, પણ અનાદિમુક્તો હંમેશ હોય તેમ કહ્યું નથી. માટે સાધનદશાવાળા સંત હોય, પણ અનાદિમુક્તનું વિચરણ ન પણ હોય. માટે સાધકે જ્યારે અનાદિમુક્ત પ્રગટ હોય, ત્યારે અચૂક જોગ-સમાગમનો લાભ લઇ લેવો. (૩૩)

વાસના ટાળવી તે ઘણું કઠણ છે. શુભ તથા અશુભ બંને પ્રકારની વાસના જન્મ ધરાવે છે. તે માટે સમજણ કેળવી મોટા પુરુષના વચન પ્રમાણે બરોબર વર્તીને વાસના ટાળવા ખૂબ જ પ્રયત્નશીલ રહેવું. અ.મુ. વૃંદાવનદાસજી સ્વામીના શિષ્ય સાધુ ચૈતન્યદાસજી સ્વામીશ્રીની ખૂબ જ ભાવથી સેવા કરતા અને અંત વખતે પણ તેમણે સ્વામીશ્રીની સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તે શુભ વાસના ટાળવા સ્વામીશ્રીએ તેમને કડક શબ્દોમાં કહી દીધું, 'તારા ઉપર છાપ નથી મારી, તારા વગર મારી સેવા કરનારા બીજા ઘણા છે. માટે એવી શુભ





વાસના ટાળીને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાઓ, નહીં તો ફરી જન્મ ધરવો પડશે.' હરજી ઠક્કરના માને પણ મહારાજને થાળ કરીને જમાડવાની શુભ વાસના રહી ગયેલી તેથી જન્મ ધરવો પડયો હતો. (૩૪)

મહારાજ તથા અનાદિમુક્તની પ્રાપ્તિ થઇ હોય અને તેમના આશીર્વાદ મળ્યા હોય તો પણ કેફે કરીને છકી જવું નહીં. ધર્મ-નિયમોમાં શિથિલતા આવી ન જાય તેની હંમેશાં તકેદારી રાખવી. કેવળ સ્વરૂપનિષ્ઠાનો તથા પ્રભુના સ્વરૂપ સંબંધી વાચ્યાર્થ જ્ઞાનનો કેફ રાખે અને વર્તનમાં તથા આચરણમાં નિર્મળતા ન આવી હોય અને ગમે તેવા ફેલફતૂર તથા પાપકર્મો કર્યા કરતા હોય તો તેને પાત્રતા ન આવે. મુક્ત કૃપા વરસાવે તો પણ એવા જીવો ઝીલી ન શકે તેથી કૃપા પાછી મૂર્તિમાં જતી રહે છે. (૩૫)

આચરણનો અર્થ માત્ર બાહ્યાચરણ નથી. એટલે કેવળ નાહ્યા-ધોયા કરવું અને સોળે-બોળેનું પાલન કરવું એટલું પૂરતું નથી. એવી બાહ્ય શુદ્ધિ જરૂરી છે, પણ તેનાથી આંતરિક વિકાસમાં બહુ ઝાઝો ફરક પડતો નથી. મુક્તો સોળે-બોળે રાખે છે. તે તો બીજા જીવોના ઉપદેશ અર્થે છે, જેથી તેઓ શુદ્ધ, સ્વસ્થ ને નીરોગી રહી પવિત્ર જીવન જીવી શકે, પરંતુ ખરી આવશ્યકતા તો અંતઃકરણની શુદ્ધિની છે. તે ન હોય તો આધ્યાત્મિક પ્રગતિ ન થઇ શકે. મુમુક્ષુ સાધકમાં અણિશુદ્ધ ચારિત્ર્ય અને મહારાજ તથા મુક્તના કલ્યાણકારી ગુણો હોવા

અતિ આવશ્યક છે. વચનામૃતમાં કહેલા પ્રભુના ૩૯ ગુણો આત્મસાત્ કર્યા સિવાય મુક્તદશા સંભવી શકતી નથી, માટે એવા ગુણો કેળવવા સંનિષ્ઠ પ્રયત્ન કરવો જોઈએ. (૩૬)

પૂર્વના બલિષ્ટ કુસંસ્કારોને લીધે ક્યારેક મનમાં ખરાબ વિચારો આવ્યા કરે અને તેને પાછા હટાવવાની શક્તિ કદાચ મુમુક્ષુમાં ન હોય, પણ તે ટાળવાને અર્થે પુરુષપ્રયત્ન કરી મહારાજ તથા મોટા મુક્તને હંમેશાં પ્રાર્થના કર્યા કરે તો પ્રભુ તથા મુક્ત કૃપા કરીને તેનું આત્યંતિક કલ્યાણ કરીને મૂર્તિના સુખે સુખિયો કરી દે, પરંતુ સ્થૂળ શરીરથી તે મનોવિકારને લઈને અશુદ્ધ આચરણ કરે, મહારાજની આજ્ઞા લોપે અને પાપ પ્રવૃત્તિ કર્યા કરે, તો ઘણા જન્મો થઈ જાય. મુક્તના આશીર્વાદને લીધે અમુક જન્મો પછી પણ જ્યારે શુદ્ધ થાય, નિર્મળ થાય ત્યારે જ પ્રભુ તેને પોતાનું સુખ આપે છે. ત્યાં સુધી પાપ કર્મોનું ફળ ભોગવાવે અને ભૂત-પ્રેત કે બ્રહ્મરાક્ષસનો દેહ પણ આવે અને તેમાં દુઃખો અને યાતનાઓ ભોગવવી પડે. માટે મુમુક્ષુએ આ વાત ગંભીરતાથી વિચારવી અને પોતાનાં દોષો, સ્વભાવો ટાળવા. પ્રયત્નપૂર્વક હંમેશ શુદ્ધ વર્તન, શુદ્ધ આચરણ કરી જીવન નિર્મળ બનાવવું. નિર્મળ બન્યા સિવાય પાત્રતા આવતી નથી અને પાત્ર થયા વગર કોટી જન્મે પણ કલ્યાણ થતું નથી. (૩૭)

કોઈ મોટા મુક્ત આશીર્વાદ આપે કે જાવ તમારો છેલ્લો જન્મ અને તમને મૂર્તિમાં રાખ્યા. પછી એ બોલ બોલ કરે કે





આપણે તો મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છીએ. એ અહંકાર છે, અર્થહીન ભાષણ છે. એ વાત વ્યક્તિએ પોતે મનન કરી તેની દૃઢતા કરવાની છે. બોલ બોલ કરવાની વાત નથી. જ્યાં સુધી સુખનો અનુભવ થઈ સિદ્ધદશા ન આવે, ત્યાં સુધી પોતે મુક્ત છે એમ બોલવાનો તેને અધિકાર જ નથી. અ.મુ. ચતુરબાપાએ એક હરિભક્તને આ બાબતે આકરા શબ્દોમાં ઠપકો આપેલો, જેથી તે આશીર્વાદને પચાવતાં શીખે. (૩૮)

પ્રભુની પ્રતિમા સિંહાસનમાં બેસાડો કે દીવાલ ઉપર પધરાવો તે બધું એક જ છે. બધી પ્રતિમા પ્રસાદીની જ છે. પરભાવમાં તો પ્રભુ જેમ છે તેમ જ છે ને દિવ્ય છે. જે પ્રતિમાસ્વરૂપમાં આપણને પ્રભુ પ્રત્યે પ્રેમભાવ, દિવ્યભાવ પ્રગટે તે પ્રતિમાનું ધ્યાન-ભજન-પૂજન વગેરે કરવું. પૂજા-આરતી-થાળ વગેરે વિધિવિધાનો પ્રભુના દિવ્યસ્વરૂપમાં જોડાવા માટે અને દેહભાવ ભૂલી મુક્તભાવ પ્રગટ કરવા માટેના ઉપકરણો માત્ર છે. માટે દરેક પ્રકારની સંકુચિતતા, ગ્રંથિઓ ને સંશયો કાઢીને પ્રભુના સ્વરૂપમાં જે તે પ્રકારે જોડાવું એ જ ખરી સાધના છે. દિવ્યદૃષ્ટિવાળાને તો પ્રભુનું દિવ્ય તેજોમય સ્વરૂપ સર્વત્ર ભાસે છે. ક્યાંય ન હોય તેમ નથી. માટે પ્રભુની પ્રતિમા દીવાલ ઉપર હોય તો પણ વાંધો ન લેવો. સર્વ વાતમાં દિવ્યભાવ રાખતા શીખવું. (૩૯)

અંત સમો સમુદ્ર જેવો છે. ત્યારે અનંત પ્રકારના વિચારો

સ્ફૂરી આવે. એ વખતે ભગવાનની મૂર્તિ ન દેખાય તો પણ મનમાં એવી દૃઢતા રાખવી કે મહારાજે તથા મુક્તોએ કૃપા કરીને મારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. જો આવા ભાવની અંત વખતે દૃઢતા રહે તો પ્રભુ તેનું પૂરું (કલ્યાણ) કરે. (૪૦)

જ્યાં સુધી દિવ્યદર્શન ન થાય, ત્યાં સુધી બીજાના સંકલ્પ જાણવા પ્રયત્ન ન કરવો. કારણ કે તેને યથાર્થ જાણી ન શકવાથી કોઈનો અભાવ-અવગુણ પણ આવી જાય. દિવ્યદર્શન, સાક્ષાત્કાર થયા પછી જ બધું જાણપણું આવે. તેથી કોની સાથે કેમ કામ પાર પાડવું, કેવો વ્યવહાર કરવો તેની યોગ્ય રીતે જાણ થાય. (૪૧)

પ્રભુનું દિવ્યસાકાર સ્વરૂપ સર્વત્ર વ્યાપક છે. માનવીની માયિક બુદ્ધિમાં આ વસ્તુ સમજાવી ઘણી કઠણ છે, કારણ કે જ્યારે આકારની વાત આવે, ત્યારે તરત તેને સ્થૂળ આકારનું જ ભાન થાય છે. પરંતુ દિવ્ય વસ્તુને કોઈ આવરણ છે જ નહીં. એનું નામ જ દિવ્ય. પ્રભુનું અન્વય સ્વરૂપ જે તેજરૂપ અક્ષરબ્રહ્મ છે, તે નિરાકારપણે સર્વત્ર વ્યાપક છે. પ્રભુને જ્યાં જેવું દર્શન દેવું ઘટે, ત્યાં દિવ્યસાકારપણે પ્રગટ થાય છે. manifest થાય છે. જો કોઈને પરદેશમાં કે કોઈ બીજા બ્રહ્માંડમાં જ્યાં પણ સાક્ષાત્કાર થાય, ત્યાં પ્રભુ manifest થાય છે, પ્રગટ થાય છે. જો સર્વત્ર વ્યાપક ન હોય તો તેવું કેવી રીતે સંભવે?





દિવ્ય વસ્તુને કોઈ જ આવરણ હોતું નથી. જે વ્યક્તિને પરમાત્માનો સાક્ષાત્કાર થાય તેને અણુઅણુ પ્રત્યે પ્રભુના સાકાર સ્વરૂપની વ્યાપકતાના દર્શન થાય છે. પ્રભુકૃપાથી તે પોતે પણ પ્રભુ સાથે પોતાની સર્વત્ર વ્યાપકતા અનુભવે છે. એવી દિવ્ય સ્થિતિમાં પણ સર્વજ્ઞતા હોવાથી દિવ્ય સંકલ્પ, વિચાર thinking, જ્ઞાન વગેરે બધી જ faculty, બધા જ ગુણો અને શક્તિઓ પૂર્ણપણે વિકસિત હોય છે. દિવ્યસાકાર ચૈતન્યમાં સર્વત્ર દિવ્ય જ્ઞાનાત્મક અને જાણપણારૂપી આંખ, કાન વગેરે દિવ્ય ઈન્દ્રિયાત્મક ગુણો રહેલા હોય છે. રોમેરોમ જોવાપણું, સ્પર્શવાપણું, સાંભળવાપણું, જાણવાપણું વગેરે સર્વ સામર્થ્ય રહેલું હોય છે. (૪૨)

એક વખત ગાંધીજી અને વિનોબાજી સિદ્ધપુરુષ શ્રી કેદારનાથજી વિષે ચર્ચા કરી રહ્યા હતા. કેદારનાથજીના ચમત્કારો અને પરચાઓ વિષે ગાંધીજી તથા વિનોબાજીને જાત જાતનું જાણવા મળેલું. પછી તે ચમત્કારો અને પરચાઓનું પૃથ્થકરણ અને વૈજ્ઞાનિક રીતે ચકાસણી કરતાં, તેઓ એવા નિષ્કર્ષ ઉપર આવ્યા કે ૧૦૦ માંથી ૯૯% ચમત્કારોની વાતો પાયા વિહોણી અને મહિમાની અતિશયોક્તિથી ઉપજાવી કાઢેલી હતી. તેમાંથી ૧% ચમત્કાર સાચા લાગ્યા. પછી ગાંધીજી અને વિનોબાજી બંને જણા શ્રી કેદારનાથજીને મળ્યા અને તેમને વિષે પ્રચલિત ચમત્કારોના સંદર્ભમાં વાત કરી. ત્યારે કેદારનાથજીએ પોતે જ કહ્યું કે ઘણા લોકો મહિમાની અતિશયોક્તિને લીધે મોટા પુરુષો પાછળ પરચા-ચમત્કારની

કાલ્પનિક વાતો ઉપજાવી કાઢે છે. સિદ્ધ પુરુષોમાં ચમત્કારો જણાવવાનું અપાર સામર્થ્ય રહેલું હોય, પરંતુ તેઓ તેનો સામાન્ય બાબતોમાં ઉપયોગ નથી કરતા. ક્યારેક અનિવાર્ય સંજોગોમાં જ પોતાની દિવ્ય શક્તિનો ઉપયોગ કરે છે. જે બીજાને ચમત્કારના રૂપમાં જણાય છે.

આ પ્રસંગ જણાવી મુક્તરાજે જણાવ્યું કે મોટા પુરુષના જીવન વિષે લખવામાં બહુ પરચા-ચમત્કારવાળી વાતો નોંધવી ન જોઈએ. મોટા પુરુષોના જીવન પ્રસંગોમાંથી મુમુક્ષુ જીવોને પોતાના જીવનમાં સુધારો થાય તથા શુભગુણોમાં વૃદ્ધિ અને અંગમાં દૃઢતા થાય તેવા જ જીવન પ્રસંગો સમાવવા જોઈએ. દરેકને પ્રેરણા મળે તેવા પ્રસંગો ચૂંટીને લોકો સમક્ષ મૂકવા જોઈએ. મહિમા ગાવાની અતિશયોક્તિથી મોટા પુરુષના જે સદ્‌ગુણો છે તે ગૌણ થઇ અને ચમત્કારોની વિશેષતા થઇ જાય છે, જે મુમુક્ષુને બહુ અર્થપૂર્ણ બનતી નથી. મોટા પુરુષના જીવનમાંથી પ્રેરણા મળે અને તે જીવનમાં ઊતારી પાત્રતા કેળવવા પ્રયાસ કરે તે જ સાચા સાધકનું લક્ષણ છે. (૪૩)

મહારાજ અને મુક્તનો સંગ બાહ્યવૃત્તિએ કરવાથી અંતઃશત્રુઓ જીતી શકાતા નથી, અંતરવૃત્તિથી સમાગમ કરવો અતિ આવશ્યક છે. અર્થાત્ ઉપર ઉપરથી યથાર્થ મહિમાએ રહિત સેવા-સમાગમની ફલશ્રુતિ અતિ અલ્પ છે અને અંતરવૃત્તિથી સેવા-સમગમ કરવાથી અંતઃશત્રુઓ જીતાઈ ને આંતરિક પ્રગતિ સધાય છે. અંતરમાં મહારાજ અને મુક્તના સ્વરૂપનું, ગુણોનું તથા વચનોનું ચિંતન કરી તે ગુણોને





આત્મસાત્ કરવાનો અભ્યાસ કરવો અને તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં ઈન્દ્રિયો-અંતઃકરણને વર્તાવવા એ અંતરવૃત્તિ દ્વારા સમાગમનો અર્થ છે. (૪૪)

જીવને પશુતુલ્ય જીવનમાંથી માનવ બનાવવા માટે, નર બનાવવા માટે, પ્રભુએ પંચવર્તમાન આપ્યા છે. જેમ કે દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહીં તથા વટલાવવું નહીં. તથા ત્યાગી માટેના પંચ મહાવર્તમાન જેવા કે નિષ્કામ, નિર્માન, નિર્લોભ, નિઃસ્નેહ, નિઃસ્વાદ. આ વર્તમાનોના પાલનથી જે કેવળ પંચવિષયમાં જ રચ્યા-પચ્યા રહી પશુતુલ્ય જીવન જીવતા હોય, તે પણ સાચા નર બની શકે છે. સાચા નર જેટલી યોગ્યતા મેળવ્યા પછી જ નરમાંથી નારાયણ, જીવમાંથી શિવ અર્થાત્ પૂર્ણ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પાત્રતા કેળવી શકાય છે. સાચા નર બન્યા પછી નરમાંથી નારાયણની સ્થિતિ અર્થાત્ મુક્તસ્થિતિ પ્રાપ્ત કરવા માટે પ્રભુના સ્વરૂપમાં પ્રતિલોમ ધ્યાન દ્વારા જોડાવાનો નિરંતર અભ્યાસ કર્યા કરવો એ છેલ્લા વર્તમાન છે. (૪૫)

# ૩

# કર્મ, ગુણ, દોષ અને સ્વભાવ

**સ્વાભાવિક પ્રકૃત્તિ અને ગુણદોષ વ્યક્તિએ વ્યક્તિએ અલગ હોય છે. પરંતુ સાધકે પોતાની આધ્યાત્મિક પ્રગતિ માટે પોતાના ગુણદોષ પ્રત્યે સભાનતા કેળવવી અનિવાર્ય છે. પોતાના ગુણદોષ ઓળખાવા એ સાધકની સાચા પથ પર ગતિ સૂચવે છે. અને પોતાના દોષોની ઓળખ થવી એ જ પ્રભુની મહદ્ કૃપા છે. પ્રભુપ્રાપ્તિ કરવા નીકળેલા સાધકમાં કોઈ પણ જાતની ખામી-કચાશ અવરોધક બને છે. એટલે સાધકે પોતાના ગુણદોષ ઓળખી તેને દૂર કરવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું અને જે કંઈ પણ કર્મ ભોગવવાના હોય તેને હિંમતભેર ભોગવી આગળ ને આગળ પ્રગતિ સાધતાં રહેવું જોઈએ.**

મહારાજ તથા તેમના અનાદિમુક્તને જીવોના બીજા નાના મોટા અમુક પ્રકૃતિદોષો હોય તેનો અણગમો એટલો બધો નથી હોતો, જેટલો અણગમો અહંકારી મનુષ્ય પરત્વે હોય છે. બીજા દોષો તો પ્રભુ કૃપા કરીને ટાળી નાંખે, પરંતુ અહંકારી તો પોતાનું તથા પારકાનું બધાનું અહિત કરે. કારણ





કે તે પોતાની અહંકારવૃત્તિથી પ્રભુનો અને મુક્તનો અવગુણ લે અને તેમની સાથે દ્રોહની આંટી બાંધે. તે માટે પ્રભુ અને મુક્તને અહંકારી મનુષ્ય ન ગમે. પ્રભુ અને મુક્તની પોતે નિંદા કરે અથવા કોઈ નિંદા કરતો હોય તેને પોતાની પ્રતિષ્ઠાને હાનિ થવાના ભયથી સાંભળી રહે અને એવી રીતે તેમાં પોતાની મૂક સંમતિ છે એમ જણાવે, એવા નિર્બળ તથા મહોબતિયા મનુષ્ય પ્રભુને ન ગમે. જેણે પ્રભુના સમ ખાધા હોય અથવા પ્રભુ અને મુક્ત પાસે આજ્ઞાવચન પાળવાની પ્રતિજ્ઞા લીધી હોય અને એ પ્રમાણે ન વર્તે તો એવા મનુષ્યો ન ગમે.

પોતાની કંઈક ભૂલ હોય અથવા દોષ હોય તે પોતાના સ્વાર્થ ને બચાવ ખાતર કે પોતાની આબરૂ જળવાઈ રહે તે માટે મુક્ત ઉપર ઢોળી દે, એવા મનુષ્ય ન ગમે. મુક્તે જે આજ્ઞા તથા સૂચનો આપ્યા હોય તેની વિરુદ્ધ પોતાના ઠરાવ પ્રમાણે વર્તે અને મુક્તનો વિશ્વાસઘાત કરે એવી વ્યક્તિ ન ગમે. પોતાનો કોઈક સ્વાર્થ સિદ્ધ કરવા મુક્તના વચનોને અતિશયોક્તિથી કે અલ્પોક્તિથી તોડી-મરોડીને બીજા આગળ રજૂ કરે તે ન ગમે. માન-મોટપ-કીર્તિ અને માયિક સુખ મળે એવા સ્વાર્થ સહિત સેવા કરે તે ન ગમે. મુક્ત પાસે પોતાના ઠરાવ રાખીને પોતાનું ધાર્યું કરાવે તે ન ગમે. જેને ઉપર્યુક્ત દોષોમાંથી કોઈ પણ ખામી હોય તો તેને મહારાજનો તથા મુક્તનો યથાર્થ મહિમા જ નથી સમજાણો. માટે જેને પાત્ર

થવું હોય તેણે તે ખામીઓ પ્રયત્નપૂર્વક દૂર કરવી. (૧)

સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી અંતઃકરણનું શુદ્ધિકરણ અને અશુદ્ધિકરણ ચાલ્યા કરે. કારણ કે અનંત જન્મોના સંસ્કારો ભૂંસાતા સમય જાય. જેમ બહુ પાકા રંગનો ડાઘ પડયો હોય તો વધારે મહેનતથી નીકળે. તેમ અતિ પરિશ્રમે અને મુક્તની કૃપાથી કાળે કરીને સ્વભાવ અને સંસ્કારનો નાશ થાય અને અંતઃકરણ શુદ્ધ થાય. શ્રીજીમહારાજે કહ્યું છે તેમ સાચો થઈ સત્પુરુષના સંગે દોષો કાઢવા મંડે તો એ જ જન્મે કસરમાત્ર ટળી જાય. (૨)

દુઃખ, આપત્તિઓ, મુશ્કેલીઓ, વિવિધ સંજોગો, સંઘર્ષો, અંતઃશત્રુઓ આ બધું જ ચૈતન્યની પ્રગતિ માટે નિર્માણ થયેલું છે. આ બધું સહન કરી તેનો હિંમતપૂર્વક સામનો કરવાથી આધ્યાત્મિક ચેતનાની ઊર્ધ્વગતિ થાય છે. જેમ જમીનમાં વાવેલું નાનું બીજ જમીનના સખત પોપડાને તોડી અંકુરિત થાય, તેમ સંઘર્ષ દ્વારા આંતરિક ઊર્જા પ્રબળ બનવાથી આધ્યાત્મિક ચેતનાનો વિકાસ થાય છે. (૩)

દુઃખ અને આપત્તિ આવે ત્યારે તેને સહન કરી સહર્ષ ભોગવી લેવાથી પૂર્વજન્મના કર્મોનું પ્રાયશ્ચિત્ત થઈ જાય તેથી ચૈતન્ય શુદ્ધ થાય. માટે દુઃખ કે આપત્તિ આવે ત્યારે ભય પામી ગભરાઈ જવું નહીં. પરંતુ ધૈર્ય રાખી, નિર્ભય થઈ તેનો સામનો કરવો. એમ કરવાથી એવા સમયે સહનશક્તિ





વૃદ્ધિ પામે, કર્મોનો ક્ષય થાય અને આપત્તિમાંથી ઉગરવાનો માર્ગ પણ મળી રહે. (૪)

મહારાજ તથા મોટા મુક્ત પાસે પોતાના ઠરાવ મૂકી દેવા અને તેમની પાસે પોતાનું ધાર્યું કરાવવા માટે વારેવારે કહેવું નહીં કે પ્રાર્થના કર્યા ન કરવી. મૌન ભાષા વાપરવી. બહુ બોલ બોલ કરવાની ટેવ છોડવી. નિષ્કામના બે અર્થ છે. એક ઇન્દ્રિયસંયમ અને બીજો અર્થ છે ઇચ્છાએ રહિત. કામ એટલે ઇચ્છા, કોઈ પણ પ્રકારની ઇચ્છાનો ત્યાગ કરવો અને સકામ ન થવું, નિષ્કામ ને નિર્વિકલ્પ થતાં શીખવું. સાધકે આવી સૂક્ષ્મ વાતો શીખવી, તો મહારાજ અને મોટા મુક્તની પ્રસન્નતા ઊતરે. (૫)

'ખુશામત ખુદાને પણ પ્યારી છે.' એ કહેવતનો અર્થ એમ છે કે પ્રભુના જે દિવ્ય કલ્યાણકારી ગુણ છે, તે કોઈ ભક્ત પોતાના જીવનમાં ઊતારે અને નિઃસ્વાર્થપણે પ્રભુની સ્તુતિ કરે તો પ્રભુ તેના ઉપર અતિ પ્રસન્ન થાય છે. પણ તે ભક્ત પ્રભુના ગુણો પોતાના જીવનમાં ઉતારતો ન હોય અને પોતાના સ્વાર્થની પૂર્તિ માટે પરમાત્માની સ્તુતિ કર્યા કરે, તો પ્રભુ એ કંઈ સ્વીકારતા નથી અને તેની ઉપર પ્રસન્ન પણ થતા નથી. (૬)

બહુ વાચાળ હોવું એ સારી ટેવ નથી. આખો વખત વાતો કરવા પાછળ સમય વેડફી ન નાખવો. જ્યારે કંઈક

વાત કરવી હોય, ત્યારે સ્પષ્ટપણે શબ્દોને તોળીતોળીને બોલવા. વિચાર્યા વગર શબ્દોને ફેંકી દેવાથી તે કોઈને હિતકારી બનતા નથી અને આપણી શક્તિ વેડફાય છે. તેથી જ્યારે પણ કંઈક બોલવું હોય, ત્યારે પ્રભુની સ્મૃતિના અનુસંધાન સાથે બોલવું. તેથી શબ્દોમાં બળ અને શક્તિ આવે, એ સામર્થ્ય ભરેલા શબ્દો અનેકને હિતકારી, ઉપકારક અને સમાસકર્તા બને છે. (૭)

અખંડ મહારાજનું અનુસંધાન રાખવાનો અભ્યાસ કર્યા કરવો. દરેક ક્રિયામાં શ્રીજીમહારાજનું જ કર્તાપણું માનવું કે મહારાજ મારા દ્વારા બધી ક્રિયા કરે છે. એમ કરતાં કરતાં સ્થિતિ થાય ત્યારે સુખ આવે તે અંતરમાં અંદર સમાવવું, પણ વારેવારે એમ બોલ્યા ન કરવું, જે મારા દ્વારા તો મહારાજ કર્તા છે, દરેક ક્રિયા તેઓ કરે છે, એમ બીજા આગળ બોલ બોલ ન કરવું. નહીં તો અહંકાર વધે તો સ્થિતિ ન થાય અને સ્થિતિ થઈ હોય તો પડી જવાય. માટે સતત જાગૃત રહેવું. (૮)

બહુધા જીવોને પોતાનું માન ઘણું હોય છે. એવા જીવોમાં કદાચ સેવાભાવ, પવિત્રતા વગેરે ગુણો હોય તો પણ જો મિથ્યાભિમાન તથા વિદ્વાન કે ધનિક હોવાનો ગર્વ હોય તો તેનો વિશ્વાસ ન કરવો. એવા ગર્વિષ્ઠ વ્યક્તિને માન-મોટપ આપીએ અને તેના સ્વભાવ ઉપર ટકોર કર્યા વગર તેને સાચવ્યા કરીએ ત્યાં સુધી વાંધો ન આવે, પરંતુ





જરા પણ તેનું માનભંગ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય કે તરત જ તે દ્રોહ કરવા મંડી પડે અને પોતાનું તથા બીજાનું અહિત કરે. જો મુક્ત એવા ગર્વિષ્ઠ વ્યક્તિના માનને તોડે તો તેમની સાથે પણ દ્રોહની તથા વેરની આંટી બાંધે. માટે એવી વ્યક્તિથી દૂર રહેવું. તેમનો બહુ ઝાઝો પ્રસંગ ન રાખવો. તેમને માન-પ્રશંસાથી બહુ પ્રોત્સાહિત પણ ન કરવા. એ એના જીવ માટે હિતાવહ છે.

શ્રીહરિ તો ગર્વગંજન છે. તેમને તો પોતાના મુક્તો અતિ વહાલા હોઈ એવા મુક્તોનો કોઈ ગર્વિષ્ઠ વ્યક્તિ દ્રોહ કરે, તો પ્રભુ ગમે તે રીતે કરીને તેના ગર્વને તોડે છે. જ્યાં સુધી એવા જીવોનો ગર્વ પોષાય, ત્યાં સુધી તેની બુદ્ધિ ભ્રષ્ટ થયા કરે. તેથી તે અનેકને હાનિકારક બને. તે માટે એવા દેહાભિમાની જીવોના અતિ નીકટના સંપર્કમાં સાધકે ન આવવું, કારણ કે સાધનામાં તે વિક્ષેપરૂપ બને છે. (૯)

ભગવાનના ગુણો પોતાનામાં આવે તેનું માન ન રાખવું અને મોટાઈ ન ઈચ્છવી, દાસપણું રાખવું અને સર્વે ગુણો મહારાજના છે એમ માનવું. નહિ તો કોઈને આશીર્વાદ આપ્યા હોય તે સત્ય થાય તો અંદર અંતરમાં આનંદ થવા લાગે, તેથી પોતાનો અહંકાર પોષાય, માટે સમજણ કેળવવી. અહંકાર ઘણો સૂક્ષ્મ હોઈ અધૂરી સ્થિતિમાં પતન કરાવી દે. માટે સર્વેને એમ કહેવું જે આપણે બધા એક મહારાજના જ દાસ છીએ. બધા એ સુખના સરખા ભાગીદાર છીએ અને

તે એક જ મૂર્તિના સાંનિધ્યમાં છીએ, કોઈ નાનો-મોટો નથી. બધા જ ભગવાનની સભાના સરખા અધિકારી છીએ, તેમ ઉપદેશ કરવો અને પોતે પણ એ સમજણ દૃઢ કરવી. (૧૦)

વિકારો, દોષો અંતઃશત્રુઓ વગેરેનું વાસ્તવિક રીતે કોઈ અસ્તિત્વ નથી, પરંતુ તે તો મનની પોતાની ઊભી કરેલી ભ્રમણાઓ, complexes ગ્રંથિઓ માત્ર છે. પ્રભુના દિવ્ય કલ્યાણકારી ગુણોનો અભાવ એ જ દોષ. જ્ઞાનનો અભાવ એ અજ્ઞાન, પ્રકાશનો અભાવ એ અંધકાર, ખરેખર તો અંધકારનું અસ્તિત્વ જ નથી. એ અંધકાર કોઈ energy શક્તિ નથી, પરંતુ પ્રકાશ energy શક્તિ છે. જ્યારે તેનો અભાવ હોય, ત્યારે અંધકાર ગણાય. આવી રીતે આ બધી relative terms સાપેક્ષ બાબત છે. સુખનો અભાવ એ દુઃખ, સત્યનો અભાવ એ અસત્ય વગેરે. માટે પ્રભુના કલ્યાણકારી ગુણ એક પછી એક શીખવા અને તેને અતિ દૃઢ કરવા. એટલે દોષ, આવરણો, સ્વભાવ આપોઆપ જતા રહે. જેમ કે બધા પ્રત્યે પ્રેમ, કરુણા ને આદરભાવ ઉદ્ભવે, એટલે વેર, દ્વેષ ને તિરસ્કારનો ભાવ દૂર થાય. સંપ આવે એટલે કુસંપ દૂર થાય. સત્સંગ વિકસે એટલે કુસંગ જાય. સત્યનો ગુણ વિકસે તો અસત્ય જાય. અહિંસાનો ગુણ આવે તો હિંસાનો ભાવ દૂર થાય. એમ જ્યારે પ્રભુના બધા કલ્યાણકારી દિવ્ય ગુણો આવે એટલે મુમુક્ષુ સાધક પોતાને અતિશય પ્રકાશવાન, નિર્મળ ને નિર્ગુણ અનુભવે. પછી તેને પોતાને જ ખબર પડે છે કે





હું હવે પ્રભુનું સ્વરૂપ પધરાવી શકાય એવો પાત્ર થયો છું. એવો શુદ્ધ પાત્ર થાય ત્યારે પ્રભુની અને અનાદિમુક્તની કૃપાથી સાક્ષાત્કાર થાય, પણ તે વિના તો ધ્યાન, ભજન, ધૂન, કથા, વાર્તા, માળા, પૂજા વગેરે સાધનો mechanical યાંત્રિક રીતે કર્યા કરે તો કોઈ દિવસ સાક્ષાત્કાર ન થાય.

જ્યાં સુધી અંતઃકરણમાં પોતે જે મૂર્તિ સિદ્ધ કરી હોય તે દેખાય, ત્યાં સુધી સિદ્ધદશા ન આવે. એ તો કલ્પનામાં મૂર્તિના દર્શન કહેવાય. પણ એમ કરતાં જ્યારે પૂર્ણ પાત્ર થાય અને પ્રભુ જેવા છે, તેવા સ્વરૂપનો આત્મામાં સાક્ષાત્કાર થાય, ત્યારે મુક્ત થાય અને સુખનો અનુભવ થાય. માટે પ્રભુના સ્વરૂપના ધ્યાનની સાથે સાથે જાણપણારૂપી દરવાજે ઊભા રહી પ્રભુના ગુણ શીખે એટલે બધા દોષ જતા રહે. નિર્માનીપણું ગ્રહણ કરે તો માન જીતાય. સત્યનું પાલન-આચરણ કરે તો અસત્ય જીતાય. નિષ્કામવ્રત પાળે તો કામ જીતાય. તેમ લોભ, મોહ, સ્વાર્થ, દંભ, કપટ વગેરે બધા દોષોનું સમજવું. માટે મોટા મુક્તનો જોગ-સમાગમ-સેવા કરીને પ્રભુના ગુણ શીખવા તો પાત્ર થવાય, પણ કોઈ ખાલી હાથ જોડીને યાંત્રિક રીતે ધ્યાન જ કર્યા કરે તો દોષો જાય નહીં ને સાક્ષાત્કાર પણ થાય નહીં. (૧૧)

પ્રભુ જ્યારે કસોટીરૂપે દુઃખ પ્રેરે કે મુશ્કેલીઓ આપે, ત્યારે સાધકે એમ સમજવું કે તે પ્રભુ દ્વારા પ્રેરિત હોઈ આપણા સંપૂર્ણપણે હિતમાં જ છે, પણ પ્રભુ આવી કસોટી શું કામ

કરતા હશે? આટલી બધી હેરાનગતિ શા માટે? વગેરે સંકલ્પો અસ્થાને છે. મુક્ત અને પ્રભુએ જ્યારે કોઈની ચિંતા લઇ લીધી હોય, ત્યારે તેને માટે ચિંતા કરવી વ્યર્થ છે, કારણ કે પ્રભુના ને મુક્તના ધ્યાનમાં બધું હોય જ. કયા જીવનું શેમાં અને કેવી રીતે હિત કરવું તેની તેઓને સંપૂર્ણપણે ખબર હોય છે. માટે નિર્ભય, નિર્વિકલ્પ ને નિશ્ચિંત રહેવું. દુઃખ ને મુશ્કેલીઓનો પ્રભુનું ને મુક્તનું બળ રાખીને સામનો કરવો, એ જ સાચી સમજણ છે. (૧૨)

કોઈ મુમુક્ષુ મોટા પુરુષની સેવામાં રહેતો હોય તેને જ્યારે કોઈ કામ સોંપવામાં આવે અને તેને કહ્યું હોય કે તે કામ કરીને તું આ સમયે આટલા વાગે આવજે, ત્યારે એ કામ જો વહેલું પૂરું થઇ જાય તો મોટા પુરુષ પાસે આજ્ઞા વગર વહેલા દોડી ન જવું. અમથા અમથા આંટાફેરા પણ ન કરવા. એવી ચંચળ પ્રકૃતિ ટાળવી. જો તે કામ પૂરું થઇ ગયું હોય તો બીજું કંઇક વિચારવું અથવા અંતરવૃત્તિએ મહારાજનું ધ્યાન કરવું, ચિંતન-મનન કરવું, પણ અમથો સમય વ્યર્થ વાતો તથા આંટાફેરામાં બગાડવો નહીં.

તે ઉપર ગુરુદેવે ગાંધીજી અને વિનોબાજીની વાત કરી કે વિનોબાજી ગાંધીજી પાસે સેવા કરવા રહ્યા ત્યારે પહેલા તો ગાંધીજીએ તેમને પશુપાલનની સેવા સોંપી. તે તેમણે કંટાળ્યા વગર નિષ્ઠાપૂર્વક ઘણો સમય કરી. જ્યારે ગાંધીજી બીજાને એવું કાર્ય સોંપતા તો તેઓ કંટાળીને ભાગી જતા.





કારણ કે તેમને ચંચળ પ્રકૃતિ હતી અને ગાંધીજીની મહાનતા પણ તેમણે બરાબર નહોતી જાણી. વિનોબાજી નિષ્ઠાવાન હતા. તેમને ગાંધીજી કંઇક કાર્ય સોંપે અને કહે કે તે કાર્ય અમુક સમય સુધીમાં પૂરું કરીને મારી પાસે આવજો. ત્યારે વિનોબાજીએ જો તે કાર્ય વહેલું પતાવ્યું હોય તો પણ તેઓ ગાંધીજી પાસે તેમને ખલેલ પહોંચાડવા દોડી જતા નહીં, પરંતુ કહ્યું હોય એટલા વાગે જ જતા.

તેમને રેંટિયો કાંતવાનું કામ સોંપેલું. તે કાંતતા કાંતતા તેમણે ગીતાના શ્લોકો મોઢે કરવાનો અભ્યાસ કરી તેની ઉપર ગહન ચિંતન કર્યું અને તેના ચિંતનથી ગીતાના રહસ્યોનો ઉકેલ પણ તેમને મળવા માંડ્યો, પરંતુ રેંટિયો કાંતવાનું છોડી દઈ તેઓ લખવા ન માંડ્યા અને ચિંતન કરી આખી ગીતા તથા તેના રહસ્યો મગજમાં સંઘરી રાખ્યા. ગાંધીજીએ એક વાર પૂછ્યું કે રેંટિયો જ કાંતો છો કે કંઈ બીજું પણ કરો છો? પછી વિનોબાજીએ પોતે કરેલા ગીતા ઉપરના સંશોધન, વિષે વાત કરી ત્યારે ગાંધીજીએ તેમને રેંટિયો કાંતવાની સેવાનું કાર્ય બંધ કરાવી તે બધું લખી નાંખવા જણાવ્યું. આમને તો મગજમાં તૈયાર જ હતું. તેથી સુંદર રીતે લખી નાખ્યું, જે અત્યારે અનેકને ઉપયોગી થાય છે. એમ મોટા પુરુષના વચનમાં રહી સદ્‌પ્રવૃત્તિ કરતાં કરતાં દોષો, સ્વભાવો, પ્રકૃતિ વગેરે જીતાય છે અને અંતરવૃત્તિ તથા ચિંતન વગેરે કરવાથી સાક્ષાત્કારને માર્ગે પ્રગતિ પણ સધાય છે. (૧૩)

આપણામાં જે કંઈ સારા ગુણો હોય, સારી કાર્યશક્તિ હોય, સારા વિચારો ઉદ્‌ભવે કે સારું કાર્ય થાય તે બધું મહારાજ તથા મુક્તને આભારી છે. એમ મનમાં દ્રઢતા કરવાથી અહંકાર ઓગળી જાય છે. ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી સુખમાં રહ્યા હોય ત્યારે બધી ખબર પડે છે કે પ્રભુ જ બધું કાર્ય કરે છે. મારા દ્વારા પ્રભુ જ બધું કાર્ય કરતા હતા અને મને તો કેવળ નિમિત્ત બનાવેલો એવું પૂર્વની સ્મૃતિ કરાવીને દેખાડે છે. (૧૪)

પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ અને સત્તા વગેરે માણસને મળે તો તેનો મદ આવી જાય છે. મદનસિંહની જેમ. પણ વિચારક સાધકે તેનાથી દૂર રહેવું. પૂર્વ જન્મોમાં એવી ઘણી પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ આપણે મેળવી ચૂક્યા હોઈએ છીએ. તે જો પ્રભુ સમાધિ દ્વારા દેખાડે તો ખબર પડે. માટે એવા ક્ષણિક પ્રલોભનો ને મોહને વશ થયા વગર તેનો રાગ કાઢવા પ્રયત્ન કરવો જોઈએ. (૧૫)

આ લોકમાં અનંતવિધ સ્વભાવો ધરાવતા જીવો હોય છે. તેમના કુસ્વભાવ જોઈ તેની ઉપર નારાજગી થાય તો પણ દયાભાવ રાખવો. સમર્થ થકા જરણા કરવી. અમુક અવગુણિયા જીવોને તેના હિત માટે પ્રભુ શિક્ષા પણ કરે, જેથી તે શુદ્ધ થાય અને અવગુણ લેવાનો કુસ્વભાવ ઘસાય. ભગવાનના મુક્તની સેવા કરવાથી પાપ કર્મો ઘસાય છે ને સાથે સાથે અયોગ્ય સ્વભાવ પણ ઘસાય છે. જ્યારે મુક્તનો





દ્રોહ કર્યાનો ખરા ભાવથી પસ્તાવો થાય ત્યારે ચૈતન્ય શુદ્ધ થાય છે. (૧૬)

મુક્તના આશીર્વાદ મળ્યા હોય તો ક્યારેક કેટલાક કર્મો માફ થઈ જાય ને ક્યારેક પ્રભુ જીવોના અમુક કર્મોનું ફળ હપ્તે હપ્તે પણ ભોગવાવે, જેમ કે કોઈકને કેન્સર જેવી ગંભીર બીમારી થવાની હોય તો તેને બીજી નાની નાની બીમારી દ્વારા કર્મફળ ભોગવાવે. એમ શૂળીનું દુઃખ કાંટે કાઢે. જ્યારે અમુક કર્મોનું ફળ તાત્કાલિક પણ ભોગવાવે. જેમ કે અકસ્માત, હૃદયહૂમલો જેવી ઘટનાઓમાં શરીરનો નાશ થવો. જીવને દેહ મૂક્યા પછી પ્રારબ્ધ કર્મોના સંસ્કારો, કારણશરીરમાં રહેલ અવ્યક્ત રાગો, વાસનાઓ, ઈચ્છાઓ વગેરે ચૈતન્યની સાથે આવરણરૂપે જાય છે, જેથી ચૈતન્યને જન્મ-મરણરૂપ સંસૃતિ વળગે છે. (૧૭)

કર્મોની ગતિ અતિ સૂક્ષ્મ છે. કોઈને દુઃખ થતું હોય અને તે તેના પ્રારબ્ધકર્મો ભોગવતો હોય અથવા પ્રભુ તેને તેના કર્મોનું ફળ શિક્ષારૂપે આપતા હોય તે જોઈને જો રાજી થવાય, આનંદ અને સંતોષની લાગણી અનુભવાય કે કેવો દુઃખી થાય છે? તે એ જ લાગનો છે! તો એવા સંકલ્પોનું પણ સૂક્ષ્મ કર્મ લાગે. એવા સંકલ્પ કરનારને એનું ફળ પણ ભોગવવું પડે.

ઉદાહરણરૂપે જ્યારે દ્રૌપદીનું ભરસભામાં અપમાન થતું હતું, ત્યારે સૌથી વડીલ ભીષ્મપિતામહ પોતાના પૌત્રોનું

દુષ્કૃત્ય જોવા છતાં પણ મૌન રહ્યા અને વિરોધ પ્રદર્શિત કરતો એક શબ્દ પણ બોલ્યા નહીં. તે તેની મૂક સંમતિ ગણાય. એ પાપમાં તેઓ પણ મૂકરૂપે સહભાગી થયા. તેથી તેનું બાણશૈયારૂપ ફળ અંત વખતે તેમને ભોગવવું પડેલું. માટે ક્રિયમાણ કર્મો કરવામાં ઊંડા વિવેક અને જાગૃતિની આવશ્યકતા છે. (૧૮)

અમુક જીવોથી પૂર્વજન્મે ઘણા પાપકર્મો થઇ ગયા હોવાથી તેના બળવાન કુસંસ્કારો ચિત્તમાં રહેલા હોય. તેથી તેને આ જન્મે પણ તે સંસ્કારો પીડે છે જેને લીધે તે ફરી પાછો પાપમાં પ્રવૃત્ત થાય. પૂર્વે કરેલા પાપોની વિસ્મૃતિ થઇ ગયેલી હોવાથી નવા પાપાચારમાં તેને ભય નથી લાગતો. એમ પાપ-પુણ્ય કર્મોની પરંપરા ચાલ્યા જ કરે. બધા જીવોનું આમ જ થયા કરે છે. પછી મોક્ષ કઈ રીતે થાય? તો પણ પ્રભુ તથા તેમના સમર્થ અનાદિમુક્તો જીવો ઉપર કૃપા કરીને તેમના કર્મોનો ક્ષય કરીને જન્મો ઓછા કરીને કલ્યાણ કરે છે. પાત્ર એવા મુમુક્ષુ જીવોનો છેલ્લો જન્મ કરી આત્યંતિક મોક્ષને પણ પમાડે છે. (૧૯)

સાધકે ક્રોધાદિક દોષ જીતવા અંગે બુદ્ધના ભિક્ષુકનું દ્રષ્ટાંત આપતાં ગુરુવર્ય મુક્તરાજે વાત કરી કે, ભગવાન બુદ્ધ અને તેમનો શિષ્ય આનંદ વિચરણ કરતાં કરતાં એક ગામમાં રોકાયેલા. તે ગામના મનુષ્યો અતિ દ્વેષી હતા. તેઓ બુદ્ધ અને આનંદ ઉપર કાદવ, કીચડ, પથ્થરો વગેરે ફેંકી ખૂબ જ





પરેશાન કરતા. આ દુઃખ સહન ન થવાથી આનંદે કહ્યું, ‘ભગવાન! આ ગામના લોકો હલકી મનોવૃત્તિના છે, માટે ચાલો બીજે ગામ જઈએ.’ બુદ્ધે કહ્યું, ‘આનંદ, બધે સરખા જ લોકો હોય, આપણે દુઃખ સહન કરતાં શીખવું જોઈએ. ઈશ્વરે આપણને તપ કરવાની અનેરી તક આપી છે એમ માની તેનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઈએ.’ બુદ્ધની આ વાત ન માની આનંદે બીજે ગામ જવાની હઠ કરી એટલે અંતે બંને બીજે ગામ ગયા. બીજા ગામના લોકો તો પહેલા ગામના લોકો કરતાં પણ વધુ પરેશાન કરવા લાગ્યા. પછી તે ગામનો પણ ત્યાગ કરી ત્રીજે ગામ ગયા. ત્યાં પણ એવી જ ઉપાધી થઈ. એટલે આનંદે કહ્યું, ‘ભગવાન, આ ગામો કરતાં આપણે જે પહેલું ગામ છોડ્યું તે વધુ સારું હતું. ચાલો પાછા ત્યાં જઈએ.’ બુદ્ધે હસીને કહ્યું, ‘હું તો પહેલેથી જ કહેતો હતો, પણ તને મારી વાત મનાતી ન હતી. ઈશ્વર આપણને જ્યાં રાખે, ત્યાં આનંદથી રહેવું જોઈએ એ જ સાચા ભિક્ષુનું કર્તવ્ય છે.’ ભગવાન બુદ્ધની વાત શિષ્ય આનંદે સ્વીકારી અને તપની ભાવનાથી બધી જગ્યાએ તટસ્થપણે રહેવા લાગ્યા. એમ પ્રભુએ આપણા માટે નિર્માણ કરેલી કોઈ પણ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી આનંદથી પ્રભુનું ભજન કરવાથી કામ-ક્રોધાદિક દોષો ઉપર વિજય મેળવી શકાય છે. (૨૦)

શ્રીજીમહારાજે એક સાધુને બીજા સાધુઓ તથા મોટા

હરિભક્તોના અંગની વાત લખી લાવવાનું કહ્યું કે જાઓ બધાના અંગ (સ્વભાવ-પ્રકૃતિ) વિષે બરોબર તપાસ કરીને લખી લાવો. પછી તે સાધુએ બધાના અંગો વિષે ઝીણવટથી તપાસ કરીને લખ્યું કે અમુક સાધુમાં ને અમુક હરિભક્તમાં કોઈકની માની પ્રકૃતિ, કોઈકની ક્રોધી, કોઈકની લોભી, કોઈકની સ્વાર્થી, તો કોઈકની ઈર્ષાળુ પ્રકૃતિ છે. એમ બધાની વિવિધ પ્રકૃતિ-અંગ વિષે વિસ્તારથી લખીને મહારાજ પાસે લાવ્યા. મહારાજે તેમનું લખાણ જોઈને પૂછ્યું, 'સાધુરામ, આમાં તમારા અંગની વાત લખી છે?' ત્યારે સાધુએ કહ્યું, 'મહારાજ, એ તો હું ભૂલી ગયો!' એટલે મહારાજે તેમને ઠપકો આપ્યો કે આ જીવ પોતે પોતાના ગુણદોષ જોતો નથી અને બીજાના જ ગુણદોષ જોયા કરવાની કુટેવને લીધે પોતાની જાતમાં સુધાર લાવી પોતાની પ્રગતિ સાધી શકતો નથી. માટે સાધકે બીજા કેવા છે? શું કરે છે? એ બધું આખો વખત જોવા કરતાં પોતે કેવો છે? પોતાને હજી શું કરવાનું બાકી છે? તેની નિરંતર તપાસ કરતા રહી પોતાના દોષો ને ક્ષતિઓ કાઢવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ તો જ આધ્યાત્મિક પ્રગતિ સંભવે. (૨૧)

હળવદના મંદિરમાં એક વખત સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામી ધૂન કરાવતા હતા. તેમને ત્યાંના દીવાને આવીને ધમકી આપી કે ધૂન બંધ નહીં કરો તો કાલે સવારે આઠ વાગે તમારું આ મંદિર તોડાવી નાંખીશ. એ વખતે સ્વામીશ્રી





દ્વારા શ્રીજીમહારાજ પોતે બોલ્યા જે, તમને આટલો બધો અહંકાર ને દ્વેષભાવ છે તો તમારું જ બધું નાશ થઇ જશે. પછી બીજે દિવસે એ દીવાનના ઘરમાં કકળાટ થયો અને મોટો ઝઘડો થયો. તેમાં તે દ્વેષી દીવાનનો સર્વનાશ થઇ ગયો. માટે અહંકાર બહુ જ ખરાબ દોષ છે. તેમાં પણ કોઈ મુક્તપુરુષનો અહંકારે કરીને દ્રોહ થઇ જાય તો જીવનો પણ નાશ થઇ જાય. (૨૨)

મુક્ત જ્યારે ચાંદલો કરે ત્યારે કેટલાક બાળકો માથું આઘું લઈ લે, ખૂબ રડે ને ધમાલ કરે છતાં તેમને પરાણે મુક્ત પાસે ચાંદલો કરાવવો જોઈએ. જેમ ગુમડું કાપવું હોય ત્યારે પકડી રાખવા પડે, તેમ માથું પકડી અને મુક્ત પાસે ચાંદલો કરાવી લેવો. કારણ કે મુક્ત જ્યારે ચાંદલો કરે ત્યારે, તેમના દિવ્ય સંકલ્પથી ચૈતન્યનું પરિવર્તન થવાથી મહદંશે મોટા થઈને સારા બને છે. એમ કેટલાક જીવો અળવીતરા, અવળા હોય છે. તેનો સ્વભાવ બાળપણથી જ જણાઈ આવે છે, તો અમુક બાળકો નમ્ર થઇ આનંદથી મોટા મુક્ત પાસે ચાંદલો કરાવે છે. એમ જીવોની સ્વભાવ-પ્રકૃતિ અલગ અલગ હોય છે. છતાં મુક્તના દિવ્ય સંકલ્પથી તેમાં પરિવર્તન આવી શકે છે. (૨૩)

જીવને પોતાના સ્વભાવ જીતવા તે કામ ઘણું જ કઠણ છે. પરંતુ મુમુક્ષુ હોય તે અતિશય પુરુષપ્રયત્ન કરે અને પૂર્ણમુક્તના જોગમાં રહી, તેમની અનુવૃત્તિમાં વર્તીને તેમનો

જોગ-સમાગમ-સેવાએ કરીને તેમને રાજી કરે, તો દોષ તથા સ્વભાવ ઉપર જીત મેળવી શકે.

ગુરુવર્યે એક સંન્યાસીની વાત કરી. તે વનમાં રહીને ધ્યાન, યોગ, તપ આદિક સાધન કર્યા કરતો. પછી એક સંત પાસે તે આવ્યો, ત્યારે સંતે પૂછ્યું, 'કેમ સંન્યાસી મહારાજ, કેવી પ્રગતિ સાધી છે?' ત્યારે સંન્યાસીએ કહ્યું, 'પ્રાણાયામ, ધ્યાન, યોગ વગેરે ક્રિયાઓથી મનમાં શાંતિ રહે છે, પણ બ્રહ્મનું સુખ બરોબર આવતું નથી અને તેનો દિવ્ય અનુભવ થતો નથી.' સંતે કહ્યું, 'તમે જે યોગ વગેરે કર્યું, તે બધું ઉપલકિયું ને mechanical યાંત્રિક રીતે કર્યું છે. વનમાં રહે તો સ્વભાવ જીતાયેલા લાગે, પણ વસ્તીમાં રહે ત્યારે સ્વભાવ કેટલા જીતાયા છે અને કેટલા દોષ-સ્વભાવ જીતવાના બાકી છે તેની ખબર પડે. તમે વસ્તીમાં રહો ત્યારે જો કામ, ક્રોધ, માન વગેરે દોષો ન વ્યાપે તો જાણવું જે હવે પાત્રતા થઇ છે. પણ તે દોષો વ્યાપે ત્યાં સુધી પાત્રતા થઇ નથી. જ્યાં સુધી કામ, ક્રોધ, માન આદિ દોષોથી પર નથી થયા, ત્યાં સુધી પાત્રતા કેળવવાનો પુરુષાર્થ સતત કર્યા કરવો જોઈએ. શુદ્ધ પાત્ર થવાય ત્યારે જ બ્રહ્મ-પરબ્રહ્મનું યથાર્થ સુખ આવે. માટે તમે વનમાં રહેવાનું છોડી અને વસ્તીમાં રહો.' સંન્યાસી મુમુક્ષુ હતો એટલે સંતની વાત માની અને વસ્તીમાં રહેવા માંડ્યો. ક્યારેક કોઈ અપમાન કરતું અને ગાળો દેતું, ત્યારે શરૂઆતમાં ક્રોધ ખૂબ થતો. સતત જાગૃતિપૂર્વકના પ્રયત્નથી





ધીમેધીમે ક્રોધ-માન-લોભ આદિ દોષો જીતાવા માંડ્યા. બધા દોષો જીતી લીધા બાદ સંન્યાસી નિર્માની થઇને સંત પાસે આવ્યો. તે પાત્ર હોવાથી સંતે કૃપા કરીને તેને બ્રહ્મના દર્શન કરાવ્યા. પછી તેને બ્રહ્મનું અખંડ સુખ મળવા લાગ્યું.

જે મુમુક્ષુ નિવૃત્તિ પકડી ને ખૂણો પકડી બેસી જાય, તેથી કંઈ સ્વભાવ જીતાઈ ન જાય. સાધનદશામાં હોય ત્યારે તદ્દન નિવૃત્તિમાં તો તમોગુણ વૃદ્ધિ પામવાની પૂરી શક્યતા રહેલી છે. જીવ નવરો પડે ત્યારે કાં તો ખોટા ઘાટ-સંકલ્પ કરે અથવા વિષયભોગમાં પ્રવૃત્ત થાય, કાં તો સૂઈ રહે અથવા ન કરવાના કાર્યો કરે. માટે સદ્પ્રવૃત્તિ કરતાં કરતાં સત્સંગી હરિભક્તો વચ્ચે રહી, પ્રભુનું ચિંતવન, ધ્યાન-ભજન કર્યા કરે તો બધા દોષો અને સ્વભાવ જીતાઈ જાય. ત્યાર બાદ પૂર્ણપાત્ર થવાથી પ્રભુની તથા મુક્તની કૃપાથી સાક્ષાત્કાર થઇ સિદ્ધમુક્તદશા પામીને મહાસુખિયો થઇ જાય. (૨૪)

# ૪

# સેવા

**'સેવા' શબ્દમાં જ સમર્પિત ભાવ સમાવિષ્ટ છે. તે કોઈ વ્યક્તિ, સત્સંગ કે સેવાભાવી સંસ્થા કોઈની પણ હોઈ શકે. જ્યારે સેવાભાવ ઉત્પન્ન થાય, ત્યારે અલ્પ સેવાથી પણ ચૈતન્ય શાંતિ અને સંતોષની લાગણી અનુભવે. સાધક માટે સેવાનો પાયો એટલે, તેને જેમાં આસ્થા, શ્રદ્ધા છે તે સંપ્રદાય કે સંસ્થાની સેવા. તે પોતાના જીવનમાં સાધનાના એક ભાગરૂપે વણાયેલી હોવી જોઈએ. પ્રબુદ્ધ સત્પુરુષની સેવા સાધક માટે સર્વોત્કૃષ્ટ સેવા છે. સેવા એ કર્મો બાળવાનું અમોઘ સાધન છે. 'સેવા પરમો ધર્મ' સાધક માટે સેવાનો ગુણ વિકસાવવો અતિ આવશ્યક છે. સેવાથી સંગઠન ભાવના, ભાઈચારો, દાસભાવ, સંપ, સુમેળ, સહકાર, પરસ્પર આત્મીયતા વગેરે સદ્‌ગુણો વિકસે છે. સાધકને પ્રભુપ્રસન્નતામાં તે ગુણો સહાયરૂપ બને છે. જેને પ્રભુપ્રાપ્તિના સાધન કરવામાં વિશેષ ખબર પડતી ન હોય તે હૃદયના ખરાભાવથી સત્પુરુષ તથા સત્સંગના સેવાકાર્યમાં ખૂંપી જાય તો પણ તરી જાય.**





પ્રભુને જે સાધકો પાસેથી સત્સંગસેવા, માનવ કલ્યાણ વગેરે કાર્યો કરાવવા હોય તેમનામાં થોડો મોહ, મમતા, પ્રેમ, હેત, દયા, કરુણા, સુહૃદભાવ વગેરે લાગણીઓ હેતુપૂર્વક રહેવા દે છે. જો એ ન રહેવા દે તો પ્રભુનું સેવારૂપી કાર્ય થઇ શકે નહીં. અને મનુષ્યરૂપે રહેલા પ્રભુના અનાદિમુક્તની સાથે આત્મબુદ્ધિ પણ શક્ય ન બને, તે માટે આવા ઉદાત્તભાવો આવશ્યક છે. તે ભાવોને નિર્ગુણ સમજવાથી સાધકને તે બંધનકર્તા બનતા નથી. નિઃસ્વાર્થ સેવાકાર્યોથી પ્રભુની પ્રસન્નતા થયે પ્રભુના દિવ્યસ્વરૂપમાં સ્થિતિ થાય. પછી એ ભાવો પણ લુપ્ત થઇ જઈ કેવળ પ્રભુના દિવ્યસુખની જ અનુભૂતિ રહે છે. (૧)

જે મુમુક્ષુને શ્રીજીમહારાજનું સત્સંગ સેવાનું કાર્ય કરવું હોય તેમણે હંમેશાં પોતાની ગાંઠનું ખરચ જ ખાવું. એવી રીતે અપરિગ્રહી રહી સેવા કરવાની તૈયારી હોય તો જ તેવા કાર્યમાં જોડાવું. કોઈની પાસેથી આવેલા દાનમાંથી મદદની આશા રાખવી નહીં. હંમેશાં અપરિગ્રહી રહેવું. એવી રીતે અપરિગ્રહી રહેનાર જ મુક્તિ પામી શકે છે. બીજા પાસેથી દાન ગ્રહણ કરનારનું મન સ્વતંત્રતા ગુમાવી નિર્બળ બનવાથી તેની સાત્ત્વિકતા ઘટે છે, તેથી સાધનામાં એકાગ્રતા સાધવામાં મુશ્કેલી નડે છે. દાન ગ્રહણ કરનારે પોતે કરેલી સાધનાનું પુણ્યફળ જેની પાસેથી દાન મળ્યું હોય તેને ફાળે જાય, તેથી તે પોતે બંધનમાં આવે. બીજાની પાસેથી મફતિયું મેળવવાની

ઈચ્છા રાખનાર નિર્બળ મનવાળો મોક્ષમાર્ગે શી રીતે પ્રગતિ સાધી શકે?

જે સાધક સેવાકાર્ય કરે છે એ કંઈ પ્રભુ માટે અથવા મોટા મુક્ત માટે નથી કરતો, કે કોઈ પર ઉપકાર પણ નથી કરતો. એ જે કંઈ કરે છે તે પોતાના મોક્ષ માટે કરે છે. તેમાં પોતાનો જ અંગત સ્વાર્થ સમાયેલો છે. માટે સાધકે તો એમ સમજવું જોઈએ કે પ્રભુએ મને સેવાકાર્ય કરવાની અમૂલ્ય તક આપી છે.

સાધક કોઈક મંદિરમાં રહીને સેવાકાર્યો કરતો હોય, અને મંદિરમાંથી ખાવા-પીવાની, રહેવાની સગવડતા તથા આર્થિક સહાય સ્વીકારતો હોય, તો તેણે કરેલી સેવાનું ફળ જેણે જેણે દાન આપ્યું હોય તેને ફાળે પણ જાય છે. બદલાની ભાવનાથી કરેલી સેવાનું ફળ અલ્પ હોય છે. તેને તો તેણે કરેલી સેવાના બદલામાં ખાવા-પીવા-રહેવાની તથા આર્થિક સગવડતારૂપે ફળ મળી ગયું ગણાય. તે જે કંઈ ધ્યાન-ભજન-માળા વગેરે પ્રભુપ્રસન્નતાના સાધન કરે તેનું ફળ તેને મળે છે. પરંતુ કંઈ પણ લેવાની કે કંઈક બદલો મેળવવાની ભાવના સાથે કરેલી સેવાથી આધ્યાત્મિક પ્રગતિ થતી નથી. બલ્કે તેને તો જન્મો વધી જઈને મોક્ષમાં વિલંબ થઈ જાય છે. સાચા સાધકે તો ઉલટું પોતાની પાસે જે કંઈ હોય તેમાંથી ઉદારભાવે સેવાકાર્યમાં ઉમેરવું જોઈએ. અને એ સેવાકાર્ય પણ સંપૂર્ણપણે નિઃસ્વાર્થભાવ સાથે અને કેવળ પ્રભુની ને મુક્તની પ્રસન્નતાર્થે





કર્યું હોય તો જ કર્મસંસ્કાર બળીને આધ્યાત્મિક પ્રગતિ થાય. (૨)

ભગવાન અમુક ઉચ્ચ સાધનદશાવાળા ભક્તોમાં સાત્ત્વિક અહંકાર રાખે છે. જેથી તે સત્સંગમાં સેવાનું કાર્ય કરી શકે, પણ પુરુષપ્રયત્ને કરીને તામસ, રાજસ અને સાત્ત્વિક ત્રણે અહંકાર ટળી જાય ત્યારે જ પ્રભુનો સાક્ષાત્કાર થાય અને નિર્ગુણ થાય. સાત્ત્વિક અહંકાર પણ બંધનકર્તા છે. તે પ્રભુની ભક્તિથી, ધ્યાનથી, તથા સત્સંગ સેવા આદિ સદ્પ્રવૃત્તિથી ઉત્પન્ન થાય છે. તેવો સાત્ત્વિક અહંકાર સાંખ્યજ્ઞાને કરીને બધા આવરણોથી રહિત થઈ ચૈતન્યમાં પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરે ત્યારે જ ટળે છે. (૩)

સત્સંગ વિકાસના કાર્ય તથા જ્ઞાનપ્રચાર જેવા સેવાના કાર્યો કરવામાં પણ મુમુક્ષુએ વિવેક રાખવો. કેવળ કાર્યરૂપ ન થતાં કારણ એવા જે મહાપ્રભુજી તેમના દિવ્યસ્વરૂપના અખંડ અનુસંધાન સાથે તે મૂર્તિમાં પ્રતિલોમ વૃત્તિ રહે એવો નિરંતર અભ્યાસ રાખી સેવારૂપ કાર્યો કરવા. કેવળ કાર્યના તાનને લીધે બહિર્વૃત્તિ રહેવાથી આધ્યાત્મિક વિકાસ રૂંધાય છે, તેમ કેવળ ધ્યાન-ભજનરૂપ ક્રિયામાં પણ monotony એક્સૂરતા થવાથી મુમુક્ષુને ક્યારેક કંટાળો ઉપજાવે. સાધનદશા હોવાથી નીરસતા પણ જન્માવે. એકાગ્રતા સાધવામાં તથા દોષ-સ્વભાવ જીતવામાં અવરોધો પણ આવે અને ક્યારેક આળસ-પ્રમાદમાં વૃદ્ધિ થાય એવું પણ બને. માટે પ્રભુના સેવાકાર્યો તથા ધ્યાન

અને અંતરવૃત્તિનો અભ્યાસ બંને સાથે સાથે કરવાથી પ્રગતિ જલદી સધાય છે. એ બંને ક્રિયાઓ નિર્ગુણ હોવાથી પ્રભુની પ્રસન્નતા થાય છે. એ બંને ક્રિયાઓ પ્રવૃત્તિરૂપ ન હોતાં નિવૃત્તિરૂપ જ છે, કારણ કે તેમાં પ્રભુપ્રસન્નતા સમાયેલી છે. બંને ક્રિયાઓ એક બીજાની પૂરક હોવાથી પ્રગતિ સાધવામાં મુશ્કેલીઓ ઓછી થઈ જાય છે. Both should go hand in hand. (૪)

પ્રભુની પ્રસન્નતા અર્થે સેવાના કાર્યો જેણે કરવા હોય, તેણે નિઃસ્વાર્થ ભાવના કેળવી ઈચ્છા રહિત થવું. માન-મોટપ, યશ-કીર્તિ મેળવવાના રાગ કાઢવા. ઈમારતની પાયાની ઈંટ જેમ દેખાતી નથી, પરંતુ એના આધારે જ આખી ઈમારત ઊભી હોય છે. એમ પાયાની ઈંટરૂપ Brick of foundation બની રહેવું. પ્રકાશમાં, પ્રસિદ્ધિમાં આવવાની ઈચ્છા રહિત થઈ કેવળ પ્રભુપ્રસન્નતાર્થે જ સેવા કરવી. (૫)

પ્રભુની પ્રસન્નતાર્થે સત્સંગ સેવાનું કાર્ય કરતાં કરતાં ક્યારેક દેહાત્મબુદ્ધિ વશાત્ પોતાપણાનો ભાવ કે કર્તાભાવ આવી જાય તો સમજપૂર્વક તેવો ભાવ ટાળવો અને પ્રભુનું કર્તાપણું દૃઢ કરવું. એ વખતે નાહિંમત કે હતાશ થઈ સેવારૂપ કાર્ય કરવા માટે અસમર્થ થઈ જાય, તો પ્રભુની પ્રસન્નતા શી રીતે થાય? માટે એવા પ્રસંગે ક્ષમાયાચનાના ભાવ સાથે પ્રભુને રમૂજભાવમાં કહેવું, 'હે મહારાજ! તમે મારી કસોટી કરવા મને ખરો ભુલાવામાં નાંખ્યો!' એમ કહી પ્રભુ સાથે રમૂજ





પણ કરી લેવી અને સમજણથી પોતાપણાનો ભાવ પણ ટાળવો, તો પ્રભુ બહુ રાજી થાય. (૬)

ભગવાનનું ધ્યાન-ભજન કરતાં અને સત્સંગનું કાર્ય કરતાં ભગવાનના કલ્યાણકારી ગુણોનું માન લેશ માત્ર આવવા દેવું નહીં અને કોઈ માન-સન્માન આપે તો તે પ્રભુનું અને તેમના કલ્યાણકારી ગુણોનું સન્માન થાય છે તેમ માનવું. અને અપમાન થાય ત્યારે પોતાના દુર્ગુણોનું ને દેહભાવનું અપમાન સમજવું. (૭)

કેટલાક જીવો મનાવા પૂજાવાના તથા કીર્તિ-પ્રસિદ્ધિના રાગે કરીને સેવા, ભક્તિ વગેરે સાધન કરતા હોય ત્યારે માન-સન્માનથી તેમના રાગનું પોષણ થાય. પછી તે રાગમાં બંધાઈને જન્મોજન્મ સુધી તેમાંથી છૂટી શકતા નથી. એક પળ પણ ગાફેલપણું ન રહે અને સતત જાણપણું તથા જાગૃતિ રહે તો જ પ્રભુકૃપાથી અહંકારનું અતિ સૂક્ષ્મ આવરણ ટળે. (૮)

ઘણી વખત મુમુક્ષુસાધકમાં પણ કીર્તિ-પ્રસિદ્ધિ-માન વગેરે પામવાના રાગ વ્યક્તપણે અથવા અવ્યક્તપણે રહેલા હોય છે. અંતરવૃત્તિ દ્વારા ઊંડા ઊતરીને પોતાનું અંતઃકરણ તપાસે ત્યારે અથવા મોટા પુરુષની કૃપાથી એ રાગ ઓળખાય, નહીં તો તે ઓળખાવા કઠીન છે. એ રાગ ઓળખાયા પછી પણ તેને નિર્મૂળ કરવા ઘણો પુરુષપ્રયત્ન માગી લે છે. એવા રાગને લીધે એક પ્રકારની કાર્યશક્તિ ઉત્પન્ન થવાથી સાધક

સત્સંગવિકાસ અને સેવાના કાર્યો કરવા પ્રેરાય છે. એવા કાર્યોમાં સાધકને યશ-કીર્તિ મળે કે પ્રશંસા થાય તો તેનો આસ્વાદ માણી પોતાની કચાશને ઢાંકવાનો વ્યર્થ પ્રયત્ન કરે, તેથી સાચા સુખથી વંચિત રહી જાય. માટે કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે સેવા અને સત્સંગ વિકાસના કાર્ય કરે તો જ પાત્રતા આવે અને સાધકનો વિકાસ સધાય. યશ-કીર્તિનો આસ્વાદ માણવાની અભિલાષા છોડી પ્રભુના સ્વરૂપનો દિવ્ય આનંદ માણવાની ત્વરા ઉત્પન્ન થાય તો મંજિલ દૂર ન રહે. (૯)

કોઈને ઉપદેશ કરવો ત્યારે પણ રજ-તમ ગુણમાં ન આવી જવાય તેની ખાસ તકેદારી રાખવી. અંતરવૃત્તિએ મૂર્તિ ધારીને સાત્ત્વિકભાવે ઉપદેશ કરવો. ક્યારેક અમુક પ્રશ્નથી મૂંઝાઈ જવાય અને એ વખતે ઉત્તર ન સુઝે તો વિનમ્રતાથી એમ કહેવું કે મને આની ખબર નથી, પછી વિચારીને જણાવીશ. પરંતુ કોઈને અસમાસ થાય કે ગેરમાર્ગે દોરાઈને તેનું અહિત થાય, એવો ગમે તેમ ઉત્તર ન આપવો. (૧૦)

દરેકને અંતરવૃત્તિએ મૂર્તિરૂપ થઇ બધી ક્રિયા કરવાનો ઉપદેશ આપવો, જેથી મુક્તદશા પામવા માટે પ્રગતિ થાય. બાહ્યવૃત્તિએ કરીને ગમે તેટલા કથા, કીર્તન, ધ્યાન, ભજન વગેરે કરે તો પણ પ્રગતિ થાય નહીં. સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીએ બાહ્ય મૂર્તિ સિદ્ધ કરેલી, તેઓ પોતે પણ એમ કહેતા કે મને ક્યારેક અંતરમાં વિક્ષેપ થાય છે. પછી સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ અંતરવૃત્તિએ પ્રતિલોમ ધ્યાન કરાવ્યું.





એટલે સાક્ષાત્કાર થઇ અનાદિમુક્તની પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી. એમ અંતરવૃત્તિએ પ્રતિલોમપણે મૂર્તિરૂપ થઇ મૂર્તિ ધાર્યા વગર આત્યંતિક પ્રાપ્તિ થતી નથી. તેમને સ.ગુ.ગોપાળાનંદ સ્વામીએ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિ કરાવી હતી.(૧૧)

જેઓને ખરેખર ભગવાન સ્વામિનારાયણને વિષે જાણવાની આતુરતા હોય, તેને જ સરળપણે ઉપદેશ કરવો. પણ જેને ફક્ત ખોટ કાઢવી હોય અને વ્યર્થ ચર્ચા ને વાદ-વિવાદ જ કરવા હોય તેને પડતા મૂકવા, નહિતર કીમતી સમય ને શક્તિનો ખોટો વ્યય થાય. (૧૨)

કારણસત્સંગ અર્થાત્ પ્રભુના સ્વરૂપનું પ્રતિલોમપણે ધ્યાન કરી અંતરવૃત્તિનો સદાય અભ્યાસ કરવો. દરેક ક્રિયા સ્વયં પ્રભુ જ કરે છે એવો દિવ્યભાવ દઢ કરવો. સત્સંગમાં દાસભાવ રાખી પોતાના દોષો ઓળખી તે કાઢવા સતત જાગૃત રહેવું. દરેકને મૂર્તિમાં રહીને કઈ રીતે ક્રિયા થાય તે સમજાવીને તેના જીવનું રૂડું કરવાનો-થવાનો શુભ સંકલ્પ કરવો. (૧૩)

પ્રભુએ સોંપેલા કાર્યરૂપ સેવા અંગે કોઈપણ સ્થળે જવાનું થાય તો તે સ્થાનને તીર્થરૂપ સમજવું અને દરેક કાર્યમાં પ્રભુને કર્તારૂપ માનવું. જેથી કાર્ય સરળ ને સફળ થાય. (૧૪)

ક્યારેક મુમુક્ષુની પરીક્ષા કરવા તેનો વૈરાગ્ય કેવો છે તે તપાસવા મોટા મુક્ત તેને એવી પણ આજ્ઞા કરે કે તારે ગૃહસ્થાશ્રમ કરવો, પરંતુ સાધકને સંસાર કરવાની ઈચ્છા ન

હોય અને તીવ્ર વૈરાગ્ય હોય તો તેણે મુક્તના વચનનો અનાદર ન કરવો. પરંતુ એમ પ્રાર્થના કરવી કે 'મને ગૃહસ્થાશ્રમ કરવાની જરાપણ ઈચ્છા નથી. મને સંસારમાં નહીં ફાવે. માટે કૃપા કરીને મને તેવી આજ્ઞા ન કરો તો સારું. હું પ્રભુપ્રાપ્તિ માર્ગે ત્યાગી રહીને પ્રગતિ સાધું એવા આશીર્વાદ આપો.' એમ પ્રાર્થના કરીને મુક્તને રાજી કરવા અને તેમની કસોટીમાંથી પાર ઊતરવું.

પૂર્વજન્મોના પાપકર્મોના સંસ્કારો તથા દોષોથી રહિત થવાનો ઉપાય એ છે કે મોટા પુરુષની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી તેઓ જે કાર્ય સોંપે તે સેવા-ભક્તિરૂપ માનીને કેવળ પ્રભુની અને મુક્તની પ્રસન્નતાર્થે તે કાર્ય કરવું. એ નિઃસ્વાર્થપણે કરેલા સેવાકાર્યમાં કર્મબંધન થતું નથી. કારણમૂર્તિ એવા જે શ્રીજીમહારાજ તેમના સ્વરૂપનું અનુસંધાન રાખી તે કાર્યો કરવાથી સંસ્કારો, દોષોનું નિવારણ થઇ પાત્રતા આવે છે. મહારાજ તથા મુક્તની કૃપા ઊતરે છે. પ્રભુનું ધ્યાન-ભજન કરવું અને મૂર્તિના અનુસંધાને સહિત બીજા મુમુક્ષુ જીવોને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન કરાવી ધ્યાન-ભજન કરાવવું એ પ્રવૃત્તિ નહીં, પણ નિવૃત્તિ જ ગણાય. કારણ કે તેમાં સર્વના કારણ એવા પ્રભુનું અનુસંધાન રહેવાથી તે ભક્તની ક્રિયા નિર્ગુણ થઇ જાય છે. એને કર્મબંધન નથી થતું. આવી રીતે નિઃસ્વાર્થપણે પ્રભુના સ્વરૂપના અનુસંધાને સહિત સેવા કાર્યો કરવા એ જ પાત્ર થવાનો, મોટા મુક્તને પ્રસન્ન કરવાનો





અને મહાપ્રભુજીનો સાક્ષાત્કાર કરવાનો સરળ અને સચોટ ઉપાય છે. (૧૫)

એક વખત શ્રીજીમહારાજને ધર્મકુળ અર્થે અને ગઢડા મંદિર નિર્માણ અર્થે પૈસાની ખૂબ જ જરૂર હતી. તે વખતે પૈસા ભેગા કરવા બધા પ્રયત્નો કરતા હતા, પરંતુ પ્રભુ કોઈને પૈસા આપવા સીધી પ્રેરણા નહોતા કરતા. તેથી મૂળજી બ્રહ્મચારીએ એક યુક્તિ વિચારી ને પોતે નીકળી પડ્યા. અમુક લોકો પાસેથી જાણી લીધું કે કોને ત્યાં, કયા કયા દરબારોને ત્યાં સંતાનો નથી તથા કોને કોને સંતાનોની ઈચ્છા છે. પછી તેમને ત્યાં જઈને કહ્યું કે જો તમે રૂપિયા એક હજાર આપો તો એક સંતાન થાય અને બે હજાર આપો તો બે સંતાન થાય એવા આશીર્વાદ આપીએ. પછી જેને જે ઈચ્છા હતી તે પ્રમાણે સૌએ રાજી થઈને પૈસા આપ્યા. બ્રહ્મચારીએ તે પ્રમાણે આશીર્વાદ પણ આપ્યા. પછી મહારાજ પાસે આવીને પૈસાનો ઢગલો કર્યો. ત્યારે મહારાજે રમૂજ કરી, 'બ્રહ્મચારી, આટલા બધા પૈસા કોને લૂંટીને લાવ્યા?' બ્રહ્મચારીએ બધી વિગત જણાવી અને બોલ્યા, 'મહારાજ, આશીર્વાદ પ્રમાણે ફળ આપવાની જવાબદારી હવે તમારી છે. મેં તો મારું કામ કર્યું. આપણે પૈસા આવી ગયા છે. હવે તમારે જેમ કરવું હોય તેમ કરો.' મહારાજ ખૂબ હસ્યા અને નિર્દોષ-નિખાલસ બ્રહ્મચારીની યુક્તિ ઉપર પ્રસન્ન થયા. પછી તેમણે આપેલ વર પ્રમાણે મહારાજે બધાને સંતાનો આપ્યા. આવી રીતે

સાધક-સેવક સંજોગ પ્રમાણે સમયસૂચકતા વાપરી કાર્યો ઉકેલવાની કુનેહ કેળવે તો મહારાજ અને મુક્તની પ્રસન્નતા થાય છે. (૧૬)

જે મુમુક્ષુ શ્રીજીમહારાજ અને અનાદિમુક્તની પ્રસન્નતા તથા રાજીપો મેળવવાના પ્રયત્નો કર્યા કરતો હોય અને અનાદિમુક્તની અંગત સેવા પણ કરતો હોય, તેની ઉપર શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તની કૃપા થાય. તે મુમુક્ષુના અનેક આવરણો હટીને પાત્રતા આવે. તેવા મુમુક્ષુઓ મહાપથારી સુધી અર્થાત્ દેહના અંત સુધી સાધક રહી મહારાજની પ્રસન્નતાના સાધન કર્યા કરે, પરંતુ અમુક કક્ષાની પાત્રતા થવા છતાં સાક્ષાત્કાર ન થાય, તો દેહને અંતે કૃપાથી મહારાજ અને અનાદિમુક્ત પોતે દર્શન દઈ તે મુમુક્ષુને મહારાજના સુખમાં મૂકે. દેહ છતાં સાક્ષાત્કાર તો સંપૂર્ણ પાત્રતા આવે ત્યારે જ થાય. તેવી પાત્રતા કરવા માટે અતિશય પુરુષાર્થ કરવો પડે, તેમ છતાં પાત્ર થવાના પ્રયત્નમાં જે સાધક મંડ્યો રહ્યો હોય તેની ઉપર પણ મહારાજ અને અનાદિમુક્ત કૃપા કરીને તેને પોતાના સુખમાં મૂકે. પછી જેને મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવાની સમજણ હોય તેમને મૂર્તિમાં પ્રવેશ કરાવે. અને જેને સન્મુખ રહીને પ્રભુના સ્વરૂપનું સુખ લેવાની સમજણ હોય તેમને મહારાજ પરમ એકાંતિકની સ્થિતિમાં રાખીને પોતાનું સુખ આપે. આ બન્ને પ્રકારની સમજણવાળાની સ્થિતિમાં તેમજ સુખમાં ઘણો જ તફાવત છે.





મૂર્તિરૂપ થઇ મૂર્તિમાં રસબસ લીન રહી સુખ ભોગવવું એવી સમજણવાળાને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થાય છે. તેવી સ્થિતિવાળા મુક્તનું સુખ પરમ એકાંતિક મુક્તની સ્થિતિવાળા કરતાં અનંતગણું અધિક છે. અનાદિમુક્તની સ્થિતિની સમજણવાળા મુમુક્ષુ ઉપર શ્રીજીમહારાજ કૃપા કરીને દેહને અંતે તેનો એક સેકન્ડના કોટિમાં ભાગની અંદર પોતાના દિવ્યસ્વરૂપમાં પ્રવેશ કરાવી દે છે. તેમને પોતાના અન્વયસ્વરૂપ-અક્ષરરૂપ તેજના તથા સન્મુખ દર્શન નથી કરાવતા, કારણ કે જો અનાદિમુક્તની સમજણ હોય પણ અનુભવ ન હોવાથી પરિપક્વ સમજણ ન હોય, તેથી જો તેજના દર્શન કરે તો તે તેજમાં જ એટલું બધું સુખ હોય છે કે તે મુમુક્ષુને એમ જ થઇ જાય કે હું પૂર્ણ થઇ ગયો. એમ માની તેજમાં અટવાઈ પડે. અને સન્મુખ મૂર્તિના દર્શન કરાવે તો મૂર્તિમાં લીન રહીને સુખ ભોગવવાની સમજણ ભુલાઈ જાય અને મૂર્તિને સન્મુખ રહી સુખ ભોગવવું તે સ્થિતિમાં પૂર્ણતા લાગે તો પરમ એકાંતિકની સ્થિતિને પામે, પણ અનાદિમુક્તની સર્વોચ્ચ સ્થિતિને ન પામે.

સ.ગુ.પ્રેમાનંદ સ્વામીએ પણ લખ્યું છેઃ 'વહાલા એ રસના ચાખણહાર તે છાસ તે નવ પીવે રે લોલ' એનો અર્થ એમ છે જે, મહારાજના સ્વરૂપમાં મૂર્તિરૂપ રસબસ લીન રહી સુખ ભોગવવું, તે સુખ પાસે સન્મુખ રહી સુખ ભોગવવું તથા તેજનું સુખ ભોગવવું તે છાસ જેવું ફિક્કું લાગે છે. એમ

અનાદિમુક્તને મળતા સુખમાં અને પરમ એકાંતિક મુક્તને મળતા સુખમાં ફેર છે.

માટે અનાદિમુક્તની સમજણવાળા ભક્તને મહારાજ તથા મુક્ત સીધો જ મૂર્તિમાં પ્રવેશ કરાવે છે. પછી તે ચૈતન્ય નિરાકાર મટીને મહારાજ જેવો જ દિવ્યસાકાર થઇ, ભાગવતીતનુ દ્વારા મૂર્તિમાં રસબસ લીન રહી રોમરોમનું, નિતનવીન અદ્વિતીય સુખ ભોગવતો થઇ જાય છે. એ સવાચોસઠ તસુની તથા કિશોરવયની અતિસુંદર લાગતી મૂર્તિમાં પ્રવેશ થયા પછી તે મૂર્તિ અનંત મહાસાગર જેવી અગાધ લાગે છે. અનંત અનાદિમુક્તો નિરાવરણ રહી તે દિવ્યસુખમાં કિલ્લોલ કરે છે. તે મૂર્તિનો કે મૂર્તિના સુખનો, પ્રતાપનો, પ્રકાશનો, જ્ઞાનનો, સામર્થ્યનો, ગુણનો, કોઈ પાર પામી શકતા નથી. એ જ પ્રભુની દિવ્યતા છે.

એ મૂર્તિમાં મુક્ત પોતે મૂર્તિરૂપ દિવ્યસાકાર હોવાથી રોમેરોમનું જ્ઞાન એને જણાતું હોવાથી જીવસત્તાએ મૂર્તિમાં રહી અને તે દિવ્ય સુંદર મૂર્તિના દર્શન કરે છે. અનંત અનાદિમુક્તો તે સ્વરૂપમાં નખ-શીખ રસબસ લીન રહી સુખ ભોગવે છે, પણ એક બીજાને આવરણરૂપ નથી બનતા. એ દિવ્યમૂર્તિની અગાધ લીલા છે. તે મૂર્તિમાંથી દિવ્યસુખ અને તેજની છોળો ઊડે છે. પળેપળે નિતનવીન સુખ છૂટે છે, તે સુખ મુક્તો ભોગવે છે. અનંત પરમ એકાંતિક મુક્તો મૂર્તિને સન્મુખ રહી સમગ્ર ચૈતન્ય દ્વારા રોમેરોમ જોવાપણાની દિવ્ય





દૃષ્ટિ-વૃત્તિથી, બહારથી પ્રભુના સ્વરૂપમાં જોડાઈ અને સુખ ભોગવે છે. બધા મુક્તોને પ્રભુ સન્મુખ રહે છે. બધા પરમ એકાંતિક મુક્તોને શ્રીજીમહારાજનું અંતર સરખું જ રહે છે. ત્યાં અર્થાત્ પરભાવમાં તે સ્થિતિમાં દૂર નજીક એવું અંતર નથી. પરમ એકાંતિક મુક્તને પરભાવમાં તો પોતે પૂર્ણ જ છે એવો ભાવ રહે છે. પરંતુ તેની સ્થિતિ અનાદિમુક્તની સ્થિતિ કરતાં ગૌણ છે અને તે પૂર્ણ સ્થિતિ નથી.

તેવા મુક્તને પણ પૂર્ણ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય દેહ ધરવો પડે છે. તેમને જન્મ-મરણ નથી. તે ચક્કરમાંથી તો તેઓ મુક્ત થઇ ગયેલા હોય છે. પણ પૂર્ણ અનાદિમુક્તની સ્થિતિ કરાવવા માટે પ્રભુના સંકલ્પથી તેઓ મનુષ્ય જન્મ લે છે. એ વખતે કોઈ મોટા અનાદિમુક્તનો જોગ તેમને મનુષ્ય જન્મમાં પ્રભુની ઇચ્છાથી થાય તો, તેને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવાની સમજણ આપે, તેથી પોતે સાક્ષાત્કારવાળા હોઈ ને તુરત જ અનાદિમુક્તની સ્થિતિ થઇ જાય છે. પ્રભુ જ્યારે તેમને મનુષ્ય દેહ ધરાવે, ત્યારે પરભાવમાં તેમને લાગતી પૂર્ણતાની વિસ્મૃતિ કરાવીને તે સ્થિતિને રુંધે છે. કારણ કે તેવી સ્થિતિ રુંધે તો જ પ્રભુ પ્રત્યે વિશેષ પ્રેમ પ્રગટ થાય અને પરાભક્તિ પ્રગટે, તેથી પ્રભુની ઇચ્છાથી પ્રગટેલા અનાદિમુક્તના જોગમાં આવવાથી અનાદિમુક્તની સ્થિતિની સમજણ થાય અને તેમની કૃપાથી તરત તેવી સ્થિતિ થઇ જાય છે.

પરમ એકાંતિક મુક્તને મહારાજ મનુષ્ય જન્મ ધરાવે, ત્યારે મોટે ભાગે તેમની સાથે અનાદિમુક્તને પણ પોતાના સંકલ્પથી મોકલે છે. જેથી પરમ એકાંતિક તેમને ઓળખીને તેમનો જોગ સમાગમ કરે અને મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં લીન રહી સુખ ભોગવવાની સમજણ દૃઢ કરીને તેવી સ્થિતિને પામે. અને પોતે અનાદિમુક્ત થઈ બીજાને પણ તેવી સમજણ દૃઢ કરાવી તેવી સ્થિતિની પ્રાપ્તિ કરાવે. આ મનુષ્ય જન્મ તે કર્મભૂમિ છે. અહીં જે કરે તે થાય. અને બીજા બધા ધામો, તથા ચૈતન્ય ભૂમિકાઓ તે ભોગભૂમિકા છે. જ્યાં સુધી પૂર્ણસિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ ન થાય, ત્યાં સુધી જન્મ ધરવા પડે છે. મનુષ્ય જન્મ તે માયિક ઉત્ક્રાંતિમાં છેલ્લું પગથિયું છે. અને પ્રભુરૂપ દિવ્યસાકાર થઈ, પ્રભુમાં રસબસ લીન રહી પ્રભુનું સુખ ભોગવવું, તે આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું Spiritual evolution નું, મુક્તદશાનું અંતિમ ચરણ છે. માટે જીવ સર્વ જીવસૃષ્ટિમાંથી પસાર થઈ મનુષ્ય થાય ત્યારે મનુષ્યમાંથી તેની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ શરૂ થાય છે. અને જ્યારે તે પૂર્ણપુરુષોત્તમરૂપ થઈ તે પૂર્ણપુરુષોત્તમના સ્વરૂપમાં લીન રહે ત્યારે તે ઉત્ક્રાંતિનો અંત આવે છે. પછી તો તે અનંતકાળ સુધી પ્રભુનું સુખ જ ભોગવ્યા કરે છે. એ દિવ્ય સ્થિતિમાં પણ સુખ-સામર્થી-પ્રકાશ વગેરે વધતું જ જાય છે. સાથે સાથે તે સુખ ભોગવવાની ગતિ-સામર્થી પણ વધે છે, તેનો અંત નથી. અનાદિમુક્તને ક્યારેય એ સુખમાં તૃપ્તિ





થતી જ નથી. પળેપળ નિતનવીન સુખ કોટી કલ્પ સુધી ભોગવ્યા કરે છે, પણ ક્યારેય તેનો પાર પામતા નથી, એવી અનંત અપાર મૂર્તિ તથા તેનું સુખ છે.

પરમ એકાંતિક મુક્ત મનુષ્યરૂપે આવેલા હોય અને જો તે વખતે તેમને અનાદિમુક્તનો જોગ ન થાય તો પણ તેઓ અનંત જીવોના કલ્યાણ કરી શકે છે. પોતાના જોગમાં આવતા મુમુક્ષુઓને પરમ એકાંતિક મુક્તની સ્થિતિની સમજણ દૃઢ કરાવી અને તેવી પ્રાપ્તિ પણ કરાવી શકે એવા સમર્થ હોય છે. અનેક જીવોને મહારાજનું સર્વોપરી જ્ઞાન આપી સમાસ કરી કલ્યાણ કરે છે. બીજા બધા અવતારો અને બીજા ધામોના અધિપતિઓ અને તેમના મુક્તો તથા દેવો, મુનિઓ તે બધાથી તેઓ અનેક ગણા સમર્થ હોય છે. અનેક જીવોના કલ્યાણ કરવારૂપ કાર્યો બીજા બધા કરતાં વિશેષપણે કરી શકે છે. કારણ કે તેમને મહારાજના વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર હોઈ તેઓ સિદ્ધમુક્ત છે. બીજી બધી ચૈતન્ય ભૂમિકાઓથી તેઓ પર છે, પરંતુ અનાદિમુક્ત પાસે ગૌણ છે. પરમ એકાંતિક સિદ્ધદશાવાળા મુક્તથી પર અનાદિમુક્તો છે. અને તેથી પર સર્વોપરી શ્રીજીમહારાજ એક જ છે. શ્રીજીમહારાજથી પર બીજી કોઈ ભૂમિકા નથી. આ સ્વયં પૂર્ણપુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજ અને તેમના સ્વસિદ્ધ તેમજ સિદ્ધ અનાદિમુક્તોનો અચળ સિદ્ધાંત છે.

પરમ એકાંતિક મુક્ત મનુષ્યરૂપે પ્રગટ થયા હોય, ત્યારે અનેકને પોતા જેવા કરે. પરંતુ જો અનાદિમુક્તનો જોગ ન થાય તો તેઓ દેહ છોડી પાછા પ્રભુ સન્મુખ રહી સુખ ભોગવે અને ફરી પાછા પૂર્ણ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવા મહારાજ તેમને મનુષ્ય દેહ ધરાવે. માટે જ્યાં સુધી જીવ અનાદિમુક્ત ન થાય, ત્યાં સુધી જન્મ ધરવા પડે. અનાદિમુક્ત તથા મહારાજ મનુષ્ય જન્મ ધારણ કરે છે તે તો તે દિવ્ય સ્થિતિમાં જ રહ્યા થકા સંકલ્પથી મનુષ્યરૂપે દેખાય છે. અને તે પણ ફક્ત જીવોના આત્યંતિક કલ્યાણ માટે જ દેખાય છે. દિવ્યસુખમાં રહ્યા થકા પ્રભુના સંકલ્પથી દેખાય છે. પરંતુ જીવોને આત્યંતિક મોક્ષ આપી પોતે જે સ્થિતિમાં રહી સુખ ભોગવે છે, તેવી સ્થિતિની પ્રાપ્તિ કરાવવાનું જ મુખ્ય પ્રયોજન હોય છે. અનાદિમુક્તનું મનુષ્યશરીર પણ નિર્ગુણ અને દિવ્ય છે. પ્રભુની જેમ જ તેમના જન્મ, કર્મ બધું જ દિવ્ય છે. બીજા જીવ જેવું નથી. તેમની શુભ-અશુભ લાગતી દરેક ક્રિયા જીવના કલ્યાણને અર્થે જ હોય છે. તેમને સ્પર્શેલી હવા પણ બીજા જીવને અડે તો તેના અનેક જન્મો ઓછા થઈ જાય છે. તેમની દૃષ્ટિથી, સ્પર્શથી જીવોના અનંત આવરણો નાશ પામે છે. અનેક જન્મો કપાઈ જાય છે, તો તેમના જોગમાં જે આવ્યા હોય અને મહિમા સમજી તેમનો જોગ-સમાગમ-સેવા કરતા હોય તેમના ભાગ્યનો તો કોઈ પાર જ





નથી. માટે એવા અનાદિમુક્તને ઓળખી તેમનો જોગ-સમાગમ કરી પાત્રતા કેળવીને પ્રભુનો સાક્ષાત્કાર કરવાને માર્ગે પ્રગતિ સાધવી તે જ નિષ્ઠાવાન મુમુક્ષુ સાધકનું કર્તવ્ય છે. (૧૭)

# ૫

# નિયમ, પ્રતિજ્ઞા અને તપ

**સાધકને સત્પુરુષના સમાગમથી જાગૃતિ આવે ત્યારે તેને પોતાની સાધનામાં ઉપયોગી કેવા નિયમો લેવા તેનું વિવેકભાન થાય છે. શેની પ્રતિજ્ઞા લેવી અને લીધા પછી તેના પાલનની કેટલી અગત્ય છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. એટલે આ લોકમાં લેવાતા અયોગ્ય નિયમો સાધનામાં વિશેષ ઉપયોગી નથી તેનું સાધકને જ્ઞાન થવાથી સાચા ને યોગ્ય નિયમો કે જે તેની સાધનામાં સહાયરૂપ બની શકે તેવા નિયમો લેવા પ્રેરાય છે. સાધક માટે સાત્ત્વિક તપ પણ અગત્યનું છે, જે તપ જડતા, શુષ્કતા વગરનું હોવું જોઈએ. તપ અંગેની મિથ્યા ભ્રાંતિ દૂર કરી તેને યથાર્થ રીતે સમજીને કરવામાં આવે તો જ તે સાધક માટે હિતકારક નીવડે છે.**

એકવાર પ્રભુ પાસે કે મુક્ત પાસે કોઈક પ્રકારના નિયમો લીધા હોય કે વ્રત રાખવાની કે આજ્ઞાવચન પાળવાની પ્રતિજ્ઞા લીધી હોય, તો તે પ્રમાણે જ વર્તવું જોઈએ. જો તે પ્રમાણે ન વર્તે અને પોતાના સ્વભાવને આધીન થઈ





આજ્ઞાવચન લોપીને સ્વેચ્છાચાર કરે, તો પ્રભુ તેને ક્યારેક માફ કરી દે અને ક્યારેક માફ ન કરતાં શિક્ષા પણ કરે. એ શિક્ષા આશીર્વાદરૂપ છે, કારણ કે તેનાથી જીવને પોતે કરેલી ભૂલોનું અને પોતાના દોષોનું ભાન થાય છે, તેથી તેવા કર્મો કરવામાં અટકે છે. માટે શિક્ષા ખૂબ જરૂરી છે અને તેમાં જીવનું હિત સમાયેલું છે. Punishment is also blessing શિક્ષા પણ આશીર્વાદરૂપ છે. નિયમ, પ્રતિજ્ઞા કે વ્રત લીધા પછી તેનું ઉલ્લંઘન થાય તો પોતાનું મનોબળ તૂટે ને પ્રભુપ્રાપ્તિની સાધનામાં શ્રદ્ધા પણ મંદ પડી જાય, માટે નિયમ-વ્રત-પ્રતિજ્ઞાનું જાગૃતિપૂર્વક પાલન કરવું.

રામચંદ્રજી તથા હરિશ્ચંદ્ર જેવા રાજાઓએ પણ પ્રતિજ્ઞા પ્રમાણે વર્તન કરેલું, પ્રાણાંતે પણ પ્રતિજ્ઞા તોડી ન હતી. એ ખરી નૈતિકતા કહેવાય. એ રીતે પ્રતિજ્ઞા પાળે તે જ પાત્ર થઈ શકે. અને તેવાનો જ મોક્ષ થાય. પ્રભુના સ્વરૂપના નિશ્ચયબળને ઓથે જીવનપર્યંત અધર્માચરણ કરે તો મોક્ષમાં ઘણો વિલંબ થઈ જાય અને જન્મો ધરવા પડે. જો કરેલા કર્મોનો પરિતાપ કરે, પશ્ચાત્તાપ થાય અને તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થઈ, ફરી એવી ભૂલો ન કરે તો પ્રભુ બધું માફ કરીને મોક્ષ કરે છે. (૧)

ભૂલથી પણ કોઈ વચન પાળવાની પ્રતિજ્ઞા શ્રીજીમહારાજ અથવા તેમના અનાદિમુક્ત પાસે કરી હોય અને તેમના ચરણને હાથ અડાડી સમ ખાધા હોય, તો તે

પ્રમાણે તે વચનનું યથાર્થ પાલન કરવું જોઈએ. જો એમ ન કરે તો તેનું પ્રારબ્ધ બંધાય ત્યારે તેનું ફળ ભોગવવું પડે. એ વખતે દુઃખનો પાર ન રહે. વચન ન પાળવું તે અનૈતિકતા ગણાય. શ્રી રામચંદ્રજીને દશરથ રાજાના વચન પ્રમાણે ચૌદ વર્ષ વનવાસ ભોગવવો પડયો, તો પણ તે બધો રાજપાટ ત્યાગ કરીને વનમાં રહ્યા, પણ વચનનું ઉલંઘન ન કર્યું. તે આદર્શ કહેવાય, નૈતિકતા કહેવાય. એવા જે હોય તેની ઉપર જ પ્રભુની તથા મુક્તની પ્રસન્નતા ઊતરે છે. જે ભક્ત પ્રભુ કે સત્પુરુષ પાસે એવા વચન પાળવાની પ્રતિજ્ઞા કર્યા કરે અને તે વચનની અવજ્ઞા કરી અધર્માચરણ કર્યા કરે, તો ચૈતન્યનું પતન થઇ જાય. માટે હંમેશાં એ વાત ધ્યાનમાં રાખવી કે ભૂલથી પણ પ્રભુ પાસે તથા મુક્ત પાસે વચન પાળવાનું બોલાઈ જવાય, તો પ્રાણાંતે પણ તેનું પાલન કરવું જોઈએ. એ વાત સાધકે પોતે પોતાના જીવનમાં ઊતારી બીજાને પણ એ સત્યને માર્ગે ચલાવવા પ્રયત્ન કરવો. એમાં ભગવાનનો ઘણો રાજીપો છે. (૨)

કોઈ વ્રત પાળવાની કે વચન પાળવાની પ્રતિજ્ઞા મહારાજ અથવા અનાદિમુક્ત પાસે કરી હોય દા.ત. નિષ્કામવ્રતના પાલનની પ્રતિજ્ઞા કરી હોય તો તે પ્રમાણે હંમેશાં વર્તવું. સ્થૂળ શરીરથી તે વચનનો ભંગ તો આપત્કાળમાં પણ ન થવો જોઈએ. મનમાં ક્યારેક રાગે કરીને કે રજ-તમ ગુણે કરીને તેના ઘાટ-સંકલ્પ થઇ જતા હોય, તો તેને અર્થે મહારાજ





તથા મુક્તને હંમેશ સહાય તેમજ રક્ષા માટે આર્તનાદે પ્રાર્થના કર્યા કરવી. એ પ્રતિજ્ઞાપાલનમાં જરા પણ બેફિકરાઈ ન હોવી જોઈએ. મનનો કદાપિ વિશ્વાસ ન કરવો. નહીં તો તેનાથી છેતરાઈ જવાય. મોટા મોટા યોગીઓ અને સંતોના પણ કુસ્વભાવ તથા દોષો દ્વારા પતન થયેલા હોય તેવા ઘણા દાખલા શાસ્ત્રોમાં નોંધાયેલા છે. દોષ-સ્વભાવ જીતવા માટે સતત જાગૃત રહેવું ખૂબ જ આવશ્યક છે. જરાપણ ગાફલાઈ રાખે તો અમુક પ્રસંગે મન તેને છેતરી જાય અને પ્રતિજ્ઞાનો ભંગ થઇ જાય. તે માટે પ્રભુના સ્વરૂપનું અખંડ અનુસંધાન, મોટા મુક્તનો જોગ, સમાગમ, સેવા તથા દૃઢ નિશ્ચય, માહાત્મ્ય, શ્રદ્ધા, વૈરાગ્ય વગેરે ગુણો પ્રયત્નપૂર્વક કેળવવા અતિ આવશ્યક છે. એ રીતે વર્તે તો તેની આધ્યાત્મિક પ્રગતિ ઝડપથી થતી જાય છે. નહીં તો આળસ-પ્રમાદે કરીને અનેક જન્મો જતા રહે તો પણ પ્રગતિ ન થાય, તો પ્રભુપ્રાપ્તિ થઇ મુક્તદશા આવવાની તો વાત જ ક્યાંથી હોય? (૩)

મોટા મુક્ત જ્યારે કોઈક હરિભક્તને કંઇક આજ્ઞાવચન કહે, ત્યારે તે પ્રમાણે વર્તવું જોઈએ. ગમે તેવી મુશ્કેલીનો સામનો કરવો પડે કે પોતાને તકલીફ થાય એવું હોય તો પણ વચન પાળવાની હા પાડી હોય તો તે પ્રમાણે બરોબર વર્તવું, પરંતુ મુક્તનો વિશ્વાસઘાત ન કરવો. જો આજ્ઞા પ્રમાણે ન વર્તીને વિશ્વાસઘાત કરે તો એવા જીવ ઉપર પ્રભુની પ્રસન્નતા ન ઊતરે, તેથી પ્રભુનું સુખ પણ ન આવે. મોટા

મુક્ત આજ્ઞા કરે કે તમારે આમ કરવાનું છે ત્યારે કોઈ દિવસ ના ન પાડવી, પરંતુ તે વખતે તો હા જ પાડવી અને વચન માથે ચડાવવું. પોતે એ વચન પાળવામાં અશક્ત હોય તો નિષ્કપટ ભાવે નિખાલસ થઈને મુક્તને પ્રાર્થના કરવી કે ગુરુદેવ! આ મારાથી નહીં થઇ શકે. તો મુક્ત તેને ક્ષમા કરે અને તેની ઉપર રાજી થાય, પરંતુ વચન પાળવાની હા પાડે અને પછી તે પ્રમાણે ન વર્તે તેની ઉપર પ્રસન્ન ન થાય. તેથી એ જીવમાં બળ તથા પાત્રતા ન આવે.

એક વખત અનાદિમુક્તરાજ સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીને કોઈક બીજે ગામ જવું હતું. તેમણે એક આગેવાન હરિભક્તને ગાડું લાવવાનું કહ્યું. ત્યારે તે હરિભક્તે હા પાડી. સ્વામીશ્રી વૃદ્ધાવસ્થાને લીધે ચાલીને જઈ શકે તેમ ન હોવાથી ગાડું મંગાવેલું. પછી તે હરિભક્ત વરસાદને લીધે ખેતરમાં ખેડવા ગયા ને ખેતરના કામે રોકાઈ જઈ ગાડું ન મોકલ્યું. તેણે મનમાં એમ વિચાર કર્યો કે બીજા ઘણા ગાડું મોકલવાવાળા મળી રહેશે. માટે હું ખેતરનું કામ પતાવી લઉં! પોતે નહિ આવી શકે તેની જાણ પણ સ્વામીને કરી નહિ. પછી સ્વામીશ્રી તો ચાલીને ગયા અને ખૂબ થાકી ગયા. ત્યાર બાદ તે હરિભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેને કહ્યું કે 'ગાડું કેમ ન મોકલાવ્યું?' ત્યારે હરિભક્ત કહે, 'સ્વામી, ખેતર ખેડવા રહ્યો હતો ને તેના અન્ય કામની વ્યવસ્થામાં રોકાયો હતો, તેથી ન અવાણું અને





ગાડું ન મોકલ્યું.' ત્યારે સ્વામીશ્રી કહે, 'તારા ખેતરમાં શું ધૂળ પાકવાની હતી! તેં હા પાડી પછી વચન માનવું જોઈએને!' પછી એ ભક્તના ખેતરમાં ત્રણ ચાર વર્ષ સુધી કોઈ અનાજ પાક્યું જ નહીં અને ઘણા હેરાન થયા. ત્યાર બાદ તે ભક્તે સ્વામીશ્રીને ખૂબ પ્રાર્થના કરી અને પશ્ચાત્તાપ કર્યો. એટલે સ્વામીશ્રીના આશીર્વાદથી પાછું ખેતરમાં અનાજ થયું. માટે સાધકે આવી સૂક્ષ્મ વાતો વિચારી મુક્તનું વચન ખબરદાર થઈને પાળવું જોઈએ. (૪)

શ્રીજીમહારાજને તપ ખૂબ વહાલું હતું. તેથી જુદા જુદા પ્રકરણ ચલાવીને સાધુઓ પાસે ખૂબ આકરું તપ કરાવતા. શિયાળામાં નદીની રેતીમાં ગોદડા વગર સૂઈ રહેવાનું, ટાઢ-તડકો-વરસાદ સહન કરવા, ઉપવાસ કરવા જેવા તપ કરાવતા.

ઈન્દ્રિયો તપ દ્વારા શુદ્ધ અને તેજસ્વી થાય છે. તેમની શક્તિઓ વધે છે તથા વિવેકયુક્ત દમન અને તપથી દેહભાવ ઘટે છે. તપ દ્વારા અંતઃકરણ શુદ્ધ થવાથી પ્રભુના સ્વરૂપમાં એકાગ્રતા સરળપણે થઈ શકે છે. (૫)

તપનો ખરો અર્થ છે દેહભાવ તથા અહંકાર કાઢવો ને મૂર્તિમાં જોડાવું. પરંતુ દેહનું જડતાપૂર્વકનું અતિશય દમન કરી દેહને સાવ નિર્બળ ને ક્ષીણ કરી નાખવો તે પણ એક પ્રકારની હિંસા છે. અતિ જડતાપૂર્વકના દેહદમનથી તમોગુણની વૃદ્ધિ થાય છે તે સાધનામાં વિઘ્નરૂપ નીવડે છે. માટે સાધકે તપ કરવામાં પણ વિવેક રાખવો ઘટે. (૬)

વારંવાર સ્વાદિષ્ટ ભોજન જમ્યા કરવાથી જીવ ચટણો થઇ જાય છે. સ્વાદની અતિ લોલુપતાથી વિષયવાસના ઉદય થાય છે, તે પ્રભુનો સાક્ષાત્કાર કરવાના માર્ગમાં વિઘ્નરૂપ છે. જ્યાં સુધી પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી કાચું, કોરું જે મળે તે પ્રભુને સંભારીને જમી લેવું. તે પણ વધુ પડતું પેટ ભરીને ન જમવું, મિતાહારી રહેવું. ગમે તે પરિસ્થિતિને અનુકૂળ થઇ જવાય તે રીતે ટેવાઈ જવું. શરીર ખૂબ જ તંદુરસ્ત અને નીરોગી બનાવવું. તપ કરીને ઈન્દ્રિયોની ચંચળતા ટાળવી. સાક્ષાત્કાર થયા પછી બત્રીસ પ્રકારના ભોજન જમે તો પણ બાધ ન કરે. કારણ કે એવા મુક્તને વિષે સ્વયં પ્રભુ જમનારા થાય છે. (૭)

તપ ને નિવૃત્તિધર્મ પણ નિષ્કામવ્રતની દૃઢતા માટે છે. એની દૃઢતા કરી ઊર્ધ્વરેતા થાય તો જ આત્મા-પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવે છે. પ્રભુની આજ્ઞા પ્રમાણે બધી ઈન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરવા એનો પણ તપની વ્યાખ્યામાં સમાવેશ થઇ જાય છે. (૮)

મૂર્તિનું અખંડ અનુસંધાન રહે તો અવરભાવના દુઃખ જેવું કંઈ રહે જ નહીં. સદાય સુખિયા રહેવાય. ભગવાને પ્રહ્લાદજીની રક્ષા કરી ત્યારે તેમણે દેહની રક્ષા કરવાને બદલે ચૈતન્યની રક્ષા માગી, ત્યારે ભગવાને તપ કરવાનું કહ્યું. એ તપ એટલે ઉપવાસ કરવા, ભૂખ્યા રહેવું તે નહીં, પરંતુ પ્રભુના સ્વરૂપની અખંડ સ્મૃતિ રાખવી તે તપ. એવા





માનસતપથી પ્રભુ પ્રસન્ન થયા અને સાક્ષાત્કાર કરાવી સુખિયા કર્યા. પ્રભુના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે તે તપની પરાકાષ્ઠા છે. (૯)

મૌન એટલે મનના સંકલ્પને જીતી લઇ શ્રીહરિની મૂર્તિમાં શાંત ચિત્તે સ્થિરપણે જોડાવાનો અભ્યાસ કરવો તે મૌન. બિનજરૂરી વાણીનો વ્યય કર્યા સિવાય જરૂર પૂરતું જ બોલવું એ મૌન છે. મૌન એ માનસતપ છે. મૌન એટલે મૂર્તિનું મનન-ચિંતન-નિદિધ્યાસ એ મૌનનો સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ છે. (૧૦)

રામકૃષ્ણ અને વિવેકાનંદને હુક્કો પીવો એ પ્રકારનું ધૂમ્રપાન બાધ નહોતું કરતું. તેમની શારીરિક પ્રકૃત્તિ પ્રમાણે શરીરને સ્ફૂર્તિલું રાખવા માટે તેનો ઉપયોગ તેઓ કરતા, પરંતુ વ્યસનરૂપે તેમને તે બંધનકારી ન હતું. કોઈ પ્રકારનો આનંદ મેળવવા માટે તેનો ઉપયોગ નહોતા કરતા. Just to stimulate the body for work selflessly, to serve the humanity. કેવળ શરીરને સ્ફૂર્તિલું રાખી નિઃસ્વાર્થ માનવસેવા માટે હુક્કો પીતા, જ્યારે બીજાને તેવા વ્યસનો પતનને માર્ગે દોરે છે. તેઓ પોતાના આનંદ માટે વ્યસનમાં બંધાય, પછી તે વ્યસનને છોડી શકતા નથી. (૧૧)

સાધકે મન અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરી તેને પોતપોતાના વિષયમાંથી પાછા ખેંચી તેની ઉપર અંકુશ મેળવવો એ તપ છે. અને પોતાને મૂર્તિરૂપ માની પ્રતિલોમપણે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું એ સર્વોપરી તપ છે. (૧૨)

# ૬

# નિર્ભય

**સાધક માટે એક ઉક્તિ છેઃ 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને' નિર્ભયતારૂપ ગુણનો વિકાસ સાધક માટે અતિ આવશ્યક છે. સાધનાપથ પર આગળ વધતા સાધકને અનેકવિધ સૂક્ષ્મસૃષ્ટિના તથા અન્ય અદ્રષ્ટ લોક-લોકાંતરના વિક્ષેપો ઉદ્ભવવા, બિહામણા દશ્યો દેખાવા, અનેક પ્રકારની મુસીબતો, પડકારો ને પ્રલોભનો ઉપસ્થિત થવા તથા આ લોકમાં લોકોનો તિરસ્કાર, નિંદા-ટીકા, અપમાનજનક, નાહિંમત ને હતોત્સાહી કરનારા વચનો, ઈર્ષા, દ્વેષ વગેરેનો પ્રતિકાર કરવાનો આવે એવે વખતે પ્રભુને સંભારી નિર્ભય બની, અડગ રહી દરેક વિઘ્નોનો સામનો કરી સાધના પથ પર પ્રગતિ સાધતા રહેવું જોઈએ.**

મૂર્તિમાં રહેવાની સમજણ તથા સ્વરૂપનિષ્ઠા અતિ પરિપક્વ કરવી. અભય-નિર્ભયતાનો સૂક્ષ્મ અર્થ છે કાળ, કર્મ, માયા તથા મૂળઅક્ષર પર્યંતના ઐશ્વર્યરૂપ ભયસ્થાનો એ બધાના ભયથી રહિતપણું. (૧)





હંમેશાં નિર્ભય રહેવું. કોઈ રીતે કોઈ પણ સંજોગોમાં ભય ન પામવો. મહારાજ અને મુક્તો સદાય સાથે જ છે, તેમ દઢપણે માની નિર્ભય રહેવું. ગમે તેવી પરિસ્થિતિનો નિર્ભયતાથી સામનો કરવો અને કાલે શું થશે? તેની પણ લેશમાત્ર ચિંતા ન કરવી. તે વિશ્વાસ ને શરણાગતિની નિશાની છે. બધું પ્રભુ પર છોડી દઈ નિશ્ચિંત રહે તો મહારાજ તેની રક્ષા કરે છે. (૨)

સાધકને પોતાનામાં ગમે તેટલી કાચપ, દોષો, નબળાઈઓ વગેરે જણાતા હોય, તો પણ તેનાથી નાહિંમત ન થવું અને મૃત્યુ, ભય, શોક બધાથી પર નિર્ભય, નિશ્ચિંત થઈ પોતાનું પૂર્ણકામપણું માનવું. આ છેલ્લો જ જન્મ છે. હવે મારે જન્મ-મરણ નથી, એવી શ્રદ્ધા અતિ દઢ થાય અને સંશય રહિત થાય, તો પ્રભુ એક પળમાં બધા આવરણો હટાવી દિવ્યસુખમાં મૂકી દે. પ્રભુના એવા અગાધ સામર્થ્યમાં સંશય કરવો નહીં. પોતે સંપૂર્ણપણે નિર્ભય બની, બીજાને પણ નિર્ભય બનાવી પ્રભુ તરફ વાળવાની સેવા કરવી, જેથી પ્રભુપ્રસન્નતા થાય અને સાક્ષાત્કારને માર્ગે પ્રગતિ સધાય. અંતઃશત્રુઓ, સ્વભાવો, કુસંસ્કારો સામે નિર્ભય બની હિંમતભેર આનંદથી લડવું. કંટાળો, નાહિંમતપણું કે કાયરપણું કદીયે લાવવું નહીં. જાણપણાની સમજણ રાખી અંતઃશત્રુની સાથે લડાઈ કરીને તેઓને કાઢી નાંખવા અને ખૂબ જ બળવાન બનવું તો લક્ષ્ય પ્રાપ્તિ થઇ જાય. (૩)

એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના અને સમજણ હોવા છતાં ભય કેમ જણાતો હશે? તેના ઉત્તરમાં મુક્તરાજે કૃપા કરી જણાવ્યું કે જીવને અનાદિકાળથી ભયની ગ્રંથિ બંધાઈ ગયેલી હોય છે. એટલે ઘણીવાર નિષ્કારણ ભય સેવ્યા કરે. તે ભય વ્યાવહારિક, સામાજિક, આર્થિક, શારીરિક, માનસિક વગેરે ઉપાધિઓનો, દેવી-દેવતાઓનો ભય, સત્તાધારીઓનો ભય, આસુરી-માયાવી શક્તિઓનો ભય, બાહ્ય-આંતરશત્રુઓનો ભય, મૃત્યુનો ભય, લઘુતાગ્રંથિનો ભય, નિંદા-ટીકાનો ભય, પ્રતિષ્ઠાહાનિનો ભય, ભૂત-પ્રેતાદિકનો ભય વગેરે અનેક પ્રકારના ભય વચ્ચે માણસ જીવતો હોય. એટલે મનમાં તેની ગ્રંથિ દૃઢ થઈ જાય, પણ મુમુક્ષુ સાધકે દરેક પ્રકારના ભયથી પર થવું અનિવાર્ય છે. સાધકે શ્રીજીમહારાજ અને તેમના મુક્તોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી ભયની ગ્રંથિ ટાળી સંપૂર્ણ નિર્ભય થવું જોઈએ. ક્યારેય પોતાની જાતને એકલા, નિર્બળ ન માનવું. સદાય એમ જ માનવું કે ભગવાને કૃપા કરીને મને મુક્ત કરીને પોતાના દિવ્યસ્વરૂપમાં અખંડ રાખ્યો છે. મહારાજ તથા તેમના અનંત અનાદિમુક્તો મારી ભેળા, મારી રક્ષા તથા સહાયમાં હંમેશ છે જ, એમ માની નિર્ભય થવું. અંતઃશત્રુઓ સાથે લડાઈ લેવામાં પણ તેનાથી ભય પામી હારી જવું નહીં, પણ મહારાજ અને મુક્તમાં, તેમના અભય-વચનમાં સંપૂર્ણ વિશ્વાસ અને અડગ શ્રદ્ધા રાખવી, જેથી ભયની લાગણી ટળી જાય. (૪)





સિદ્ધપુરમાં એક હરિભક્ત હતા તેને ત્યાં એક વખત મુક્તરાજ પધાર્યા. તે હરિભક્તને ઘરે સિંહાસનમાં શ્રીજીમહારાજની મૂર્તિની સાથે બીજી મૂર્તિઓ તથા નારિયેળ વગેરે ઘણું બધું રાખેલું હતું. મુક્તરાજે પૂછ્યું, 'આ બધા કોણ છે?' તો કહે, 'તેમાં અમારા કુળદેવી, કુળદેવતાઓ, સુરધન વગેરે છે.' મુક્તરાજે કહ્યું, 'શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈ દેવમાં આસ્થા ન રાખવી. એક શ્રીજીમહારાજને વિષે જ પતિવ્રતાની ભક્તિ કરવી, કારણ કે શ્રીજીમહારાજ તો સર્વોપરી છે. આપણા એ એક જ ઈષ્ટદેવ છે. માટે આ બધાને બીજે સ્થાને રાખો, નહીં તો નદીમાં પધરાવી દો, પણ અહીંથી કાઢો.' હરિભક્ત કહે, 'અમે તેને ના અડીએ, તમે જ તેને લઈ જાઓ. 'એમ ભય પામ્યા. પછી મુક્તરાજે તે બધાને વર્તમાન ધરાવી એક પોટલામાં બાંધી સરસ્વતી નદીમાં પધરાવી દીધા. પછી પેલા હરિભક્તનો ભય ચાલ્યો ગયો અને શાંતિ થઈ ગઈ. તેમને દેવો ને પિતૃઓ તરફથી કોઈ વિઘ્ન પણ ન થયું બલ્કે વધુ સુખી થયા. (૫)

પોતાના દોષોથી મૂંઝાવું નહીં. આકુળવ્યાકુળ થઈ હિંમત ન હારવી. મહારાજ અને મુક્તોએ આપણો હાથ ઝાલ્યો છે, માટે પડવા નહીં દે અને દોષ ટાળશે, એમ હિંમત અને વિશ્વાસ રાખવો. સમજણપૂર્વક શૂરવીર બની દોષો ટાળવાના પ્રયત્નોમાં મંડી રહેવું એ જ સાધકનું કર્તવ્ય છે. (૬)

મુમુક્ષુએ હંમેશાં ભગવાનમાં અને અનાદિમુક્તમાં સંપૂર્ણ

શ્રદ્ધા અને વિશ્વાસ રાખી નીડર-નિર્ભય બનતા શીખવું. મૃત્યુ વગેરે દરેક બાબતનો ભય મનમાં ન રહેવો જોઈએ. જ્યારે મહારાજે અને મુક્તોએ કૃપા કરી પોતાના સ્વરૂપમાં આપણા ચૈતન્યને મુક્ત કરીને દિવ્યસુખમાં રાખ્યો હોય પછી ભય શાનો? દા.ત. આપણા ઉપર તોપનો ગોળો આવતો હોય અને કદાચ તેને દૃષ્ટિએ કરીને અદ્ધર રોકી રાખવાની શક્તિ ન હોય, પણ તે આપણી ઉપર પડશે તો બહુ બહુ તો દેહનો નાશ થશે, પણ મહારાજે ચૈતન્યને પોતાના સ્વરૂપમાં લીન રાખ્યો છે, માટે તેમાં કોઈ જ ફેરફાર થવાનો નથી. એમ માની હંમેશાં નિર્ભય રહેવું. તો પ્રભુના સુખને પમાય, પણ એવા સમયે જો ડરી જાય અને મૃત્યુનો ભય લાગે તો પ્રભુનું સુખ ન મળે.

અત્યારથી જ એવી દૃઢ સમજણ અને શ્રદ્ધા પાકી કરવી જોઈએ કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા ન ડગે. અખંડ એમ જ જણાય જે, પ્રભુએ આપણા ચૈતન્યને મુક્ત કરી પોતાના સ્વરૂપના સુખમાં લીન રાખ્યો છે. એમ જ મનન કર્યા કરવું. શરણાગતિ એટલે પ્રભુએ આપણા માટે સૃજેલી કોઈ પણ પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરી અને અખંડ આનંદમાં રહી પ્રભુનું ભજન-સ્મરણ કર્યા કરવું, ત્યારે સંપૂર્ણ શરણાગતિ જાણવી. નાની નાની મુશ્કેલીઓમાં, દુઃખમાં, અંતઃશત્રુઓથી, દોષો વગેરેથી ડરી જાય અને શ્રદ્ધા ડગી જાય એવો હોય, તો તેને સાચી શરણાગતિ નથી થતી. માટે





શૂરવીર થઈ પ્રભુમાં અને મુક્તમાં અચળ શ્રદ્ધા કરવી અને નિર્ભય થઈ જવું, તો જ પાત્રતા આવે. માટે એવી સમજણ બરોબર દૃઢ કરવી અને જે કંઈ કાચપ હોય તે ટાળવા પુરુષપ્રયત્ન કરવો, એ જ સાધકનું કર્તવ્ય છે. (૭)

દરેક હરિભક્તે ખૂબ જ નિર્ભય થવું જોઈએ. મનમાં કોઈપણ જાતનો ભય ન રાખવો. મુક્તરાજ ભેળા એક હરિભક્ત એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં રાત પડી ગઈ અને સ્મશાન આવ્યું. મુક્તરાજે કહ્યું કે ચાલો, આજે રાતે અહીં જ સૂઈ રહીએ. મુક્તરાજ તો પ્રભુની મૂર્તિમાં લીન થઈને સુખ ભોગવતા યોગનિદ્રામાં પોઢી ગયા. પેલા હરિભક્તને મનમાં ભયની ગ્રંથિ હોવાથી ભયના વિચારોમાં ને વિચારોમાં આખી રાત તેઓ ઊંઘી ન શક્યા. ઘણા લોકો કબ્રસ્તાનમાં ઝૂંપડા બાંધીને રહેતા હોય છે. તેમના બાળકો કબર ઉપર જ પાથરણું પાથરીને સૂઈ રહે છે. તેમની ઉપર રમત રમતા હોય છે, પણ તેમને કોઈ દિવસ કંઈ જ થતું નથી, કારણ કે તેમને ભયનો કોઈ સંકલ્પ જ ન હોવાથી ભય લાગતો નથી, તેથી તેમને ભૂત-પ્રેતાદિક પણ ક્યારેય સતાવતા નથી. જે લોકોને તેમનો ભય છે તેઓ પોતાના વિચારો દ્વારા જ ભયનું વાતાવરણ સર્જે છે, જેથી ક્યારેક તેમને ભૂત-પ્રેતાદિકનો વાસ્તવિક અનુભવ પણ થાય છે. માટે સાધકે ભયની ગ્રંથિ કાઢી નિર્ભય થવું. (૮)

Spiritual experiance આધ્યાત્મિક અનુભવ વિનાના,

અહંકારી ને મનોરૂગ્ણ પંડિતો જ્યારે અધ્યાત્મજ્ઞાનના ઓઠા હેઠળ પ્રભુ તથા અનાદિમુક્તોનો દ્રોહ કરે, ત્યારે તેને નિર્માલ્યપણે સાંભળી ન લેતાં નિર્ભય બની શૂરવીરતાપૂર્વક જવાબ આપી દેવો. ક્યારેક જરૂર પડે તો કડક શબ્દોમાં પણ ઉત્તર આપતાં સંકોચ પામવું નહિ ને એવા પાજીપલાવની છાયામાં ભયથી દબાઈ જવું નહિ, તો પ્રભુની ને મુક્તની પ્રસન્નતા થાય. (૯)





# ૭

# સંત પાસેથી પ્રેરણા

**સાચા સંતનું જીવન આદર્શરૂપ હોય છે. સાચા સંત સાધકને હંમેશાં સાચા પથ પર ચાલવાની હિંમત, પ્રેરણા, સૂચન, ને માર્ગદર્શન આપે છે. સાધકને તેની સાધનામાં બળ, શૌર્ય, ધૈર્ય ને સાહસ પ્રેરી સહાય કરે છે.**

અનેક જન્મો સુધી સંસાર ભોગવ્યા પછી અમુક સમયે જીવોને સંસારના દુઃખોનું અને નિઃસારતાનું ભાન થાય ત્યારે તેમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થઈને પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટે છે. સંત પુરુષનો ભેટો થાય ત્યારે તેમની પાસેથી પ્રભુપ્રસન્નતાના સાધનો શીખી અને મોક્ષ માર્ગે ચાલે છે. (૧)

પંઢરપુરમાં સંત તુકારામની મૂર્તિ જોઈને લોકો વિઠ્ઠલનાથજીની મૂર્તિમાં જોડાઈ જાય છે, કારણ કે લોકોને પ્રભુપ્રેમની પ્રેરણા સંત તુકારામમાંથી મળે છે. માટે સંત એટલે મુક્તમાંથી પ્રેરણા મેળવી પ્રભુમાં જોડાવું. (૨)

મહારાજ અને અક્ષરધામમાંથી મહારાજના સંકલ્પથી પ્રગટ થયેલા સિદ્ધ અનાદિમુક્તોનું જ્યારે પ્રગટપણું હોય, ત્યારે તેમના જીવનમાંથી મુમુક્ષુને આધ્યાત્મિક સાધના માટે બહુ પ્રેરણા મળી ન શકે. તેમના જીવનમાંથી તો કૃપા અને

સુખ જ મળે જે ઘણું જ અગત્યનું છે. તેમ છતાં તેમના જીવનમાં દિવ્યભાવ જણાતા, હરિભક્તોને એમને વિષે દિવ્યભાવ હોવાથી, તેમની અસાધારણ લાગતી ક્રિયામાં એમ જ લાગે કે એ તો ધામમાંથી પધારેલા દિવ્યમુક્ત છે. એટલે એ તો એવું ઐશ્વર્ય, સામર્થ્ય, સદ્‌ગુણો, દિવ્યભાવ, અસાધારણપણું વગેરે જણાવી જ શકે, તેમાં શી નવાઈ? મહારાજ જ્યારે વન વિચરણ કરતા, ત્યારે સિંહને ટેકો દઈને પણ બેસતા. તેઓ તો ભગવાન હતા એટલે એવું નિર્ભયપણું, તપ, ઐશ્વર્ય, સામર્થી, શક્તિ, ગુણો વગેરે તેમાં સહજ હોય જ. માટે તેની બહુ નવાઈ નથી લાગતી. તેથી જોઈએ તેવી પ્રેરણા ન મળે, પણ જે મનુષ્ય સાધારણ હોય અને તેમાંથી પુરુષપ્રયત્ન કરીને મહારાજ અને મોટા મુક્તની કૃપા મેળવી સાક્ષાત્કાર કરી સિદ્ધદશાને પામ્યા હોય, તેમના જીવનમાંથી સાધકને જરૂર પ્રેરણા મળે. ભગવાન ને સિદ્ધ અનાદિમુક્તમાંથી કૃપા, આશીર્વાદ મળે, પણ સાધકને પ્રગતિ સાધવાની પ્રેરણા ન મળે. શ્રીજી સમકાલીન કેટલાક સંતો-હરિભક્તો તથા ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી જેવા સંતોના જીવનમાંથી સાધકને પુરુષપ્રયત્ન કરવાની પ્રેરણા મળી શકે. બુદ્ધ, મહાવીર સ્વામી, વિવેકાનંદજી વગેરે સાદા મનુષ્ય હતા, પણ દાખડો કરીને આગળ વધ્યા. એમ જેનામાં દોષ વગેરે હોય અને તે દોષ પુરુષપ્રયત્ને કરીને જીતેલા હોય, તેવાના જીવનમાંથી સાધકને પ્રેરણા મળી શકે છે. (૩)





ગુરુપૂર્ણિમા એટલે પૂર્ણ પુરુષોત્તમ એવા ભગવાન જે સર્વોપરી ગુરુ છે, તેમના પૂર્ણ સ્વરૂપ સાથે એકરૂપ થઇ પૂર્ણ થવાની સાધના અખંડ કર્યા કરવી એ જ સાચી ગુરુપૂર્ણિમા. એમના પૂર્ણ અનાદિમુક્ત પાસેથી મૂર્તિમાં જોડાવારૂપ દિવ્ય પ્રેરણા તથા જ્ઞાન સમજી પ્રભુના સ્વરૂપમાં જોડાઈને પૂર્ણ મુક્તસ્થિતિ પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવો, એ ગુરુપૂર્ણિમાની સાર્થકતા છે. (૪)

દરેક મુક્તના અંગો જુદા જુદા હોય છે. જુદા જુદા મુક્તો પરત્વે દરેક ભાવની વિવિધતા હોય છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીનું અંગ વૈરાગ્યનું, સ.ગુ. ગોપાળાનંદ સ્વામીનું અંગ રાજાશાહી, છતાં નિષ્કુળાનંદ સ્વામી કરતાં પણ અતિ અધિક આંતરિક વૈરાગ્ય હતો. તે અતિ ઉચ્ચ સ્થિતિ હતી. સ.ગુ. પ્રેમાનંદ સ્વામીને તથા સ.ગુ. સચ્ચિદાનંદ સ્વામીને પ્રેમનું અંગ હતું. સ.ગુ. મુક્તાનંદ સ્વામીને દાસભાવ તથા જ્ઞાનનું અંગ હતું. સ.ગુ. નિત્યાનંદ સ્વામીને જ્ઞાન અને સમજણનું અંગ હતું. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને પ્રભુ પ્રત્યે સખાભાવનું ને રમૂજી અંગ હતું. સ.ગુ. પરમચૈતન્યાનંદ સ્વામી એકલા જ રહી અખંડ ભગવાનના સ્વરૂપમાં રહેતા. એમ મુક્તોના અંગમાં અર્થાત્ ગુણ-પ્રકૃત્તિમાં વિવિધતા હોય છે. સાધકને આ બધા અંગોમાંથી વિવિધ ગુણો કેળવવાની પ્રેરણા મળી રહે એટલે મુક્તો વિવિધ અંગો અંગીકાર કરે છે. (૫)

# ૮
# પ્રાર્થના

**સત્શાસ્ત્રો ને સત્પુરુષોના મંતવ્ય પ્રમાણે સાધકને સાધના શરૂ કરતા પહેલાં, સાધના દરમ્યાન અને સાધનામાં અડચણ ઊભી થાય એવા કોઈ પણ સમયે સાધક માટે આર્તનાદે કરેલી પ્રાર્થના એ અમોઘ શસ્ત્ર છે. પ્રભુમાં પ્રેમ ઉત્પન્ન કરવા, જ્ઞાનચક્ષુ ખોલવા, સાધનાપથની ગમે તે ભૂમિકાએ પ્રાર્થના દ્વારા સાધક અને પરમાત્મા વચ્ચે સેતુ સાધી શકાય છે.**

એક ઈષ્ટદેવની ઉપાસનાવાળા તથા એક સમજણ અને એક રુચિવાળા ભેગા થઈ, શ્રીજીમહારાજ અને તેમના લાડીલા મુક્તના લીલા ચરિત્રોની, તેમની અગાધ સામર્થીની, તેમણે કરેલી દિવ્ય વાતોની, તેમણે આપેલા પરચા તથા સુખની જ્યારે પ્રેમે સહિત વાતો કરે, ભાવથી સંભારીને તેમના ગુણગાન કરે, ત્યારે ભગવાન જુદા જુદા ભાવો પ્રગટ કરે છે, જેથી પોતાના ભક્તોને અવરભાવમાં પણ આનંદ અને સુખ મળે. બધા દુઃખો અને તાપોનું શમન થઈ અંતઃકરણમાં શાંતિ થઈ જાય. જ્યારે એક રુચિવાળા મુમુક્ષુ હરિભક્તો ભેગા થાય, ત્યારે collective consciousness સામૂહિક





ચેતનાના પ્રભાવથી વાતાવરણ પ્રફુલ્લિત, આનંદમય, શાંતિદાયક ને દિવ્ય બને છે. એટલે તે સભાને દિવ્ય ગણેલી છે. શ્રીજીમહારાજ તથા મુક્તો સર્વત્ર વ્યાપક હોવાથી ત્યાં દિવ્યરૂપે પ્રગટ થઈ સુખ, શાંતિ ને આનંદના ભાવો પ્રગટ કરી પોતાના ભક્તોને સુખ આપે છે. તેમની પ્રાર્થનાઓનો પણ સ્વીકાર કરે છે. (૧)

મહારાજ તથા મુક્તોને વચનમાં કે શબ્દોમાં બોલીને પ્રાર્થના કરવાની આવશ્યકતા હોતી નથી. એ તો અંતર્યામીપણે બધું જાણતા જ હોય છે. માટે તેમને અંતરવૃત્તિએ પ્રાર્થના કરે તો તે પ્રાર્થના મુક્ત તથા પ્રભુ સાંભળે છે અને પ્રસન્ન પણ થાય છે. વચને કરીને વારે વારે મોટા મુક્તને પ્રાર્થના કર્યા કરવી એ તેમને વિષે અંતર્યામીપણું સમજવામાં ખામી સૂચવે છે. તેઓ તો સર્વત્ર વ્યાપક છે. તેમનાથી કંઈ પણ અજાણ્યું નથી. તેથી હંમેશાં પ્રાર્થના કરવી હોય તો અંતરવૃત્તિએ અંતરમાં મૌન પ્રાર્થના કરવી તે ઉચિત છે. તેનાથી મહારાજ અને મુક્ત રાજી થાય છે અને તેમને આપણાથી કોઈ અડચણ પણ થતી નથી. (૨)

કોઈ પણ જીવને બળજબરીથી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાનો ઉપદેશ ન આપવો. એવી જડતા વાપરવાથી ઉલટાનું તે જીવને લાભ કરતાં હાનિ થાય અને જન્મો વધી જાય. કારણ કે તેવી જડતાથી તે જીવને સત્ય વાત પણ ગળે ન ઊતરે અને પ્રભુનો કે મુક્તનો

અવગુણ લે તો કલ્યાણમાં વિલંબ થઈ જાય. તેના જે કોઈ ઈષ્ટદેવ હોય તેમાં જ શ્રદ્ધા રાખીને શુદ્ધ જીવન જીવે તેવો ઉપદેશ આપવો. જો તે મુમુક્ષુ હોય તો આપણી સાથે હેત થાય. એવી રીતે હેત થયા પછી જેમ છે, તેમ સત્ય જ્ઞાનનો ઉપદેશ કરે તો તે જીવનું કલ્યાણ થાય. માટે બીજા જીવોને સમજાવતી વખતે જડતા અને સંકુચિતતાનો ત્યાગ કરી પ્રેમથી સમજાવવું. એ વખતે પણ રજ, તમ ગુણના વેગમાં આવી ન જવાય તેની કાળજી રાખવી. જીવો સત્ય સમજી શકે એવી પાત્રતા ન હોય તો પ્રભુ અને મુક્તને પ્રાર્થના કરવી કે તે જીવોમાં સાચી સમજણ ગ્રહણ કરવાની ક્ષમતા આવે અને સર્વોપરી પરમાત્માની ઉપાસના દૃઢ કરી શકે. (૩)

કોઈ પણ જીવ આપણી પાસે આવે ત્યારે તેને વિષે શુભ સંકલ્પ કરવો અને પ્રભુને પ્રાર્થના કરવી કે હે મહારાજ! આ જીવને જો શક્ય હોય તો આ જન્મે જ આત્યંતિક મોક્ષ કરી, પૂર્ણ સ્થિતિ પમાડી, આપના દિવ્યસુખમાં રાખજો. એ શક્ય ન હોય તો તેના અનેક જન્મોના કર્મો બાળી તેને બીજો જન્મ સત્સંગમાં સારે ઠેકાણે અને એવી જગ્યાએ આપજો કે જેથી તેને સાચા સંતનો સમાગમ મળે. તેમના થકી સત્ય સમજણ પ્રાપ્ત થાય, જેથી તે આપની પ્રસન્નતા મેળવી આત્યંતિક કલ્યાણને પામે એમ પ્રાર્થના કરવી. એ સંકલ્પ અનાદિમુક્તના તથા પ્રભુના સંકલ્પ સાથે જોડાઈ જવાથી તે જીવનું ચોક્કસ હિત થાય છે. (૪)





કોઈ પણ સ્થાનમાં જઈએ ત્યારે આપણી દૃષ્ટિમાં કે સંપર્કમાં જે કોઈ મનુષ્યો, વૃક્ષો, પશુ-પક્ષી વગેરે જીવો આવે તે બધાનો આત્યંતિક મોક્ષ થાય તેવી શ્રીજીમહારાજ તથા મુક્તોને પ્રાર્થના કરવી. એવી પ્રાર્થના નિષ્કામ છે. એવી શુભ ભાવથી કરેલી પ્રાર્થનામાં અનંત જીવોના આત્યંતિક મોક્ષ કરવાનો પ્રભુનો મૂળ સંકલ્પ ભળવાથી તે પ્રમાણે જીવોમાં મોક્ષ થવાનું બીજબળ થઈ ને તેની આત્યંતિક મોક્ષ માટેની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ શરૂ થઈ જાય છે. (૫)

વ્યવહારજગતમાં સાધકને અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ વિટમણા ને મુશ્કેલીઓ આવે ત્યારે અન્ય દેવો કે અવતારોને પ્રાર્થના ન કરતાં સર્વોપરી ઈષ્ટદેવ શ્રીજીમહારાજ તથા તેમના મુક્તોને પ્રાર્થના કરવી. તેવી પ્રાર્થના સકામ હોય તો પણ ઉપાસનાભંગ ન થવાથી મહારાજની પ્રસન્નતા થાય છે ને તેવી પ્રાર્થનાનું ફળ પણ પ્રભુ આપે છે. પછી ધીમે ધીમે ભક્તની સકામમાંથી નિષ્કામ તરફ ગતિ થાય છે. માટે કોઈ સકામ પ્રાર્થનાની આવશ્યકતા પડે ત્યારે શ્રીજીમહારાજને અને તેમના અનાદિમુક્તને જ પ્રાર્થના કરવી, જેથી ઉપાસનાભંગ ન થાય. (૬)

સાધકે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરતાં પહેલા મહારાજ તથા અનાદિમુક્તને ધ્યાનમાં કોઈ વિઘ્ન-વિક્ષેપ ન આવે તે માટે હૃદયના શુદ્ધ ભાવથી પ્રાર્થના કરવી. એવી પ્રાર્થના નિષ્કામ હોવાથી સંકલ્પ-વિકલ્પોના આવરણો કેટલેક અંશે દૂર થઈ ધ્યાનમાં સરળપણે એકાગ્રતા સાધી શકાય છે. (૭)

# ૯

# પુરુષપ્રયત્ન

**પુરુષપ્રયત્ન વગર વ્યવહાર જગતમાં પણ કોઈ પ્રાપ્તિ શક્ય નથી બનતી, તો પરમકૃપાળુ પરમાત્માનું અવિનાશી સુખ પ્રાપ્ત કરવા માટે નિઃશંકપણે અથાક પ્રયત્નની આવશ્યકતા રહે એ સ્વભાવિક છે. 'વચનામૃત' ગ. મ. ૧૨ માં શ્રીમુખે પુરુષપ્રયત્નને કલ્યાણના બધા જ સાધનોમાં સર્વશ્રેષ્ઠ સાધન તરીકે ગણ્યું છે.**

પ્રભુમાં જોડાવાનો માર્ગ વિવિધ પ્રકારનો છે. તેમાં જેને જે માર્ગ અનુકૂળ આવે એ માર્ગે પ્રગતિ સાધવા પ્રયત્ન કરે. જેમ કે કોઈને યોગમાર્ગે આસન-પ્રાણાયામ વગેરે પ્રક્રિયા દ્વારા પ્રભુમાં જોડાવું અનુકૂળ પડે. કોઈને કીર્તન તથા નામ-જપથી પ્રભુમાં જોડાવું અનુકૂળ પડે. કોઈને માનસી પૂજા, સંગીત, કથા શ્રવણ વગેરે વિવિધ પ્રકારે અનુકૂળ પડે તે માર્ગ અપનાવે, પણ મુખ્ય મુદ્દો છે પ્રભુમાં જોડાવું. (૧)

ભક્તિના સાધનો માળા ફેરવવી, પ્રદક્ષિણા ફરવી વગેરે યાંત્રિક ન થઈ જાય તેનું તથા તે કરતાં કરતાં પ્રભુએ સોપેલું પોતાને ભાગે આવેલું કોઈ પણ કર્તવ્ય ચૂકાઈ ન જાય તેનું





પણ સાધકે સવિશેષ ધ્યાન રાખવું. (૨)

મહારાજ તથા મોટા મુક્તની કૃપા થવાથી પોતાનું પૂર્ણકામપણું માનવું જોઈએ. એવા દિવ્ય કેફમાં આનંદથી પ્રભુનું ધ્યાન-ભજન-સેવા આદિ કર્તવ્ય કરવું. તેમ છતાં તે કેફે કરીને છકી પણ ન જવું, નહીં તો થોડું માન મળે તો ફુલાઈ જવાય. પોતાનામાં કેટલા દોષ ભર્યા છે તે વિચારે ત્યારે ખબર પડે. તેથી એમ માનવું જે આપણામાં કોઈ પાત્રતા નથી, તો પણ પ્રભુએ તથા મુક્તે આશીર્વાદ આપી, કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા છે. જ્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહે, ત્યાં સુધી સુખનો અનુભવ થતો નથી. જ્યાં સુધી સાક્ષાત્કાર સુખનો અનુભવ ન થાય, ત્યાં સુધી સૂક્ષ્મ કર્તવ્ય જે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું, તેમને વિષે આપોપું કરવું તથા અનાદિમુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી જોગ-સમાગમ-સેવા કર્યા કરવા. (૩)

દરેક ભક્તે પોતાને માટે નિર્માણ થયેલું કાર્ય તે પ્રભુએ નિર્માણ કરેલું છે અને પ્રભુએ જ એ કાર્ય સોપેલું છે, તેમ ભક્તિરૂપ માની પોતે અકર્તા બની, પ્રભુ તે કાર્ય કરે છે એવા અહોભાવ સાથે કેવળ પ્રભુને જ તેના કર્તા બનાવી તે કાર્ય કરે તો તે કાર્યનું શુભ અશુભ ફળ તેને બંધનકર્તા ન બને. પ્રભુના સ્વરૂપમાં પ્રતિલોમવૃત્તિ રાખવાના એવા અભ્યાસથી ધીમે ધીમે દોષો, આવરણો નાશ પામે છે અને પાત્રતા આવે છે. એવા પાત્ર ઉપર પ્રભુની કૃપા ઊતરી, પ્રભુનો સાક્ષાત્કાર થઈ ગુણાતીત, મુક્તદશા પ્રાપ્ત થાય છે. પરંતુ આળસ-પ્રમાદે

કરીને સમય બગાડે તથા દેહાભિમાન સાથે અને માન-મોટપ-કીર્તિ-પ્રસિદ્ધિના રાગે સહિત કર્મો કરે તો તે બંધનકર્તા બને છે. તેથી મોક્ષમાર્ગે પણ વિલંબ થાય છે.

વિદ્યાર્થીએ પણ વિદ્યાર્થીકાળથી જ સતત એવો અભ્યાસ કરવો જોઈએ કે હું નથી ભણતો, પણ પ્રભુ ભણે છે. પરીક્ષા પણ હું નથી આપતો, પ્રભુ જ પરીક્ષા આપે છે. એવા ઉત્કૃષ્ટ ભાવ સાથે વિદ્યાભ્યાસ તથા બીજા કાર્યો કરે, તો એમ કરતાં કરતાં ધીરે ધીરે દરેક કાર્યોમાં પ્રભુના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ પ્રતિલોમપણે રહેવા માંડે. એવા અભ્યાસથી પાત્રતા થયે પ્રભુ પોતાના દિવ્યદર્શન કરાવી સુખભોક્તા મુક્ત બનાવે. એવો અભ્યાસ ન હોય તો જીવન એમને એમ ધ્યેય સિદ્ધ થયા વગર આળસ-પ્રમાદમાં વૃથા પૂરું થઇ જાય અને પ્રભુપ્રાપ્તિનો વિલંબ થાય. (૪)

કેવળ કૃપાના કેફે તથા આશીર્વચનની ઓથ લઈને ધર્મમાં, ચારિત્ર્યમાં, નીતિમાં શિથિલપણે વર્તે તો તેને પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થઇ જાય. માટે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ વગેરે પ્રભુના બધા કલ્યાણકારી ગુણો કેળવી અતિ શુદ્ધ ચારિત્ર્યમય જીવન જીવવાનો સંપૂર્ણપણે સંનિષ્ઠ પ્રયત્ન કરવો અને એવી રીતે જીવન પોતે જીવી, બીજાને પણ એવો ઉપદેશ કરી uplift કરવા, ઊર્ધ્વગતિ તરફ લઇ જવા. તો પ્રભુનો સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવે અને આત્યંતિક મોક્ષ થાય. (૫)





સ્વસિદ્ધ અનાદિમુક્ત અથવા સિદ્ધ અનાદિમુક્ત મનુષ્યરૂપે પ્રગટપણે વિચરતા હોય ત્યારે મુમુક્ષુ જીવને તેમનામાંથી કૃપા અને સુખ મળે છે, પરંતુ જીવનઘડતર કરવા માટેની પ્રેરણા તો જે સાધનદશામાંથી ઉચ્ચ સ્થિતિને પામ્યા હોય તેમાંથી મળે છે. કારણ કે અનાદિમુક્તમાં શ્રીજીમહારાજના બધા જ દિવ્ય કલ્યાણકારી ગુણો સહજ રીતે હોય છે જ. તેમને કેળવવા માટેનો પ્રયત્ન તેઓને નથી કરવો પડતો. સાધકે તો સિદ્ધમુક્તદશા પ્રાપ્ત કરવા માટે તથા પાત્ર થવા માટે પ્રભુના ગુણો પુરુષપ્રયત્ને કરીને કેળવવા પડે છે, તેથી ઉચ્ચ સાધનદશાવાળા પાસેથી જીવનઘડતરની પ્રેરણા મળે છે અને સિદ્ધમુક્ત પાસેથી કૃપા મળે છે, મોક્ષના આશીર્વાદ મળે છે. એમનું સમગ્ર જીવન એ તો દિવ્ય લીલા છે. કારણ કે તેઓ મહારાજના મુક્તાવતાર છે. તેમની દરેક ક્રિયા દિવ્ય તેમજ કેવળ જીવોના કલ્યાણ અર્થે હોય છે. સાધકે પોતાનું જીવનઘડતર શુદ્ધ, પવિત્ર આચરણ દ્વારા કરવાનું છે. બધા સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા વગેરે દ્વંદ્વોમાંથી, અનેક પ્રકારના સંઘર્ષમાંથી પસાર થઈને પાત્રતા કેળવવાની છે. માટે એમના જીવનમાંથી બીજા સાધકને પ્રેરણા મળે છે. એટલે મુમુક્ષુએ સ્વામી વિવેકાનંદ, મહાવીર સ્વામી તથા બુદ્ધ અને એવા બીજા મહાન સંતોના જીવનમાંથી જીવનઘડતર માટે પ્રેરણા મેળવવી જોઈએ. (૬)

જે જીવો મોટા અનાદિમુક્તની કૃપામાં આવી ગયા હોય,

પણ પોતે પાત્ર થઈ સાક્ષાત્કાર ન કર્યો હોય અને પાત્રતા કેળવ્યા વગર ફક્ત મોટા મુક્તની કૃપા અને તેમની થોડી સેવાથી તેમને પ્રસન્ન કર્યા હોય, તો તેવા જીવોને અંતકાળે મુક્ત પોતાની દયાએ કરીને ભગવાનના સુખને પમાડે. પછી એ સુખમાં રહ્યા થકા જેમ જેમ સુખ લેવાની ગતિ અને સામર્થી વધતી જાય, તેમ તેમ સુખ વધુ ને વધુ આવતું જાય. જે જીવ મોટા મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી પુરુષાર્થ કરીને પાત્રતા કેળવે, પછી મહારાજ તથા મોટા મુક્તની કૃપા મેળવી સાક્ષાત્કાર કરી સિદ્ધ અનાદિમુક્તની દશાને પામે, તેઓ ભગવાનનું સુખ પોતાની ઈચ્છા હોય તેટલું ભગવાન પાસેથી સ્વતંત્રપણે ભોગવે છે. તેને સુખ લેવામાં ગતિ-સામર્થ્ય, સ્વતંત્રપણું આગળ કહેલા જીવોની પ્રાપ્તિ કરતાં અનેક ગણું વિશેષ હોય છે. આગળ કહ્યા તેવા કેવળ દયાથી સુખ પામેલા જીવોને ભગવાન પોતાની ઈચ્છાથી સુખ આપે છે, જ્યારે પછી કહ્યા એવા પુરુષાર્થ કરી મુક્ત થયેલાને તેમની ઈચ્છાથી પોતાનું સુખ સ્વતંત્રપણે ભોગવાવે છે. માટે પાત્રતા કરી મૂર્તિ સિદ્ધ કરે ત્યારે જ સિદ્ધ થાય, પણ મહદંશે પુરુષાર્થ વગર મુક્ત કૃપા પણ કરતા નથી. કોઈકને સમાસને અર્થે કૃપા કરી ભગવાનના દર્શન કરાવે, તો પણ દોષો, આવરણો ટળે નહીં. કારણ કે પાત્રતા ન હોય, પણ જ્યારે પાત્રતા કેળવીને સાક્ષાત્કાર દર્શન પામે તો એ સુખ અખંડ રહે, એ સ્થિતિમાં અખંડ ટકી શકે. (૭)





મુમુક્ષુ હરિભક્તે એમ વિચાર કરવો જે, આપણો જન્મ થયો છે તે એમ બતાવે છે કે આપણા infinite births અનંત જન્મો થઈ ચૂક્યા છે. અને અનંત જન્મો સુધી ઠેકાણું પડે તેમ નથી. તેમ છતાં પૂર્ણપુરુષોત્તમ નારાયણ અને તેમના લાડીલા અનાદિમુક્તો મળ્યા અને તેમણે કૃપા કરી છેલ્લા જન્મના આશીર્વાદ આપી દીધા તે કેવડી મોટી વાત છે! માટે સમજણ પાકી કરી, મહારાજ અને મુક્તોનો મહિમા અતિશય સમજી, નિશ્ચય, નિષ્ઠા, શ્રદ્ધા વગેરે દૃઢ કર્યા કરવા. પોતાનામાં જે કંઈ કામાદિક દોષ જણાતા હોય તે છે જ નહીં, તેનું કોઈ અસ્તિત્વ જ નથી તેમ માનવું. હકીકતમાં તેવા દોષ, આવરણો કે અંતઃશત્રુઓ જેવું કંઈ છે જ નહિ. તે તો મનથી, કલ્પનાથી ઊભી કરેલી મનની ગ્રંથિઓ છે. Just as dreams સ્વપ્નતુલ્ય છે, તેનું અસ્તિત્વ જ નથી. એમ જાણી તેમને ક્યારેય સંભારવા જ નહીં. એક bliss સુખનું જ existence અસ્તિત્વ છે, બીજું કંઈ નથી તેમ જ માનવું. તો પછી બધું જીતાઈ જાય. જેણે મન જીત્યું તેણે જગત જીત્યું. ભગવાનનું કાર્ય કરતા મૂર્તિ ધારવાનો, અંતરવૃત્તિનો, મૂર્તિ સિદ્ધ કરવાનો અભ્યાસ કર્યા જ કરવો. અભ્યાસથી જ બધું સિદ્ધ થાય છે. કૃપા પણ તેવા અભ્યાસી ઉપર જ થાય છે. (૮)

મુમુક્ષુઓએ મુક્તના વચનોનું, આશીર્વાદનું મનન કરી, સતત જાગૃત રહી, પોતાના અંતઃકરણનો નિરંતર તપાસ કરવો

જોઈએ કે કેટલા દોષ મારામાંથી ઓછા થયા છે. પંચવર્તમાન સંબંધી કે પ્રભુની અન્ય આજ્ઞાઓનું કેટલે અંશે પાલન થાય છે. એમ નિરંતર તપાસ કરીને દોષ ટાળવાનો પ્રયત્ન કર્યા કરે, તો બધા દોષ જતા રહે ને પ્રભુપ્રાપ્તિ માટેની પાત્રતા ઉદય થાય. (૯)

દોષો-સ્વભાવો જીતવામાં મોટા મુક્ત સહાય તથા રક્ષા જરૂર કરે. પરંતુ તેને પોતાના સંકલ્પથી તરત ટાળતા નથી. જો એમ કરે તો જીવને પોતાનું બળ ન વધે અને પૂર્ણ પાત્ર થવામાં વિલંબ થાય. માટે જે મુમુક્ષુ પોતાના દોષો-સ્વભાવો સાથે સંઘર્ષ કરે અને તેમાં હાર ન પામતાં નિર્ભયતાથી તેમનો પ્રતિકાર કરે તો ચૈતન્યની આંતરિક શક્તિ જાગૃત થઈ ને બધા દોષો જીતાઈ જાય અને પ્રભુની કૃપા ઝીલી શકે એવો પાત્ર થાય. (૧૦)

પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેનો પુરુષપ્રયત્ન અવિરતપણે હિંમત હાર્યા સિવાય શ્રદ્ધા અને અખૂટ ધીરજ રાખી કર્યા કરવો જોઈએ. તે પ્રયત્ન કરવા છતાં પણ કોઈ અનુભૂતિ ન થાય તો પણ નિરાશ ન થવું. સદાય આનંદપૂર્વક પ્રયત્નો કરવા અને એમ માનવું કે મહારાજ અને મોટા મુક્તની કૃપાથી હું પણ મુક્ત છું. મારો ચૈતન્ય માયાથી ક્યારેય પણ લેપાતો નથી. કરોડો સંકલ્પ થતા હોય તો પણ તે મારા ચૈતન્યને સ્પર્શતા નથી. તેનાથી તો હું સદાય અલિપ્ત જ છું. એમ માની સઘળી નિર્બળતા, સંશયો, હતાશા વગેરે ખંખેરી





નાંખી પુરુષપ્રયત્ન કર્યે જવો. એ જ સાચા સાધકનું કર્તવ્ય છે. એ દિશામાં સતત પ્રયત્નશીલ રહેતા એવા શ્રદ્ધાવાન, નિષ્ઠાવાન, ને ધીરજવાન સાધકો ચોક્કસ પ્રભુની કૃપાનું પાત્ર થઈ સાક્ષાત્કારની અનુભૂતિ પામે. તે નિઃસંશય વાત છે. (૧૧)

મૂર્તિમાં રાખવાના આશીર્વાદ મળ્યા પછી મોટા મુક્તના વચનને વિષે વિશ્વાસ રાખવો. પરંતુ આશીર્વાદ ઝીલવા માટે પાત્ર તો પોતે પુરુષપ્રયત્ન કરીને થવું જોઈએ, નહીં તો આશીર્વાદ ફળતા વિલંબ થઈ જાય. જ્યારે પાત્ર થાય, ત્યારે જ આશીર્વાદ કામ કરે. આશીર્વાદ મળ્યા હવે આપણે મજા કરો, હવે કંઈ કરવું રહ્યું નથી, એમ માની આળસ-પ્રમાદ કરી પ્રભુપ્રસન્નતાના સાધન ન કરે તો એક ડગલું પણ આગળ ન વધે, એ સિદ્ધાંત છે. માટે આશીર્વાદ મળ્યેથી આળસ અને જડતા ન આવે અને આશીર્વાદ ઝીલવા માટે પાત્ર થવા પ્રયત્ન કરવો એ વાત ખાસ ધ્યાનમાં રાખવી. (૧૨)

મહારાજ જ્યારે હરિભક્તની કસોટી કરે, ત્યારે અંદરની સુષુપ્ત શક્તિઓ જાગૃત થઈ તેનો વિકાસ થાય છે. એટલે મહારાજે પોતે પણ ક્યારેય નવરાશ નહોતી ભોગવી. આખા જીવન દરમ્યાન કર્તવ્યશીલ રહેલા. તેમના મુક્તો પણ તેમ જ રહે છે. પોતાના હરિભક્તો પાસે પણ મહારાજ ખૂબ પરિશ્રમ કરાવે છે. જેથી હરિભક્ત બળિયા બને અને પાત્રતા કેળવે. (૧૩)

શ્રીજીના લાડીલા પૂર્ણસિદ્ધ અનાદિમુક્તનું પૃથ્વી ઉપર મનુષ્યરૂપે વિચરણ હોય ત્યારે મુમુક્ષુ જીવોએ તેમના જોગ-સેવા-સમાગમનો અલભ્ય લાભ લઈ પાત્રતા કેળવવા અને મૂર્તિ સિદ્ધ કરવા કમર કસીને અસ્ખલિત પ્રયત્ન કરવો જોઈએ. તો તેમની કૃપાથી મૂર્તિ સિદ્ધ થાય અને સ્થિતિ બંધાય. જેમ અવરભાવની વિદ્યા અમુક કક્ષા સુધી ભણ્યા પછી આગળ વિદ્યા ભણવાની સમજ, ક્ષમતા ને ગ્રહણશક્તિ આવે છે, ત્યારે તે આગળની વિદ્યા પોતાની મેળે ગ્રહણ કરી શકે છે. તેમ અમુક સ્થિતિ બંધાયા પછી પ્રભુના સ્વરૂપમાં જોડાવા માટે કેવી રીતે આગળ વધવું તેનો સ્વયં રીતે માર્ગ પ્રભુકૃપાથી હાથ આવે છે. પછી સુખ ભોગવવાની ગતિ અને સામર્થી વધે, તેમ તેમ વધુ ને વધુ સુખ અને સામર્થી આવે છે. જ્યાં સુધી અમુક કક્ષાએ ન પહોંચાય, સ્થિતિ ન બંધાય, ત્યાં સુધી સુખ ગ્રહણ કરવાની શક્તિ, આગળનું જ્ઞાન સમજવાની maturity પક્વતા આવતી નથી. તે માટે નિરંતર પુરુષપ્રયત્ન કર્યા કરવો. (૧૪)

આ જીવ પોતાના દેહના સુખ માટે બીજા ઘણા દાખડા કરે, પણ જ્યારે ધ્યાન કરવાનું કહીએ, ત્યારે એ વાત અઘરી લાગે. આ લોકમાં ઉદ્‌ઘોષ કરવાવાળા, કાર્યના તાનવાળા, પંડિતો, વિદ્વાનો વગેરે ઘણા છે, પણ અંતરવૃત્તિ કરવાવાળા બહુ ઓછા છે. અંતરવૃત્તિના અંગવાળા તરત જ જણાઈ આવે. જેમ સૂર્યનો ઉદય થાય, ત્યારે એ કંઈ ઢાંક્યો ન રહે





તેમ. અંતરવૃત્તિવાળા નિવૃત્તિમાર્ગમાં હોય તો પણ એ જેટલું જીવોના કલ્યાણ સંબંધી કાર્ય કરે તેટલું પંડિતો નથી કરી શકતા. માટે અંતરવૃત્તિ કરવાનો અભ્યાસ કરવો પડે, ત્યારે તે વાત સિદ્ધ થાય. શાસ્ત્રોના અર્થ પણ અંતરવૃત્તિવાળાને જ યથાર્થ સમજાય. બાહ્યવૃત્તિવાળા ગમે તેટલું વાંચે, ભણે પણ તે ફક્ત પંડિત થઈ શકે અને પોતાનું વાચ્યાર્થ જ્ઞાન ચર્ચામાં અને બીજાની સાથે માથાકૂટમાં વેડફી નાંખે. જીવને બાહ્યવૃત્તિ જ વધારે રહે છે. એનું કારણ અનંત જન્મથી બાહ્યવૃત્તિનો જ અધ્યાસ હોવાથી અંતરવૃત્તિ કરવી તેમને માટે અઘરી પડે છે.

આ સત્સંગમાં જો કોઈ હરિભક્તને મહારાજના જ્ઞાનનો પ્રચાર કરવો હોય તો તેણે પ્રથમ પોતે જ્ઞાનને આત્મસાત્ કરી જ્ઞાનપ્રચારની પૂરતી તૈયારી કરવી. અર્થાત્ ઇન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરી મનથી અને દેહથી નિર્મળ થઈ અંતરવૃત્તિનો અભ્યાસ કરી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી જ્ઞાન પ્રચારનું કાર્ય કરવું. આ બધું પુરુષપ્રયત્ને જ થાય, પણ પ્રયત્ન ને અભ્યાસ કર્યા વગર અમથું અમથું મુક્ત પાસે માગ્યા કરવાથી પાત્રતા વગર ભગવાન કે મોટા મુક્ત શું આપે? માટે કોઈ પણ બાબત સિદ્ધ કરવી હોય તો પુરુષપ્રયત્ન અનિવાર્ય છે. આ લોકમાં દાખડો કર્યા વગર ખાવાનું પણ નથી મળતું, તો પછી પરમાત્માને પામવા હોય તો સવિશેષ દાખડો કરવો પડે તેમાં શું આશ્ચર્ય! માટે પુરુષપ્રયત્ન કરવો એ પ્રભુનો સિદ્ધાંત છે. એવા સાધક ઉપર જ પરમાત્મા પ્રસન્ન

થાય. પાત્ર પણ તે જ થઈ શકે ને સાક્ષાત્કાર પણ તેવાને જ થાય. સાધન કરવા, પણ સાધનનો ભાર ન રાખવો તેમ મહારાજે કહ્યું છે, પણ સાધન ન કરવા તેમ કહ્યું નથી. સાધનનો ભાર રાખવાથી સાધકને તેનો અહંકાર આવે. તે અહંકાર અતિ સૂક્ષ્મ છે. તેમાં ફસાઈ ન જવાય માટે તેનો ભાર ન રાખવો. એક પ્રભુને જ કર્તા માનવાથી સાધનનો ભાર નથી આવતો. માટે પ્રભુપ્રસન્નતાના સાધન તો જીવનપર્યંત કરવા, તેમાં શિથિલ ન થવું. પ્રભુને માર્ગે જે કંઈ કાર્ય કરીએ તે પ્રભુની પ્રસન્નતા માટે જ કરવું, પણ એમ ન ઈચ્છવું જે, હું આમ કાર્ય કરીશ તો લોકો મને પૂજશે, માન આપશે, પૈસા મળશે. માટે દરેક ઈચ્છાઓથી નિરાસક્ત થઈને ભગવાનનું કાર્ય કરવું, તો પ્રભુના પૂર્ણ કૃપાપાત્ર બની શકાય. તેને માટે નિરંતર અંતરવૃત્તિનો અભ્યાસ કરવો.

નેપોલિયને પણ એક વાર કહેલું કે 'મેં આખી જિંદગી બહીર્વૃત્તિ જ રાખી, પણ અંતરવૃત્તિ કરી હોત તો ઘણું પ્રાપ્ત કરી શક્યો હોત, તેમ મને લાગે છે'. અંતરવૃત્તિ કરી મૂર્તિ સિદ્ધ કર્યા પછી જે કંઈ કાર્ય કરે, તેમાં પરમાત્મા ભળે એટલે કાર્ય સર્વોત્તમ થાય. અંતરવૃત્તિવાળાને એમ જણાય જે હું મહારાજમાં રસબસભાવે રહેલો છું અને મારા દ્વારા પ્રભુ કાર્ય કરે છે. મને તો ફક્ત પોતાનાં કાર્ય માટે નિમિત્ત-માધ્યમ બનાવ્યો છે. કાર્ય પ્રભુ પોતે કરે છે, તેમ તેને જણાવાથી અંદર અંતરમાં તેનો આનંદ અનુભવાય છે. (૧૫)





ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામીને ત્રણેય અવસ્થામાં મૂર્તિ દેખાતી એવા મહા સમર્થ હતા. કેરી, કેળા વગેરે ફળો ધરે તો મહારાજ અને મુક્તો અંતરીક્ષમાંથી પ્રગટ થઈ લઈ જતા. તેમણે સખત પુરુષાર્થ કરીને મૂર્તિ સિદ્ધ કરેલી. પૂર્ણ પાત્ર હોવાથી તેમને બાપાશ્રીએ સાક્ષાત્કાર કરાવેલો. મૂર્તિ સિદ્ધ કરવા માટે ને પાત્ર થવા માટે અસ્ખલિત પુરુષપ્રયત્ન અનિવાર્ય છે. પાત્ર તો સાધકે પોતે જ થવું પડે. યોગ્ય પાત્ર ઉપર જ મહારાજ અને મોટા મુક્તની યથાર્થ કૃપા થાય. મુક્ત કોઈને કૃપાથી થોડીવાર માટે દિવ્યદર્શન કરાવે તો થોડો સંશય ઓછો થાય એટલો જ ફેર પડે, પણ સ્વભાવ-દોષ વગેરે કાંઈ જીતાઈ ન જાય અને મૂર્તિનું સુખ પણ ટકે નહીં. પાછો હતો તેવો જ થઈ જાય, પણ એ તો જ્યારે ખરેખરો પાત્ર થાય ત્યારે મુક્ત સાક્ષાત્કાર કરાવે, ત્યારે એ સુખમાં ટકે અને અખંડ મૂર્તિનો આનંદ અને સુખ અનુભવે. પણ પાત્રતા કર્યા વગર એવું ન થાય. બાપાશ્રીએ જણાવેલું કે લુહાર પાત્ર બનાવે, ત્યારે હથોડીના ઘા મારી મારીને બનાવે. તેમ આ લોકના સુખ-દુઃખના, હાણ-વૃદ્ધિ વગેરેના ટપલા ખાય અને જાત જાતની મુશ્કેલી અને પરિસ્થિતિનો સામનો કરી પાકી સમજણ કેળવે અને હર્ષ-શોકને ન પામે, હંમેશ સ્થિતપ્રજ્ઞ રહે, ત્યારે પાત્ર થાય. (૧૬)

એક વખત મુક્તરાજે કૃપા કરીને વાત કરી હતી તે અત્રે યથાવત્ પ્રસ્તુત છે : 'એક જ વાત છે કે પ્રભુ સાથે

રોમેરોમ એકતા થાય તો જ પ્રભુનો સાક્ષાત્કાર થાય. મૂર્તિમાં રહેવું એટલે કોઠીમાં દાણા ભર્યા હોય એમ નથી રહેવાનું. એમાં ત્યાગ-ભાગ જ નથી. જેમ શરીરમાં હાડ, માંસ બધું જુદું જુદું છે તેમ નથી. મૂર્તિ સાથે તો ચૈતન્યને મૂર્તિરૂપ થઇ, દિવ્યસાકાર થઇ રોમેરોમ રસબસપણે રહેવાપણું છે. કોઠીમાં દાણા તો બધા જુદા જુદા પડી રહે છે. એ તો physical comparison ભૌતિક તુલના કહેવાય. માટે તેમ નથી. બુદ્ધિથી વિચારનાર સમજી શકે છે કે physical energy ભૌતિક શક્તિઓ જેમ કે sound, light, heat etc. અવાજ, પ્રકાશ ઉષ્મા વગેરે They are merged in each other એક બીજા સાથે સંલગ્ન છે તો પણ તે ક્યાં જગા રોકે છે? નથી રોકતી. એમ દિવ્યશક્તિ દિવ્યસ્વરૂપ સાથે merge એકરૂપ થાય છે. આના માટે તો Number of births are required to reach this stage. આ સ્થિતિએ પહોંચવા અનેક જન્મો લેવા પડે છે. ત્યારે એવડી મોટી વાત છે! એવી પ્રાપ્તિ છે! તે કેવળ grace કૃપાથી જો થતી હોય તો મૂર્ખ લોકો હોય તે તેને છોડી દે. જેના નસીબમાં જન્મો લખ્યા હોય તે એનો લાભ ન લઇ શકે grace હાથમાં આવે ને છોડી મૂકે! That means in previous births they have comitted sins, and those sins prevent them to understand this fact. They again come back. The cycle of rebirths goes on. That has no end. એનો અર્થ એ કે એમણે પૂર્વ જન્મમાં પાપ કર્યા છે. તે તેઓને આ હકીકત સમજવામાં રોકે છે. તેઓ પાછા





આવે છે ને આમ જન્મ-મરણનું ચક્ર ચાલ્યા કરે છે. તેનો અંત નથી આવતો.

પ્રભુના ધામમાં બેસાડવા હોય, તો જે પ્રભુના ધામમાં બેઠેલા હોય તે જો મળી જાય તો તે પ્રભુના ધામમાં (સુખમાં) બેસાડી દે. જેમ આ અમારી ગાડી હોય અને તેમાં અમે બેસી જવાનું કહીએ તો જે વિશ્વાસ રાખીને બેસી જાય, તો ગાડી જ્યાં જાય, ત્યાં તે પણ પહોંચે. આ તો એક ને એક બે જેવી વાત છે. ૧+૧ = ૨. આવી સાદી રીત સમજવાની છે. લોકો અજ્ઞાન means (એટલે) પૂર્વના અનેક સંસ્કારોને લીધે જડ હોય છે. જેથી એ આવરણો ચૈતન્યને ઘેરી રાખે છે. તેથી તેને સાચી વસ્તુ સમજવા દેતા નથી. તો જેમના સંબંધથી પ્રભુ ઓળખાય છે એવા મળ્યા પછી Wait and watch for the grace to decsend. Those who are impatient do not get this stage. There is no grace for impatient. Then if they say to Guru that, I will believe whatever you say but please make me experienced. Then Guru says there are number of souls, why not all should deserve? કૃપા ઊતરે તેની રાહ જુઓ. જેઓ અધીરા બને છે તે આ કક્ષાએ પહોંચતા નથી. ધીરજ વગરના માટે કૃપા નથી. પછી ગુરુને કહેશે કે તમે જે કહેશો તે માનીશ. પણ કૃપા કરીને મને અનુભવ કરાવો. ત્યારે ગુરુ કહે છે કે ઘણા બધા જીવો છે. તેને કેમ નહીં? બધામાંનો તું એક છે. બધા (જીવો) deserving પાત્ર

નથી હોતા.

ગુરુને એમ નથી કે તું સાચું માને તો જ તે ગુરુ છે, એવી એમને માન કે પ્રતિષ્ઠાની પડી નથી. એટલે ગુરુને જો તે એમ કહે તો ગુરુ તેને એમ જ કહે કે ભાઈ તું નહીં પહોંચે. તમારે grace કૃપામાં આવવું હોય તો Don't be impatient if you are impatient you do not deserve that bliss. અધીરા ન બનો. જો તમે અધીરા બનશો તો તમે તેના માટે પાત્ર નથી. મૂર્તિમાં રહી શકવાની સ્થિતિ જ ન હોય તો ક્યાંથી રહેવાય? મૂર્તિનું સુખ પામવું હોય તો deserving પાત્ર થવા માટે પ્રયત્ન ચાલુ કરવા જોઈએ. તેમાં ખૂબ જ શ્રદ્ધા જોઈએ. એ શ્રદ્ધા એવી કે તેમાં જરા પણ અસ્થિરતા ન થવી જોઈએ. તેમાં મક્કમ નિર્ણય જોઈએ, પૂરતી ધીરજ જોઈએ, પૂરતો પ્રયત્ન જોઈએ અને એમાં રસ જોઈએ. "હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને, પરથમ પહેલું મસ્તક મૂકી વળતાં લેવું નામ જોને." એવી તાકાત હોય તો જ આગળ વધાય. સંપૂર્ણ શ્રદ્ધા ભગવાન અને મોટા પુરુષમાં જોઈએ. તમારે ગરજ છે, એમને તમારી શું ગરજ છે? એ તો દૃષ્ટિ કરશે અને જીવોના જન્મો ઓછા થશે. નથી જોઈતું તેને નથી મળવાનું. કોઈ દિવસ એમ ન માનવું કે એ લોકો જેને ગરજ નથી એ પરાણે grace કૃપા મેળવી શકે. એવું કદીએ ન માનવું. એને ગરજ જોઈએ, આતુરતા હોવી જોઈએ. grace ઝીલવા માટે પૂરતી તૈયારી





હોવી જોઈએ. જો પૂરતી તૈયારી ન હોય અને અજમાયશ જ કરતો હોય તો He will remain as he is always, for births together. અનેક જન્મો સુધી તે એવો ને એવો જ રહે છે. જીવો જન્મોજન્મ આ જ માથાકૂટ કરતા હોય છે.

જીવે ભગવાન અને ભગવાનના મુક્તો સામે બિલકુલ ખુલ્લા ને નિષ્કપટ થવું જોઈએ. જ્યાં સુધી સંપૂર્ણ પારદર્શિતા transparency ન આવે, ત્યાં સુધી એ વસ્તુમાં આગળ વધવાનું બને જ નહીં. જ્યારે એવી સમજણ કેળવે ત્યાર પછી એને મદદ મળે છે. Inner help આંતરિક મદદ મળે છે. ત્યારે મોક્ષ થાય. ખૂબ ખુલ્લા થવું. બધા doubts clear કરવા. બધી શંકાઓ દૂર કરવી. નિઃસંશય થવું. જ્ઞાનની સ્પષ્ટતા કરવી. જેટલા પ્રશ્નો પૂછવા હોય એટલા પૂછી નાંખવા. Then he should be clear in his mind. પછી તે મનમાં સ્પષ્ટ હોવો જોઈએ. તેણે આનંદથી આગળ વધવું જોઈએ. જે વિચારો છો એ વિચારોની દૃઢતા કરી ચલિત ન થઈ જવાય તેવી જાતના જ્ઞાનની પ્રાપ્તિ કરવી. નહીં તો અધવચ્ચે અટવાઈ જવાય. આ માર્ગમાં આવવું હોય તો પૂરેપૂરી સ્પષ્ટતા કરી લેવી. કોઈ પણ જાતની શંકા ન રહેવી જોઈએ. સ્પષ્ટતા થયા પછી જો વિચારો બદલાઈ જાય, તો એનો અર્થ એમ કે તેને પહેલાં સ્પષ્ટતા થઈ જ નહોતી.

Complete lack of ego સંપૂર્ણ અહંકાર રહિત હોવું જોઈએ. Surgery of ego should go on continuously.

This is main thing. અહં દૂર કરવાની શસ્ત્રક્રિયા સતત ચાલવી જોઈએ. આ મુખ્ય વાત છે, જ્યાં સુધી મૂળમાંથી ego ન જાય, ત્યાં સુધી ego surgery ચાલુ ન રાખે તો ફરી પાછો તેમાંથી ego ઉત્પન્ન થાય અને વિકાસ પામે. Ego એ છેલ્લામાં છેલ્લું અતિ સૂક્ષ્મ આવરણ છે. એનું મૂળ જાય ત્યારે જ પ્રભુના દર્શન થાય છે. એવી રીતે અંતરવૃત્તિ, ધ્યાન અને ભગવાનનો વિચાર કરતા જઈએ ત્યારે એ વાત સિદ્ધ થાય. એનો માર્ગ શોધી કાઢવાનો તે માર્ગ આપણી પાસે જ છે. બહારથી આવતો નથી. સમજણ થાય તો બધું પતી જાય. એ એક જ કરવાનું છે. પ્રભુના સુખમાં ગયા પછી ego ઉત્પન્ન જ નથી થતો. પછી તો એ પૂર્ણતામાં દિવ્યસુખમાં જ લીન રહે છે.' (૧૭)

મોટા મુક્તના સંકલ્પે કરીને, તેમના વચને કરીને દોષો તરત જ ટળી જાય, પણ વગર દાખડે તેમ કરવાથી પાત્રતા ન આવે. તેથી સુખ ન પામે. માટે દાખડો કરે તેની ઉપર વિશેષ પ્રસન્નતા થાય છે. (૧૮)

અમુક જાતના પ્રશ્નો જેવા કે, પ્રભુ કૃપાળુ, સમર્થ હોય તો દરેક જીવ ઉપર કૃપા કરીને તેનો મોક્ષ કેમ કરતા નથી? એ પ્રકારના પ્રશ્નો તે હકીકતમાં પ્રશ્નો જ નથી. તે અજ્ઞાન છે. It is an ignorance એ અજ્ઞાનનું આવરણ છે. કારણ કે મુશ્કેલીઓનો ઉપાય હોય, પણ રહસ્યોનો કોઈ ઉત્તર કે ઉપાય ન હોય. એ તો અનુભવવું જ પડે. માટે જ તો પ્રભુને





વેદો નેતિ નેતિ કહીને અટકી પડે છે. જીવો અનાદિ છે અને માયાના આવરણો તેની ઉપર અનાદિના જ છે. એ અજ્ઞાનરૂપી આવરણો જીવો ઉપર છે જ. તે ટાળવાની તો પ્રભુ કૃપા કરે જ છે. તે કૃપાને કોઇ કારણ નથી કે કોઈ શરત નથી, તો પણ evolution process ઉત્ક્રાંતિની રીતે જે પોતાની અનંત લીલાઓ પૈકી એક લીલા છે, જે નિત્ય છે, અનાદિ છે, તે રીતે જીવોને પોતા તરફ પૂર્ણદશા પમાડવા આગળને આગળ પ્રગતિ કરાવે છે. માટે પોતે નિર્માણ કરેલી જીવોના કલ્યાણ કરવારૂપ ઉત્ક્રાંતિની લીલામાં બિનજરૂરી ફેરફાર કરતા નથી. એ રીતે જ જીવોના કલ્યાણ કરે છે.

જ્યાં સુધી જીવને પુરુષોત્તમ નારાયણના દિવ્ય વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય અને તે સ્વરૂપમય થઇ અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી જન્મો ધરવા પડે છે. તેમાં પ્રભુ અને તેમના લાડીલા અનાદિમુક્તો પ્રગટ થઇ જીવોની ઉત્ક્રાંતિમાં મદદ કરે છે. તે process પ્રક્રિયાને ઝડપી બનાવે છે. તેઓ અનંત જીવોના આવરણો ટાળી તેમનું કલ્યાણ કરે છે. અનેક જન્મો ઓછા કરી નાંખે છે. ચેતનતત્વના ગુણધર્મ પ્રમાણે soul is next to God જીવોનો નંબર ભગવાન પછી બીજો જ છે. પણ પોતાની ઉપર અવિદ્યા, અજ્ઞાનના આવરણો છે. તદુપરાંત જે કર્મો કરે છે તેના પ્રારબ્ધ, સ્વભાવ, સંસ્કાર વગેરે બંધાય છે. તે પોતે ગૂંથેલી માયાજાળમાં ફસાય છે. તે જાળ તોડવા તેણે પોતે

પ્રયત્ન કરવો જોઈએ. અર્થાત્ પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટેની પાત્રતા પોતે જ કેળવવી પડે છે, પછી જ મહારાજ ને મુક્ત તેની પર કૃપા કરે છે. (૧૯)

બધાને પ્રભુમાં જોડાવાની રીત જુદી જુદી હોય છે. જેમ કે કોઈને મંત્રજપથી મન કેન્દ્રિત થાય, કોઈને શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે નવધા ભક્તિમાંના અંગથી મૂર્તિમાં જોડાવાય. માટે સાધકે પોતાની જાતે અંતરવૃત્તિ કરી પોતાનું મન જે રીતે પ્રભુમાં સ્થિર થાય તે શોધી તે પ્રમાણે ભક્તિ-ધ્યાન-ભજન વગેરે કરવું જોઈએ. (૨૦)

ધર્મ અને અધર્મ બંનેનો ત્યાગ કરે ત્યારે પ્રભુની પ્રાપ્તિ થાય. તેમાં અધર્મ તો અધોગતિને પમાડે જ છે, પણ ધર્મ, આજ્ઞા, નિયમ, સદાચાર, સત્કાર્ય, સદુપદેશ, ભક્તિ વગેરે પણ જો અહંકારે યુક્ત થઈને કરે, એવા અહંયુક્ત ધર્મનું આચરણ કરે, તો પણ જન્મ-મરણ ન ટળે. માટે એવા અહંયુક્ત ધર્મનો પણ ત્યાગ કરવો પડે, તો જ પ્રભુની પ્રસન્નતા થાય. (૨૧)

નિષ્કામવ્રત વગર કારણશરીરની વાસના બળે નહીં. નિષ્કામવ્રત તે મહારાજનો, તેમને અતિ વહાલો ગુણ છે. તે ભગવાનનું અંગ કહીએ તો પણ ચાલે. તેના વગર કારણશરીર બળે નહીં. નિષ્કામવ્રત હોય તો પ્રભુના બધા ગુણ તેનામાં આવે. બધા દોષ, આવરણ નાશ પામે. કારણ કે પ્રભુની





પ્રસન્નતા તેમાં સમાયેલી છે. (૨૨)

જેને નૈષ્ઠિકવ્રતની દૃઢતા કરવી હોય, તેણે ધ્યાનનો તથા અંતરવૃત્તિનો અભ્યાસ હંમેશાં કર્યા કરવો, જેથી મૂર્તિનો સંબંધ રહ્યા કરે. મૂર્તિના ધ્યાનના અભ્યાસ વગર ઊર્ધ્વરેતા થવું શક્ય નથી. ઊર્ધ્વરેતા થયા વગર સાક્ષાત્કાર પામવાની પાત્રતા આવતી નથી. મોટા મુક્તની પ્રસન્નતા તથા આશીર્વાદની હુંફથી ધીમે ધીમે ઊર્ધ્વરેતા થવાય છે. એવા મોટા મુક્તનો જોગ અને તેમની કૃપા બહુ જ ભાગ્યશાળી હોય તેને મળે છે. (૨૩)

મુક્ત દ્વારા શ્રીજીમહારાજ પોતાના સિદ્ધાંતો દયા કરીને સમજાવે તો તે સમજી શકાય. પોતાના જીવનમાં તેને બરોબર ઉતારી તેનો સંદેશ બધે ફેલાવવો. જેથી અસંખ્ય જીવનો ઉદ્ધાર થાય. જેને ભગવાનનો સાક્ષાત્કાર કરીને પોતાનું જીવન સાર્થક બનાવવું હોય, તેણે નિષ્કામવ્રતનું બરોબર પાલન કરવું. નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ અષ્ટાંગ બ્રહ્મચર્ય નિયમપૂર્વક બરોબર પાળવું. તેમાં ફેર પડે તો પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો. તે નકોરડો ઉપવાસ ફક્ત પાણી પીને કરવો અને અખંડ સદ્પ્રવૃત્તિ કર્યા કરવી, તે પણ પોતાપણું લાવ્યા સિવાય. મહાપ્રભુજીને જ કર્તા માનીને કાર્ય કરે તો તેની પ્રવૃત્તિ ભક્તિરૂપ બને. એવા કર્મયોગીના બધા કર્મો બળી જાય અને પાત્રતા આવવાથી મહારાજનો સાક્ષાત્કાર થઇ જાય.

નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ મહારાજના દિવ્યજ્ઞાનનો પ્રચાર કરી જીવોનો ઉદ્ધાર કરવાની સદ્પ્રવૃત્તિ નિષ્કામભાવે કરવી. બ્રહ્મચર્ય વગર ચૈતન્યની ઊર્ધ્વગતિ શક્ય નથી, માટે તેની ઉપર વિશેષ લક્ષ્ય આપવું. તે મહારાજનો અવિચળ સિદ્ધાંત છે. તેનાથી જ આત્યંતિક મોક્ષને માર્ગે આગળ પ્રગતિ થાય છે. માટે તેનો ખૂબ પ્રચાર કરવો અને તેનો મહારાજને અને મુક્તને નામે ઉપદેશ કરવો. જેથી બીજા જીવોની ઉપર તેની ધારી અસર થાય અને મહારાજની અને મુક્તોની પ્રસન્નતા ઊતરે. ગૌણ બ્રહ્મચર્ય પાળવાથી અમુક સમયે તે સહજ બને. પછી ભગવાનની કૃપા ઝીલવાની પાત્રતા આવે, એટલે પ્રભુની કૃપા દ્વારા બધા આવરણો દૂર થઇ ને બ્રહ્મ જે મહારાજની મૂર્તિ તેનો સાક્ષાત્કાર થાય.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં ચર્યા કરવી. અર્થાત્ મૂર્તિમાં રસબસ લીન રહી સુખ ભોગવવું તેનું નામ બ્રહ્મચર્ય. એ તેનો વિશાળ અને સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ છે. કુંડલિની શક્તિ ચૈતન્યની સાથે જ જોડાયેલી, ભગવાનની અન્વય શક્તિમાંથી પ્રગટેલી એક તેજસ્વી શક્તિ છે. તે શક્તિ જો ઊર્ધ્વગામી બને તો ચૈતન્યને મોક્ષમાર્ગે ઊર્ધ્વગતિ પમાડે. જો તેનો ઉપયોગ વિષયભોગ માટે કરે તો તે ક્ષણિક વિષયાનંદ આપે, પરંતુ પતન કરાવીને અનેક જન્મો પણ ધરાવે. કારણ કે તે શક્તિ વિષયભોગમાં વેડફાઈ જવાથી ચૈતન્ય ઉપરના આવરણો હટી શકે નહીં. આવરણો દૂર ન થાય તો સંચિત ને પ્રારબ્ધ કર્મો





બળી ન શકે, તો મોક્ષ શી રીતે સંભવે? તે શક્તિનું સ્વરૂપ તો એક જ રહે છે, પણ તેનો જેવો ઉપયોગ કરે તેવું પરિણામ મળે. યથાર્થ બ્રહ્મચર્ય પાળવાથી કુંડલિની (ઓજસરૂપ આધ્યાત્મિક શક્તિ) ઊર્ધ્વગામી થઇને ચૈતન્ય ઉપરના આવરણો દૂર કરે છે.

વિજ્ઞાન એમ કહે છે Energy is neither can be created, nor can be destroyed. શક્તિની ઉત્પતિ કે વિનાશ થતો નથી, પણ તે ઊર્જા તેના જુદા જુદા કાર્યોમાં તથા રૂપોમાં પરિવર્તન પામે છે. તેથી તેનું સ્વરૂપ પણ બદલાયેલું લાગે, પણ વસ્તુગતે શક્તિ એક જ રહે છે. તેના વિવિધ કાર્યોથી તેમાં પરિવર્તન જણાય છે. જે શક્તિ સર્જનાત્મક કાર્યો કરે છે, તે જ શક્તિનો દુરુપયોગ કરવાથી તે વિનાશ પણ કરે છે. જેમ અણુ શક્તિનો વિકાસ તેમજ વિનાશ બંને માટે ઉપયોગ થઇ શકે છે તેમ. માટે આ પ્રભુની દિવ્ય ઓજસશક્તિનો સદુપયોગ મુક્તિ મેળવવા માટે કરવો. બ્રહ્મચર્ય પાલનથી જ તે શક્તિ ઊર્ધ્વ બની ચૈતન્યને ઊર્ધ્વગતિ આપે છે અને પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં સહાયક બને છે. જો તેની તે જ શક્તિનો પ્રજોત્પત્તિ અર્થે ઉપયોગ કરે તો તે પણ થાય. તે જ શક્તિ વિષયાનંદ પણ આપે અને ચૈતન્યનું અધઃપતન પણ કરાવે. માટે વિવેકી સાધકે ભગવાનનો આ સિદ્ધાંત સમજીને જીવનમાં ઉતારવો તે સર્વ પ્રકારે તેના હિતમાં છે.

બ્રહ્મચર્યપાલન વગર અનાદિકાળની વિષયાસક્તિનું વળગણ ટળે તેવું નથી. અનેક જન્મો ધરવા છતાં જીવના કારણશરીરમાં રહેલા વિષયના રાગ ટળતા નથી. આ લોકમાં ભગવાનના જ્ઞાનપ્રચાર આદિ સત્કાર્યો કરવા હોય તેમણે પણ બ્રહ્મચર્ય તો પાળવું જ પડે, નહીં તો તેવા રાગવાળા નમાલા માણસો પોતાનો તથા બીજા કોઈ જીવનો ઉદ્ધાર શું કરે? તેમનાથી કંઈ દી' ન વળે. (**नयेनआत्माबलहीनेनलभ्य:** બળહીનોથી આત્મા (પરમાત્મા)ની પ્રાપ્તિ થતી નથી. — સ્વામી વિવેકાનંદ) કામવિકાર જીતવા માટે બાળ ઘનશ્યામના સ્વરૂપનું ધ્યાન શ્રેષ્ઠ ઉપાય છે. તે સ્વરૂપ સંપૂર્ણ નિર્દોષ હોવાથી તેના ધ્યાનથી વિકારો જીતાઈ ને નિર્દોષતા આવે છે. જેમ સાયકલ શીખવાની શરૂઆત કરે ત્યારે પહેલા અઘરું લાગે, પણ અભ્યાસથી તેની ઊપર કાબૂ આવી જાય. તેમ અભ્યાસથી બ્રહ્મચર્ય પાલન સરળ બને છે.

ગૃહસ્થોએ પણ શાસ્ત્રના નિયમ પ્રમાણે બ્રહ્મચર્યનું પાલન કરવું. તેમણે પણ ઋતુ સમયે જ સ્ત્રી સંગ કરવો. તે પણ ફક્ત ઉત્તમ સંતતિની પ્રાપ્તિ માટે જ. એક અથવા બે સંતાનો થઇ જાય પછી સંસારસુખ ભોગવવાની ઈચ્છાનો ત્યાગ કરી સહસંમતિથી બ્રહ્મચર્યનું પાલન કરવું. સ્ત્રી રજસ્વલા થાય તે દિવસથી સોળ દિવસમાં પહેલા પાંચ દિવસ બાદ કરવા અને alternate એક છોડીને બીજી રાત્રિઓએ જ સમાગમ કરવો. તેમાં પણ અગિયારસ, પૂનમ, ભગવાનના પ્રાગટ્યદિન આદિ





વ્રતના દિવસો બાદ કરવા. સમાગમ રાત્રિએ જ કરવો, પણ દિવસે ન કરવો. આ નિયમમાં જે રાગે કરીને ફેર પાડે, તે નકોરડા ઉપવાસે શુદ્ધ થાય. જો ગૃહસ્થ મુમુક્ષુ આ સિદ્ધાંત પ્રમાણે વર્તે તો ભગવાનનો સાક્ષાત્કાર કરી મુક્તદશા પ્રાપ્ત કરી શકે. અને આ લોકમાં પણ જીવોના ઉદ્ધારના કાર્યો કરી શકે એવી જબરદસ્ત શક્તિ પ્રગટ થાય, તેમના બાળકો પણ મહાન વિભૂતિઓ બની શકે. વ્યક્તિ ૫૦ વર્ષની ઉમર પછી પણ વિષયભોગ ચાલુ રાખે તો unpardonable માફ ન કરી શકાય તેવા કર્મ બંધાય, તેનું ફળ અનેક પ્રકારની વ્યાધિરૂપે ભોગવવું પડે, માટે ૫૦ વર્ષની ઉમર પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ થવાથી વિષયભોગની ઈચ્છાનો ત્યાગ કરી પતિ-પત્નીએ સહસંમતિથી બ્રહ્મચર્યનું પાલન કરવું આવશ્યક છે, જેથી પ્રભુનું સુખ પામવાની પાત્રતા આવે. આ મહારાજના સિદ્ધાંતને જીવનમાં ઉતારી તેનો પ્રચાર કરવો, જેથી અનેકનો ઉદ્ધાર થાય. (૨૪)

એકવાર મુક્તરાજ નારાયણભાઈએ જણાવ્યું કે મને જે ભક્ત નિષ્કામવ્રત બરોબર ન પાળતો હોય અને તેમાં શિથિલતાવાળો હોય તેની બહુ સૂગ છે. મહારાજે પોતે પણ નિષ્કામવ્રત ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. પ્રભુને પામવા માટેનો માર્ગ જ તે છે, તેમ કહીએ તો ચાલે. માટે ઈન્દ્રિયોને કુમાર્ગે ન દોરતાં પ્રભુમાં જોડવી, સદ્પ્રવૃત્તિ કર્યા કરવી જેથી મનની વૃત્તિ ડહોળાય નહીં. જે મનુષ્ય નવરો રહે તે કાં તો

ઊંઘ્યા કરે અને કાં તો વિષય ભોગવ્યા કરે, તેથી ચિત્તમાં રજોગુણ-તમોગુણ વૃદ્ધિ પામે. માટે આહાર-વિહાર યુક્ત કરી મલિન વાસના અને દોષો ટાળવા મંડી પડવું. કામ, ક્રોધ, લોભ આદિક અંતઃશત્રુઓ કાઢવા માટે કંઈ બહુ ઊંડા જ્ઞાનની જરૂર નથી પડતી. એ તો જાણીએ જ છીએ કે એ દોષો આવરણરૂપ છે. જન્મો ધરાવે તેવા છે. માટે મનમાં એમ નક્કી કરે કે એને નથી રાખવા અને તે કાઢવા મંડ્યો રહે તો જતા રહે, પણ એની સામે મુક્તના વચનથી, જ્ઞાનથી, સમજણથી લડાઈ ન લે અને પોપલાવ્યા કરે, પોષ્યા કરે તો તેઓ ન જાય. 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને, પરથમ પહેલું મસ્તક મૂકી વળતાં લેવું નામ જોને' એમ બોલ્યા અને જણાવ્યું જે, એવી રીતે શૂરવીર થવું, પણ કાયર થઈને દોષો, શત્રુઓ સામે હારી ન જવું.

જે સાધકો ધ્યાનમાં થોડા આગળ વધેલા હોય તેમને આવા દોષો મૂર્તિમાન દેખાય અને તેને કાઢવા જાય ત્યારે તેઓ મરણિયા થઈને સામા થાય. તેવા અનુભવો ધ્યાન માર્ગમાં થાય, પણ મહારાજ અને મુક્તના વચનમાં વિશ્વાસ, બળ ને શ્રદ્ધા રાખી તેની સામે લડે તો તેઓને ભાગવું જ પડે. ક્યાં સુધી ટકે? ઘણી વખત પૂર્વના કર્મસંસ્કારોને લીધે અથવા કોઈ મોટા મુક્તમાં તેવો દોષભાવ પરઠાઈ ગયો હોય તો તેવા શત્રુઓ વધારે પીડે. પણ મોટા મુક્તનો જોગ થાય તો તેવા મુમુક્ષુની મુક્ત રક્ષા કરે અને તેના ચૈતન્યનું પતન





થવા ન દે. જ્યારે ભક્ત અથાક પુરુષપ્રયત્ન કરે તો મુક્ત બિરાજતા હોય તેમની પ્રસન્નતા થાય, એટલે પૂર્વના ગમે તેવા બલિષ્ટ કુસંસ્કારો હોય તેનો પણ નાશ થઈ જાય. અને પૂર્વે કોઈ મુક્તને વિષે કોઈ દોષ પરઠાયેલો હોય તો તેનું પણ નિવારણ થઈ જાય છે. માટે તેવા શત્રુઓ સાથે બરોબર લડવું પણ હારી જવું નહીં. જ્યારે તેવા શત્રુઓ જવાના હોય, ત્યારે વિશેષ બળ જણાવે.

જેમ કોઈ શત્રુ કોઈના ઘરમાં ઘુસી ગયો હોય અને વર્ષોથી તેના મકાનમાં રહેતો હોય તેને કાઢવા જાય ત્યારે સામો થાય. જ્યારે શૂરવીર થઈને તેને મારીને કાઢે, ત્યારે જાય. પરંતુ કાયર થઈને ન લડે તો જાય નહિ ને કાયમનું ઘર કરે. તેમ અંતઃશત્રુઓ જ્યારે જવાના હોય, ત્યારે તે વધારે સામા થાય અને અંતરમાં પીડે. તેની સાથે બરાબર લડાઈ લે અને કાયર ન થાય તો તે શત્રુઓ જતા રહે, પણ જેમ વિષય વધારે ભોગવે અને ઈન્દ્રિયોને છૂટી મૂકે તો વધારે ને વધારે શત્રુઓ બળવાન બને. પછી તેને ટાળવા કઠણ પડે. માટે જે ગામ જવું નહીં તેનો માર્ગ શું પૂછવો? તેમ વિચારી વિષયનો માર્ગ જ બંધ કરી દેવો, તેને વિષેના સંકલ્પ બંધ કરી દેવા. જો તેને વિષે સંકલ્પ કર્યા કરે તો ઘાટની મૂર્તિ બંધાય અને જે સંસ્કારો દબાયેલા હોય તે ફરી પાછા ઊઠે અને બળવાન બને. માટે વિષયોના સંકલ્પ ન કરવા. આવા દોષો ટાળવા મહારાજને અને મોટા મુક્તને અંતરથી ગદગદ

કંઠે પ્રાર્થના કર્યા કરવી, એટલે મહારાજ અને મોટા મુક્ત દોષ જીતવામાં સહાય કરે.

તે સંદર્ભમાં સેવકે પ્રશ્ન પૂછ્યો જે એ દોષો, શત્રુઓ તે શું છે? ત્યારે ગુરુવર્ય મુક્તરાજે કહ્યું જે, એ દોષો આસુરી-માયિક શક્તિ છે. સારા નરસા સંસ્કારો પણ એક જાતની energy શક્તિ જ છે. કર્મો કરવાથી તેના સંસ્કારો ચિત્તમાં record અંકિત થઈ પ્રભુની અન્વયશક્તિ દ્વારા કારણશરીર સાથે જોડાઈ જાય છે. તેમાં સારા કર્મોના સારા સંસ્કારો બંધાય અને ખરાબ કર્મોના ખરાબ સંસ્કાર બંધાય. તેનું ફળ અનુક્રમે સારું-નરસું હોય છે. કર્તાપણું મહારાજનું માની ને પોતે અકર્તા બની નિરાસક્તભાવે કર્મ કરે તો તેને સારા નરસા કોઈ કર્મ ન લાગે. તે કર્મબંધનથી રહિત થઇ જાય.

Perfect celibacy is must for uplifting of soul સંપૂર્ણ સહજ બ્રહ્મચર્ય આત્મા ઉપરના બધા આવરણો ટાળવામાં અતિ આવશ્યક સાધન છે. માટે બ્રહ્મચર્યનું બરાબર પાલન કરવું. જેમ ઔષધમાં રોગ કાઢવાની શક્તિ છે, તેમજ પ્રજનન શક્તિનું ઓજસમાં રૂપાંતર થયું હોય તે ઓજસમાં પણ આવરણો ટાળવાની અલૌકિક શક્તિ છે. આત્મા વસ્તુગતે નિર્મળ અને ચોખ્ખો છે, પણ અનાદિકાળથી અજ્ઞાન-અવિદ્યારૂપ માયિક આવરણોથી લદાયેલો છે. તે આવરણો અહંકાર, રાગ, દ્વેષ વગેરે કારણશરીરથી સૂક્ષ્મ અને સ્થૂળ શરીર સુધી અને તેથી પર જગત, બ્રહ્માંડો સુધી રહેલા છે.





આ ચૈતન્યમાં આવરણો પેસી નથી ગયાં. જેમ સૂર્ય ઉપર વાદળાં આવીને તેના પ્રકાશને ઢાંકી દે છે, પણ વાદળો સૂર્યમાં પેસી નથી ગયા. જ્યારે વાદળો ખસી જાય એટલે સૂર્યપ્રકાશ પૂર્વવત્ જણાય. તેમ ચૈતન્યને ઢાંકીને આવરણો રહેલાં છે.

જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે એકેય આવરણ ન રહે, ચિત્તના સારા-નરસા બધા જ સંસ્કારોનો નાશ થઇ જાય એટલે આત્મા સંપૂર્ણ મુક્તિ અનુભવે, પણ જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી ચિત્તમાં સંસ્કારો રહે છે. અમુક સંસ્કારો સૂક્ષ્મભાવ પામી કારણ અવસ્થામાં દબાયેલા રહે છે. જ્યારે યોગ્ય વાતાવરણ ને યોગ્ય સંજોગો ઉપસ્થિત થાય, ત્યારે તે કારણ અવસ્થામાંથી જાગૃત થઇ સૂક્ષ્મમાં આવે અને પછી સ્થૂળશરીરમાં આવે, એટલે તે ક્રિયા સ્થૂળશરીર કરે. પછી તે ક્રિયાની પ્રતિક્રિયારૂપે પાછા સૂક્ષ્મ થઇ કારણ અવસ્થામાં આવી જઈ ચિત્તમાં સંસ્કારરૂપે અંકિત થઇ જાય. તેનું કર્મ બંધાય અને તે કર્મનું કર્મફળપ્રદાતા પરમાત્મા પોતાની અન્વયશક્તિ દ્વારા ફળ આપે. આમ વારંવાર તેવા કર્મો કરવાથી સંસ્કારો પ્રબળ બને, એટલે જીવ કર્મો પ્રમાણે વિવિધ યોનીઓમાં જન્મો ધર્યા કરે ને પોતાના ચૈતન્ય ઉપર વધુને વધુ આવરણો લાદતો જાય.

આ આવરણો પણ જડ માયિકશક્તિ છે. તે બ્રહ્મચર્ય પાલન, સાંખ્યવિચાર, અંતઃકરણની નિર્મળતા તથા ધ્યાન-ભજનથી નાશ પામે છે. સાધક જ્યારે બ્રહ્મચર્ય પાળે, ત્યારે

વીર્યશક્તિનો સંગ્રહ થાય. આપણે અનાજ ખાઈએ છીએ તે અનાજમાં સૂર્યશક્તિ દ્વારા ઉદ્‌ભવેલી પ્રાણશક્તિ રહેલી છે. તે અનાજમાંથી રસ, રક્ત. માંસ, મેદ, અસ્થિ, મજ્જા વગેરે ધાતુ બને છે અને તેમાંથી અર્કરૂપે વીર્ય બને છે. તે વીર્યમાં ખોરાકના સત્વો વિટામીનો, પ્રોટીનો, કાર્બોદિત પદાર્થો, ખનીજો વગેરે પોષક તત્વોના extract form અર્કરૂપે હોય છે. વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે વીર્યમાં ૨૦૦ જાતના પ્રોટીનો, લેસિથીન, ન્યુક્લીઓ પ્રોટીન, સોડીયમ, પોટેશિયમ, મેગ્નેશિયમ, ઝીંક, વિટામીન સી, વિટામીન બી-૧૨ વગેરે શરીર, મગજ તથા ચેતાતંત્રને અતિ ઉપયોગી પોષક તત્વો હોય છે.

જે માણસના શરીરમાં જેમ વીર્ય વધારે, તેમ તે વધુ શક્તિશાળી, વધુ બળવાન, વધુ બુદ્ધિશાળી, ઉત્તમ મગજશક્તિવાળો ને પ્રબળ ઇચ્છાશક્તિવાળો હોય છે. સાત્ત્વિકબુદ્ધિવાળા ને વિવેકી માણસો પણ વિચારપૂર્વક બ્રહ્મચર્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. તો સાધક માટે તો બ્રહ્મચર્ય અનિવાર્ય હોય જ તેમાં શું કહેવાનું હોય? જ્યારે ઇન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરી ભગવાનનું ધ્યાન કરે, ત્યારે પ્રાણ નિયમમાં આવે છે. તે પ્રાણશક્તિથી વીર્યશક્તિનું ઓજસ અને તેજસ શક્તિમાં રૂપાંતર થાય છે ને તેમાંથી એક જાતની વીજચુંબકીય શક્તિ જેવી ઊર્જા ઉત્પન્ન થાય છે. તેથી ચિત્તમાં રહેલા સંસ્કારો અને ચૈતન્ય ઉપર રહેલાં આવરણો નાશ પામે છે. એકલા બ્રહ્મચર્ય પાલન માત્રથી જ સાક્ષાત્કાર થઇ





જતો નથી. જ્યારે બ્રહ્મચર્ય સહજ બને, બધી ઇન્દ્રિયો ને અંતઃકરણનો સંયમ સધાય, કોઈ મલિન ઘાટ-સંકલ્પ જ ન થાય, ત્યારે ઊર્ધ્વરેતા થઇ પાત્રતા આવે અને પછી મહારાજની અને મોટાની કૃપા થાય, ત્યારે તે કૃપાશક્તિ, અનુગ્રહા શક્તિ દ્વારા જ સાક્ષાત્કાર થાય છે. બ્રહ્મચર્ય પાલન સો જન્મ સુધી કરે, પણ જો પ્રભુ અથવા પૂર્ણમુક્તની કૃપા ન થાય, તો સાક્ષાત્કાર ન થાય. માટે બ્રહ્મચર્ય પાલન માત્રથી જ સાક્ષાત્કાર થતો નથી, પાત્રતા અને યોગ્યતા કેળવવા માટે પાયામાં તેની જરૂર ખરી. બ્રહ્મચર્યનું પાલન કરવાથી ધીરે ધીરે તે સહજ બને ત્યારે ઊર્ધ્વરેતા થવાય. પ્રજનન શક્તિનું sublimation ઊર્ધ્વીકરણ થાય એટલે પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર જીરવવાની પાત્રતા, યોગ્યતા થાય. પછી મોટા મુક્ત જ્યારે તેની ઉપર કૃપા કરે, ત્યારે સાક્ષાત્કાર થાય. માટે સાધકે આ અતિ સૂક્ષ્મ વાતને બરાબર સમજી નિષ્કામવ્રતની દૃઢતા કરવી.

બ્રહ્મચર્યવ્રતનું જેને પાલન કરવું હોય તેમણે ડુંગળી, લસણ વગેરે તામસી પદાર્થનો ત્યાગ કરવો તથા અતિ ગરમ પદાર્થો, ગરમ મસાલા, મરચાં વગેરેનું અતિ પ્રમાણ વર્જવું. કારણ કે ગરમ વસ્તુઓ પ્રમાણ કરતાં અધિક ખાવાથી લોહી ગરમ થાય છે. લોહી ગરમ થાય એટલે જેમ માખણ તપાવીએ એટલે ઘી છૂટું પડે, તેમ લોહીમાંથી વીર્ય છૂટું પડે અને રજોગુણ-તમોગુણના પ્રભાવથી વિષયવાસના ઉત્પન્ન થઇ gonad glands નામની અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી hormones સ્રાવરૂપે બહાર આવે, એટલે ઉત્તેજના અનુભવાય અને તેથી

બ્રહ્મચર્ય ખંડિત થાય. માટે રાજસી-તામસી પદાર્થો, બીડી, સિગારેટ, તમાકુ, નશાકારક પદાર્થો, ચા, કૉફી વગેરે પદાર્થોનો ત્યાગ કરવો. રસાસ્વાદ જીતવાથી જ બીજી ઈન્દ્રિયો સહેલાઈથી જીતાય છે. માટે તે પણ ધ્યાનમાં રાખવું ઘટે. મનમાં સ્ત્રી આદિકનો સંકલ્પ થાય એટલે તરત જ ભગવાનની મૂર્તિ અને મુક્તને સંભારવા. તેથી મન સ્ત્રીનો સંકલ્પ મૂકી ભગવાનમાં જોડાઈ જાય. માટે સંકલ્પને ખોટા કરતાં શીખવું. મહારાજ અને મુક્તને સંભારી તેમને સહાય કરવા પ્રાર્થના કરવી એટલે તરત જ રજ-તમ ગુણની શાંતિ થઈ સત્વગુણ પ્રગટે. આ બધા ઉપાયો બ્રહ્મચર્યવ્રતધારીએ ખાસ ધ્યાનમાં રાખવા. (૨૫)

સ્ત્રી-પુરુષના શારીરિક આકાર જુદા છે. પરંતુ ચૈતન્યમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી. સ્ત્રીમાં રહેલ ચૈતન્ય મહાન હોય તો પણ તેના શરીર સાથે રૂપ તેમજ ત્રિગુણાત્મક માયારૂપ શક્તિ જોડાયેલી છે, જે સાધનદશામાં ગાફેલ રહેનાર, અજાગૃત રહેનાર પુરુષ માટે અધઃપતનની શક્યતા વધારે છે. એવી જ રીતે સ્ત્રી માટે પુરુષની આકૃતિ વિકારનું કારણ બને છે. પ્રભુની કૃપા પામેલ સાધકે પણ સતત જાગૃત રહેવું જરૂરી છે. કામશક્તિના sublimation ઊર્ધ્વીકરણ માટે સતત જાગૃતિ તેમજ પ્રભુના સ્વરૂપ સાથે ઐક્ય સાધવાના અભ્યાસની અતિ આવશ્યકતા છે. પ્રભુના સ્વરૂપના ધ્યાન-ચિંતન સાથે તેમના કલ્યાણકારી ગુણોનું ચિંતન કરી, તે કલ્યાણકારી ગુણોનો પોતામાં આવિર્ભાવ થાય છે, તેમ ધારણા કરી, તે ગુણો





જીવનમાં આત્મસાત્ કરવા. જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી આ અભ્યાસ કર્યા જ કરવો ને સમગ્ર જીવન યોગરૂપ બનાવવું. (૨૬)

બ્રહ્મચર્યવ્રતમાં ખામી હોય ત્યારે શરીરમાં વિવિધ chemical reactions રાસાયણિક પ્રક્રિયાઓ દ્વારા જીવનશક્તિનો હ્રાસ થતો હોવાથી શરીરમાં અનેક રોગો ઘર કરે છે. પ્રભુની ચરણરજ દ્વારા પ્રભુ તથા મુક્તની સંકલ્પશક્તિથી તે રોગો કેટલેક અંશે મટે ખરા, પરંતુ સંયમી જીવન ન રાખે તો રોગો ફરી પાછા પ્રવેશે. સંયમી જીવન રાખવાથી ચરણરજમાં રહેલી દિવ્યશક્તિ તન-મનને નીરોગી બનાવે છે. પ્રભુ તથા મુક્તોના સંકલ્પથી ગમે તેવા રોગ પણ નષ્ટ થઈ શકે, પરંતુ સંયમી જીવન ન હોય તો પ્રભુ અને મુક્તો તેને બહુ મદદ ન કરે ને તે રોગ રૂપે શિક્ષા કરે છે. પ્રભુની દિવ્યશક્તિ ગ્રહણ કરવા તથા આશીર્વાદ ઝીલવા માટે દૃઢ શ્રદ્ધા, નિષ્કામવ્રતની દૃઢતા અને પવિત્રતા હોવા ખૂબ જ આવશ્યક છે. (૨૭)

તત્કાળ મૂર્તિનું સુખ આપવામાં મુક્ત સમર્થ હોય છે, પણ પૂર્ણ પાત્રતા વગર તે જીરવી શકાતું નથી. પાત્રતા થયે, સ્થિતિ થયે, સુખ આવે તો તે ટકે. જેમ બાપની મિલકત વગર મહેનતે મળે તો છોકરાં વેડફી નાંખે, પણ જો પોતે મહેનત કરીને રળે તો તે ટકે ને વધુ ને વધુ મહેનત કરી કમાય. તેમ પાત્ર થઈ મુક્ત દ્વારા પ્રભુનું દિવ્યસુખ પામે તો તે ટકે ને વધુ ને વધુ સુખ ભોગવવા સમર્થ થતો જાય. (૨૮)

# ૧૦

# કૃપા

**એક સત્ય હકીકત એ પણ છે કે પોતાની મેળે સાધક ગમે તેટલું મથે, સાધના કરે, એ જ્ઞાનસાગરનું મંથન કરે, પરંતુ જ્યાં સુધી મહારાજ અને મુક્તપુરુષનો કૃપાપ્રસાદ તેને પ્રાપ્ત નથી થતો, ત્યાં સુધી સાધનાપથ પર એક ડગ પણ આગળ વધવા સક્ષમ બનતો નથી. સાધકને સાધનાપથ પર કૃપા અતિ આવશ્યક છે. તે ન મળે તો પુરુષાર્થ વ્યર્થ જાય છે. કૃપા એ ફક્ત શબ્દ કે વિચારમાત્ર નથી, પરંતુ પરમાત્માની જબરજસ્ત અનુગ્રહાશક્તિ છે.**

મુક્તની કૃપા જેની ઉપર થાય તેના ચૈતન્યનું શુદ્ધિકરણ ને ઊર્ધ્વીકરણ ધીમે ધીમે ચોક્કસપણે થયા વગર રહેતું નથી. કારણ કે કૃપામાં અપાર શક્તિ છે, પરંતુ જો તે કૃપાની સાથે સાથે સાધક પુરુષપ્રયત્ન કરી શુદ્ધ જીવન જીવે તો પ્રગતિ વિના વિલંબે ત્વરિત ગતિથી થાય. (૧)

પોતાના કુસ્વભાવ ને અંતઃશત્રુઓ જીતવા માટે કેવળ પુરુષપ્રયત્નરૂપ સાધનનો ભાર રાખ્યા કરે અને પરમાત્માની ને મુક્તપુરુષોની કૃપાને ન માને તો સાધન સાથે સૂક્ષ્મ





અહંકારનું વળગણ છે તે દૂર ન થાય. તે માટે વિચારક સાધકે પોતાના પુરુષપ્રયત્નમાં પ્રભુકૃપા ભળે તે માટે આર્તનાદે અંતરમાં પ્રભુને તથા મુક્તને પ્રાર્થના કર્યા કરવી. પ્રાર્થના અમોઘ સાધન છે. પ્રાર્થના કરવાથી સાધનામાં પ્રભુકૃપા ઊતરે અને અંતઃકરણ નિર્મળ થવાથી સ્વભાવ, અંતઃશત્રુઓ હટી જઈ સાચી પ્રગતિ સધાય. દરેક સાધન કેવળ પ્રભુપ્રસન્નતા માટે જ થવા જોઈએ. (૨)

મુમુક્ષુને પુરુષપ્રયત્ન કરીને પાત્રતા થાય, પરંતુ પ્રભુ તથા તેમના સાક્ષાત્કારવાળા સિદ્ધમુક્તની કૃપા વગર પ્રભુનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. જ્યારે પ્રભુનું અથવા મુક્તનું પૃથ્વી પર પ્રગટપણું હોય, ત્યારે તેમના જોગ-સમાગમ-સેવાથી, તેમની પાસેથી શુદ્ધ ઉપાસના અને પ્રભુના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને તેમની પ્રસન્નતા મેળવે તો તેમની હયાતીમાં, તેમની કૃપાથી સાક્ષાત્કાર થાય. કેવળ સાધનના બળથી સાક્ષાત્કાર સંભવતો નથી. મુક્તની હાજરીમાં જ તેમની પ્રસન્નતાના સાધનની શરૂઆત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હોય તો તેઓ મનુષ્યરૂપે અદૃશ્ય થયા પછી પણ કૃપા કરીને સાધકને સાક્ષાત્કાર કરાવી સિદ્ધદશા પમાડે. (૩)

મોટા મુક્તની કૃપા જેની ઉપર થઇ હોય તેમને ખોટા કાર્ય કરતાં અંતરપરદે રહેલા પરમાત્મા રોકે છે અને રક્ષા પણ કરે છે. તેમ ન કરે તો ચૈતન્યનું પતન થતાં વાર ન લાગે. (૪)

ગમે તેટલાં સાધન કરે, પરંતુ મોટા મુક્તને રાજી કર્યા વગર સાક્ષાત્કાર થતો નથી. જેને જેને આધ્યાત્મિક માર્ગે કંઈ પણ પ્રાપ્તિ થઈ છે, તેને મોટા પુરુષની પ્રસન્નતા તથા કૃપા વગર થઈ નથી. (૫)

શ્રીજીમહારાજની આજ્ઞા પાળતો હોય તથા નિયમ-ધર્મમાં બરોબર વર્તતો હોય, પરંતુ જો તેમાં અહંકાર ભળે તો આજ્ઞા યથાર્થ પળે નહીં અને ઉપરથી તો દંભે કરીને આજ્ઞા બરોબર પાળે છે તેમ બીજાને જણાય, પણ તેમાં સચ્ચાઈ, પવિત્રતા ને પ્રસન્નતાનો અભાવ હોય છે. પરંતુ જેને અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ હોય અને તેના ઉપર એ મુક્તની પ્રસન્નતા તથા કૃપા ઊતરી હોય, તો એ કૃપાના બળે કરીને આજ્ઞા બરોબર પળાય છે ને આજ્ઞા પાળવામાં પ્રયાસ ઓછો પડે છે. કૃપાથી બધું કાર્ય સરે છે, કૃપા બહુ મોટી શક્તિ છે. (૬)

પ્રભુ તથા મુક્તપુરુષ પાસે પોતાના બધા જ ઠરાવો (જીદ્દીઈચ્છા - હઠાગ્રહ) મૂકી દે, તો તેની સાધનામાં પ્રભુકૃપા ત્વરિત ગતિથી ભળે અને પ્રગતિ થાય. ઠરાવો મૂકવાથી અહંકાર ઘસાય તેથી સરળતાથી પાત્રતા આવે. (૭)

સાધકને સાધનનો ભાર હોય ત્યાં સુધી કોટી જન્મ પર્યંત દાખડા કરે તો પણ દિવ્યસુખની પ્રાપ્તિ ન થાય અને મુક્તદશા પણ ન આવે. એ તો જ્યારે પ્રભુ તથા તેમના સિદ્ધ અનાદિમુક્ત કૃપા કરીને જીવને પોતાના સુખમાં લઈ જાય ત્યારે જ પૂરું થાય. (૮)





સાક્ષાત્કારની ઈચ્છા રાખ્યા વગર તે માર્ગે આગળ વધવા પ્રયત્ન કરવો, પણ કેવળ ઈચ્છા રાખે પ્રાપ્તિ ન થાય. એવી ઈચ્છા જન્મો ધરાવે. જીવને જ્યાં સુધી છૂપું નાસ્તિકપણું હોય, ત્યાં સુધી સિદ્ધદશા ન આવે, પરંતુ જો જીવમાં યથાર્થ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો મોટા મુક્ત તેને અંત વખતે કૃપા કરીને સિદ્ધદશા કરાવીને મૂર્તિના સુખમાં મૂકે, પરંતુ દેહમાં હોય ત્યારે અતિ પુરુષપ્રયત્ન કરીને પાત્ર થાય ને પ્રભુકૃપાથી સાક્ષાત્કાર થાય તો તેને સુખ ભોગવવાની ગતિ-સામર્થી કેવળ કૃપાથી સુખમાં ગયો હોય તેનાથી અનેક ગણી વિશેષ હોય. એ સુખમાં રહ્યા છતાં પણ એ સુખ ભોગવવાની ગતિ-સામર્થી વધતી જ જાય. ઘણી વખત પૂર્ણ પાત્ર ન થયેલા જીવોને પણ મોટા મુક્ત કૃપા કરીને અંત વખતે સુખમાં મૂકે, પણ તેને પૂર્ણ પાત્ર થવા માટે પાછો જન્મ ધરાવે. કેવળ કૃપાથી સુખમાં પહોંચે તો પણ બધા દુઃખોનો અંત આવી જાય. (૯)

મોટા સમૈયાઓ, યજ્ઞો, બ્રહ્મયજ્ઞો વગેરે તીર્થ સ્થાનમાં થતાં હોય ત્યારે અનાદિમુક્તનું એ સમયે મનુષ્યરૂપે પૃથ્વી ઉપર વિચરણ હોય, તો તેમના દ્વારા વ્યતિરેક સ્વરૂપે રહેલા શ્રીજીમહારાજ અનંત જીવોના કલ્યાણ કરે છે. મુક્ત દ્વારા મુમુક્ષુ જીવો ઉપર ખૂબ પ્રસન્નતા જણાવે છે. એ મુક્તના મનુષ્યરૂપે પ્રગટપણાની વિશિષ્ટતા છે. અનંત જન્મના પુણ્યે પણ અનાદિમુક્તના જોગ-સેવા-સમાગમનો લાભ મળતો નથી. એ કેવળ તેમની નિષ્કારણ કૃપાથી જ મળે છે, માટે એવી

તક મળે તો તુરત જ ઝડપી લેવી. (૧૦)

સ્ત્રી-ધનમાં અર્થાત્ જડ-ચૈતન્ય માયામાં આસક્ત જીવો પ્રભુને તથા મુક્તને પસંદ નથી, પણ તેવા અધમ ઉપર પણ મુક્ત કૃપા કરે છે. ક્યારેક પાપી ઉપર વધારે પ્રસન્નતા જણાવતા હોય તેમ જણાય, પરંતુ તે તેમની મરજી ઉપર અવલંબે છે અને તેની પાછળ અનેક કારણો રહેલાં હોય છે. (૧૧)

મુમુક્ષુ સાધકોના રાગ ટાળવા ઘણીવાર મુક્ત તેમની કસોટી કરતા હોય છે કે આને દેહભાવ કેવો છે? પછી તેમની કસોટીમાંથી જે સાધક પાર ઊતરે તેમની ઉપર કૃપા કરીને તેમને મહારાજના દિવ્યસુખનો અનુભવ પણ કરાવે છે. (૧૨)

બાપાશ્રી શ્રીજીસંકલ્પથી અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ જીવોને પમાડવા કૃપા કરી પ્રગટ થયેલા. તેથી તે સ્વરૂપનું સદાય પ્રત્યક્ષપણું, પ્રગટપણું હોવાથી કોઈ પણ મુમુક્ષુ આત્મા તેમને સંભારી ગદગદ કંઠે, વિનમ્રભાવે પ્રાર્થના કરે કે હે બાપાશ્રી! મારા ચૈતન્યને કૃપા કરી પ્રભુના સ્વરૂપમાં રાખજો. તો જો સાચા ભાવે પ્રાર્થના કરે તો તરત જ બાપાશ્રીના દિવ્ય આશીર્વાદ તેની ઉપર ઊતરે અને ચૈતન્યનું ઊર્ધ્વીકરણ થઈ અંતે આત્યંતિક મોક્ષ થઈ ને અનાદિમુક્તની સ્થિતિને પણ પામે. (૧૩)





'આ સત્સંગમાં સહુ કોઈ મહારાજને રાજી કરવા તથા મૂર્તિના સુખને પામવા સારુ આવ્યા છે. તેથી અનેક પ્રકારના દાખડા કરે છે, પણ માન, મોટપ, કીર્તિ, પ્રસિદ્ધિ વગેરે મૂકી શકતા નથી. તેથી તેને એ મૂર્તિનું સુખ પણ આવતું નથી. માટે જેને મહારાજનું દિવ્યસુખ પામવું હોય તેણે એ સર્વેને હરામ કરવાં જોઈએ.' ---પરમ કૃપાળુ બાપાશ્રી

જેને મહાપ્રભુજીના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો હોય અને એ મૂર્તિનું દિવ્યસુખ પ્રાપ્ત કરવું હોય તેણે પ્રથમ બાપાશ્રીના આ વચનો અતિ દૃઢ કરીને તેનો સાક્ષાત્કાર કરવો. પછી મૂર્તિનો સાક્ષાત્કાર ઈચ્છવો. એ વચન પ્રમાણે દૃઢતા થયા પછી પાત્રતા આવે ને પાત્રતા થયે કૃપા ઊતરે, ત્યારે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ મુક્તદશા આવે. બાપાશ્રીના વચનની દૃઢતા કર્યા વગર મુક્ત પાસે સાક્ષાત્કારની તથા પ્રભુદર્શનની માગણી કર્યા કરે અને અંતરમાં માન, મોટપ, યશ, કીર્તિ મેળવવાના રાગ રહ્યા હોય તેને ઓળખીને કાઢે નહીં, તો તેની ઉપર મુક્તની કૃપા ક્યાંથી ઊતરે? માટે એવી ઈચ્છા રાખવી તે અજ્ઞાન છે. (૧૪)

પ્રાર્થનામાં અજબ શક્તિ છે. તેનાથી સાધનકાળમાં ખૂબ હુંફ, બળ અને સંતોષની લાગણી અનુભવાય છે, પરંતુ અમુક કક્ષાએ પહોંચ્યા પછી પ્રભુ પાસે કોઈ માંગણી કરવાની રહેતી નથી. સાધકમાં જ્યાં સુધી માંગણી અથવા યાચનાનો ભાવ છે, ત્યાં સુધી સકામભાવ છે. તે પાત્રતામાં અધૂરપ સૂચવે

છે. એક કક્ષાએ પહોંચ્યા પછી સાધકને પોતાને જ એવો અનુભવ થાય છે કે, પ્રભુથી કોઈ વાત અજાણી નથી. તેઓ તો સર્વજ્ઞ છે. તે જે કંઈ કરે છે તે બધું મારા હિતમાં અને યોગ્ય જ છે. પછી પ્રાર્થનાની કે યાચનાની આવશ્યકતા રહેતી નથી. પ્રભુને બધી જ ખબર છે કે, તે સાધકની શું જરૂરિયાત છે અને તે ક્યારે પૂરી પાડવી યોગ્ય છે. તેની બધી જાણ હોવાથી પ્રભુ યોગ્ય પળે તેના મનોરથ પૂરા કરે છે અને સહાય તથા રક્ષા પણ કરે છે. (૧૫)



અમૃત સાગર સાધકને...ભાગ-૧

# ૧૧

# ઐશ્વર્ય સામર્થ્ય

**સાધક જ્યારે સાધનાની સાચી રાહ પર પ્રયાણ કરે, ત્યારે ધીમે ધીમે તેનામાં ઐશ્વર્ય, સામર્થ્ય, સિદ્ધિ આવે તે સ્વાભાવિક છે. જ્યાં સુધી લક્ષ્ય પ્રાપ્તિ નથી થઈ, ત્યાં સુધી આવા લોભામણા અવરોધો સાધનાપથ પર આવવાના જ. તે દરેકમાં સમતા રાખી તેમાં બંધાયા સિવાય સમજણપૂર્વક કઈ રીતે પાર ઊતરવું તેને માટે અત્રે દર્શાવેલા સૂચનો સાધકને સાચા પથદર્શકની ગરજ સારશે.**

ચૈતન્યને પ્રભુપ્રાપ્તિ કરવા માટેના બે માર્ગ છે. એક તો અષ્ટાંગ યોગ, તેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ. તેના દ્વારા શરીરના જુદા જુદા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણીપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રાર વગેરે ચક્રોને કાર્યરત કરી તે ચક્રો ખોલી તેમાંથી શક્તિને ઊર્ધ્વ લઇ જવી. આ યોગ માર્ગમાં ચક્રો ખૂલવાથી શક્તિ ઊર્ધ્વ થાય અને તેથી સિદ્ધિઓ અને ઐશ્વર્ય પ્રાપ્ત થાય. તે યોગશક્તિ દ્વારા યોગી તે સિદ્ધિઓથી બીજાને આકર્ષવા પ્રયત્ન કરે એટલે તેની પ્રગતિ અટકી પડે. Progress

stops there. તેથી પ્રભુનો સાક્ષાત્કાર પામવામાં અતિ વિલંબ થઇ જાય. પરંતુ સિદ્ધિઓનો ઉપયોગ ન કરતાં પ્રાણને નિરોધે ચિત્તનો નિરોધ કરી નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ કરે તો પ્રભુના સાક્ષાત્કારને પામે, પરંતુ તે માર્ગ રસિક અને લોભામણો છે. જ્યારે બીજા માર્ગમાં તો એક પ્રભુની જ સર્વોપરી ઉપાસના કરીને તેનું જ ધ્યાન-ભજન-સ્મરણ કરીને ચૈતન્ય ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ કરીને પ્રભુનો સાક્ષાત્કાર કરે છે. પ્રભુનો સાક્ષાત્કાર કર્યા પછી બીજી કોઈ પ્રાપ્તિ તેને માટે બાકી રહેતી નથી. તેને આગળ કહ્યા તેવા યોગી કરતાં અનંતગણું ઐશ્વર્ય અને સુખ પ્રાપ્ત થાય. તે શક્તિ સામર્થ્ય અધૂરા યોગીને હોય તેવી ભૌતિક સિદ્ધિ નથી હોતી, પણ દિવ્ય ને કલ્યાણકારી હોય છે. (૧)

ઐશ્વર્યના રાગરૂપી અશુદ્ધિ જ્યાં સુધી રહે, ત્યાં સુધી ચૈતન્ય સંપૂર્ણ નિર્મળ ન ગણાય. તે પૂર્ણતાને ન પામે. માટે ઐશ્વર્યના રાગરૂપી મલિનતા મુમુક્ષુએ કાઢવી જોઈએ. તો જ પ્રભુ જેવા નિર્મળ બની મુક્ત થઇ શકે. ઐશ્વર્યનો રાગ કારણશરીરથી પર રહેલો છે. એટલે તેને મહાકારણ કહેવાય છે. પ્રભુના સ્વરૂપમાં ને તેના સુખમાં ટકવું હોય તો પ્રભુ જેટલી જ નિર્મળતા પ્રાપ્ત કરવી પડે એ સિદ્ધાંત વાત છે. (૨)

ધ્યાન, ભજન, ભક્તિ વગેરે પ્રભુપ્રસન્નતાના સાધન કરતાં કરતાં કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે અંતઃશત્રુઓ





નાશ પામે, પછી તેને માન, સન્માન પ્રતિષ્ઠા, વગેરે મળે છે. તેમાં લોભાઈ ન જવાય તેનું સાધકે ધ્યાન રાખવું જોઈએ. અહંકારનું આવરણ સૌથી સૂક્ષ્મ છે. બીજા દોષો જતા રહે તો પણ તે રહી જાય છે. કોઈ માન આપે અને તેમાં આનંદ મનાય તથા અપમાન કરે તેમાં ગ્લાનિ થાય, તો સ્થિતિ બરોબર ન કહેવાય. માટે એ આવરણ તોડવા સતત જાગૃત રહે, તો પ્રભુની કૃપાથી તે આવરણ હટી જાય. જેને પ્રભુના સુખ સિવાય બીજી કોઈ ઇચ્છા નથી, તેણે માન-સન્માનના ધણી એક પ્રભુને જ રાખવા અને તેમનું જ કર્તાપણું માનવાથી આવા સૂક્ષ્મ આવરણો જલદી ટળી જાય છે. (૩)

પ્રભુનું ધ્યાન કરવાથી, તે સ્વરૂપમાં જોડાવાથી અનેક પ્રકારના ઐશ્વર્યો અને સિદ્ધિઓ આવે, પરંતુ તેમાં ન લોભાતાં પ્રભુમાં જ જોડાવું અને આગળ વધવું. સિદ્ધિઓના રાગ પણ બંધનકારી છે. મુક્તને પ્રભુ સાથે અખંડ એકતા હોવાથી તેઓ પ્રભુની મરજી જાણી શકે છે, પરંતુ તે મરજી બીજાને જણાવતા નથી. નહીં તો અસમાસ થાય અને પ્રભુને ગૌણ કરી મુક્તને મુખ્ય ગણે. એવી જીવોની અણસમજણ હોય છે. તેમાં સત્યમૂર્તિ એવા મુક્તો હોય, તો કોઈ વાંધો ન આવે, પણ ખોટા દંભીઓ મુક્તનો સ્વાંગ રચી, અંધપરંપરા ચલાવી, જીવોની અધોગતિ કરતા હોય છે. એટલા માટે મુક્તો પ્રભુની મરજી કોઈને જણાવતા નથી. (૪)

ધ્યાન, ભજન વગેરે સાધન કરતા કંઇક ઐશ્વર્ય કે

સામર્થ્ય પ્રાપ્ત થાય તો તે સર્વ પ્રભુનું માનવું ને તેનો યશ, કીર્તિ માટે ઉપયોગ ન કરવો. કેવળ કલ્યાણ કરવા માટે જ ઉપયોગ કરવો. મહારાજ અને મુક્તનું જ કર્તાપણું માનવું. યશ, કીર્તિ, પ્રસિદ્ધિના રાગ અથવા દંભ તે સર્વે સમય આવ્યે ઓળખાય છે. ત્યાં સુધી દબાયેલા રહે છે. (૫)

ઐશ્વર્યાર્થીઓ પોતાનું માન મૂકી શકતા નથી. પોતે જેટલી સમજણ, કક્ષા ધરાવતા હોય, તેટલું જ જાણી શકે. તેનાથી પરની કક્ષાવાળાની ગતિ, સામર્થીને તેઓ જાણી શકતા નથી ને પોતાના ડહાપણનો ડોડ મૂકી શકતા નથી. યોગ, પ્રાણાયામ આદિ સાધન દ્વારા પ્રાપ્ત કરેલી અલ્પ સિદ્ધિઓથી બીજાને આકર્ષવામાં પોતાની જિંદગી વેડફી નાંખે છે. ક્યારેક પરમાત્મા અને તેમના લાડીલા અનાદિ મહામુક્તનો દ્રોહ અજ્ઞાનવશ કરે ત્યારે તરત જ તેનું ફળ પ્રભુ તેમને નથી ભોગવાવતા, પણ જ્યારે તે દ્રોહકર્મનું પ્રારબ્ધ બંધાય, પછી તેનું ફળ ભોગવવું પડે. કારણ કે તેઓ સાચું જ્ઞાન સમજી શકતા નથી ને પોતાનું ડહાપણ મૂકી શકતા નથી. કેટલાક લોકો યોગની થોડી સિદ્ધિથી પ્રાણાયમ કરીને ખાડામાં કે પાણીમાં છ-છ કલાક પડ્યા રહી લોકોને તમાશો બતાડી બધાનો સમય, શક્તિ ને પૈસા બગાડે. એવી ક્રિયાઓથી એનું કે બીજા કોઈનું કલ્યાણ થતું નથી. આકાશમાં ગમન કરે, દીવાલમાંથી નિસરી જાય, અંતરની વાત જાણે, વચનસિદ્ધિ વગેરે અનેક સિદ્ધિઓ હોય, પણ પ્રભુના





દિવ્યસ્વરૂપમાં મુક્તસ્થિતિ પ્રાપ્ત ન થઈ હોય તે બધાને માટે અનાદિમુક્ત સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે કે 'સબ માયા કા દાસ'

માયિક સિદ્ધિઓ અને પ્રભુ તથા તેમના અનાદિમુક્તની શક્તિ, સામર્થીમાં અનંતગણો તફાવત છે. જેમ અણુ વિસ્ફોટથી ઘણી શક્તિ ઉત્પન્ન થાય છે. તેમ કુંડલિની શક્તિથી જ્યારે ચક્રો ભેદાય છે, ત્યારે યૌગિક-પ્રાણમય શક્તિ ઉત્પન્ન થાય છે તે આખરે તો physical ભૌતિક શક્તિ છે ને તે અલ્પ છે. તેનો દુરુપયોગ કરી પરચા ચમત્કાર દેખાડે, એટલે તેનું પતન થાય. માટે જ બ્રહ્માનંદ સ્વામીએ કહેલું છે કે અગમ નિગમનું જાણે, આકાશમાં ઉડે, અંતરનું જાણે, તે બધા માયાના દાસ છે. તેવી સિદ્ધિઓ સાક્ષાત્કાર કરવામાં વિઘ્નરૂપ છે. તે કારણ કરતાં પણ સૂક્ષ્મ ઐશ્વર્યના રાગરૂપ મહાકારણ છે. માટે તેવા ઐશ્વર્યો ઈચ્છવા નહીં. સાક્ષાત્કાર થયા પછી પ્રભુની જે દિવ્યશક્તિ કાર્ય કરે છે, તેમાં અને ભૌતિક-માયિક સિદ્ધિઓમાં ઘણો ફેર છે. (૬)

અનાદિમુક્તની પ્રસન્નતાથી માન, મોટપ, પ્રસિદ્ધિ વગેરે મળવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે સમતા જાળવવી ને તેમાં આનંદ ન માનવો. કોઈ વખાણ કરે ત્યારે તે વખાણ પ્રભુના થાય છે, સન્માન પણ પ્રભુનું તથા તેમના મુક્તોનું થાય છે એમ માનવું. તે વખાણમાં પોતાને આસક્તિ ન થાય તે માટે વખાણને ઝેર તુલ્ય માનવું. એ ઝેરને ઓકી કાઢવા

એકાંતમાં જઈ, અંતરવૃત્તિ કરી, મહારાજ તથા મુક્તોને સંભારી, તેમના મહિમાનો અતિ દૃઢ વિચાર કરીને તે માન, મોટપ, વખાણરૂપી ઝેરને કાઢી નાખવું. શ્રીજીમહારાજે જ્યારે કાંકરીયા ઉપર મોટો યજ્ઞ કરેલો, ત્યારે સંકલ્પનો મંદવાડ ગ્રહણ કર્યો અને તેને ટાળવા ગણેશ ધોળકાની રાણમાં જઈને તે સંકલ્પનો મંદવાડ કાઢી નાંખ્યો. એમ શ્રીજીમહારાજે પોતાને નિમિત્તે પોતાના એકાંતિક ભક્તોને સંકલ્પ રહિત થવાનો ઉપાય બતાવ્યો, પોતે તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. (૭)



અમૃત સાગર સાધકને...ભાગ-૧

# ૧૨

# શિક્ષા

**જે ચૈતન્ય પ્રભુના માર્ગે ચાલ્યો, તેમના શરણે ગયો, પછી તે ચૈતન્ય તેના પથ પરથી ચલિત ન થાય, તે સમગ્રપણે શુદ્ધ થાય અને તેમાં કોઈ પણ જાતના દોષ ન રહે, તેની મહારાજ અને મુક્ત તકેદારી રાખે છે. આ લોકની કહેવાતી સિદ્ધિઓ, વિષયભોગમાં કે કીર્તિ- પ્રસિદ્ધિના રાગમાં લોભાઈને જો ચૈતન્ય વિચલિત થતો લાગે તો તે ચૈતન્યને મુક્ત શિક્ષારૂપે દુઃખ પ્રેરીને પણ પાછો તેના પથ પર લાવે છે. કારણ કે દુઃખ અને આપત્તિ જીવોને ભગવાન તરફ દોરી જાય છે. એટલે મુક્તો એવા ચૈતન્યો કે જેઓ મહાપ્રભુજીને પામવાના માર્ગે ચાલ્યા હોય તેમને શિક્ષા કરી, તેમના ચૈતન્યને નિર્મળ બનાવી, તેમની પ્રગતિમાં સહાયક બને છે.**

સ્વરૂપનિષ્ઠાની ઓથે ધર્મ-નિયમ પાળવામાં શિથિલતા આવવી એ સાધકને મોટું વિઘ્ન છે. સ્વરૂપનિષ્ઠાનું મુખ્યપણું તો છે જ, પરંતુ નિયમ અને નિષ્કામાદિ ધર્મની ગૌણતા પણ કરવાની નથી જ. ધર્મ-નિયમ તો પાયો છે. તેની ઉપર

સ્વરૂપનિષ્ઠાની ઈમારત બંધાય છે. ધર્મ-નિયમની શિથિલતામાં સ્વરૂપનિષ્ઠાની દૃઢતા થતી નથી. જો તેમ જણાતું હોય તો તે કેવળ વાચ્યાર્થ છે, લક્ષ્યાર્થ નથી. લક્ષ્યાર્થ સ્વરૂપનિષ્ઠા અને ઉપાસનાવાળાને ધર્મ-નિયમમાં શિથિલતા નથી હોતી. તેમના વર્તન દ્વારા જ તે જણાઈ આવે છે. ધર્મ-નિયમમાં પક્વ થયા વગર પાત્રતા આવતી નથી એ વાત દીવા જેવી સુસ્પષ્ટ છે. સ્વરૂપનિષ્ઠાના અંચળા હેઠળ પાપ કર્મો કર્યે જવા અને બનાવટી કેફથી તેનો ઢાંક પીછોડો કરવો, એવા દંભીથી પ્રભુ હંમેશાં વેગળા રહે છે.

ઘણા એમ માને છે કે સ્વામિનારાયણ નામ એક વખત લઈએ તો અનંત પાપ બળી જાય. માટે પાપ કર્મો થઈ જાય તેનો વાંધો નહીં. સ્વામિનારાયણ બોલશું એટલે બધા પાપ બળી જશે. આવા ખોટા ખ્યાલોથી પ્રભુ છેતરાતા નથી. હા, એ સત્ય છે કે સ્વામિનારાયણ નામ લે તો અનંત પાપ બળી જાય. જો તે અંતરના ખરા પસ્તાવાના ભાવની ભીનાશથી અને ફરી કદીએ એવા પાપ કર્મો નહીં કરું, તેવી સમજણપૂર્વકની પ્રતિજ્ઞાથી તે નામ લેવામાં આવે, તો મહારાજ અથવા મોટા મુક્ત તેના પાપ માફ કરે છે. પરંતુ પ્રતિજ્ઞાનું પાલન ન કરે અને ફરી પાપમાં પ્રવૃત્ત થાય તો ફરીથી બધા પાપ વળગે અને તેનું ફળ ભોગવવું પડે. પ્રભુ તથા મુક્ત કૃપાદૃષ્ટિ દ્વારા અમુક અલ્પ દોષ હોય તે માફ કરીને તેનું કલ્યાણ કરે છે. મુક્તની સેવાથી પણ પ્રભુકૃપાએ પાપ કર્મો બળી જાય છે. તે કર્મો પ્રભુ પોતાની સત્તાથી બાળે છે. બીજો ઉપાય સમજણપૂર્વક સતત જાગૃત રહી કુકર્મો ન કરે અને





ધર્મ-નિયમનું શ્રદ્ધાએ સહિત બરોબર પાલન કરે, તો પાપ કર્મોનો નાશ થાય છે અથવા દુઃખ કે રોગ પ્રેરીને પણ પ્રભુ તે પાપકર્મોનું ફળ ભોગવાવી તે કર્મોને બાળીને મુમુક્ષુને શુદ્ધ કરે છે. (૧)

દરેક હરિભક્તે પોતાના કર્મફળ ભોગવવા માટે સમજણથી સહનશક્તિ કેળવવી જોઈએ, કારણ કે માફ કરી ન શકાય તેવા કર્મફળો ભગવાન તેમને ભોગવાવે છે. નહીં તો અનંત જન્મે પણ છૂટકારો ન થાય. કર્મફળ ભોગવાવે તે પણ મહારાજ તથા મોટાની દયા માનવી, કારણ કે તેનાથી કારણશરીર બળે છે ને મૂર્તિના સુખની પ્રાપ્તિ વહેલી થાય છે. (૨)

ભગવાનના ખરેખરા ભક્ત માથે કાળ, કર્મ, માયાનું કોઈ જોર ચાલતું નથી. તે ભક્તને ક્યારેક આજ્ઞાવચનનો લોપ થાય તો પ્રભુ પોતે તેને શિક્ષા કરે છે. કારણ કે શિક્ષા થવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને પ્રભુ તરફ આગળ વધવાની પાત્રતા આવે છે. (૩)

દુઃખ અને આપત્તિ એ તો પ્રભુ તરફ દોરી જતા માધ્યમો છે. દુઃખ ને આપત્તિ ન હોય ત્યાં સુધી જીવો રજોગુણી ને તમોગુણી પ્રવૃત્તિમાંથી કે અનેક પ્રકારના રાગ ને આસક્તિમાંથી પાછા વળી શકતા નથી. સાચી સમજણ અથવા દુઃખ ને આપત્તિ પ્રભુ તરફ દોરી જાય છે. અમુક પ્રકારના હઠીલા રાગ અને કુકર્મોમાંથી, ખરાબ ટેવોમાંથી જીવને બહાર કાઢવા માટે પ્રભુ એને દુઃખ ને આપત્તિ રૂપે

કઠોર સજા ફટકારે છે, નહીં તો જીવો સમજી શકતા નથી અને એમાંથી બહાર નીકળી શકતા નથી. જે ભક્ત ઉપર પ્રભુનો રાજીપો હોય તેને શિક્ષા કરીને પણ પાછા વાળે છે. (૪)

જીવો અનેક જન્મથી પાપ કર્મો કરતા આવતા હોય, પણ તેમને જો અનાદિમુક્તનો જોગ થાય તો તેના અનંત કર્મો જે માફ કરી શકાય તેવા હોય તેને ભગવાન બાળી નાંખે. પરંતુ અમુક માફ ન કરી શકાય તેવા કર્મોને પોતાની ઈચ્છાએ કરીને ભોગવાવે. શારીરિક તેમજ માનસિક શિક્ષા પણ કરે. એમાં શારીરિક દુઃખો તથા માનસિક શિક્ષામાં સ્વપ્નસૃષ્ટિમાં વિવિધ ભય ઉત્પન્ન થવા, પીડાનો અનુભવ થવો વગેરેનો સમાવેશ થઈ જાય. જાત જાતના અશુભ સંકલ્પ-વિકલ્પ થવા તે પણ શિક્ષા છે. એમાંથી મુમુક્ષુએ ધીરજ રાખીને પસાર થવું પડે. શુભ-અશુભ સંકલ્પો, સંસ્કારો, સ્વભાવો, દોષો વગેરેનું જોર જ્યાં સુધી મહારાજના દિવ્યસ્વરૂપની સાક્ષાત્કાર અનુભૂતિ ન થાય, ત્યાં સુધી રહે. અનાદિમુક્ત મળ્યા, તેની કૃપા થઈ અને તેમણે મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા, તેથી પ્રભુની પ્રાપ્તિ થયેલી ગણાય. પણ જ્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહે, ત્યાં સુધી સુખનો અનુભવ થતો નથી. પછી પાત્રતા થયે મુક્તની કૃપા થાય ત્યારે બધા આવરણો હટે અને બધા દુઃખોનો અંત આવી સુખની પ્રાપ્તિ થાય. (૫)

ભગવાને સ્વયં કોઈને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા હોય, પણ તે કોઈ મુક્તનો દ્રોહ, અપરાધ કે તેજોદ્વેષ કરે, તો તેનો છેલ્લો જન્મ ન થઈ શકે. એ તો જ્યારે એ મુક્ત





પાસે અપરાધ માફ કરાવે, ત્યારે જ તે શક્ય બને. (૬)

જીવોની બુદ્ધિ મુક્તમાં દોષ પરઠવાથી કે અભાવ લેવાથી દૂષિત થાય અને તેમાં પૂર્વજન્મોના પાપના સંસ્કારો ભળવાથી વિશેષ દૂષિત થઈ જાય. તેવા જીવો દેહાભિમાને કરીને ભગવાનનું તથા મુક્તનું કહ્યું પણ માનતા નથી. તેમના પુણ્ય કર્મો ખૂટી જાય, ત્યારે મુક્તમાં પરઠેલો દોષ કે લીધેલા અભાવનું punishment સજા ભોગવે, ત્યારે તેને પોતાની ભૂલનું ભાન થાય. જ્યાં સુધી જીવ સજા ન ભોગવે, ત્યાં સુધી પોતાની ભૂલ સમજી શકતો નથી. ગાંધીજીને insight હતી તેથી તેમણે સુભાષચંદ્ર બોઝને ના પાડેલી તો પણ સુભાષચંદ્ર પોતાની હઠ લઈને બેઠા અને ગાંધીજીનું ન માન્યું. ત્યારે ગાંધીજીએ એમ કહેલું કે He will learn from experience તે અનુભવથી સુધરશે, પણ તે પહેલાં નહીં માને. પછી સુભાષચંદ્રને મરતી વખતે પોતાની ભૂલ સમજાણી. માટે જીવની એવી અવળાઈ છે જે મોટા મુક્તનું પણ ન માને અને તેની આંટી રાખે. (૭)

જીવને ચોખ્ખા કરવા માટે મુક્ત તેની કસોટી કરતા હોય છે અને ક્યારેક punishment સજા આપવા બાહ્ય તેમજ આંતરિક રીતે શિક્ષા પણ કરે. જેથી જીવ નિર્મળ થાય અને સાક્ષાત્કાર કરવાને માર્ગે આગળ વધે ને પાત્ર થાય. ઘણી વખત punishment સજા વગર જીવો સુધારતા નથી હોતા. એટલે જ તો કર્મફળ ભોગવાવે અને કૃપા કરીને તેમાં રક્ષણ કરે, ધીરજ પ્રેરે અને પ્રારબ્ધ ભોગવવાની સહનશક્તિ પણ આપે, એવા દયાળુ છે. (૮)

મહારાજની અથવા મુક્તની અંગત સેવા થઇ હોય તો તે સેવારૂપ અલ્પ પુણ્યનું ઘણું મોટું ફળ મળે છે. કેટલાક પાપી હોય, પણ મુક્તની સેવા મહિમા જાણી કરી હોય, તેથી પુણ્યકર્મના સંચયને લીધે આ લોકનું સુખ ભોગવે. તે પુણ્યકર્મ ખૂટી જાય એટલે ફરી પાછો હતો એવો થઇ જાય. પાપકર્મ કરીને બીજાને બહુ નુકસાન પહોંચાડતો હોવા છતાં તેને પુણ્યકર્મને લીધે દુઃખરૂપ ફળ ન મળતું હોય, તો ભગવાનની ઈચ્છાએ એનાથી જ કોઈ મોટાનો અપરાધ થઇ જાય એટલે તે પાપની શિક્ષા ભોગવીને શુદ્ધ થાય. (૯)

પ્રારબ્ધકર્મો એટલે પૂર્વજન્મના સંચિતકર્મો જે પાકીને પ્રારબ્ધકર્મમાં પરિણમ્યા હોય, તેનાથી આ જન્મ મળેલો હોય છે. એ કર્મો ભોગવવા જ પડે. આ જન્મે કરેલા કર્મોનું કર્મબંધન થાય અને તે પણ ભોગવવું પડે. અમુક ક્રિયમાણકર્મના ફળ તાત્કાલિક ભોગવવા પડે. જેમ કે ટિકિટ વગર મુસાફરી કરે તો દંડ થાય, ચોરી કરે તો સજા મળે, વ્યભિચાર કરે તો રોગીષ્ટ થાય વગેરે વગેરે, આમ પૂર્વ જન્મના તેમજ આ જન્મના કર્મફળ પણ ભોગવવા પડતા હોય છે. પ્રભુ અથવા તેમના અનાદિમુક્તને શરણે ગયા પછી પણ જીવને પ્રારબ્ધ કર્મ ભોગવવામાંથી છૂટકારો મળી જાય એવું નથી. ભગવાન પોતાની ઈચ્છાથી તે ફળ 'શૂળીનું દુઃખ કાંટે' એ ન્યાયે ભોગવાવીને રક્ષા કરી દુઃખો ઓછા કરે, પરંતુ આ બધું તેમની ઈચ્છા પર નિર્ભર રહે છે. (૧૦)

કેટલાક જીવો મુક્તોનું ઘસાતું બોલે, મુક્તને ઝાંખપ





લાગે તેવું વર્તન કરે તેનાથી મુક્તનો અપરાધ થાય તેની તેઓ દરકાર કરતા નથી તે અજ્ઞાન છે. અજ્ઞાની જીવોના એ પ્રકારના વાણી-વર્તનની માત્રા જ્યારે વધી જાય, ત્યારે પ્રભુ તે સહન કરતા નથી. પછી તે જીવને સુધારવા માટે ક્યારેક કઠોર થઈને આકરી શિક્ષા કરે છે. એવી શિક્ષા પણ તે જીવના હિતમાં જ હોય છે, તેમાં જીવ શુદ્ધ થઈને સાચે માર્ગે વળે એવો હેતુ સમાયેલો હોય છે. (૧૧)

નરક આદિ સ્થાનો સત્ય છે, તે કાંઈ અસત્ય નથી. પાપી જીવોને મૃત્યુ પછી સૂક્ષ્મ દેહે તેના દંડ ભોગવવા પડે છે. યમ આદિ સૂક્ષ્મસૃષ્ટિના દેવતાઓ દ્વારા પાપીઓને દંડ-યાતના મળે છે અને ચૈતન્ય વાસ્તવિક રીતે સૂક્ષ્મદેહ દ્વારા તે પીડા ભોગવે છે. (૧૨)

# ૧૩

# દર્શનની તાલાવેલી

**મનમાં જેણે પ્રભુપ્રાપ્તિનો નિર્ધાર કર્યો છે. એવા સાધકને જ્યારે મહારાજના સ્વરૂપનું યથાર્થ માહાત્મ્ય શું છે? એ પ્રાપ્તિ કેવી છે? તે દિવ્યાનંદની પરાકાષ્ઠા કેવી હોય? તે વિષેનું જ્ઞાન થાય, ત્યારે પ્રભુમિલનની તાલાવેલી, તેના દર્શનની તીવ્ર ઉત્કંઠા જાગૃત થાય એટલે એ મેળવવા તત્પર બને છે.**

બીજા દેવો, અવતારોને પ્રસન્ન કરવા માટે લોકો કેટલો બધો દાખડો (પ્રયત્ન) કરે છે. તો પછી સર્વોપરી પ્રભુ સ્વામિનારાયણની પ્રાપ્તિ કરવા કેટલા ખપ, ત્વરા, આતુરતા અને અસ્ખલિત પુરુષાર્થની આવશ્યકતા છે, એ મુમુક્ષુએ વિચારવું ઘટે. (૧)

આ જગતમાં અનંત જાતનું વૈવિધ્ય જણાય છે. તો પ્રભુના સુખમાં તેથી કેટલું બધું વૈવિધ્ય હશે! તે જો જ્ઞાને કરીને વિચારે તો આ લોકના માયિક સુખ સંબંધી આસક્તિનો ત્યાગ કરીને પ્રભુ સિવાય બીજે બધેથી વૈરાગ્ય પામીને એક પ્રભુના જ સ્વરૂપમાં પરાપ્રેમ ઉદ્ભવે અને એમના દિવ્યસુખને પામવાની સાચી તાલાવેલી જાગે. (૨)





મહારાજ અને મુક્તો સાધકને સ્વપ્નમાં વારે વારે દર્શન એટલા માટે આપે છે કે તેમને વિષે હેત થાય અને પ્રભુનો સાક્ષાત્કાર કરવાની ત્વરા ઉત્પન્ન થાય. જેથી મુમુક્ષુ ભગવાનનું ધ્યાન, ભજન વગેરે પ્રસન્નતાના સાધન કરીને સાક્ષાત્કારના માર્ગે આગળ વધવાની પ્રેરણા મેળવે. સાધકને દર્શન આપવા પાછળ એ ઉદાત્ત હેતુ રહેલો છે. મુમુક્ષુ સાધક પ્રભુપ્રસન્નતાના ધ્યાન-ભજન વગેરે સાધન કરતાં કરતાં પ્રભુદર્શન માટેની તીવ્ર તાલાવેલી અનુભવે ત્યારે પ્રભુ પોતાનું સાક્ષાત્કાર દર્શન આપે છે. પ્રભુદર્શન માટેની એવી તીવ્ર તાલાવેલી, સાધકને એક પ્રભુને વિષે જ હેત કરાવી બીજા ભૌતિક પદાર્થોમાંથી ને સંબંધોમાંથી નિરાસકત કરીને પાત્ર બનાવે છે. પ્રભુદર્શનની એવી તીવ્ર તાલાવેલી પણ સાચા મુમુક્ષુના અંતરમાં ભગવાન અને મુક્ત પોતે જ પ્રેરે છે.

સાધકે પણ પોતાને મહારાજ અથવા મુક્તના દર્શન સ્વપ્નમાં થાય તે કોઈને જણાવવું નહીં. જો જણાવે તો તે સુખ ને આનંદ જીરવી ન શકવાથી જતાં રહે છે અને તે સાધક પોતાના દેહાભિમાનને લઈને અધૂરો રહી જાય છે. જો તે દર્શનની અનુભૂતિ કોઈને જણાવ્યા વગર અંદર અંતરમાં સમાવે તો આંતરિક, આધ્યાત્મિક શક્તિ જાગૃત થઈને પ્રભુના સાક્ષાત્કારના અનંત સુખને પણ સમાવી શકે તેવો સમર્થ પાત્ર થાય. એવો પાત્ર થાય ત્યારે પ્રભુ તેને પોતાનો સાક્ષાત્કાર કરાવે છે. (૩)

અ.મુ.પૂજ્ય મુક્તરાજ નારાયણભાઈને એક મોટા સંતે કહ્યું કે, આપ કૃપા કરીને મને ભગવાનના દિવ્યદર્શન કરાવો. પછી મુક્તરાજે શ્રીજીમહારાજને તેમની મરજી માટે પૂછ્યું. ત્યારે મહારાજે કહ્યું કે, તેમને કહો કે અંત વખતે દર્શન દઈ ધામમાં તેડી જઈશું. એટલે તે સંત કહે ભલે, મહારાજ અંત વખતે દર્શન આપી સુખમાં તેડી જાય મને વાંધો નથી. એ સંતને પ્રભુના દર્શનની ત્વરામાં ને તાલાવેલીમાં એટલી ઉણપ ગણાય. તેથી મહારાજે એવું કહ્યું, પણ જો અતિ ખપ ને ત્વરા બતાવી હોત તો મુક્ત દ્વારા કૃપા વરસાવી પ્રભુ તેને દિવ્ય સાક્ષાત્કાર કરાવી દેત. સ.ગુ. શ્વેત સ્વામી ધ્યાન ઉપર વિશેષ ભાર મૂકવા આ સંતને સમજાવતા. (૪)

જેને એક પ્રભુ જ મેળવવા છે અને આ લોકના કોઈ પણ પદાર્થની ઝંખના નથી, તેને માટે તો પ્રભુ તૈયાર બેઠા છે અને એવા મુમુક્ષુની જ રાહ જુએ છે કે કોણ મૂર્તિ માંગે. 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.' (૫)

પ્રભુનો સાક્ષાત્કાર છતે દેહે થાય તેવી ઈચ્છા પણ કાઢી પુરુષપ્રયત્ન કર્યા કરવાથી એ મંજિલ આવવાની જ છે. માટે સાધકે દરેક પ્રકારની ઈચ્છાનો ત્યાગ કરવો. સાક્ષાત્કાર કરવાની ઈચ્છા સાથે ઐશ્વર્ય પામવાની તથા ઐશ્વર્ય જણાવી બીજાને સમાસ કરવાની ઈચ્છા ભળે, તો તે સાક્ષાત્કારની શુભેચ્છા પણ મલિન બની પ્રભુપ્રાપ્તિમાં વિલંબ કરાવે છે. કારણ કે કારણશરીરથી પણ મહાકારણ જે ઐશ્વર્યના રાગ





છે, તે અતિ સૂક્ષ્મ છે. (૬)

મૂર્તિમાં રાખ્યાના નિરંતર અનુસંધાન સાથે નિર્મળ જીવન જીવતાં જીવતાં અંતઃકરણ નિર્મળ થાય, એટલે પાત્રતા થયે પરમાત્માના દિવ્યસ્વરૂપનો આત્મામાં સાક્ષાત્કાર થઈ ને સિદ્ધદશા આવે. સિદ્ધદશામાં મુક્તને પ્રભુના પૃથક્ પૃથક્ અંગોમાંથી દિવ્યસુખ અનુભવાય છે. પ્રભુના એક એક રોમને વિષે અનંતગણું સુખ રહેલું છે. એ સુખ ભોગવતા ભોગવતા મુક્ત- ચૈતન્ય વધુ ને વધુ સુખ ભોગવવા સમર્થ થતો જાય. પછી તેને સળંગ મૂર્તિનું સુખ અનુભવાય. એમ અનંત કલ્પ સુધી સુખ ભોગવતા ભોગવતા, તે સ્વસિદ્ધ અનાદિમુક્ત જેવો સમર્થ થયા પછી પણ તે અપાર સુખનો કે મહિમાનો ક્યારેય પાર પામી શકતો નથી. (૭)

# ૧૪

# સાધકની પ્રગતિ

આ વિશ્વમાં જ્યાં ક્યાંય સુંદરતા છે તે પ્રભુની જ છે. પ્રભુના દિવ્ય સુંદર સ્વરૂપની સુંદરતા જ સર્વત્ર પ્રસરેલી છે. જેમના સૌંદર્યથી આ વિશ્વ આટલું સુંદર છે, તો તે પોતે કેવા સુંદર હશે! એ સૌંદર્ય કેટલું અપાર અને અદ્‌ભુત હશે! એમ વિચારી એ પ્રભુના અલૌકિક સ્વરૂપમાં લગની લગાડવી જોઈએ. એ સ્વરૂપની પ્રાપ્તિ કરવા ત્વરા જગાવી બીજે બધેથી આસક્તિ ટાળી, પ્રભુમાં તથા તેમના સિદ્ધ અનાદિમુક્તમાં હેત કરવું જોઈએ. પ્રભુ પોતે પ્રેમ સ્વરૂપ છે. જે પ્રેમ નિર્ગુણ, દિવ્ય છે. આસક્તિએ રહિત વિશુદ્ધ પ્રેમ છે. તેથી એવા પ્રેમસ્વરૂપ પરમાત્મામાં સ્નેહ કરવાથી તે ભક્તનો પ્રેમ પણ વિશુદ્ધ ને નિર્ગુણ બને છે. એવા પ્રેમથી પ્રભુમાં પરાભક્તિ પ્રગટે છે. ત્યાર બાદ તે દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ તે પ્રેમસ્વરૂપ પ્રભુ સાથે રોમેરોમ રસબસ રહીને દિવ્યસુખના ભોક્તા થવાય છે.





જગતના બીજા સામાન્ય જીવો ઉપર તથા બીજા હરિભક્તો ઉપર પણ મુમુક્ષુ સાધકે કરુણા રાખવી. તેમ છતાં તેમની સાથે હેત વધારવા જતાં વિવેક રાખવો. તે ભક્તો સાથે હેત કરવું તેમાં આસક્તિ ન હોવી જોઈએ. હેતમાં આસક્તિ ભળે તો તે અશુદ્ધ થાય છે. એવો આસક્તિવાળો પ્રેમ બંધનરૂપ થઈ બીજા અનેક જન્મો થવાનું કારણ બને છે. આસક્તિએ રહિત વિશુદ્ધ પ્રેમ સારાય વિશ્વમાં વ્યાપે, ત્યારે જ ખરા અર્થમાં સાધક પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે એવો પાત્ર થાય છે. અમુક પદાર્થ તેમજ અમુક વ્યક્તિ પરત્વેનો સ્વાર્થપૂર્ણ અને આસક્તિવાળો પ્રેમ બંધનકર્તા છે. એવો વાસનામય પ્રેમ અશુદ્ધ હોવાથી પ્રભુપ્રાપ્તિ માર્ગેથી વિનિપાત પણ કરાવે. તે માટે સાધકે ખૂબ વિવેકપૂર્વક બીજા ભક્તો સાથે હેત કરવું, જેથી તે બંધનરૂપ ન બને. (૧)

અપરિગ્રહી રહે અને ધ્યાન, ભજન, સેવા વગેરે નિરાસક્ત ભાવથી તથા લોભ-લાલચ રહિત થઈને કરે તો જ તેવી સાધના દ્વારા પ્રગતિ થાય અને પાત્રતા આવે, પણ કોઈની પાસેથી કોઈ પદાર્થ, ધન વગેરે મફત મેળવવાની ઈચ્છા કે લાલચ પતનને માર્ગે લઈ જાય. મહારાજ કે મહારાજના અનાદિમુક્ત કોઈ હરિભક્ત પાસેથી પદાર્થ ગ્રહણ કરે તે તો એ જીવના કલ્યાણ માટે કરે અને તેનું અનેક ગણું ફળ આપે. મુક્ત દ્વારા પણ શ્રીહરિ પોતે જ ગ્રહણ કરે છે. સાધક જો બીજા પાસેથી ગ્રહણ કરે તો તે બંધનરૂપ થાય. જો

કોઈની પાસેથી પાંચ રૂપિયા લીધા હોય તો તેને તે Cash or kind અર્થાત્ રોકડા કે અન્ય કોઈ પ્રકારે પાછા વાળવા પડે એવો કર્મનો સિદ્ધાંત છે. નહીં તો તેને બંધન થાય અને ક્યારેક જન્મ પણ ધરવા પડે તથા આધ્યાત્મિક ઉન્નતિમાં પણ વિઘ્ન આવે, આ સિદ્ધાંત વાત છે. (૨)

સાધકે સાધનકાળમાં દરેક હરિભક્ત વિષે દિવ્યભાવ રાખવો જેથી કોઈ પ્રત્યે સંકલ્પ ન થાય અને હંમેશાં દાસપણું રાખવું. પોતાને જે કાંઈ ગુણ પ્રાપ્ત થયા હોય તેનું લેશમાત્ર માન આવવા ન દેવું. (૩)

બાપાશ્રી બિરાજમાન હતા તે વખતે સંત મંડળમાં દેવજીવનદાસજી નામે મહાન સંત હતા. તેમના પૂર્વાશ્રમમાં તેમને તેમના માતા પિતા વગેરે કુટુંબીજનોનો તેમના સાધુ થવા વિષે સખત વિરોધ હતો, પરંતુ દેવજીવનદાસજીને અતિશય વૈરાગ્ય હોવાથી તે સાધુ થવા માટે અ.મુ. સ્વામીશ્રી વૃંદાવનદાસજી પાસે આવ્યા, ત્યારે તેમના કુટુંબીજનોના અતિ આગ્રહથી સ્વામીશ્રીએ તેમને ગૃહસ્થાશ્રમ કરવાની આજ્ઞા કરી, તો પણ દેવજીવનદાસજી સ્વામીશ્રી વૃંદાવનદાસજી પાસે નવ વખત સાધુ થવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને દરેક વખતે પાછા વાળ્યા. પછી તેમના માતા-પિતાને અને સંબંધીઓને થયું કે અતિ તીવ્ર વૈરાગ્યને લીધે તેઓ સંસારમાં નહીં રહી શકે. તેમને પ્રભુભજનમાં આપણે ના પાડીશું તો તેનો આપણને અપરાધ લાગશે. એમ વિચારી તેઓ સ.ગુ.





વૃંદાવનદાસજી સ્વામીશ્રી પાસે આવ્યા અને તેમને જણાવ્યું કે અમારે હવે આમની જરૂર નથી, માટે તમે તેમને સાધુ કરીને તમારી પાસે રાખો.

સ્વામીશ્રી પાસે દેવજીવનદાસજી ખૂબ રોયા અને તેમનો સ્વીકાર કરવાની આજીજી કરી. ત્યારે સ્વામીશ્રીએ તેમના માતા-પિતાને કહ્યું કે તમે રાજી થઈને મોકલો તો હું તેમને મારી પાસે રાખું. આથી તેમના માતાપિતાએ રાજી થઈને હા પાડી. પછી સ્વામીશ્રીએ તેમને પોતાની પાસે સાધુ કરીને રાખ્યા અને દેવજીવનદાસજી નામ પાડ્યું. તેઓ ઉચ્ચકોટીના મુમુક્ષુ હોવાથી સ્વામીશ્રીની કૃપાથી તેમને મહારાજનો સાક્ષાત્કાર થયેલો અને સિદ્ધદશાને પામેલા. એમને માટે સ્વામીશ્રી જણાવતા કે વૈરાગ્ય તો દેવજીવનદાસજી જેવો જોઈએ તો સાચી સાધુતા આવે. એવા એ આદર્શ સાધુ હતા. તેમના જીવનમાંથી વૈરાગ્યવાન સાધકને ઘણી પ્રેરણા મળે એવા ગુણવાન સંત હતા. તેઓ આ મુક્તરાજ પૂજ્ય નારાયણભાઈ વિષે ખૂબ જ મહિમા ને દિવ્યભાવ રાખતા. (૪)

આંતરશુદ્ધિ માટે નિરંતર પ્રભુને પ્રાર્થના કરવી તે અમોઘ સાધન છે. એ નિઃસ્વાર્થ પ્રાર્થનાથી પ્રભુની પ્રસન્નતા થાય છે અને અંતઃકરણ શુદ્ધ થવાથી પ્રભુને વિષે પ્રેમ લક્ષણા ભક્તિ પ્રગટે છે, જેનાથી ચૈતન્યનું આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ ખૂબ જ ઝડપથી થાય છે. પ્રભુમાં પ્રેમ વગરની યંત્રવત્ શુષ્ક ને

દેખાવની ભક્તિ સાધકને એક ડગલું પણ આગળ લઈ જતી નથી. અંતે તે ભક્તિ દંભમાં પરિણમીને સાધકને પ્રગતિને બદલે અવનતિ તરફ લઈ જાય છે. (૫)

અંતરવૃત્તિનો અભ્યાસ પ્રભુની પ્રસન્નતાના સાધન કરતાં કરતાં સદ્‌પ્રવૃત્તિ સાથે થવો જોઈએ. જો નિવૃત્તિ પકડીને બેસી જાય તો ચિત્તમાં રહેલા અનંત જન્મના સંસ્કારો ઉદય થઈને એક સમયે મુમુક્ષુ પર પ્રહાર કરે. તેથી મુમુક્ષુ તેનો પ્રતિકાર બરોબર કરી ન શકવાથી મૂંઝાઈ જાય, એટલે પ્રગતિમાં અવરોધ ઊભા થાય, પણ જો સમજણપૂર્વક સદ્‌પ્રવૃત્તિની સાથે સાથે અંતરવૃત્તિનો અભ્યાસ કરે તો મહારાજ તથા મોટા મુક્તની પ્રસન્નતા થાય. કારણ કે નિઃસ્વાર્થપણે પ્રભુના જ્ઞાનનો પ્રચાર વગેરે સદ્‌પ્રવૃત્તિથી, શુદ્ધ કર્મયોગથી અનેક જીવોને લાભ થાય છે. તે કર્મો બંધન નથી કરતા. એવા કર્મયોગથી પ્રભુની પ્રસન્નતા થાય છે. સાથે સાથે જૂના સંસ્કારો ઘસાતા જવાથી પ્રગતિ જલદી થાય. માટે સદ્‌પ્રવૃત્તિની સાથે અંતરવૃત્તિનો અભ્યાસ કર્યા કરવો, પણ નવરા પડી ન રહેવું. નહીં તો તમોગુણ વૃદ્ધિ પામે અને આળસ-પ્રમાદ વધીને સાધના મંદ પડી જાય. (૬)

સદ્‌ગુરુના સત્સંગ-સંપર્ક-સેવામાં રહેવાથી, તેમના દિવ્ય તરંગો ચૈતન્યને સ્પર્શવાથી અતિ દૃઢ શ્રદ્ધાવાન, નિષ્ઠાવાન ને મહિમાવાન સાધકમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ સંતના કલ્યાણકારી ગુણો આવે છે અને તેની આધ્યાત્મિક પ્રગતિને





વેગ મળે છે. (૭)

પોતાના અંતરનો રોજેરોજ તપાસ રાખવો અને ભગવાનના અને મુક્તના કેટલા ગુણ પોતામાં આવ્યા છે અને કેટલા નથી આવ્યા, કેટલા દોષ કાઢવાના છે અને કેટલા કાઢ્યા છે વગેરેનો ઝીણવટપૂર્વક સૂક્ષ્મ અંતરદૃષ્ટિથી અભ્યાસ કરવો. મહારાજ અને મુક્તને વિષે હેતની વૃદ્ધિ, વિશ્વાસ તથા શ્રદ્ધાની વૃદ્ધિ દિવસ દિવસ પ્રત્યે વધારવી અને મહારાજને પામવા હેતે સહિત અતિ આતુરતાએ તેમને સંભારવા. (૮)

જ્યાં સુધી સાધનદશા છે અને પૂર્ણતાની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી મહારાજના લીલાચરિત્ર સંભારી રાખવા, કારણ કે તેનાથી સ્વરૂપનિષ્ઠામાં દૃઢતા થાય અને જ્યારે ધ્યાનાદિકથી પ્રભુના સ્વરૂપમાં વૃત્તિ સ્થિર થાય અને લાંબો સમય સ્થિર રહેવા માંડે, ત્યારે ચરિત્રો, પરચા, ચમત્કાર બધું મૂર્તિમાં લય પામે. પછી ચરિત્રો સંભારી રાખવાની જરૂર નથી રહેતી. જેના ચરિત્રો, જેની પ્રાપ્તિ માટે ગવાતા હતાં તે પોતે જ પ્રાપ્ત થયા અને તેનું સુખ આવ્યું પછી કંઈ જ કરવાનું બાકી રહેતું નથી. સ્થિતિ થયા બાદ સાધક પૂર્ણકામ થઈ જાય છે. (૯)

પ્રભુ પોતાની પ્રતિમા દ્વારા કોઈક વખત પરસેવો વળ્યો હોય, ઠંડી વાતી હોય તેવા ભાવ જણાવે. તે ભક્તને પ્રભુની પરાભક્તિ પામવાની ત્વરા થવા અને પ્રેમ વધારવા માટે

જણાવે. ભક્તિ એટલે પ્રભુ પ્રત્યે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિ સ્નેહ તે જ ભક્તિ. પરંતુ ભક્તનો પ્રેમ અમુક દેહ અને દેહના સંબંધી તથા પદાર્થ પૂરતો જ સીમિત ન રહેતાં સારાય વિશ્વ પ્રત્યે વિકસવો જોઈએ. તો જ ખરી ભક્તિ આવે અને તો જ સાક્ષાત્કાર થઈ મુક્તદશા પમાય. પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે આ બધી ગહન વાતોને સમજીને પચાવતાં શીખવું જોઈએ.

પ્રભુ તથા અનાદિમુક્તના નામ અને સ્વરૂપ પણ એક dynamic energy ગતિશીલ દિવ્યશક્તિ છે. મુક્તપુરુષે કહેલી વાત જો કોઈ પોતાને નામે કહે, તો તે કોઈને સ્પર્શે નહિ ને સમાસકર્તા પણ ન થાય, પણ જો પૂર્ણ સિદ્ધમુક્તને નામે કહે, જેમ કે અનાદિમુક્તરાજ શ્રીગોપાળાનંદ સ્વામીએ કહેલી વાત છે, એમ કહીને કહે તો તે નામમાં જ એટલી અગાધ શક્તિ છે કે તેનાથી અનંત જીવોને સમાસ થાય અને જીવોના કલ્યાણ પણ થાય. એમ પ્રભુ અને સિદ્ધ અનાદિમુક્તના નામ ને રૂપ પણ અલૌકિક સામર્થ્યવાળા છે.

બાપાશ્રી પૃથ્વી ઉપર પ્રગટપણે વિચરતા હતા. ત્યારે તેમને જેમ છે તેમ ઓળખીને તેમનો જોગ કરીને જીવો પૂર્ણ મુક્ત ન થઈ શક્યા illumined ન થઈ શક્યા. એવી જીવમાં ખામી હોય છે. બાપાશ્રી કહેતા કે અત્યારે જૂજ મુક્તો જ છે, પણ એવા મોટા ભગવાન અને મુક્તો મળ્યા તો પણ જીવ પોતાના ઠરાવ, સ્વભાવ મૂકીને પ્રભુને પામવાની ત્વરા





નથી કરી શકતા. તે જીવોની કેટલી બધી કરુણતા કહેવાય! સાકર મોઢામાં મૂકે તો પણ ન ગમે તેવા જીવના સ્વભાવ છે. બાપાશ્રીની કૃપાથી ઘણા જીવો સુખને પામ્યા, પણ enlightened સાક્ષાત્કારવાળા પૂર્ણમુક્ત બધા ન થઈ શક્યા. બહુ જ થોડા ભક્તો બરોબર લાભ લઈ પૂર્ણ મુક્તદશા પામ્યા. બાપાશ્રી એમ કહેતા કે કરોડો જન્મના સત્સંગ કરતાં આ એક મિનિટનો જોગ વિશેષ છે. જો સમજાય તો પૂરું થઈ જાય. હવે તો પ્રભુ તથા મોટા અનાદિમુક્ત આપણને મળ્યા છે તેનો દિવ્ય કેફ અખંડ રાખી સદાય આનંદમાં જ રહેવું. સદાય નિર્ભય-નિશ્ચિંત રહી પાત્રતા કેળવવી અને સદાય આનંદથી પ્રગતિ સાધવી.

પાત્ર થવા પુરુષપ્રયત્ન કર્યા કરવો. તેમાં ક્યારેય ધીરજ ખૂટવા ન દેવી. પોતાને ક્યારેય પતિત, દુઃખી, અધમ ન માનવું. Now there is no worries, miseries, pains nothing of that sort. There is only divine joy and bliss of Lord Swaminarayan. હવે કોઈ ચિંતા, દુઃખ, પીડા એવું કંઈ જ રહ્યું નથી. ફક્ત ભગવાન સ્વામિનારાયણનું દિવ્યસુખ અને આનંદ જ છે. અનંત જન્મે પણ આવો જોગ મળી શકે તેમ નથી. તે આપણને મળ્યો છે. માટે સદાય પ્રભુના દિવ્ય આનંદમાં નિર્ભય થઈને રહેવું. સદાય દિવ્ય કેફ રાખવો કે મહારાજે અને મુક્તે મને કૃપા કરીને મુક્ત કરીને પોતાની દિવ્ય મૂર્તિમાં સુખભોક્તા કરીને રાખ્યો છે.

(૧૦)

શ્રીજીમહારાજની મૂર્તિ સિદ્ધ કરવાનો અભ્યાસ કરવો અને તેમના દિવ્ય નામ 'શ્રી સ્વામિનારાયણ' નામનું અખંડ રટણ કર્યા કરવું, એ સર્વોપરી તપ છે. બીજા પ્રકારના તપથી, જેવા કે ઉપવાસ કરવા, હઠયોગના આસનો કરવા, ભૂખ-તરસ, ટાઢ-તડકો, જાણીને ખમવા વગેરેથી દેહ દુર્બળ થાય તથા મનોબળ વધે અને દોષો ઉપર થોડો વિજય પણ મેળવી શકાય. અને તેવા પ્રકારના તપથી વાસનાઓ કુંઠિત પણ થઇ શકે, પરંતુ તેનાથી કારણશરીરની વાસના તથા અવ્યક્ત રાગ ન બળે, એ પ્રકારના તપ કરવામાં પણ જો વિવેક ન વાપરે અને તેનું અતિક્રમણ કરે, તો તેનાથી તમોગુણ વૃદ્ધિ પામે તથા સાધનનો ભાર અર્થાત્ પ્રભુકૃપા કરતાં સાધનની મહત્તા વધારે જણાય તો અહંકાર વધે. એમ અહંકાર વધી ન જાય તેની સતત કાળજી રાખવી.

સર્વે શાસ્ત્રોનો સાર એક પરમાત્માના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો અને તેમના દિવ્ય નામનું રટણ કરવું એ જ છે. પ્રભુના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાના અભ્યાસથી એ સ્વરૂપમાં વૃત્તિ સ્થિર થઇ નિર્ગુણ બને છે. તેથી તેની ઉપર માયાના ગુણોની અસર થતી નથી. એ સાધનાથી મૂર્તિ સિદ્ધ થાય છે, જેથી તે ભક્તમાં કલ્યાણકારી ગુણો પ્રગટે છે. કારણ કે જેનું ચિંતવન થાય, તેનાં ગુણો ચિંતવન કરનાર વ્યક્તિમાં આવે, એવો કુદરતી નિયમ છે.





પ્રભુના સ્વરૂપના અખંડ ચિંતવનથી જ્યારે સાધકમાં પ્રભુના કલ્યાણકારી ગુણો પ્રગટે, ત્યારે તેનાં દોષો, સ્વભાવો, વાસનાઓ આપોઆપ જ નાશ પામે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, તૃષ્ણા, માન વગેરે દોષો અનેક જાતના સાધન કરવાથી પણ નાશ નથી પામી શકતા. તે પ્રભુના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહેવાથી નાશ પામે છે.

ઊર્ધ્વરેતા થવા માટે યોગ માર્ગમાં અનેક યુક્તિઓ હોવા છતાં સંપૂર્ણ ઊર્ધ્વરેતાપણું તો પ્રભુના સ્વરૂપમાં સ્થિતિ થાય ત્યારે જ આવે છે. જ્યાં સુધી સંપૂર્ણ ઊર્ધ્વરેતા ન થાય, ત્યાં સુધી પ્રભુનો દિવ્ય સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવતી નથી અને જ્યાં સુધી પ્રભુના સ્વરૂપમાં વૃત્તિ સ્થિર ન થાય, ત્યાં સુધી ઊર્ધ્વરેતાપણું પ્રાપ્ત થતું નથી. તે માટે સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન તે પ્રભુના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો અને તેમના દિવ્ય નામનું અખંડ રટણ કરવું તે જ છે.

(૧૧)

જ્યાં સુધી પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઇ દિવ્ય સ્થિતિ ન થઇ હોય અને અંદરનો દિવ્ય આનંદ ન મળતો હોય, ત્યાં સુધી ઉચ્ચ સાધન દશાવાળાને પણ બાહ્ય સાત્ત્વિક આનંદની જરૂર પડે છે. તે માટે ઉત્સવ, સમૈયા, તીર્થયાત્રા, કથા-વાર્તા, ધૂન-કીર્તન વગેરે ક્રિયાઓ સાત્ત્વિક આનંદ આપતી હોવાથી સાધનકાળમાં તેની અગત્ય છે. તમોગુણને જીતવા માટે રજોગુણી પ્રવૃત્તિ ઉપયોગમાં આવે છે અને તમોગુણ

તથા રજોગુણ બંને ગુણો સત્ત્વગુણથી જીતાય છે. સિદ્ધદશા પ્રાપ્ત થયે ચૈતન્ય ગુણાતીત, નિર્ગુણ થાય છે. પછી દિવ્ય આનંદ અંદર અંતરમાં પ્રગટે છે. તેથી તેવા સિદ્ધ મુક્તને બાહ્ય સાત્ત્વિક આનંદ મેળવવાની આવશ્યકતા રહેતી નથી. (૧૨)

અનાદિમુક્તનો જોગ કરનાર મુમુક્ષુ દ્વારા શ્રીજીમહારાજને જીવોના કલ્યાણ કરવારૂપ કાર્ય કરવું હોય ત્યારે તે મુમુક્ષુ જો શુદ્ધ પાત્ર બને, તો તેને સાધન બનાવી મુક્ત પોતાનો બળવાન સંકલ્પ તેમાં મૂકીને તેના દ્વારા કાર્ય કરે છે. તે મુમુક્ષુ સંકલ્પશક્તિને ઝીલી શકે તેવો પાત્ર ન થાય તો તે શક્તિ તથા સુખ પાછું મૂર્તિમાં લીન થાય છે. તે મુમુક્ષુ જો પૂર્ણ પાત્ર થઈને તેને ઝીલે તો તેના દ્વારા તે શક્તિ જબરદસ્ત કાર્ય કરે છે. મુક્ત તે મુમુક્ષુ દ્વારા પ્રકાશે છે અને મુમુક્ષુ પોતે પણ મહાસુખિયો થઇ જાય છે. એ બીજાને પણ સુખિયા કરી શકે છે. જો તે કોઈને આશીર્વાદ આપે તો તે ફળે છે. જીવોના આત્યંતિક મોક્ષ પણ તે મુમુક્ષુ દ્વારા થાય છે. પછી ધીમે ધીમે તે મુમુક્ષુની સ્થિતિ થતી જાય અને સાક્ષાત્કાર થઇ મુક્તદશા પણ પ્રાપ્ત થાય. તે જ્યારે દેહોત્સવ કરવાનો સમય આવે, ત્યારે સ્વતંત્રપણે ઘણાને દિવ્યભાવ દેખાડી અનેકને સમાસકર્તા થાય તે રીતે ધામમાં જાય, પરંતુ તે જો માન, મોટપ, યશ, કીર્તિ, પ્રસિદ્ધિ વગેરેમાં લોભાઈ જાય તો બધું સુખ જતું રહે અને સ્થિતિ પણ ન થાય. (૧૩)





એક વખત મુક્તરાજ નારાયણભાઈએ કૃપા કરીને વાત કરી જે, પરભાવમાં અનાદિમુક્તો શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપના સુખમાં ગરકાવ થઇ કિલ્લોલ કરતા હોય છે અને એ દિવ્યસુખમાં થીજી રહે છે. જ્યારે અનાદિમુક્તનું પૃથ્વી ઉપર વિચરણ હોય, ત્યારે અહીંના સમૈયા, ઉત્સવ, આરતી-ધૂન વગેરેનું સુખ તેઓ પરભાવમાં દિવ્ય રીતે અનુભવતા હોય છે અને તેનું અતિ અલૌકિક સુખ માણે છે. પરભાવમાં, ચૈતન્યભૂમિકામાં ઉત્સવ સમૈયાનો આનંદ ઓર જ હોય છે. તેમાં મહારાજ અને મુક્તોનું ભેગું દિવ્યસુખ મુક્ત અનુભવે છે. મુક્તને મહારાજ સાથે સંપૂર્ણ એકતા હોવાથી અનંત બ્રહ્માંડોમાં મહારાજ અને અનંત મુક્તો મનુષ્યરૂપે પ્રગટ થઇ લીલા કરતા હોય તે સુખ પણ અહીં પૃથ્વી પરના મુક્તને એકતા હોવાથી માણી શકે છે.

પરભાવમાં અનંત જાતના દિવ્ય રંગો દેખાય છે. તેવા રંગો આ લોકમાં ક્યારેય જોવા મળતા નથી. અનંત પ્રકારની નિતનવીન દિવ્ય સુગંધીઓ છૂટે છે. તેવી ખુશ્બો મુક્ત માણે છે. આરતી-ધૂનને દિવ્ય નાદાત્મક અનુભવે છે. તેમ અવરભાવના સુખમાં અને પરભાવના સુખમાં ઘણો તફાવત છે. આવું સુખ ભોગવીને મુક્ત ફરી પાછા મૂર્તિના સુખમાં ગરકાવ થઇ જાય છે. એમ પરભાવના સુખમાં ક્યારેય તૃપ્ત નથી થવાતું. ક્યારેય કંટાળો નથી આવતો. પળે પળે નિત-નવીન સુખનો અનુભવ થયા કરે છે. એવું એ પરભાવનું

શાશ્વત સુખ છે. એ સુખ અખંડ રહે છે. કોટી કલ્પ સુધી એ સુખ ભોગવવા છતાં મુક્તોને ક્યારેય એમ નથી થતું કે હવે તૃપ્ત થયા.

એ સુખ ભોગવતા થકા મુક્તને સુખ લેવાની ગતિ, પાત્રતા, સામર્થી વધતી જાય છે. જેમ જેમ સુખ લેવાની ગતિ વધે, તેમ તેમ વધુને વધુ સુખ આવતું જાય અને દાસપણું પણ વધુ આવે. કારણ કે મુક્ત એમ અનુભવે છે કે જે કંઈ સુખ પોતાને પ્રાપ્ત થાય છે તે પોતાના સ્વામી એવા જે પુરુષોત્તમ નારાયણ તે આપે છે, છતાં તેમનું સુખ, પ્રકાશ, જ્ઞાન, દિવ્યગુણો, ઐશ્વર્ય, સામર્થ્ય, બળ, પ્રતાપ, સૌંદર્ય, લાવણ્ય, માધુર્ય એ બધું અપાર ને અપાર રહે છે. પોતાના જેવા તો અનંત મુક્તો એ સુખમાં લુબ્ધ રહે છે, પણ ક્યારેય પાર પામતા નથી, એમ તે મુક્તને જણાય છે. એટલે પ્રભુ સાથે સ્વામી-સેવકભાવ, સુખદાતા-સુખભોકતાભાવ, નિયામક-નિયામ્યભાવ અખંડ રહે છે. મુક્તો કાળ, કર્મ અને માયાથી સ્વતંત્ર છે. પણ પ્રભુ પાસે પરતંત્ર છે. એવું એ અલૌકિક, અકળિત પ્રભુનું સ્વરૂપ છે. આવું આશ્ચર્ય જણાવાથી મુક્તને ક્યારેય એમ નથી થતું કે પોતે પ્રભુ થઇ ગયા, સ્વામી બની ગયા.

એ દિવ્ય સ્થિતિવાળાને જ યથાર્થ સમજાય છે કે પ્રભુનો ચૈતન્ય વિશિષ્ટ છે. બીજા મુક્તોના ચૈતન્યનો આકાર તેવો જ થાય છે. બધા મુક્તો મૂર્તિસ્વરૂપ થાય છે અને મૂર્તિના સુખમાં





લીન રહી તે સુખ ભોગવે છે, છતાં પરમાત્મા વિશિષ્ટ રહે છે. એમના જેવો ચૈતન્ય કોઈ મુક્તનો થઇ શકતો નથી. મૂર્તિમાં લીનપણું છે તે અગ્નિમાં અગ્નિ મળી જાય અથવા જળમાં જળ મળી જાય, તેમ સ્વરૂપલય નથી થતો, પય-સાકરવત્ એકતા થાય છે. જેમ અગ્નિમાં કાષ્ટ નાખીએ તે કાષ્ટ અગ્નિરૂપ થઇ જાય છે, પણ વસ્તુગતે અગ્નિ કાષ્ટ કરતાં નોખો છે. તેમ પરમાત્મારૂપ થવાથી પણ પરમાત્મા નથી થઇ જવાતું. પ્રભુની વિશિષ્ટતા શાશ્વત છે. એટલે મહારાજ અને મુક્તોને સ્વામી-સેવકભાવ નિત્ય રહે છે. આ જ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે.

મુક્તને આ વિશ્વની રચનામાં પણ દિવ્યદષ્ટિને લીધે ખૂબ જ વૈવિધ્યપૂર્ણ સુંદરતા લાગે છે. એ બધું પ્રભુની દિવ્ય લીલા જ છે, તેમ જણાય છે. તેઓ ચૈતન્યની સુંદરતા જુએ છે, પણ સ્થૂળભૌતિક શરીરોની સુંદરતા તેમને આકર્ષતી નથી. ચૈતન્યોની સુંદરતા શરીરોની સુંદરતા કરતા અનંતગણી છે. ચૈતન્યો તેની ઉપરના સારા-નરસા આવરણને લીધે ઉપરથી સારા-નરસા જણાય છે, પણ ચૈતન્ય પોતે વસ્તુગતે નિર્મળ છે. તેમાં આવરણો પેસી નથી ગયાં, પરંતુ અહંકાર, રાગ-દ્વેષ, અવિદ્યા, અજ્ઞાનના આવરણો ઉપર ચૈતન્યનું પ્રતિબિંબ પડે છે. તેથી તે તેની સાથે એકતા અનુભવવાથી પોતાને દેહરૂપ, શરીરરૂપ માની બેસે છે. સુખી-દુઃખી માને છે, જ્ઞાની-અજ્ઞાની માને છે. આવી માનીનતા પાછળનું કારણ તેની

ઉપર રહેલા આવરણો જ છે. જે આવરણો મોટા મુક્તની કૃપાથી જ્યારે હટી જઈ પરમાત્માનો સાક્ષાત્કાર થાય, ત્યારે ચૈતન્ય સ્વતંત્ર, સર્વવ્યાપી, સુખરૂપ, આનંદરૂપ મુક્ત થાય છે. મુક્તદશા આવ્યા પહેલા ચૈતન્ય અણુ સરખો સૂક્ષ્મ, તુચ્છ જણાય છે, પણ જેમ જેમ એના ઉપરથી આવરણો હટે, તેમ તેમ જ્ઞાન, પ્રકાશ, વ્યાપકતા, શક્તિ, ઐશ્વર્ય, સુખ વગેરે વૃદ્ધિ પામે છે.

જ્યારે સાક્ષાત્કાર થઈ બધા જ આવરણો હટે, એટલે મુક્તદશા પામી પ્રભુ સાથે એકરૂપ થઈ, તેના સ્વરૂપ સંબંધી દિવ્યસુખનો અનુભવ કરે છે. જેમ અણુ છે, તે કેટલો અલ્પ અને સૂક્ષ્મ છે, પણ જ્યારે તેને વૈજ્ઞાનિક પ્રયોગથી split વિભાજીત કરે છે, તેનો વિસ્ફોટ કરે છે, ત્યારે તેમાંથી વિશ્વનો વિનાશ કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. જો તે શક્તિનો સદુપયોગ કરે તો તે પણ થઈ શકે છે. તેમ પ્રભુના અનુગ્રહથી અણુ જેવો અલ્પ જીવ પણ આવરણો હટવાથી વિભુ થઈ શકે છે. સર્વજ્ઞ, સર્વવ્યાપી, શક્તિશાળી, સામર્થ્યવાન, ઐશ્વર્યવાન થઈ શકે છે.

મુક્ત જ્યારે પૃથ્વી ઉપર મનુષ્યરૂપે બિરાજતા હોય, ત્યારે પણ તેઓ પ્રભુના દિવ્યસુખમાં લીન રહ્યા થકા જ પ્રભુના સંકલ્પથી પૃથ્વી ઉપર જણાય છે, પણ તેમને આવવું જવું નથી પડતું. આ લોકમાં મનુષ્યની ક્રિયા કરતા થકા અકર્તા છે. કોઈ પણ કર્મ તેમને બાધ નથી કરતા, કારણ કે





તેમના દ્વારા કર્તા શ્રીજીમહારાજ છે. તેઓ તો પ્રભુના કાર્ય માટે નિમિત્તરૂપ માધ્યમ બને છે. આ લોકની બધી ક્રિયા તેમના સંકલ્પથી થયા કરે ને તેઓ તો મનુષ્યરૂપે હોવા છતાં પ્રભુના દિવ્યસુખમાં જ લુબ્ધ રહે છે. તેમના દ્વારા બધી ક્રિયાઓ શ્રીજીમહારાજ સ્વયં કરે છે. મુક્ત પણ અનુભવે છે કે પોતાના દ્વારા શ્રીજીમહારાજ કાર્ય કરે છે અને જીવોના કલ્યાણ કરે છે. મુક્ત જ્યારે જીવોના કલ્યાણને માટે પૃથ્વી ઉપર બિરાજતા હોય, ત્યારે મહારાજ તેમને બધાનું જાણપણું આપે છે. જેથી પ્રભુના કલ્યાણ કરવારૂપ કાર્યો થઈ શકે.

મુક્ત ઈચ્છા કરે કે તરત જ પ્રભુની અન્વયશક્તિ દ્વારા તેમને દરેક વસ્તુનું જ્ઞાન થાય છે. તેઓ જીવોના અનંત જન્મ-કર્મ, સંસ્કારો, આવરણોને હસ્તામળ જોઈ, જાણી શકે છે. ચૈતન્યોને અને તેની ઉપર રહેલા આવરણોને તેઓ જોઈ શકે છે. આ બધું દિવ્યદૃષ્ટિથી જુએ છે. મુક્તને બંને પ્રકારની દૃષ્ટિ હોય છે. શરીરો, પદાર્થો, જડ વસ્તુઓ વગેરેને જોવાની દૃષ્ટિ તેમજ ચૈતન્યો, દેવો, ઈશ્વરો, અવતારો, બ્રહ્મ, પરબ્રહ્મ, ધામો, વિભૂતિઓ વગેરેને જોવાની દિવ્યદૃષ્ટિ, એમ મુક્ત બંને પ્રકારની દૃષ્ટિ ધરાવે છે. તેઓ આ લોકના જડ પદાર્થ તેમજ મન-વાણીથી પરની અલૌકિક વસ્તુઓને પણ યથાર્થપણે જોઈ, જાણી, અનુભવી શકે છે.

આવું અલૌકિકપણું સિદ્ધ મુક્તોમાં હોય છે. તેમ જાણવાથી પણ આ લોકના મનુષ્યને તેવું જ્ઞાન, પ્રકાશ, સુખ,

ઐશ્વર્ય વગેરે પ્રાપ્ત કરવાની તાલાવેલી નથી થતી અને આ લોકના ભૌતિક પદાર્થની પ્રાપ્તિ પાછળ દોડે છે. તેઓ જાણે છે કે માયિક પદાર્થ નાશવંત અને તુચ્છ છે. તેમાંથી ક્યારેય શાશ્વત સુખ મળવાનું નથી. જે શરીરના સુખને માટે તેવા નાશવંત પદાર્થ પાછળ દોડે છે, તે શરીર પણ એટલું જ નાશવંત અને તુચ્છ છે. તો જે પોતે જ શાશ્વત નથી, તેને શાશ્વત સુખ કેવી રીતે મળે? ભૌતિક શરીર કાળે કરીને નાશ પામી જવાનું છે. તેના સુખ માટે વલખાં મારવા નકામા છે, એમ જીવો સમજી શકતા નથી, કારણ કે અનાદિકાળનું તેમને શરીર અને માયિક પદાર્થોનું વળગણ વળગ્યું છે. એ આસક્તિ ટાળવી અતિ કઠણ છે, છતાં મુક્તપુરુષ પાસેથી સત્યજ્ઞાન ગ્રહણ કરે તો આસક્તિ ટળી જાય અને પ્રભુ સંબંધી શાશ્વત સુખ મેળવવાના પ્રયત્નમાં લાગી જાય.

બીજા પ્રાણીઓના શરીરો કરતાં મનુષ્યશરીર શ્રેષ્ઠ છે. તેના દ્વારા અધ્યાત્મ માર્ગે પ્રગતિ કરી પ્રભુપ્રાપ્તિ કરવી એ જ મનુષ્યશરીરની ઉપયોગિતા છે. શરીર તો પ્રભુએ પોતાની પ્રાપ્તિ જીવોને થઇ શકે એટલા માટે આપેલું ઉત્તમ સાધન માત્ર છે. તેનું અભિમાન છોડી પ્રભુની સેવા, મુક્તની સેવા-સમાગમ અને ધ્યાન-ભજન આદિક ક્રિયાઓમાં શરીરનો સદુપયોગ કરવાથી મુક્તિ મેળવી શકાય ને ફરી ક્યારેય શરીર ધારણ ન કરવું પડે તેવી મુક્તદશા પ્રાપ્ત થાય. માટે શરીરને ઇન્દ્રિયોના સુખ પાછળ વેડફી ન નાખવું. આખો દિવસ તેનું





જ લાલન-પાલન ને ઘસ-પુસ ન કર્યા કરવી, પણ તેને દેહમંદિર સમજી પ્રભુની સેવામાં પ્રયોજવું. દેહાભિમાનનો ત્યાગ કરી મહાપ્રભુજીને અને તેના શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટે શરીરને પવિત્ર રાખી, તેનો સદુપયોગ કરીને પ્રભુને પામવા તે જ શરીરની મહત્તા છે, પણ બીજો ઉપયોગ નથી. સાધકે આવી રીતે સાચી સમજણ કેળવવી જોઈએ. (૧૪)

સિદ્ધ અનાદિમુક્ત જ્યારે જ્યારે વાત કરે, ત્યારે તે વાત નવીન જ હોય. જેમ જેમ જીવ પાત્ર થતો જાય અને મુક્તનું જ્ઞાન પચાવતો જાય, તેમ તેમ મુક્ત તેને વધારે ને વધારે ઊંડું જ્ઞાન પીરસે અને પૂર્ણ પાત્ર બનાવી, સાક્ષાત્કાર કરાવીને મોક્ષ કરે. મુક્ત દ્વારા પ્રભુ પોતે જ જીવોને ઉપદેશ કરે, તેથી તેમની વાતોમાં નવીનતા તેમજ ગહનતા હોય. મુક્તને વિષે સદાય દિવ્યભાવ રહે અને સંકલ્પ જ ન થાય તે જ સંપૂર્ણ શરણાગતિ છે. તેના વગર તો સાક્ષાત્કારનો માર્ગ ઘણો જ દુષ્કર છે. જેને છતે દેહે સાક્ષાત્કાર કરવાની પ્રબળ ઇચ્છા હોય, તેને સાક્ષાત્કાર થયા વગર દેહ પડી જાય તો બીજો જન્મ ધરવો પડે. મુક્તનો જોગ થતાં તે ધ્યેય સિદ્ધ થાય, પરંતુ જેને મોટા મુક્તને વિષે સંપૂર્ણ શ્રદ્ધા હોય અને તેમની અતિશય કૃપામાં આવી જાય, તો અંતે (દેહને અંતે) મોટા મુક્ત આવીને હાજર થઇ, સઘળા આવરણો ટાળી તે જીવને મૂર્તિના સુખમાં મૂકી દે છે. (૧૫)

મોટા થવાની તથા યશ-કીર્તિની મહેચ્છા સાથે બીજા

જીવને ઉપદેશ આપવા માટે પરિભ્રમણ કરનારને બહુ પ્રાપ્તિ થતી નથી. તેઓ થોડો સમાસ કરે, પણ પોતાનો આધ્યાત્મિક વિકાસ સાધી શકતા નથી ને અંતે નિષ્ફળ જાય છે. મુક્તરાજ શ્રી સોમચંદભાઈ જેવા અનાદિમુક્તનું પરિભ્રમણ તો બીજા જીવોના કલ્યાણને અર્થે હતું. પોતે તો પૂર્ણ સ્થિતિને પામેલા હતા. તેથી તેમને પરિભ્રમણ બંધનરૂપ ન હતું. જ્યારે બીજા સાધનદશાવાળાને તે બંધનરૂપ થવાથી આત્યંતિક મોક્ષમાં વિલંબ થાય. માટે સાક્ષાત્કાર થયા પહેલા કાર્યોમાં તાન ને વેગ રહે તેને ખોટ આવે. સાક્ષાત્કાર થયા પછી જીવોના કલ્યાણનું તથા સમાસનું કાર્ય કરનારને સિદ્ધ મુક્તદશા હોવાથી કોઈ પણ ક્રિયા બંધનરૂપ નથી થતી. (૧૬)

એક હરિભક્તે પૂછ્યું કે કથા-વાર્તા, ભજન-કીર્તન-ધૂન, તીર્થયાત્રા, માળા-પૂજા વગેરે બધું કરીએ છીએ, પણ અંતરમાં સુખ-શાંતિ આવતા નથી. તેનું શું કારણ હશે? ત્યારે મુક્તરાજે કહ્યું કે, જીવાત્માને અનંત જન્મથી બાહ્યવૃત્તિનો જ અધ્યાસ છે અને વ્યવહારનું પ્રધાનપણું મહાપ્રભુજીના સ્વરૂપ કરતાં મુખ્ય છે તથા માયિક દોષને લીધે અને મુક્તપુરુષોને વિષે મનુષ્યભાવ કે દોષ પરઠવા, આવા અનેક કારણોને લીધે પ્રભુના સ્વરૂપને વિષે સાચો પ્રેમ પ્રગટતો નથી અને તે સ્વરૂપને વિષે લગની લાગતી ન હોવાથી સુખ નથી આવતું. એનો ઉપાય એ છે કે પ્રભુના સ્વરૂપનું ધ્યાન હિંમત હાર્યા સિવાય કર્યા કરવું. દોષ, સ્વભાવ ટાળવા પ્રયત્નો કરવા.





સતત જાગૃત રહેવું. મોટા મુક્તને સેવા-સમાગમે રાજી કરવા અને નિઃસ્વાર્થભાવે પોતાનું કર્તવ્ય તથા સેવા બજાવવા, રાગ-દ્વેષ ટાળવા અને પ્રભુના સ્વરૂપનું ધ્યાન તથા તેમના નામ-સ્મરણનો અભ્યાસ કર્યા કરવો. પ્રભુની તથા મુક્તની કૃપા ઊતરે ત્યાં સુધી બધા પ્રસન્નતાના સાધનો ચીવટ રાખીને કરવાં. એમ કરતાં કરતાં યોગ્ય પાત્રતા થયે પ્રભુની કૃપા ઊતરે, મોટા મુક્તનો રાજીપો થાય, પછી પ્રભુના સ્વરૂપને વિષે લગની લાગે અને બીજે બધેથી વાસના-આસક્તિ ટળે અને નિર્વિઘ્ને ધ્યાન થાય. માટે સ્થિતિ થઈ દિવ્યસુખની પ્રાપ્તિ થાય ત્યાં સુધી પ્રસન્નતાના સાધન કરવાં. પ્રભુના સ્વરૂપમાં ધ્યાને કરીને અખંડ જોડાવાનો અભ્યાસ કરવો. ચૈતન્યમહાપ્રભુએ એક વખત કહેલું કે મને પરમાત્માને વિષે નાસ્તિકતાના તથા અયોગ્ય ઘાટ-સંકલ્પ થતા, તેથી સુખ-શાંતિ મળતાં નહોતાં અને મનમાં સદાય ઉદ્વેગ રહેતો. જ્યારે પ્રભુને કેટલાય દિવસો સુધી ગદગદ કંઠે ખૂબ જ પ્રાર્થના કરવાથી એમની કૃપા થઈ અને તેમને વિષે પ્રેમ પ્રગટ થઈ એક તેમને વિષે જ લગની લાગી, ત્યારે જ સાચો આનંદ અને સુખ-શાંતિ પ્રાપ્ત થયાં. (૧૭)

વિવિધ પ્રકારના રાગ, વાસનાઓ, આસક્તિ કાઢ્યા સિવાય પ્રભુનું સુખ આવતું નથી. બાધિતાનુવૃત્તિ પણ પાત્ર થવા માટે જ પ્રભુએ રાખી હોય છે. પાત્રતા વગર સુખનો અનુભવ થાય તો એ સુખમાં ટકી ન શકાય. યોગ્ય પાત્રતા

થયા પછી જ તે સુખ જીરવી શકાય છે. (૧૮)

નિષ્કામવ્રતની સંપૂર્ણ દઢતા થઈ ઊર્ધ્વરેતા થવાય ત્યારે જ આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થવાની પાત્રતા સંભવે છે. (૧૯)

જ્યારે અશુભ, મલિન ઘાટ-સંકલ્પ થાય, ત્યારે તરત જ તેને પ્રયત્નપૂર્વક દાબી દેવા. જો તેને વિષે લાંબો વિચાર કર્યા કરે અને તેને મનમાં ઘૂંટ્યા કરે તો તેની ચિત્તમાં અતિ દઢતા થઇ જાય અને તે ઘાટની મૂર્તિ બંધાઈ જાય. પછી તેને કાઢવા કઠણ પડે. માટે જ્યારે પણ એવા ઘાટ કુસંસ્કારોને લીધે ઊઠે કે તરત જ મોટા મુક્તને તથા ભગવાનને સંભારીને, તેમને પ્રાર્થના કરીને દાબી દેવા. મહારાજ તથા મુક્તનો દિવ્યભાવે સહિત મહિમા વારે વારે વિચાર્યા કરવો. આત્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠાનો વિચાર કરવો અને ઘાટ-સંકલ્પથી પોતાના સ્વરૂપને જુદું માની મૂર્તિમાં મહારાજે કૃપા કરીને મારા ચૈતન્યને મુક્ત કરીને રાખ્યો છે, એ વિચારનું ખૂબ મનન કરવું. જો ઘાટ-સંકલ્પનું જ મનન કરે તો તેની દઢતા થાય. પછી અશુભ કર્મો પણ થઇ જાય. એટલે એ દોષ જવા કઠણ પડે. એ દોષો કુળધર (કુળદેવતાઓ) જેવા છે. તે એકવાર પધરાવે ને તેમને પૂજ્યા કરે તો જાય નહીં. એ સ્થાન તેમને રૂચી જાય. માટે સાધકે સતત જાગૃતિપૂર્વક પ્રયત્ન કરી તે દોષોને ટાળવા. પછી મુક્તરાજે પોતાના એક સંબંધીની વાત કરીને કહ્યું કે, તેમણે ઘરના ગોખલામાં કુળધરો





(નાળિયેર, સોપારી, પથ્થર વગેરેમાં) અનુષ્ઠાન કરીને બેસારેલા ને તેમની પૂજા કર્યા કરે. પછી ભગવત્સ્વરૂપ સ્વામીની આજ્ઞાથી પોતે તે બધા કુળધરોને વર્તમાન ધરાવી, પોટલામાં બાંધીને નદીએ જઈ રેતીમાં ખાડો કરીને પધરાવી દીધા. એ બધાને સંકલ્પ કરીને ધામમાં મોકલી દીધા અને ગોખલામાં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી. તે સંબંધીનો ભય પણ દૂર કરી તેમના સંકલ્પનો વિરામ કર્યો. તેમને મહારાજને વિષે સર્વોપરી નિષ્ઠા દઢ કરાવી. એમ મુક્તો તેમના જોગમાં આવેલા સર્વનું રૂડું કરીને કલ્યાણ કરે છે. (૨૦)

કોઈ એક વખત બર્નાડશો અને ગાંધીજી વચ્ચે સેક્સ્પીયરના સંદર્ભમાં કંઇક ચર્ચા ચાલતી હતી. ત્યારે બર્નાડશોએ કહ્યું કે 'There is no season for a man to be corrupt' ગમે તેવો માણસ ક્યારે બગડી બેસે કે પતનને પામે તે કહી શકાય નહીં. તેને બગડવા માટેનો કોઈ ચોક્કસ સમય કે ઋતુ નથી. ગાંધીજીએ એ વાતને સમર્થન આપ્યું. પછી ક્યારેક બર્નાડશો મહર્ષિ અરવિંદની મુલાકાતે આવ્યા. એ વખતે આ પ્રસંગ નીકળ્યો, ત્યારે અરવિંદે કહ્યું 'There is no possibility for an enlightened person to be corrupt.' Enlightened person is an exception. પ્રબુદ્ધ વ્યક્તિ તેમાં અપવાદ છે. પૂર્ણતાને પ્રાપ્ત થયેલો આત્મા ક્યારેય પણ પતનને પામતો નથી. તેના પતનની કોઈ શક્યતા જ

નથી. ગીતાનું પણ કહેવું છે કે, **'यद गत्वा निवर्तन्ते'** એ સ્થિતિને પામેલો ક્યારેય માયિકભાવને પામતો નથી. સદાય દિવ્યગતિ કરે છે. પછી આ વાત બર્નાડશોને સમજાણી અને તેનો સ્વીકાર કર્યો.

મુક્તરાજે જણાવ્યું કે પૂર્ણ મુક્તાત્મા ક્યારેય પતન પામતો નથી. તેથી તેમનો વાદ લઇ સાધનસ્થિતિવાળો તેમના જેવું આચરણ કરવા જાય તો પતનને જ પામે, કારણ કે અધૂરી સ્થિતિમાં વિનિપાત થવાની પૂરી શક્યતા છે. જરા પણ ગાફેલપણું, અસજાગપણું પતન કરાવી નાંખે. તેથી યોગીઓ પણ યોગભ્રષ્ટ થઇ બીજા જન્મને પામે છે. "Enlightened person cannot be imitated". મુક્તનો વાદ લેવો ન જોઈએ. દા.ત. શ્રીકૃષ્ણ યુવાન અને સ્વરૂપવાન એવી ગોપીઓના સંગમાં પણ બ્રહ્મચારી, ઊર્ધ્વરેતા રહી શકતા, પરંતુ તેનો વાદ લઇ કોઈ સ્ત્રીઓનો પ્રસંગ કરે તો અધૂરી સ્થિતિવાળો દેહાભિમાની જીવ તરત જ પતનને પામે. ઊંચે પગથિયે ચડવું સહેલું નથી ખૂબ જ અઘરું છે. નીચે સરી પડવું સહેલું છે. તેથી હંમેશ સતત જાગૃત રહી પ્રભુની આજ્ઞા ને પોતાના ધર્મ-નિયમ મુજબ દઢપણે વર્તવું. તેમાં ક્યારેય પણ ગાફેલ ન થવું.

શિવ-બ્રહ્માદિક દેવોનું તથા મોટા મોટા તપસ્વી ઋષિઓનું પણ પતન થયેલું શાસ્ત્રમાં કહ્યું છે, કારણ કે તેઓ પણ અધૂરી સ્થિતિમાં હતા. શિવજીને ક્યારેક બ્રહ્મરૂપ સ્થિતિ





રહેતી અને ક્યારેક તેમાંથી બહાર નીકળી જવાતું. જો અખંડ પૂર્ણ દિવ્યસ્થિતિ ન રહે તો પતન થવાની પૂરી શક્યતા છે. પૂર્ણ દિવ્યસ્થિતિવાળા જેઓ આત્યંતિકપણે પરબ્રહ્મમાં જોડાયેલા હોય તેઓનું જ પતન શક્ય નથી. બાકી બીજા ગમે તેવા મોટા ઐશ્વર્યાર્થીઓ હોય તો પણ વિષયમાં બંધાઈ જવાની શક્યતા છે. (૨૧)

એક વખત મુક્તરાજે વાત કરી કે, શ્રીજીમહારાજે જે મુક્ત દ્વારા જેટલું કામ કરવાનું ધાર્યું હોય તે પ્રમાણે જ પોતાના મુક્ત દ્વારા કરાવે, પણ મુક્ત ક્યારેક પ્રભુએ આપેલા ઐશ્વર્યને લીધે વિશેષ કાર્ય કરવા જાય તો પ્રભુ તેમને રોકે. એટલે જેટલું કાર્ય કરવાનો મહારાજનો સંકલ્પ હોય, તેટલું જ મુક્ત કરે. દરેક મુક્તની જુદી જુદી પ્રકૃતિ જણાય છે. કારણ કે મુક્ત જયારે પ્રગટ થાય, ત્યારે મહારાજની ઇચ્છાથી અમુક પ્રકારની પ્રકૃતિ રાખવાનો સંકલ્પ કરે, તેથી તેમના જીવનમાં તે પ્રકૃતિ વિશેષપણે જણાય. તેમાં કોઈક મુક્ત ગામે ગામ ફરવું, કથા-કીર્તન કરવા અને હરિભક્તોને સત્સંગ કરાવવો, એવી પ્રકૃતિ (અંગ) જણાવે. કોઈક મુક્ત મુમુક્ષુઓને ધ્યાન-યોગ-સાંખ્ય વગેરે વિષે જ્ઞાનોપદેશ કરી હરિભક્તોને તે પ્રમાણે વર્તાવે. કોઈક મુક્ત ધર્મ અતિશય દઢ રીતે પોતે પાળે અને હરિભક્તોને પળાવે. કોઈક મુક્ત આકરો સ્વભાવ રાખે, જેથી હરિભક્તોના આચરણ શુદ્ધ થાય અને ધર્મ બરાબર પાળે. કોઈક મુક્તનો દયાળુ સ્વભાવ હોય, તેથી

તેઓ પ્રેમભાવે સાચી સમજણ આપી જીવોને ધર્મ-નિયમમાં બરાબર રખાવે. એમ મુક્તો જુદા જુદા અંગ સ્વતંત્રપણે ગ્રહણ કરે છે. તે દરેક અંગ જીવોના હિત અને કલ્યાણ માટે જ હોય છે.

મુક્તોને કોઈ પ્રકૃતિ બંધનકર્તા નથી. તેઓ તો પ્રકૃતિથી સંપૂર્ણપણે પર હોય, (અહીં પ્રકૃતિનો અર્થ અંગ સમજવું) મુક્ત આકરાપણું રાખે તે જીવોના હિત માટે જ રાખે, પણ તેવી પ્રકૃતિ પોતાને હોતી નથી. તેવી પ્રકૃતિનો દેખાવ માત્ર જ હોય. વાસ્તવમાં તો મુક્તને ક્યારેય કોઈ જીવ ઉપર ઘૃણા થતી જ નથી. અંતરથી સદાય જીવો ઉપર કરુણા વહેવડાવે છે. શ્રીજીમહારાજ પણ આકરાપણું રાખતા. જેથી હરિભક્તોને ધર્મ-નિયમમાં શિથિલતા ન આવે અને મોક્ષ માર્ગમાં આગળ વધે. તેમના મુક્તોમાં પણ શ્રીજીમહારાજના દરેક કલ્યાણકારી ગુણો સહજ રીતે પ્રગટેલા હોય છે જ. તેથી આકરાપણારૂપી કલ્યાણકારી ગુણ મુક્તો પણ રાખે, જેથી મુમુક્ષુઓ શુદ્ધ ધર્માચરણ કરે અને દોષ, પાપ વગેરેનું નિવારણ થાય. મુક્તો ક્યારેક ક્યારેક આકરાપણું જણાવે અને પછી પ્રેમ પણ ખૂબ આપે, જેથી જીવોને તેમનો અભાવ ન આવે. તેમની સાથે માનની આંટી ન બંધાય. મુક્તો જીવના સ્વભાવ-પ્રકૃતિને યથાર્થપણે જાણતા હોવાથી તેમને યોગ્ય લાગે તે રીતે તેમને વર્તાવે. કોઈ પણ ચૈતન્ય એમની દૃષ્ટિમાં આવ્યો હોય તો તેમનું પતન થવા ન દે એવા દયાળુ હોય છે.





અમુક મુક્ત આ લોકમાં બહુ કાર્ય કરતા ન જણાય અને ફક્ત દર્શનીય રહેવાની પ્રકૃતિ તેમણે રાખેલી હોય છે. તેઓ બહુ ઉદ્‌ઘોષ જણાવતા ન હોય, બહુ વિચરણ કરતા ન જણાય, સમૈયા આદિ પ્રવૃત્તિ કરતા ન જણાય, તેમ છતાં તેઓ એક સ્થાનમાં રહ્યા થકા અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરે એવા સમર્થ હોય છે. સાધનદશાવાળા ભક્તો આ લોકમાં સત્સંગમાં ફરવું, કથા-વાર્તા-ધૂન-કીર્તન કરવાં, મૂર્તિઓ છપાવવી, મૂર્તિ પ્રતિષ્ઠા કરવી, સમૈયા કરવા, તીર્થ-યાત્રા કરવી, ગુરુકુળો ચલાવવા વગેરે કાર્યો કરતા હોય તેથી તેમનો ઉદ્‌ઘોષ વધારે જણાય. તેઓ આ લોકમાં પૂજાય છે, માન-મોટપ પામે છે, જોકે આવા ભક્તોની પણ સત્સંગમાં જરૂર હોય છે, જેથી સત્સંગ સુધારણાના, સત્સંગ વિકાસના કાર્યો થાય. એ પણ પ્રભુની સેવારૂપી પ્રવૃત્તિઓ જ છે. તેમ છતાં તેવા ઉચ્ચ સાધનદશાવાળા ભક્તોથી પણ જીવના આત્યંતિક કલ્યાણ થઈ શકતા નથી, કારણ કે તેમને કાર્યો કરવાનું જ તાન હોય છે અને તેમના ચિત્તમાં કાર્યોનો વેગ જ લાગેલો હોય છે.

કાર્યો કરવાથી માન-મોટપ વધે તેનો આનંદ આવે. એટલે તેમાં બંધાઈ જાય અને જન્મો ધરે. તેથી પોતાનું પણ પૂરું કરી ન શકે, તો બીજા જીવોને ક્યાંથી મુક્તિ અપાવે? તેઓ પોતાના કાર્યો કરવાના, સેવા કરવાના તાનમાં એવા મશગૂલ હોય કે તેમને પોતાનામાં માન કે અહંકાર છે તેની

ઓળખાણ પણ થઈ શકતી નથી, કારણ કે તેઓ મહાપ્રભુજીની મૂર્તિ પ્રાપ્ત કરવાના પ્રયત્નો નથી કરતા. જ્યારે કોઈ મોટા મુક્તની તેમની ઉપર દૃષ્ટિ પડે તો થોડા જન્મે તેનું પૂરું થાય. મહારાજ તેને એવો જન્મ આપે કે જેમાં ગરીબ સ્થિતિ હોય અને પારાવાર મુશ્કેલીઓ હોય, કોઈ માન ન આપે, મોટાઈ ન મળે એવી પરિસ્થિતિમાં રાખે એટલે પોતાના દોષ ઓળખાય અને તે દોષ ટાળવાના પ્રયત્ન કરે. એમ કરતાં કરતાં દોષ, આવરણ ટળે એટલે પ્રભુની અને મુક્તની કૃપા થાય પછી મોક્ષને પામે. અનાદિમુક્ત અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરે એવા મહાસમર્થ હોય છે. અનંત સાધનદશાવાળા ભક્તો ભેળા થઈને કાર્ય કરે, તો પણ એક અનાદિમુક્ત જે કરી શકે તેવું ક્યારેય ન કરી શકે. સાધનદશાવાળા સમૈયા, ઉત્સવ કરે અને ગમે તેટલી કાર્યની ધમાલ કરે, પણ જીવોના આત્યંતિક કલ્યાણ ન કરી શકે.

સ્વસિદ્ધ અનાદિમુક્તરાજ અબજી બાપાશ્રીને સમૈયા કરવાનો હેતુ અનંત જીવોના આત્યંતિક કલ્યાણનો હતો. બાપાશ્રી જ્યારે સમૈયા કરતા, ત્યારે તેમના અનંત દિવ્યસંકલ્પોની તેજોમય છોળો ઊડતી, તે દિવ્યસંકલ્પો દ્વારા ચૈતન્યો આકર્ષાઈ જઈ, તેમના આવરણો ટળીને આત્યંતિક મોક્ષ થઈ જતા. દિવ્યદૃષ્ટિવાળા સંતોને એવા દર્શન થતા. જમતી વખતે હજારો હરિભક્તોની પંક્તિઓ બેઠી હોય, તેમાં એક પંક્તિમાં બાપાશ્રી લાડુ વગેરે પકવાન પીરસતા હોય,





ત્યાં દૂરની પંક્તિમાંથી પણ અવાજ સંભળાય જે બાપા, અહીં પીરસો, બાપા અમને પ્રસાદી આપો, તેમ સાદ થતા. એક સાથે અનેક પંક્તિમાં બાપાશ્રી દિવ્યરૂપે સૌને પીરસતા હોય એવા અનેકને દર્શન થતા અને જે કોઈ જીવને તે પ્રસાદી મળે તેને બાપા ધામમાં તેડી જતા અને આત્યંતિક મોક્ષ આપતા.

આવા કાર્યો શ્રીજીમહારાજ અને તેમના લાડીલા સમર્થ અનાદિમુક્તો જ કરી શકે, પણ સાધનિકથી ન થાય. સાધનિક મોટા થઈ પૂજાતા હોય અને તે જીવોને આશીર્વાદ આપે અને કહે કે તમારો મોક્ષ થશે. હું તમને ધામમાં તેડવા આવીશ. તો તે વાત ખોટી હોય છે. તેમના આશીર્વાદ તે આશીર્વાદ ન કહેવાય પણ શુભેચ્છા માત્ર કહેવાય, સિદ્ધ અનાદિમુક્તના આશીર્વાદ હોય તે જ સત્ય થાય. તેવા મુક્ત તો આશીર્વાદ આપી જીવોને મહારાજ ભેળા અંત વખતે દર્શન આપી, બધા આવરણો ટાળી, મહારાજ સાથે જીવનો સંબંધ કરાવી મૂર્તિના સુખમાં ઝીલાવે. તેમના વચન તો મહારાજની મૂર્તિમાંથી પ્રગટ થયેલા, અગાધ ચૈતન્યશક્તિથી ભરેલા સ્વયં શ્રીજીના વચનો હોય. '**सत्पुरुष वाक्यं न चलति धर्म**' એવા મુક્તના વચન સત્ય જ થાય, કારણ કે તેઓ સત્ય સંકલ્પ છે. અનાદિમુક્ત ફક્ત દર્શનીય હોય અને ઉદ્‌ઘોષ જણાવતા ન હોય, તેમ છતાં તેમના સંકલ્પથી અનંત જીવોના આત્યંતિક મોક્ષ થઈ જાય. તેમના સંકલ્પ નિર્ગુણ, દિવ્ય અને ચૈતન્યશક્તિથી ભરેલા

અતિ સામર્થ્યવાન હોવાથી ચૈતન્ય ઉપર રહેલા આવરણો દૂર થવાની ને ચિત્તનું શુદ્ધિકરણ થવાની સૂક્ષ્મ પ્રક્રિયા અખંડ ચાલ્યા કરે છે. તેની સામાન્ય જીવોને ખબર પડતી નથી.

જેમ મુક્ત કાર્ય કરે છે, તેમ તેમના સંકલ્પો પણ મૂર્તિમાન ચૈતન્યરૂપ હોવાથી કાર્યો કરે છે. મુક્તના સંકલ્પો મૂર્તિમાંથી પ્રગટ થતા હોવાથી માયાનો લેશ પણ તેમાં હોતો નથી. બીજા જીવોના સંકલ્પ જડ, ચિત્ત-મનમાંથી ઉદ્ભવેલા, નાશવંત, અલ્પ સામર્થ્યવાળા, માયિક ગુણોવાળા સંકલ્પ હોવાથી બંધનકર્તા અને ચૈતન્ય ઉપર આવરણકર્તા હોય છે. જ્યારે અનાદિમુક્તના સંકલ્પ સાથે મહારાજનો સંકલ્પ ભળેલો હોવાથી આવરણરૂપ ને બંધનકર્તા નથી હોતા. મોટા મુક્ત સંકલ્પ કરે પછી તેની તરફ તેમને ધ્યાન નથી રાખવું પડતું કે તે સંકલ્પ શું કરે છે. એ તો એની મેળે જે પ્રમાણે જેટલું તે સંકલ્પ દ્વારા કાર્ય કરવાનું મહારાજે અને મુક્તે ધાર્યું હોય તે પ્રમાણે થયા કરે છે. એટલે મુક્તના વચન અને તેમના સંકલ્પથી અનંત જીવોના ચૈતન્ય પરના આવરણો દૂર થઈ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ થાય છે. માટે એવા મુક્ત દર્શનીય રહે, કોઈ પ્રવૃત્તિ કરતા ન જણાય તો એમ ન માનવું જે એ કંઈ કરતા નથી. પણ એમના દ્વારા જ અનંત જીવો મોક્ષ પામે છે.

ફક્ત કાર્યો કરવાના વેગવાળા ભક્તોને બહિર્વૃત્તિનું અંગ થઇ ગયું હોવાથી તેઓ કાર્ય-કારણના ભેદને યથાર્થપણે પારખી





શકતા નથી. તેવા હરિભક્તો કરતાં તો જેઓ અંતરવૃત્તિનો અભ્યાસ કરતા હોય અને ધ્યાન-ભજન કરી પ્રભુનો સાક્ષાત્કાર કરવાનું જ એક લક્ષ્ય રાખી તેના પ્રયત્નમાં મંડ્યા રહ્યા હોય, તેવા એકાંતિક મુમુક્ષુ હરિભક્ત શ્રેષ્ઠ છે. તેમના દ્વારા પણ જીવોને પ્રભુની ઓળખાણ થવી, મુમુક્ષુતા જાગવી, સાક્ષાત્કાર કરવાની ઉત્કંઠા થવી, મહારાજનો મહિમા તથા ઉપાસના સમજાવવી જેવા સારા કાર્યો થઇ શકે છે. કાર્યના તાનવાળા હરિભક્તો કરતાં અંતરવૃત્તિવાળા કલ્યાણનું કાર્ય વધારે સારું કરી શકે, તો અનાદિમુક્તો સર્વોત્તમ કાર્ય કરે તેમાં શું નવાઈ? અનાદિ સિદ્ધમુક્તો દ્વારા તો પ્રભુ પોતે જ કાર્ય કરે છે. મુક્ત તો શ્રીજીમહારાજને કાર્યો કરવા માટેનું ઉત્તમ માધ્યમ છે, જેને નિમિત્ત બનાવી મહાપ્રભુજી પોતે જીવોને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, ઉપાસના સમજાવી આત્યંતિક મોક્ષ આપે છે. (૨૨)

જે મુમુક્ષુસાધક પોતે પુરુષપ્રયત્ન કરીને પ્રભુની કૃપાનો સંપૂર્ણ પાત્ર થયો હોય તેને જ્યારે આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય, ત્યારે મોટે ભાગે તેનો દેહ પડી જાય, પણ પ્રભુની ઈચ્છાથી તેનો દેહ રહે તો અનેકને કલ્યાણને માર્ગે આગળ લઇ જઈ શકે, પરંતુ જે શરીરમાં તેને સાક્ષાત્કાર થયો હોય તે શરીરમાં તે હોય, ત્યાં સુધી તેનામાં બીજા સાધકોના બાધિતાનુવૃત્તિના આવરણો ટાળી સાક્ષાત્કાર કરાવવાનું સામર્થ્ય હોતું નથી, પરંતુ તે સાક્ષાત્કારવાળા મુક્ત

તે દેહનો ત્યાગ કરી પ્રભુની ઈચ્છાથી વિશેષ સત્તા સાથે ફરી પ્રગટ થાય ત્યારે તેઓ સ્વતંત્રપણે બીજા પાત્ર સાધકોને બાધિતાનુવૃત્તિના આવરણો હટાવી સાક્ષાત્કાર કરાવી શકે છે. પરંતુ તેને પોતાને પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થયા પછી બીજો કોઈ ભાવ રહેતો નથી કે બીજાને આકર્ષણ કરવાની ઈચ્છા રહેતી નથી. તેમને તો કેવળ પ્રભુનું સુખ ભોગવવું એ સિવાય બીજો સંકલ્પ કે ઈચ્છા નથી હોતાં. (૨૩)

જે ભક્તને મહારાજ તથા મુક્તના દર્શન સ્વપ્નમાં વારંવાર થતા હોય તે એમ દર્શાવે છે કે તેની આધ્યાત્મિક પ્રગતિ સધાઈ રહી છે અને તેની ઉપર શ્રીજીની વિશેષ પ્રસન્નતા ઊતરી રહી છે. મહારાજ અને મુક્તો તે મુમુક્ષુમાં સાક્ષાત્કાર કરવાની આતુરતા, ત્વરા ને ઉત્કંઠા જગાવવાના હેતુથી એવા દર્શન વારંવાર આપે છે. મુમુક્ષુએ એ દર્શનસુખ અંદર અંતરમાં સમાવતાં શીખવું, જેથી ત્વરિત આધ્યાત્મિક વિકાસ સધાય. (૨૪)

મહારાજની મહાનતા ને તેમની સામર્થી પાસે, સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેવા સ્વતંત્ર સિદ્ધ અનાદિમહામુક્તની સામર્થી પણ સિંધુ આગળ બિંદુ જેવી છે. એવા મહાન ગોપાળાનંદ સ્વામી પણ શ્રીહરિ પાસે દાસભાવે વર્તતા. માટે સાધકે પ્રભુ તથા મુક્ત પાસે કોઈ પણ પ્રકારનો અહં ન રાખવો. અહંનો સંપૂર્ણ અભાવ એ જ સાચો દાસભાવ છે. અંદર અહં હોય અને ઉપરથી દાસભાવ દેખાડે એવા દંભીને





જન્મ-મરણ ટળવામાં વિલંબ થઈ જાય, માટે હર પળે સજાગ રહી, ઊંડા ઊતરી અહં ટાળવા પ્રયત્ન કરવો અને મહારાજ તથા મુક્તોને પ્રાર્થના કર્યા કરવી. (૨૫)

પ્રભુના સ્વરૂપમાં વાસ્તવિક રીતે જોડાવાય ત્યારે ગરમી-ઠંડી, ઘોંઘાટ વગેરે કશાનો અનુભવ થતો નથી. સદાય આનંદ અને શાંતિનો જ અનુભવ થાય છે. (૨૬)

શુદ્ધિ અને અશુદ્ધિ બંને ભેગા હોય ત્યાં સુધી સંપૂર્ણ નિર્મળ એવા પ્રભુનો સાક્ષાત્કાર થઈ ન શકે. સાધક જ્યારે સંપૂર્ણપણે શુદ્ધ ને પ્રભુ જેવો જ નિર્મળ બને, કોઈ પ્રકારની બાહ્ય-આભ્યંતર અશુદ્ધિ રહે નહીં, ત્યારે જ પ્રભુપ્રાપ્તિ શક્ય બને છે. (૨૭)

સાધનકાળમાં સાધકને ઘણીવાર ધ્યાન માર્ગે પાછા પડવાનો, અંતરાય ઊભા થતા હોવાનો, મૂંઝવણ થવાનો જેવા અનેક પ્રકારના અનુભવો થતા હોય છે. જ્યારે અંતઃકરણમાં સત્ત્વગુણ વર્તતો હોય, ત્યારે ધ્યાન સરસ રીતે થાય. પોતે ધ્યાન માર્ગે આગળ વધી રહ્યો છે તેવી અનુભૂતિ પણ થાય. ક્યારેક ચિત્તમાં રહેલ, કારણમાં રહેલ પૂર્વ સંસ્કારોને લઈને સત્વ સાથે રજ-તમ ભળે છે. રજોગુણ ભળે અને તેની તીવ્રતા હોય ત્યારે વિષયભોગના વિચારો ઉદ્ભવી ધ્યાનમાં ખલેલ પહોંચાડે, તમોગુણની તીવ્રતા હોય ત્યારે અંધકાર છવાઈ જાય, ત્યારે મનમાં જડતા વ્યાપી જાય અને કોઈ માર્ગ સુઝે નહીં. આવા અનુભવોના ચડાવ-ઉતાર થવા છતાં ધ્યાનનો

અભ્યાસી હિંમત હાર્યા સિવાય ખંતપૂર્વક અસ્ખલિત યત્ન કર્યા કરે તો સાક્ષાત્કાર સુધી પહોંચે. પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી તો કોઈ સંસ્કાર, કર્મબંધન, ગ્રંથિઓ ન રહેવાથી તે મુક્ત બને. પછી તેને માટે કોઈ પણ કર્તવ્ય રહેતું નથી. પ્રભુઈચ્છાથી જ તે જગતના કલ્યાણની પ્રવૃત્તિ કરે. અને પરમાત્મા સંબંધી અખંડ દિવ્યસુખ ભોગવે. (૨૮)

પ્રભુના સ્વરૂપમાં ચૈતન્યનો પ્રવેશ યોગ્યતા પ્રમાણે વિવિધ રીતે થાય છે. જે ભક્ત ધર્મ-જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય-સેવા-આત્મનિષ્ઠા વગેરે સાધનોની દઢતા કરી એકાંતિક ભક્ત થાય, પછી પ્રભુના સ્વરૂપમાં અખંડ સ્મૃતિએ સહિત જોડાય, તે પણ પ્રભુમાં પ્રવેશ કહેવાય. જેમ લોભીને ધનની અખંડ સ્મૃતિ રહેવાથી તથા કામીને વિજાતીય વ્યક્તિની અખંડ સ્મૃતિ રહેવાથી તેનો તેના વિષયમાં પ્રવેશ કહેવાય, તેમ એકાંતિક ભક્તનો પ્રભુમાં પ્રવેશ જાણવો. જ્યારે સન્મુખ મૂર્તિ ધારીને પોતાના ચૈતન્યને વિષે પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થાય, ત્યારે તે ચૈતન્ય દિવ્યવૃત્તિ દ્વારા પ્રભુમાં જોડાઈ જાય તેવા પરમ એકાંતિક મુક્તનો દિવ્યવૃત્તિ દ્વારા પ્રભુમાં પ્રવેશ જાણવો. પછી પ્રભુની કૃપાથી પૂર્ણ અનાદિમુક્તની દિવ્ય સ્થિતિમાં તે ચૈતન્ય પ્રભુરૂપ થઈ, પ્રભુના દિવ્યસ્વરૂપ સાથે પ્રેમાદ્વૈત સાધી સંપૂર્ણપણે રસબસ ભાવે સંલગ્ન થાય, ત્યારે તે ચૈતન્યનો મૂર્તિમાં પ્રવેશ જાણવો. એ પ્રવેશ આત્યંતિક અને સર્વશ્રેષ્ઠ છે. એ પૂર્ણ સ્થિતિએ દરેક ચૈતન્યએ પહોંચવું જ પડશે. ત્યાં





સુધી ચૈતન્યોની ઉત્ક્રાંતિ ચાલુ રહેશે. (૨૯)

આધ્યાત્મિક માર્ગે દરેક વ્યક્તિની અનુભૂતિઓ અલગ અલગ હોય છે, પરંતુ છેલ્લી અનાદિમુક્તની સ્થિતિમાં સુખનો પ્રકાર એક રહે છે. સુખ નિતનવીન અને અનેકવિધ પ્રકારના આવ્યા જ કરે છે તેનો પાર નથી. તે સ્થિતિ એકવાર પામ્યા પછી પતન છે જ નહીં. પછી બસ, એ દિવ્યસુખમાં ગતિ કરતાં કરતાં જેમ જેમ સુખ ભોગવવાની પાત્રતા વધતી જાય, તેમ તેમ વધુ ને વધુ સુખ આવે, તેનો કોઈ પાર જ નથી. (૩૦)

સમાધિ અવસ્થા કરતાં અખંડ સ્મૃતિ વિશેષ છે. તેના કરતાં ઉપશમ અવસ્થા પર છે. તેના કરતાં પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર અર્થાત્ પ્રભુના દિવ્ય તેજોમય સ્વરૂપનું દર્શન પર છે. તેથી પર પ્રભુના સુખના અનુભવજ્ઞાનની સ્થિતિ છે. તેથી પર સિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ છે. અને તેથી પર સ્વતંત્ર સિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ છે. (૩૧)

સાક્ષાત્કાર થઈ અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થયા પછી તે મુક્ત જેમ જેમ સુખ ભોગવે, તેમ તેમ તે સુખ ભોગવવાની ગતિ સામર્થી વધતી જાય છે. સુખ ભોગવતા ભોગવતા તે સ્વતંત્ર મુક્ત પોતે ઇચ્છે એવા સુખ ભગવાન તેને આપે છે. એનો અર્થ એ છે કે પ્રભુનું દિવ્યસુખ ઝીલવા માટે તેઓ સંપૂર્ણ પાત્ર થયા છે. મુક્તોને કોઈ ઈચ્છા હોતી નથી. તેઓને તો એક સુખનું જ જાણપણું રહે છે ને સુખનો

જ અનુભવ કરે છે. પરમાત્મા સાથે જળતરંગવત્ એકતા રહેવાથી પ્રભુસંબંધી સુખ સિવાય બીજું કંઈ રહેતું નથી, એ વિશિષ્ટાદ્વૈત મત છે. (૩૨)

પૂર્ણ સિદ્ધ મુક્તદશામાં મુક્ત પોતાના ચૈતન્યને શરીરથી અલગ અનુભવે છે અને તેમ જુએ પણ છે. દેહની ક્રિયા તો પ્રભુ અને તેમના સંકલ્પમાત્રથી ચાલતી હોય છે. બીજા સાધન સ્થિતિવાળાને આત્મા શરીરથી જુદો છે તેમ સમજણમાં રહેલું છે, પણ અનુભવમાં નથી. તેમને દેહની પીડાનો અનુભવ થાય છે, જ્યારે મુક્તને દુઃખ કે પીડાનો કોઈ અનુભવ જ થતો નથી. એકવાર પ્રભુનો સાક્ષાત્કાર થઈ પ્રભુના દિવ્યસ્વરૂપ સંબંધી સુખની અનુભૂતિ થાય અને સુખમાં ટકાય, પછી એ સ્થિતિમાંથી ક્યારેય પાછા વળાતું નથી. ક્યારેય પતન થતું નથી. **'यद्गत्वा निवर्तन्ते तद्धाम परम् मम'** એમ એ સ્થિતિ તે પરમપદ છે. તેને પ્રાપ્ત કર્યા પછી પતનની કોઈ શક્યતા જ નથી. (૩૩)

જ્યારે વચનામૃત વગેરે સદ્ગ્રંથોનું વાંચન કરતા હોઈએ, ત્યારે મહારાજ બોલે છે એવા દિવ્યભાવમાં ઓતપ્રોત થવાનો પ્રયત્ન કરી એ ભાવમાં મનને સમગ્રપણે તણાવા દેવું. સમગ્ર મનને એ પ્રભુભાવથી ભરી દેવું. આવા દિવ્યભાવથી આંતરિક વિકાસમાં ગતિ આવીને દોષો આવરણો હટતા જાય છે. (૩૪)

શ્રીજીમહારાજ તથા મુક્તનું મનુષ્યરૂપે પ્રગટપણું હોય





ત્યારે મુમુક્ષુ સાધકને પોતાને મૂંઝવતા દરેક પ્રશ્નના ખુલાસા મહારાજ અથવા મુક્તને પૂછવાથી થઈ જતા હોય છે. જેથી સાધનામાં તે પ્રશ્નો ગૂંચવાડો ઊભો ન કરે. નહીં તો એ પ્રશ્નોના ખુલાસા મેળવવાના વિચારમાં જ જીવનનો અમૂલ્ય સમય વેડફાઈ જાય. કેટલાક પ્રશ્નોના ખુલાસા અનુભવજ્ઞાનથી જ થાય છે. અનુભૂતિ ન થાય ત્યાં સુધી તે સમજી શકાતું નથી. માટે જ્યારે મુક્ત પ્રગટ હોય, ત્યારે તેમનો જોગ, સમાગમ કરી લેવો અને બધી ગેરસમજ, જ્ઞાનના ગૂંચવાડા, સંશય-શંકા વગેરેનો ઉકેલ લાવી નિઃસંશય થઈ જવું, તો સાધનાને માર્ગે વિના વિલંબે પ્રગતિ સાધી શકાય. મહારાજ અને મુક્ત મનુષ્યરૂપે અદૃશ્ય થઈ જાય પછી પણ દિવ્યસ્વરૂપે સદાય પ્રગટ રહે જ છે. પરંતુ તેઓ જે પરાવાણી, નાદાત્મક વાણી બોલે છે, તે દિવ્યવાણી સાક્ષાત્કાર થઈ સુખમાં ગતિ ન થાય, ત્યાં સુધી સાંભળી શકાતી નથી. માટે મુક્ત પ્રગટ હોય ત્યારે લાભ લઈ લેવો. એ તકને ઝડપી લેવી. મુક્ત અદૃશ્ય થઈ જાય ત્યારે સાધકને પ્રશ્નો અને સંશય રહ્યા હોય તો તે સમજવા માથાકૂટ ન કરવી અને સાધના કર્યા કરવી. એટલે અનુભવથી આપોઆપ જ તે પ્રશ્નોના ખુલાસા થઈ જશે. (૩૫)

જે સાધક અપરિણીત રહેવા ઈચ્છતો હોય, પણ સંસારની વાસનાને લઈને વૈરાગ્યની દૃઢતામાં કાચપ રહેતી હોય, તો તે ટાળવા માટે શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તને

પ્રાર્થના કર્યા કરવી. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે, 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. વૈરાગ્યમાં ખામી હોય તો તેનો ત્યાગ ટકે નહીં. એ ખામી ટાળવા માટે મહારાજ તથા તેમના મુક્તના આશીર્વચનને વિષે દૃઢ વિશ્વાસ રાખી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો. આહાર-વિહાર યુક્ત કરી મનને સત્સંગ, સત્પુરુષની સેવા વગેરે સદ્પ્રવૃત્તિમાં તથા પ્રભુના ધ્યાન-ભજનમાં જોડી રાખવું. મનમાં સ્ત્રીનો વિચાર થવા ન દેવો. જાણી જોઇને કામભાવનાથી કોઈ પણ સ્ત્રીને દૃષ્ટિએ કરીને જોવી નહીં. તેમની સાથે કોઈક કારણસર વાત-ચીત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે પણ વારે વારે તેમની સામે જોયા ન કરવું. તેને કોઈ પદાર્થ હાથોહાથ ન આપવું, કારણ કે તેમાં સ્પર્શની શક્યતા રહે છે. વિજાતીય સ્પર્શ જ વિષય વાસના ઉત્તેજિત થવામાં કારણભૂત બને છે. માટે પ્રભુની આજ્ઞા પ્રમાણે શુદ્ધ વર્તન રાખે તો ધીમે ધીમે વૈરાગ્યની અતિ દૃઢતા થઈ, હનુમાનજી જેવા નિષ્કામી ને ઊર્ધ્વરેતા બની શકાય. કોઈ પણ દોષ-સ્વભાવ તથા મનની ગ્રંથિ સમજણપૂર્વક શૂરવીરતાથી ટાળવા પ્રયત્ન કરે તો ટળી જાય. (૩૬)

એક વખત મુક્તરાજે જણાવ્યું જે સાક્ષાત્કાર થાય તે પહેલા ખૂબ જ મૂંઝવણનો અનુભવ થાય, કારણ કે તે વખતે સૂક્ષ્મ આવરણો ટળવાની પ્રક્રિયા ચાલતી હોય. જ્યારે પ્રભુને પામવાની અતિ તત્પરતા જાગે અને તાલાવેલી થાય,





અકળામણ થાય, ત્યારે જ પ્રભુના દર્શન થાય. રાગ-દ્વેષના આવરણો સૌથી ઝીણા છે. અહંકાર પણ રાગ-દ્વેષરૂપ છે, તેને લીધે જન્મ-મરણ થયા કરે. જીવાત્માને માયાબદ્ધ રાખવા માટેના મુખ્ય કારણો રાગ-દ્વેષ જ છે, જે ઓળખવા પણ મુશ્કેલ છે, પરંતુ મહાપ્રભુની સર્વોપરી ઉપાસના, દૃઢ નિશ્ચય, શ્રદ્ધા, પુરુષ-પ્રયત્ન, અનાદિમુક્તના જોગ-સમાગમ-સેવા, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવું એવા પ્રસન્નતાના સાધનો જે મુમુક્ષુ હરિભક્ત કરે તેને પોતાના દોષ, આવરણો, માયાના ગુણો વગેરે ઓળખાય. જે આ બધાને ઓળખે, તે જ તેમાંથી મુક્તિ મેળવી શકે.

સાક્ષાત્કાર થાય ત્યારે ચિત્તમાં રહેલા સંસ્કારો જેને લીધે જન્મ-મરણ થઇ સંસારની વૃદ્ધિ થાય છે તે બળી જઈ, ચૈતન્ય ઉપર રહેલા બધા આવરણો દૂર થવાથી ભગવાનના વ્યતિરેક દિવ્યસ્વરૂપ સંબંધી સુખનો યથાર્થ અનુભવ થાય. કારણશરીરમાં બીજરૂપે રહેલા સંસ્કારોનો નાશ થાય ત્યારે જ સઘળી ગ્રંથિઓ ભેદાય. આત્મા કાળ-કર્મ-માયાથી પર થઇ મુક્તિ અનુભવે. તે સર્વજ્ઞ, સર્વવ્યાપી, સ્વતંત્ર, કાળ-કર્મ-માયાથી પર, છતાં પરમાત્મા પાસે પરતંત્ર રહે છે. તેને કદી જન્મ, જરા અને મૃત્યુ આવતા નથી. મુક્તદશા પામી દાસભાવે પ્રભુના દિવ્યસુખમાં જ ગુલતાન રહે છે. એવા મુક્તને પોતાની કોઈ ઇચ્છા નથી હોતી. કારણ કે નિર્વિકલ્પ થયા પછી જ તે સ્થિતિ આવે છે. એવા મુક્તો પરમાત્માના

સંકલ્પથી જીવોના આત્યંતિક કલ્યાણ માટે મનુષ્યરૂપે વિચરણ કરે છે. તેમનું જન્મવું, દેહ મૂકવો, દેહની અનેક ક્રિયાઓ કરવી તે બીજા જીવો જેવું નથી હોતું, પણ સ્વયં પ્રભુ જેવા જ જન્મ-કર્મ અલૌકિક ને દિવ્ય હોય છે. માયાથી તેઓ કદાપિ લેપાતા નથી. તેમની મનુષ્ય જેવી લાગતી ક્રિયાઓમાં વિશિષ્ટતા હોય છે. તેની જ્ઞાની મુમુક્ષુ ભક્તને જ ખબર પડે છે. સાક્ષાત્કાર થઈ પૂર્ણ થયેલા ઊર્ધ્વરેતા મુક્તપુરુષના શરીરના અણુએ અણુ નિર્ગુણ ને દિવ્ય બને છે. મુક્તના દિવ્ય શરીર અને બીજા જીવોના ભૌતિક-માયિક શરીરમાં આસમાન-જમીન જેટલો તફાવત હોય છે. (૩૭)

જ્યાં સુધી સાક્ષાત્કાર થઇ ને અખંડ મૂર્તિના સુખમાં ન રહેવાય, ત્યાં સુધી સાધનદશામાં ધ્યાન કરતાં કરતાં ચિત્તમાં રહેલા સંસ્કારો કુંઠિત થાય, પણ નિર્મૂળ થઇ જતા નથી. તે સંસ્કારો ખૂબ જ સૂક્ષ્મભાવને પામીને કારણ અવસ્થામાં લીન રહે. તેમાં ગતિ નથી જણાતી, કારણ કે ચિત્તમાં તે સંસ્કારો ખૂબ જ મંદ સ્થિતિમાં રહેલા હોય છે. એટલે તે ઉપરથી નથી જણાતા. ઉપરથી તો એમ જણાય છે કે બધી વાસનાઓ જીતાઈ ગઈ, સંસ્કારો નષ્ટ થઇ ગયા, પણ વાસ્તવિક રીતે તેમ હોતું નથી. જ્યારે સંસ્કારોને અનુકૂળ વાતાવરણ મળે, ત્યારે તેઓ સુષુપ્ત અવસ્થામાંથી જાગૃત થઈને ગતિશીલ બને. એટલે ફરી કર્મો થાય, તેના સંસ્કાર વધુ દૃઢ બને અને તેનું ફળ મળે. જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે જ ચિત્તમાં રહેલા





સંસ્કારોનો સમૂળો વિનાશ થાય. પછી કર્મબંધન નથી થતું, તો તેનું શુભ-અશુભ ફળ પણ મળવાનું રહેતું ન હોવાથી જન્મ-મૃત્યુનું ચક્ર પણ બંધ થઇ જાય છે. માટે જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી ખૂબ જ સાવધાન રહેવું. જરા પણ ગાફેલ ન રહેવું, નહીં તો અંતઃકરણ છેતરી જાય તેવું છે. એટલે સાધનદશામાં ખૂબ જાળવવું. માન-મોટપ, પૈસો, સગા-સંબંધી, પદાર્થ વગેરે બધામાંથી નિરાસક્ત થઇ પ્રભુમાં જોડાવા પ્રયત્ન કર્યા કરવો એ જ પ્રભુ પામવાનો માર્ગ છે.

જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી અંતઃકરણની શુદ્ધિકરણ અને અશુદ્ધિકરણની ક્રિયા ચાલ્યા જ કરે. એટલે ઇન્દ્રિયોને નિયમમાં રાખીને તેમનો આહાર શુદ્ધ કરવો. કોઈ નાના મોટા પાપને કારણે અંતર ડહોળાઈ જાય, ત્યારે પ્રભુસ્મરણ કરીને અંતઃકરણપૂર્વક પસ્તાવો-પરિતાપ કરવો. પશ્ચાત્તાપ જેવું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. પસ્તાવો કરવાથી પાપ ધોવાય અને અંતઃકરણ નિર્મળ બને. ઇન્દ્રિયો-અંતઃકરણને પ્રભુ અને સત્પુરુષના સત્સંગ-સેવા કાર્ય તથા સદ્પ્રવૃત્તિમાં જોડી રાખવાં. મન નવરું પડે તો અયોગ્ય ઘાટ ઘડવા માંડે, તેથી ચિત્તમાં દબાઈ રહેલા સંસ્કારો જાગૃત થવાથી મન-ઇન્દ્રિયો અંકુશ બહાર જાય અને ન કરવાની ક્રિયા થાય, એટલે પાપ કર્મો બંધાય ને તેનું ફળ ભોગવવું પડે. માટે સાધકે ખૂબ સાવધ રહેવું. ઇન્દ્રિયો-અંતઃકરણને પ્રભુના સ્વરૂપમાં જોડવાના સતત અભ્યાસ દ્વારા મન ધીમે ધીમે પ્રભુમાં

જોડાવાના વલણવાળું થશે. પછી ધ્યાન-ભજન આદિ ક્રિયાઓ કુદરતી, સહજ ને સરળ બનશે. એ રીતે સઘળી પ્રગતિ આગળ ધપશે.

મુમુક્ષુએ ભગવાનની પ્રસન્નતાના સાધન ઠેઠ મહાપથારી સુધી એટલે દેહના અંત સુધી કરવા. પ્રભુમાં અને મોટા મુક્તના વચનમાં અડગ શ્રદ્ધા રાખી પાત્ર થવા મંડી પડવું. કોઈ પણ સેવાકાર્ય કે પ્રસન્નતાના સાધન સ્વાર્થભાવ ને ઇચ્છા -આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરી એક પ્રભુની પ્રસન્નતા માટે જ કરું છું, તેમ માની કરવા તો નિર્વિઘ્ને પ્રગતિ સાધી શકાય. પ્રસન્નતાના સાધન કરતાં કરતાં મહારાજ અને મોટા મુક્તની કૃપા થાય એટલે સાક્ષાત્કાર થાય. પછી સાધન માત્ર સિદ્ધ થઇ જાય, કોઈપણ સાધનની અપેક્ષા ન રહે. ધ્યાન-ભજન, કથા-વાર્તા, કીર્તન-સેવા, તીર્થયાત્રા, માળા-પૂજા-માનસીપૂજા વગેરે સાધનોનો એક મૂર્તિમાં જ લય થઇ જાય, મૂર્તિમાં જ પર્યવસાન પામી જાય. ત્યાર બાદ પૂર્ણદશા આવે ને કૃતાર્થ થવાય. જ્યાં સુધી સાક્ષાત્કાર થઇ તેવી સિદ્ધદશા ન આવે, ત્યાં સુધી સાધનદશામાં ઉપર જણાવેલા સાધનોની ખૂબ આવશ્યકતા રહે છે. માટે પ્રસન્નતાના સાધન તો કરવા જ પડે.

મુક્તના આશીર્વાદ મળ્યા હોય, પણ જો પ્રસન્નતાના સાધન ન કરે તો પાત્ર ન થાય અને પાત્રતા ન આવે તો સાક્ષાત્કાર થઇ આત્યંતિક મુક્તિ કેવી રીતે મળે? પુરુષપ્રયત્ન





ન કર્યો હોય અને આશીર્વાદ મળ્યા હોય તો તે આશીર્વાદને ઝીલ્યા ન કહેવાય. મોટાભાગનો સત્સંગી વર્ગ પોતાના સ્વાર્થ માટે, આ લોકના સુખ માટે, ભૌતિક વસ્તુની પ્રાપ્તિ માટે મુક્ત પાસે આશીર્વાદ માગવાની સાથે સાથે છેલ્લા જન્મના, આત્યંતિક મોક્ષના આશીર્વાદ પણ માગે. મુક્ત તો અતિશય દયાળુ હોય. તેથી જીવના વાંક, ગુના, દોષ સામું જોયા વગર આશીર્વાદ આપે. કારણ કે તેમનું વિચરણ જ જીવોના કલ્યાણ માટે હોય છે. પણ ભક્તો મોક્ષના આશીર્વાદ મેળવ્યા પછી એમ માને છે કે આપણે હવે કાંઈ કરવાનું રહ્યું નથી, બસ આશીર્વાદ મળી ગયા હવે શું ચિંતા છે! તેમ માની ગાફેલ રહી આળસ-પ્રમાદમાં સમય વેડફી નાંખે. તેવાને મોક્ષમાં ને પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થઇ જાય. પુરુષપ્રયત્ન વગર આશીર્વાદ ઝીલી શકાતા નથી. પાત્રતા આવ્યા વગર પ્રભુના સુખની ઇચ્છા રાખવી વ્યર્થ છે. માટે પુરુષપ્રયત્ન કરી પાત્ર થવું તે મહારાજ અને મોટા મુક્તનો સિદ્ધાંત છે. (૩૮)

કોઈ પણ કાર્ય પ્રભુની worship પૂજા છે, એમ માની નિરાસક્તપણે કર્તાપણાનાભાવથી રહિત થઈને કરે તો તે કર્મો બંધનરૂપ ન થાય, પરંતુ કર્મમાં તથા તેના ફળમાં આસક્તિ ને કર્તાપણાના ભાવ સાથે કરેલા દરેક શુભ-અશુભ કર્મો બંધનરૂપ બને છે. (૩૯)

પંચવર્તમાન યથાર્થ પાળી રજોગુણ, તમોગુણથી પર થાય ત્યારે જ સાચા સુખની પ્રાપ્તિ થાય. પંચવર્તમાનનું પાલન

સહેલું છે, પરંતુ વિવેકજ્ઞાન અને સમજણને અભાવે તે અઘરું પડે છે. સાચી સમજણ કેળવે તો સહેલું થઇ જાય. પંચવર્તમાનનું સૂક્ષ્મ અર્થમાં યથાર્થ પાલન થાય ત્યારે ધીમે ધીમે પ્રભુના કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થઈ ને પ્રભુનું સુખ આવે. જ્યાં સુધી એક પણ દોષ બાકી હોય, ત્યાં સુધી પાત્રતામાં અધૂરાપણું છે. એ દોષરૂપ અશુદ્ધિ પ્રયત્નપૂર્વક કાઢવી, અને એ અભ્યાસથી થાય. (૪૦)

પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર ઝીલવાની પાત્રતા આવ્યા પછી પ્રભુ સ્વયં અથવા તેમના અનાદિમુક્ત દ્વારા તે ચૈતન્ય ઉપર કૃપા વરસાવીને તે મુમુક્ષુને સાક્ષાત્કાર કરાવે, ત્યારે તે જીવમાંથી મુક્ત થાય. તેના દરેક સંસ્કારોના બીજ તથા કર્માશય બળી જવાથી તેને કોઈ પ્રારબ્ધ કર્મો ભોગવવાના બાકી રહેતા નથી. જેમ બીજા જીવો કર્મોના બંધનથી દેહ ધારણ કરે છે, તેમ તેને ફરી જન્મ ધરવો પડતો નથી. જે દેહમાં પ્રભુનો સાક્ષાત્કાર થાય તે દેહના અંતે તેને પ્રભુકૃપાથી ભાગવતીતનુ પ્રાપ્ત થાય અર્થાત્ તેનો ચૈતન્ય પ્રભુ જેવો જ દિવ્યસાકાર થઈ અને પ્રભુના દિવ્યસ્વરૂપમાં દિવ્યસાકારપણે રસબસ રહી દિવ્યસુખ માણે. પૂર્ણ અનાદિમુક્ત દિવ્ય સ્થિતિમાં કેટલાય કલ્પ સુધી સુખ ભોગવ્યા પછી સ્વસિદ્ધ અનાદિમુક્ત તુલ્ય થાય. એવા મુક્ત પ્રભુઇચ્છાથી સ્વતંત્રપણે તે દિવ્યસુખમાં રહ્યા થકા સંકલ્પમૂર્તિ થઇ મનુષ્યરૂપે બ્રહ્માંડોની પૃથ્વી ઉપર પધારી જીવોના મોક્ષ કરે. પ્રભુના દિવ્યસ્વરૂપ





સંબંધી મુક્તો જેમ જેમ સુખ ભોગવતા જાય, તેમ તેમ સુખ લેવાની ગતિ, સામર્થીમાં વધારો થતો જ જાય. એ મુક્તો સ્વતંત્રપણે પોતાની ઇચ્છા પ્રમાણે મૂર્તિનું સુખ લે, તો પણ ક્યારેય તેમાં તૃપ્તિ થતી નથી. એવું અપાર સુખ-ઐશ્વર્ય ભોગવતા ભોગવતા મુક્તને દાસભાવ પણ વૃદ્ધિ પામતો જાય. (૪૧)

પ્રભુના સ્વરૂપમાં જોડાવાના વિવિધ માર્ગો છે. તેમાં જેને જે પ્રકારે પ્રભુમાં પ્રેમ વધુ ને વધુ પ્રગટ થાય, પોતાને અનુકૂળ આવે અને સહેલાઈથી પ્રભુના સ્વરૂપમાં જોડાવાય એવો માર્ગ અપનાવવો જોઈએ. જેમ કે કોઈકને યોગ માર્ગે પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે સાધને પ્રભુમાં જોડાવું અનુકૂળ પડે. કોઈકને કથા-વાર્તાથી વિકાસ થાય, કોઈકને નામ-જપ તથા કોઈકને કીર્તનભક્તિ દ્વારા પ્રભુમાં જોડાવું સહેલું પડે. કોઈકને માનસીપૂજા દ્વારા તો કોઈકને સંગીત દ્વારા, આમાંથી ગમે તે પ્રકારે કરીને પ્રભુમાં જોડાવું એ જ મુખ્ય સિદ્ધાંત છે. (૪૨)

મુક્તરાજે એક વખત એમ વાત કરી જે, શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત મીઠાં-મરચાનો વેપાર નથી કરતા. એટલે કોઈના ભૂત-પ્રેત કાઢવા, કોઈ માંદા હોય તો તેને સાજા કરવા, રોગ મટાડવા, આર્થિક સ્થિતિ સુધારવી, બંગલા, વાહનસુખ થાય તેવા આશીર્વાદ આપવા, સંતાન ન હોય તેને સંતાન થાય, વ્યાવહારિક ઉપાધિઓ દૂર કરી વ્યવહાર

સુધારવો વગેરે કામ નથી કરતા, કારણ કે તેમની દૃષ્ટિમાં આ લોકના સુખ કચરા જેવા તુચ્છ છે. તેઓ તો ફક્ત જીવાત્માના આત્યંતિક કલ્યાણ જ કરે છે. જો ઉપર જણાવ્યા તેવા કામ કરવા બેસે તો લાખો માણસોના ટોળા ભેગા થાય. જોકે તેમને સારું કરી દેવા, મનવાંછિત ફળ આપવા મુક્તો સમર્થ છે, પણ તેવું કામ કરવું મુક્તોને પસંદ નથી. તેમ છતાં જીવોના કલ્યાણ અર્થે તેમનું વિચરણ હોવાથી જીવોના હિતમાં હોય તો તેવા કામ પણ તેમના આશીર્વાદથી થઈ જાય છે. જીવો પોતાના પ્રારબ્ધકર્મોને લીધે દુઃખ, મુશ્કેલીઓ ભોગવતા હોય છે. તેમાં જે જીવ મહારાજ અને મુક્તને શરણે આવીને મહારાજની સર્વોપરી ઉપાસના કરે તો તેવા જીવો ઉપર દયા કરીને મુક્ત તે જીવના પ્રારબ્ધ કર્મો બાળી નાંખે છે. તેમાં જેટલા pardonable માફ કરી શકાય તેવા કર્મો હોય તે દૃષ્ટિ માત્રે બાળી નાંખે છે, પણ જે unpardonable માફ ન કરી શકાય તેવા કર્મો હોય તે ભોગવાવે છે એટલે જીવ પાત્ર થઈ શકે. જો સેવાએ કરીને મોટા મુક્તની પ્રસન્નતા મેળવી હોય તો ગમે તેવા કઠણ કર્મોનો પણ ક્ષય થઈ, બધા આવરણો દૂર થઈ મુક્તદશા પ્રાપ્ત કરાવી દે એવું મુક્તનું સામર્થ્ય હોય છે.

શ્રીજીમહારાજના વખતમાં અનાદિસિદ્ધમુક્તરાજ ગોપાળાનંદ સ્વામી પાસે જાત જાતની મૂંઝવણો, મુશ્કેલીઓ, દુઃખોની ફરિયાદ લઈને માણસો આવતા. તેમને સ્વામી





આશીર્વાદ આપતા અને તેમના દુઃખો દૂર કરતા. પછી તો ભૂત-પ્રેત કઢાવવા માટે પણ લોકો તેમની પાસે આવવા માંડ્યા. સ્વામીએ મહારાજને કહ્યું, ‘હે મહારાજ! અમે તો જીવોને આપના સ્વરૂપનું જ્ઞાન આપવા અને જીવોને આત્યંતિક મોક્ષ આપવા માટે આવ્યા છીએ. લોકો અમને આવા મીઠાં-મરચાં જેવા તુચ્છ કામો કરવા માટે પરેશાન કરે છે, માટે આપ કાંઈક દયા કરો તો સારું.’ ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, ‘એક હનુમાનજી પધરાવી દો એટલે લોકો પોતાના દુઃખો લઈને ત્યાં જાય.’ ગોપાળાનંદ સ્વામીએ એક નિમિત્ત ઊભું કરીને સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા અને તેમાં પોતાનો બળવાન ઐશ્વર્યસંકલ્પ મૂક્યો. જેથી લોકો પોતાના વ્યાવહારિક દુઃખો માટે, ભૂત-પ્રેતાદિક કઢાવવા માટે, રોગ નિવારણ માટે ત્યાં જાય છે અને જે શ્રદ્ધાથી હનુમાનજીની માનતા કરે છે તેના દુઃખો ભગવાન દૂર પણ કરે છે. માટે મુક્તોને તેવા કામ કરવા ગમતા નથી. તેમનો હેતુ તો જીવોને મહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન આપી આત્યંતિક મોક્ષ કરવા એ એક જ છે. તેમની દરેક ક્રિયા જીવોના કલ્યાણને માટે જ હોય છે.

મુક્ત પાસે મહારાજની મૂર્તિના સુખના અને છેલ્લો જન્મ થઈ આત્યંતિક મોક્ષ થાય તેવા જ આશીર્વાદ માગવા, પણ માયિક સુખ ન માગવું. અહીં પણ લોકો માયિક સુખ જ માગે છે. ૧૦૦%માંથી ૯૯.૯૯% માણસોને મુક્ત પાસેથી ભૌતિક સુખ જ જોઈએ છીએ. મોટા ભાગનાને અંદર એમ

ઈચ્છા હોય છે જે, બંગલા, મોટર, પૈસા થાય, દેહે કરીને સુખિયા રહીએ અને ખાઈ-પીને મજા કરીએ. એવી જ ઈચ્છાથી મુક્ત પાસે આવે છે. મુક્તને રોગ મટાડી દે તેવા વૈદ્ય કે ડૉક્ટર જેવા સમજે છે, પણ જેને એક મૂર્તિ જ જોઈએ અને બીજું કંઈ માયિક સુખ ન જોઈએ, એવા ક્વચિત્ જ જોવા મળે. ઘણાને તો ભૌતિક સુખ મળે અને તેના ભેગું મૂર્તિનું સુખ પણ મળે તેમ ઈચ્છે છે. એકલું મૂર્તિનું સુખ જોઈએ એવી ઈચ્છાવાળા ભાગ્યે જ કોઈ હોય. તેમ છતાં મુક્ત બહુ જ દયાળુ હોવાથી તેમના મુખમાંથી સૌનું સારું થાય અને સૌ સુખી રહે તેવા વચનો સહજભાવે નીકળી જતાં હોય છે. અમુક ભાવથી બોલાયેલા વચનો મહારાજની મૂર્તિમાંથી પ્રગટેલા હોવાથી તેમના શબ્દોમાં પ્રબળ શક્તિ હોય છે. એટલે તેવા ચેતનવંતા વચનો સત્ય જ થાય.

પોતાના દુઃખની ફરિયાદ લઈને મુક્ત પાસે કોઈ આવે ત્યારે તે દુઃખને ટાળવા માટે આશીર્વાદ માગે, એટલે મુક્ત એમ બોલે કે, મહારાજ તમારું સારું કરશે. એમ બોલાઈ જવાથી, મુક્તદ્વારા બોલનારા મહારાજ હોવાથી એ આશીર્વચનોથી જીવનું સારું થઈ જાય છે. મહારાજ સારું કરશે એવા મુક્તના વચનમાં જીવનું કેવી રીતે સારું થશે તે જોઈને શ્રીજીમહારાજ તેને ફળ આપે છે. ક્યારેક જીવને પોતાને શું સારું ફળ મળ્યું તે જણાતું નથી અને મનમાં એમ વિચારે છે કે મુક્તે આશીર્વાદ આપ્યા, પણ કંઈ જણાતું તો





નથી. શ્રીજીમહારાજે જે કંઈ ફળ આપ્યું હોય તે તેના હિતમાં ને યોગ્ય ફળ અપાયેલું હોય, પરંતુ આ વાત જીવને સમજાતી નથી. એટલે ક્યારેક મુક્તમાંથી શ્રદ્ધા ડગી જાય. ઘણી વખત મુક્ત આશીર્વાદ આપે, પણ લાંબા સમય સુધી કોઈ ફળ ન મળે તો પણ વ્યક્તિની ધીરજ ખૂટી જાય. તેથી મુક્તને વિષે અણવિશ્વાસ આવી જવાથી યથાર્થ દિવ્યભાવ સમજાતો નથી.

જીવને કઈ પળે ફળ આપવું યોગ્ય છે, અને કઈ પળે આપવું યોગ્ય નથી, તે બધું મહારાજ અને મુક્ત જાણતા હોવાથી આશીર્વાદ આપવા છતાં તેનું ફળ યોગ્ય પળે જ આપે. પરંતુ મુમુક્ષુએ ત્યાં સુધી ધીરજ કે શ્રદ્ધા ગુમાવવી ન જોઈએ. મુક્તને વિષે સદાય દિવ્યભાવ રહે, ક્યારેય મનુષ્યભાવ કે દોષભાવ ન આવે, અવગુણ ન આવે, સદાય અંતર્યામી જણાય, તેમને વિષે મનમાં અયોગ્ય-અઘટિત સંકલ્પ ન થાય, ત્યારે જ ખરી શરણાગતિ કહેવાય. માટે પોતાના અંતરમાં તપાસ કરતા રહેવું જે મને મુક્તને વિષે એવો દિવ્યભાવ ને શ્રદ્ધા છે? અંતર્યામી જણાય છે? જો તેવું ન જણાતું હોય તો પોતાની કાચપ ટાળવી. દિવસે દિવસે મહારાજ અને મુક્તને વિષે દિવ્યભાવ વધારવો. શ્રદ્ધા પરિપક્વ કર્યા કરવી. તેમને સદાય નિર્દોષ ને અંતર્યામી જાણવા. તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવું. એમ કરવાથી તેમને વિષે સાચી શરણાગતિ આવશે. તેમની પ્રસન્નતા થશે એટલે બધા દોષો જીતાઈ જશે અને પ્રભુની પ્રાપ્તિ થશે. માટે મોટા

મુક્તને પ્રસન્ન કરવાના સાધનમાં મંડ્યા રહેવું. મહારાજનું સુખ જેને જોઈતું હોય તેને મોટા મુક્તનો રાજીપો મેળવવો જ પડે. તેમને રાજી કર્યા સિવાય કૂદકો લઈને મહારાજનું સુખ ક્યારેય લઇ શકાતું નથી, કારણ કે જીવોને આત્યંતિક કલ્યાણ કરી મહારાજનું સુખ આપવું તે મુક્ત દ્વારા આપવું એવો શ્રીજીમહારાજનો મૂળ સંકલ્પ છે. એટલે મુક્તને રાજી કર્યા વગર મહારાજનો રાજીપો મળી શકતો નથી.

મુક્તનો જોગ સમાગમ કર્યા વગર મહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પણ સમજાતું નથી. શાસ્ત્રોના અર્થ પણ મુક્ત સમજાવે ત્યારે જ સમજાય. મુક્તને પામ્યા વગર અને તેમની કૃપા મેળવ્યા વગર અંનત જન્મ સુધી સાધના કરે, નિષ્કામવ્રત પાળે, અષ્ટાંગ યોગ સાધે તો પણ મહારાજની વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર નથી થતો ને મૂર્તિનું સુખ નથી મળતું. તેથી જ તો મહારાજ પોતે પધાર્યા ત્યારે પોતાના અનાદિમુક્તોને પણ સાથે લાવેલા, જેથી મુક્તોના આચરણ જોઈ મુમુક્ષુઓ તે પ્રમાણે વર્તે. મહારાજની પ્રાપ્તિ કરવા માટે મુક્ત આદર્શરૂપ છે. તેઓ પોતે પ્રભુને પામવાના માર્ગે જીવોને પોતાના આચરણરૂપ, ઉપદેશ આપી પ્રગતિ કરાવે છે. ભગવાનના ગુણો પોતાનામાં દેખાડી મુમુક્ષુને તેવા ગુણો કેળવવા પ્રેરે છે. ભગવાનનું સર્વોપરી યથાર્થ જ્ઞાન આપી ઉપાસનાની દૃઢતા કરાવે છે. ધ્યાન આદિક ક્રિયાઓ પણ તેમના શીખવાડ્યા વગર આવડતી નથી. માટે એવા મોટા મુક્તને ઓળખી તેમનો





જોગ-સમાગમ-સેવા કરી, તેમની આજ્ઞામાં રહી, ધ્યાન-ભજન આદિક સાધન કરી તેમને રાજી કરે તો તેઓ જે સ્થિતિમાં છે, ભગવાનની મૂર્તિનું દિવ્યસુખ ભોગવે છે, તે પોતાના સંબંધમાં આવેલા મુમુક્ષુને તેના બધા આવરણો ટાળી પ્રભુજી સાથે સંબંધ કરાવી, સાક્ષાત્કાર કરાવી, પોતાની સાથે મૂર્તિના દિવ્યસુખમાં અખંડ ઝીલાવે છે. એવી અલૌકિક પ્રાપ્તિ મુમુક્ષુઓને કરાવવા માટે જ તેમનું મનુષ્યરૂપે વિચરણ છે, પણ બીજું કોઈ પ્રયોજન નથી. (૪૩)

યોગ અને ધ્યાન માર્ગે કુંડલિની શક્તિ જ્યારે જાગૃત થાય, ત્યારે આંતરિક તેમજ બાહ્ય પરિબળો યોગીને હેરાન-પરેશાન કરી નાંખે. એ વખતે જો પ્રભુ તથા મુક્તની કૃપા અને રક્ષણ સહાયમાં હોય તો સાધકને મુશ્કેલીઓ ઓછી નડે. માટે પ્રભુનું અને મુક્તનું રક્ષણ ખૂબ જ આવશ્યક છે. કેટલાક સાધકયોગીને યોગના યથાર્થ જ્ઞાનના અભાવે અને નાડીચક્રોની અશુદ્ધિને લઈને પ્રાણ જો ખોટે માર્ગે, ખોટી નાડીમાં પ્રવેશી જાય તો મગજના કોષો તેમજ જ્ઞાનતંતુઓને ખૂબ જ હાનિ પહોંચે, તેથી કેટલાક સાધકો તો પાગલ પણ થઇ જાય છે. માટે અનુભવી ગુરુના માર્ગદર્શન સિવાય કુંડલિનીયોગ સાધવાની સાધના કરવી સાધક માટે હિતાવહ નથી. કેટલાક યોગીઓ યોગભ્રષ્ટ પણ થઇ જાય છે, એ માર્ગ જ એવો કઠીન છે. મહર્ષિ અરવિંદ જેવા મહાન યોગીને પણ એવા સંઘર્ષનો સામનો કરવો પડેલો. માટે સાધકે

સત્પુરુષના માર્ગદર્શન હેઠળ પ્રભુના સ્વરૂપની ધ્યાનસાધના કરવી હિતાવહ છે, જેથી ધ્યાનસાધનામાં આવતા વિઘ્નો થકી રક્ષા થાય. (૪૪)

એંશી વર્ષથી ઉપરની ઉંમર થાય ત્યારે ધીમે ધીમે સ્ત્રી આદિક પદાર્થમાંથી આસક્તિ ઓછી થતી જાય. ૧૦૦ વર્ષની ઉંમર હોય ત્યારે તો સહજ રીતે જ સ્ત્રી માટેની કામના ઓછી હોય અને એ વિષયોમાં અરુચિ થાય. તો આવી સમજણ યુવા અવસ્થામાંથી જ ગ્રહણ કરે અને યુવાનીમાં જ વૃદ્ધાવસ્થામાં હોય તેવી અનાસક્તિની સમજણ કેળવે, તો વિષય વાસનાઓ અને આસક્તિ કુંઠિત થઈ જાય તેથી પ્રભુના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાના અભ્યાસમાં સરળતા રહે. (૪૫)

અષ્ટાંગ યોગ સિદ્ધ કરેલા યોગીઓ પોતાની યોગશક્તિ દ્વારા બીજા જીવોના રોગ મટાડવા, ભૂત-પ્રેતનો ઉપદ્રવ વગેરે દુઃખો દૂર કરી શકે છે. યોગની આ પ્રક્રિયા તથા તે શક્તિ સાત્ત્વિક હોય છે. તેથી બીજાના દુઃખો દૂર કરનાર યોગીને પુણ્ય ફળ મળે છે. એવા શક્તિશાળી યોગીઓ યોગશક્તિ દ્વારા બીજાને સમાધિ કરાવીને અલૌકિક અનુભવો કરાવી શકે, પરંતુ તેનાથી સમાધિનો અનુભવ કરનારને બહુ ઝાઝો ફાયદો થતો નથી, કારણ કે તે અનુભવનો આનંદ લાંબો સમય ટકી શકતો નથી. યોગની સિદ્ધિઓનો ઉપયોગ કરવો તે સકામ છે. તે સિદ્ધિઓના ઉપયોગથી પૂર્ણ મુક્તદશા પ્રાપ્ત





થઈ શકતી નથી. એ પ્રકારના ઐશ્વર્યો મેળવવાના રાગ તે કારણશરીરથી પર હોવાથી તેને મહાકારણ ગણેલું છે. એ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણથી પર થવું હોય તો પાત્રતા કેળવવી પડે અને તેવા પૂર્ણ પાત્ર થયે પ્રભુ તથા તેમના મુક્તોની કૃપા ઊતરે, ત્યારે સિદ્ધ મુક્તદશા આવીને પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ થાય. તે મુક્તદશા પ્રાપ્ત કરવા બીજા બધા રાગ માત્ર ટાળી, નિષ્કામ-નિર્વિકલ્પ થઈ કેવળ પ્રભુમાં જ લગની લગાવે અને મોટા મુક્તને સેવા-સમાગમે પ્રસન્ન કરે તો એવી અલૌકિક પ્રાપ્તિ થાય. (૪૬)

કોઈ એક સમયે શ્રીજીમહારાજ અક્ષર ઓરડીમાં બિરાજેલા. ત્યારે ત્યાં સ.ગુ.બ્રહ્માનંદ સ્વામી પણ હતા, શ્રીજીમહારાજ મધુર સ્મિત કરીને બોલ્યા, ‘સ્વામી, અમારી અવરભાવની મનુષ્યલીલા ક્યારેક બહુ સારી નથી હોતી અને સંકલ્પ કરાવે તેવી હોય, ત્યારે તમને કેમ જણાય છે?’ ત્યારે સ્વામી કહે, ‘મહારાજ! અમને તો આપને વિષે સદાય દિવ્યભાવ જ રહે છે. તેથી આપની દિવ્યલીલા કે મનુષ્યલીલા બંને એક જ લાગે અને મનુષ્યભાવ તે દિવ્યભાવ જ જણાય છે. એટલે આપની કૃપાથી મને ક્યારેય મનુષ્યભાવનો તર્ક કે સંકલ્પ નથી થતો.’

એવી રીતે શ્રીજીમહારાજ તથા તેમના અનાદિમુક્તની પરભાવની અને મનુષ્યભાવની લીલા એક જ જણાય અને તેમાં સદાય દિવ્યભાવ રહે તે જ સાચી સમજણનું તથા

દાસત્વપણાનું અંગ કહેવાય. એવા ભક્ત ઉપર મહારાજની તથા મુક્તોની પ્રસન્નતા સદાય રહે તેથી તેને માયિક દોષ નડી શકે નહીં. અને પ્રભુના દિવ્ય દર્શન થાય તેવી પાત્રતા પણ એવા જ મુમુક્ષુની થાય.

પ્રભુ તથા તેમના સિદ્ધમુક્તને વિષે મનુષ્યભાવ તથા દોષબુદ્ધિ આવે તો મોક્ષમાર્ગમાં વિઘ્નો થાય. અને દોષબુદ્ધિની આંટી બંધાઈ જાય તો પતન પણ થઇ જાય. પણ જો તેની આંટી ન બાંધે ને ઊંડા પસ્તાવાના ભાવથી મહારાજ તથા મુક્તને નમ્રભાવે પ્રાર્થના કરી દોષ માફ કરાવે તો ભગવાન કૃપાના સાગર હોવાથી બધા દોષ માફ કરીને તેને શુદ્ધ કરી સુખિયો કરે. સિદ્ધ મુક્તોની મનુષ્યલીલામાં પંચવર્તમાનની ખામી નથી હોતી. જેને પ્રભુએ આપેલા પંચવર્તમાનમાં ખામી હોય ને સ્વેચ્છાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર કરતા હોય, તેમ છતાં પોતાની જાતને ભગવાન કે મુક્ત કહેવડાવે તેને દંભી કહ્યા છે. તેનું ભયંકર યાતનામય ફળ તેમણે ભોગવવું પડે છે. આ વાત પણ મુમુક્ષુએ લક્ષ્યમાં રાખવી ઘટે, જેથી સાચા-ખોટા સંતની પરખ થઇ જોગ સમાગમ કરવાની ખબર પડે. આ કલિકાળમાં દંભનો અંચળો ઓઢી ભગવાન કે મોટા મુક્ત થઈને બેઠા હોય, પરંતુ જ્યારે તેમના કૌભાંડો પ્રકાશમાં આવે, ત્યારે તેમને વળગેલાને પસ્તાવાનો પાર ન રહે. માટે સાધકે જોગ કરવામાં ખૂબ જ સાવધ રહેવું, નહિતર મનુષ્ય જન્મ એળે જાય ને કોઈ પ્રાપ્તિ ન થાય. (૪૭)





અનાદિમુક્ત મળ્યા પછી તેમને પોતાના જ્ઞાન-ગુરુરૂપ માની હંમેશાં તેમનો આદર કરવો. તેમને વિષે આત્મબુદ્ધિ તથા આપોપું કરવું. પોતાને મુખ્ય કરી તેમને ગૌણ કરવાના વલણવાળાને શરૂમાં લાગતી ઝાંઝવાના જળ જેવી સફળતા અંતે જતાં નિષ્ફળતામાં પરિણમે. કારણ કે જે મુક્તનો જોગ કર્યો અને તેમનું જ મુખ્યપણું ન રાખ્યું, તો તે કૃતઘ્નતા ગણાય અને એવા કૃતઘ્નીનું માન ખંડન કરતાં પ્રભુ અચકાતા નથી. તેમને તો પોતાના મુક્તો અતિ વહાલા છે. તેથી તેમની સાથે સઘર્ષમાં ઊતરનાર ગમે તેવો મોટો હોય તો પણ નિષ્ફળ જાય. તેની આધ્યાત્મિક પ્રગતિ અવરોધાય તથા અપરાધનું ફળ પણ ભોગવવું પડે. (૪૮)

શ્રીજીમહારાજની પ્રસન્નતાર્થે સત્સંગ સેવાના કાર્ય માટેનું યોગ્ય planning આયોજન કરી રાખવું જોઈએ. તેવા કાર્યમાં ઉતાવળ કરવાથી થોડો સમય કાર્ય બરોબર થતું લાગે, પરંતુ યોગ્ય આયોજનના અભાવે પાછળથી તે કાર્ય અટકી પડે. દરેક કાર્યમાં ભગવાનને અને મુક્તને મુખ્ય રાખવાથી કાર્યશક્તિ ને કાર્યદક્ષતા પ્રભુ પ્રેરતા હોવાથી કાર્યનું આયોજન પણ વ્યવસ્થિત થાય અને તે કાર્યમાં સફળતા મળે. (૪૯)

અધૂરી સ્થિતિવાળાને પૂર્ણ સ્થિતિવાળા સમજી તેને ગુરુ કે ભગવાન માનીને તેમાં જોડાઈને ભગવાનને ગૌણ કરી તેવા અપૂર્ણ સ્થિતિવાળાને મુખ્ય કરી રાખે, એટલે અપૂર્ણ હોવા છતાં પોતાને ભગવાન કે મુક્ત માનનારા ગુરુ અને

તેવાને ભગવાન કે પૂર્ણ મુક્ત સમજી તેમને વિષે જોડાયેલા બધા જ નારકી થાય ને તેમને દુઃખનો પાર રહે નહિ. માટે ચૈતન્યમાં તો એક સ્વામિનારાયણ ભગવાન જ પધરાવવા. જે મુમુક્ષુ હરિભક્તને સાચા અનાદિમુક્ત મળ્યા ન હોય કે ઓળખાયા ન હોય તો ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મુક્તોને સદાય દિવ્યસાકાર ને પ્રત્યક્ષ જાણીને પ્રાર્થના કરે અને તેમને ભેળા રાખીને, અતિશય શુદ્ધ નિર્મળ જીવન જીવીને પ્રભુનું કાર્ય કરે, તો બીજા દંભી ગુરુઓ કે કહેવાતા ભગવાનો કરતાં અનેકગણું સુંદર કાર્ય કરી પ્રભુની પ્રસન્નતા મેળવી મોક્ષ પ્રાપ્ત કરી શકે. (૫૦)

જેને મહાપ્રભુજીની પ્રાપ્તિ કરવી હોય, તેમને મહારાજ અને મોટા મુક્તના વાણી અને વર્તનનું અવલોકન કરીને તેમના ગુણ શીખવા. સદાય ધીરજ રાખવી, ક્યારેય પણ મૂંઝાવું નહિ. મહાપ્રભુજી અને તેમના અનાદિમુક્તમાં, તેમની અલૌકિક શક્તિમાં અખંડ-અતૂટ વિશ્વાસ રાખવો. કોઈ પણ પરિસ્થિતિમાં અકળાઈ જઈ વિચલિત થવું નહિ, હર્ષ-શોક કરવો નહિ. સોનાના દોરાની જેમ દરેક ઋતુમાં એકરૂપ વર્તવું. જેમ સોનાના દોરાને ઋતુઓની અસર ન થાય, પણ મીણિયો દોરો હોય તો શિયાળામાં અને ચોમાસામાં અક્કડ રહે, પણ ઉનાળાની ગરમીમાં ઢીલો પડી જાય. માટે સાધકે દરેક પરિસ્થિતિમાં, ભલે તે અનુકૂળ હોય કે પ્રતિકૂળ, તેમાં





હર્ષ-શોક ન કરવો. સદાય આનંદથી પ્રભુને સંભારવા. એક તેમને જ પ્રાપ્ત કરવાની ત્વરા રાખી મૂર્તિ સિવાય બીજું કાંઈ ઈચ્છવું જ નહિ. રોમ રોમમાં પ્રભુનો જ પ્રેમ પ્રગટે, તેમને વિષે જ પરાભક્તિ પ્રગટે, એવો સંનિષ્ઠ પ્રયત્ન કરવો. (૫૧)

જે મુમુક્ષુએ પુરુષપ્રયત્ન કરીને મહારાજની મૂર્તિ સિદ્ધ કરી હોય, ત્રણેય અવસ્થામાં મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેતી હોય, મૂર્તિના દર્શન થતાં હોય, ધ્યાનમાં મહારાજનું સુખ આવતું હોય, છતાં તેને જ્યાં સુધી મહારાજની મૂળ વ્યતિરેક મૂર્તિનો, નિત્યસિદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી યથાર્થ સુખ આવતું નથી. પરંતુ જો તે ત્રણેય અવસ્થામાં અખંડ મૂર્તિને દેખતો હોય તો તે પ્રભુનો સંપૂર્ણ કૃપાપાત્ર ગણાય. તેની ઉપર પરમાત્માની તથા અનાદિમુક્તની કૃપા થાય એટલે સાક્ષાત્કાર થાય અને મહાપ્રભુજીનું દિવ્યસુખ આવે. મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર જેમણે કરવો હોય, તેમણે પુરુષપ્રયત્ન કરીને પહેલા મૂર્તિ સિદ્ધ કરવી પડે. (૫૨)

ગુરુવર્યે અનાદિમુક્તરાજ શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાત કરી જે, તેઓ શ્રીજીમહારાજના મહામુક્ત હતા. સંપૂર્ણ કૃપાપાત્ર હોવાથી ત્રણેય અવસ્થામાં મહારાજને અખંડ દેખતા. શ્રીજીમહારાજના સંકલ્પથી જેમનું આ સત્સંગમાં દિવ્ય વિચરણ હતું, જેઓ કારણસત્સંગના અદ્વિતીય પ્રણેતા એવા સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના જોગ-સમાગમમાં આવેલા. બાપાશ્રી દ્વારા શ્રીજીમહારાજનું પોતાનું વિચરણ હતું.

તેમના દ્વારા શ્રીજીમહારાજે પોતાનું સર્વોપરીપણું તથા પોતાનું જેમ છે તેમ તત્વજ્ઞાન પ્રવર્તાવ્યું. પોતાના અનાદિમુક્તની સ્થિતિની વાતો સમજાવી. અનેકને તેવી દિવ્ય સ્થિતિનો સાક્ષાત્ અનુભવ કરાવી તેવી સ્થિતિની પ્રાપ્તિ કરાવી. એવા કૃપાસાગર બાપાશ્રીના જોગમાં આવવાથી સ્વામીશ્રીને તો આનંદનો પાર ન રહ્યો. તેઓ તો બાપાશ્રીના જોગમાં રહી અખંડ બ્રહ્મયજ્ઞ કરવા માંડ્યા. એક વખત બાપાશ્રી વચનામૃતનું જ્ઞાન પીરસતા હતા અને દિવ્ય સભા બેઠેલી. સભાની સમાપ્તિ થઇ એટલે સૌ સંતો-હરિભક્તો સૌ સૌને સ્થાને ગયા, પણ સ્વામીશ્રી તો ત્યાં જ બેસી રહ્યા. બાપાશ્રીએ પૂછ્યું, 'સ્વામી, બધા ગયા અને તમે કેમ બેસી રહ્યા છો?' ત્યારે સ્વામી કહે, 'બાપા, પ્રસાદ આપો.' ત્યારે બાપાશ્રી કહે, 'ધ્યાન કરો પ્રસાદ મળશે.'

સ્વામીશ્રી તો ત્યાં જ ધ્યાન કરવા માંડ્યા. થોડી વારે મહારાજના દિવ્ય તેજોમય સ્વરૂપનો સાક્ષાત્કાર થયો અને મહારાજનું જેમ છે તેમ યથાર્થ સુખ આવવા માંડ્યું. સ્વામીશ્રી તો સવારો સવાર સુધી એમને એમ સુખમાં બેસી રહ્યા. જાગ્યા ત્યારે સ્વામીશ્રીને બાપાશ્રીએ પૂછ્યું 'કેમ સ્વામી, પ્રસાદ મળ્યોને?' ત્યારે સ્વામીશ્રી કહે, 'બાપા ઘણી કૃપા કરી. પહેલેથી આવી ખબર હોત કે આપ આવા મોટા છો તો આ મુંડાવ્યું ન હોત અને આપની સેવામાં જ રહ્યો હોત.' સ્વામીશ્રીએ ૩૦ વર્ષ સુધી બહુ આકરી તપશ્ચર્યા કરેલી અને





ખૂબ ધ્યાન-ભજન કરેલું. એવી તપશ્ચર્યાનો દાખડો કોઈ મનુષ્યથી ન થાય. એવો જબરો પુરુષાર્થ કરીને મૂર્તિ સિદ્ધ કરેલી તેથી બાપાશ્રીની કૃપા થઇ અને સાક્ષાત્કાર થઇ ગયો. પછી તો અનાદિમુક્તદશામાં પરભાવનું, મૂર્તિનું દિવ્યસુખ અખંડ ભોગવવા લાગ્યા અને અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. સ્વામી શ્રી વૃંદાવનદાસજી અને સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી બંનેની જોડ સદ્‌ગુરુ તરીકે ઓળખાતી. તેઓ બાપાશ્રીની કૃપામાં આવેલા અને અનેક જીવોને મહારાજનો જેમ છે તેમ મહિમા સમજાવીને સુખિયા કરેલા, એવા મોટા મુક્તો હતા.

સ્વામી શ્રી ભગવત્‌સ્વરૂપદાસજી પણ બાપાશ્રીની કૃપામાં આવેલા. તેઓ મુક્તરાજ ગુરુવર્ય નારાયણભાઈના (આ લોકમાં) ગુરુજી હતા. તેઓને શ્રીજીમહારાજની મૂર્તિ ત્રણેય અવસ્થામાં અખંડ દેખાતી એવા મોટા હતા. તેમને શ્રીજીના બધા જ વચનામૃતો કંઠસ્થ હતા. કોઈક હરિભક્ત તેમની પાસે વચનામૃત વાંચે અને જો એક શબ્દની પણ ભૂલ કરે તો સ્વામીશ્રી તરત જ તેની ભૂલ પકડી પાડતા. એમ આખું 'વચનામૃત' કંઠસ્થ કરેલું તથા ઘણા બધાં ચાર પદવાળા કીર્તનો પણ કંઠસ્થ કરેલાં. તેઓ કેળા, કેરી, જામફળ આદિ ફળો ધરાવે તો દિવ્યરૂપે શ્રીજીમહારાજ તથા મુક્તો આવીને ગ્રહણ કરી લેતા, એવા તેઓ શ્રીજીમહારાજના સંપૂર્ણ કૃપાપાત્ર પ્રેમી મુક્તરાજ હતા.

એક વખત બાપાશ્રીએ કચ્છમાં વૃષપુર ગામે મોટો

બ્રહ્મયજ્ઞ યોજેલો. તે વખતે હજારો સંત-હરિભક્તો યજ્ઞમાં ગયેલા. બાપાશ્રીએ સંકલ્પ કરીને અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરેલો. અનંતને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા. અનંતને પ્રસાદી જમાડી મોક્ષના વરદાન આપેલા. એવી રીતે મહારાજ બાપાશ્રી દ્વારા અઢળક ઢળેલા. તે અરસામાં સ્વામી ભગવત્સ્વરૂપદાસજી છપૈયા મંદિરમાં રહેતા હતા. ત્યાં બધા સંતોને ખબર પડી એટલે સૌ કચ્છના યજ્ઞમાં જવા તૈયાર થયા. સ્વામીશ્રી કહે, 'સૌ બાપાશ્રી યજ્ઞ કરે છે ત્યાં જશો તો અહીં મંદિરનું કોણ ધ્યાન રાખશે?' ત્યારે સંતો કહે, 'બાપાશ્રી યજ્ઞ કરે છે તેવો અલભ્ય લાભ અમને ક્યારે મળે? માટે અમે તો જઈશું જ.' ત્યારે સ્વામીશ્રી કહે, 'ભલે, હું એકલો અહીં રહીશ. તમે બધા જાઓ અને ખૂબ લાભ લો. આજ શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારા અઢળક ઢળેલા છે. તેમની કૃપાનો કોઈ પાર નથી. અનેકને સુખિયા કરે છે, માટે તમે યજ્ઞમાં ખૂશીથી જાઓ.'

ત્યાર બાદ બધા સંતો ગયા અને સ્વામીશ્રી મંદિરમાં રહ્યા. રાત્રે ૧૨ વાગ્યાના સુમારે મંદિરનો ડેલો ખખડ્યો એટલે સ્વામીશ્રીએ પૂછ્યું, 'કોણ છે?' ત્યારે બાપાશ્રીએ કહ્યું, 'ડેલો ઉઘાડો સ્વામી, હું અબજીભાઈ.' ત્યારે સ્વામીને ખૂબ નવાઈ લાગી, પછી કહ્યું, 'અહો! બાપા, તમો અત્યારે ક્યાંથી પધાર્યા?' એમ કહી ડેલો ઉઘાડ્યો. પછી બાપાશ્રી અંદર પધાર્યા અને કહ્યું, 'સ્વામી, કચ્છમાં અમે યજ્ઞ કરીએ છીએ એટલે





તમને લેવા માટે આવ્યા છીએ. કાલે સવારે વહેલા ૪ વાગે ઊઠીને નાહી ધોઈને કચ્છ તરફ નીકળીશું. આ યજ્ઞમાં તમને ખાસ લઈ જાવા છે. 'સ્વામી કહે, 'બાપા, તમે થાક્યા-પાક્યા આવ્યા હશો અને ભૂખ પણ લાગી હશે, માટે આ ઢોલિયે બિરાજો, હું આપને માટે થાળ તૈયાર કરી લાવું.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી, અત્યારે કંઈ ન બનાવશો, પણ જે હાજર પડ્યું હોય તે લાવો, તો ઠાકોરજી જમાડીએ.' સ્વામીશ્રી રોટલો, ખીચડી, શાક વગેરે પડેલું તે પીરસીને લાવ્યા. બાપાશ્રી ખૂબ પ્રેમથી બધું જમ્યા, જમીને ઢોલિયા પર પોઢી ગયા. સ્વામીશ્રીને પૂછ્યું, 'સ્વામી, તમે ઠાકોરજી જમાડ્યા?' સ્વામીશ્રી કહે, 'હા બાપા.' બાપાએ કહ્યું, 'સ્વામી, તમે હવે મહારાજને પોઢાડો.' ત્યારે સ્વામી કહે, 'બાપા, હજી હું તો નિયમ વગેરે બોલીને પછી પોઢાડીશ, પણ આપ થાક્યા હશો માટે દયા કરીને પોઢાડો.'

બાપાશ્રી તો માથે ચોફાળ ઓઢીને પોઢી ગયા. થોડી વારમાં તો નસકોરા બોલવા માંડ્યા. સ્વામીશ્રીને થયું કે બાપા આટલે બધે દૂરથી આવ્યા છે, તે ખૂબ જ થાકી ગયા લાગે છે, માટે લાવ હું જરા ચરણ દાબી દઉં. પછી ધીમેથી ચરણને અડ્યા. બાપાશ્રી તો પોઢેલા હતા એટલે ધીમે-ધીમે ચરણ દાબવા માંડ્યા. ચરણ દાબતાં તેમને અતિ આશ્ચર્ય થયું, કારણ કે ચરણ ખૂબ જ પોચા રૂ જેવા અને અતિશય કોમળ જણાયા. અંદર ક્યાંય હાડકું ન લાગ્યું. સ્વામી તે વખતે

જાણી ન શક્યા કે બાપાશ્રી દિવ્યરૂપે આવેલા છે. સ્વામી એમ ને એમ સવાર સુધી બાપાશ્રીના ચરણકમળ દાબતા રહ્યા. બાપાશ્રી જાગ્યા અને સ્વામીને કહ્યું, 'સ્વામી. તમે હજી સુધી ઠાકોરજી નથી પોઢાડ્યા?' ત્યારે સ્વામીશ્રી કહે, 'બાપાશ્રી! આપની સેવામાં જ બધો થાક જતો રહ્યો અને ખૂબ આનંદ થયો. હવે તો સવાર પડી ગઈ છે તેથી આપ સ્નાન કરો અને હું પણ પરવારું.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી, એક મોટા પાત્રમાં પાણી ભરીને લાવો.' ત્યારે સ્વામીશ્રી તે પ્રમાણે પાણી ભરી લાવ્યા. બાપાશ્રી કહે, 'સ્વામી, આમાં તમારા ચરણ બોળો. અમારે તમારા ચરણ ધોઈને પ્રસાદીનું પાણી માથે ચડાવવું છે. તમારા જેવા મોટા સંતના મહિમાનો પાર નથી.' ત્યારે સ્વામીશ્રી કહે, 'બાપા, આ શું કહો છો? ક્યાં આપ અને ક્યાં અમે? તમારાથી અમારા ચરણને કેમ અડાય? મને મહારાજ ધખે.' ત્યારે બાપાશ્રી કહે, 'સ્વામી, તમારા મહિમાની તમને ખબર નથી. તમ જેવા સંત તો સાજા બ્રહ્માંડમાં ખોળ્યા મળે તેમ નથી. માટે આ પાણીમાં તમારા ચરણ બોળો. 'સ્વામીશ્રી કહે, 'બાપા, તમે મારું એક વચન માનો તો ચરણ ધોવા દઉં. બાપા, તમે મારા માથા ઉપર હાથ મૂકજો, 'ત્યારે બાપા કહે, 'અમે તો ગરીબ ભક્ત, તમારા જેવા મોટા સંતના મસ્તક ઉપર કંઈ હાથ મૂકાય?' સ્વામીના અતિ આગ્રહથી બાપાએ હાથ મૂકવાનું કહીને સ્વામીના ચરણ ધોયા ને તે પાણી માથે





ચડાવ્યું અને બાકીનું પાણી સર્વત્ર આજુબાજુ વનસ્પતિ ઉપર, જાનવર ઉપર બધે છાંટી દેવા કહ્યું, જેથી અનંત જીવોનો મોક્ષ થાય.

સ્વામીશ્રીએ કહ્યું, 'બાપા, મેં તમારું વચન માની મારા પગ ધોવા દીધા. હવે તમે મારી વાત સ્વીકારી મારા મસ્તક ઉપર બે હાથ મૂકો. બાપા, આપની કૃપાથી શ્રીજીમહારાજની મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે, પણ આપ જેમ કહો છો કે સુખની છોળો ઊડે છે, તેજના બિંબ છૂટે છે, અનંત મુક્તો મૂર્તિમાં રહી મૂર્તિના સુખ ભોગવે છે, કિલ્લોલ કરે છે તેવા સુખનો અનુભવ હજી નથી થયો. તો મારી ઉપર કૃપા કરો.' ત્યારે બાપાશ્રી કહે, 'તમે તો સુખિયા જ છોને!' સ્વામીશ્રીએ આગ્રહથી અતિ પ્રેમે સહિત રોમાંચિત થઈ, બાપાશ્રીના હસ્તકમળ પકડી અને પોતાને માથે મૂક્યા. જેવો બાપાશ્રીના હસ્તકમળનો સ્પર્શ સ્વામીશ્રીના મસ્તકને થયો કે તરત જ બધા આવરણો હટી ગયા અને મહારાજના દિવ્ય તેજોમય વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ ગયો. બાપાશ્રી જેમ સુખનું વર્ણન કરતા હતા અને જે સુખની સ્વામીશ્રીને ઈચ્છા હતી તે આવવા લાગ્યું. અને સિદ્ધ અનાદિમુક્તની સ્થિતિ પામી સ્વામીશ્રી તે દિવ્યસુખ ભોગવવા માંડ્યા. એમ બાપાશ્રીએ દિવ્યરૂપે પધારી સ્વામીશ્રી ઉપર સવિશેષ કૃપા કરીને મહારાજનો સાક્ષાત્કાર કરાવી સુખિયા કરી દીધા.

મહાન સદ્‌ગુરુઓના આવા અદ્‌ભુત પ્રસંગોમાંથી

સાધકને પ્રભુપ્રાપ્તિની ત્વરા જગાવવાની દિવ્ય પ્રેરણા મળે છે. એ રીતે પ્રભુના દર્શનની ખૂબ જ તાલાવેલી, અકળામણ થાય ત્યારે સાક્ષાત્કાર થાય. સાક્ષાત્કાર થયા પછી તે દિવ્યસુખ અખંડ આવે અને તે સુખમાં ગતિ થાય. મનુષ્યશરીરમાં રહ્યા થકા તે સુખની અપરોક્ષાનુભૂતિ થયા પછી કાં તો શરીર પડી જાય અને કાં તો મહારાજની ઈચ્છાથી મુક્તનું શરીર બીજાના કલ્યાણને અર્થે રહે, પણ ઘણું ખરું સાક્ષાત્કાર થયા પછી થોડા સમયમાં દેહ પડી જાય ને મુક્ત સ્વતંત્રપણે મૂર્તિમાં રસબસ રહી દિવ્યસુખ ભોગવે. (૫૩)





# ૧૫

# ધૈર્ય

**આ લોકમાં કોઈ સિદ્ધિ હાંસલ કરવી હોય તો તે પરત્વે ધીરજ રાખી નિષ્ફળતાઓને પચાવી આગળ વધતા રહે, ત્યારે સિદ્ધિ હાંસલ થાય. તો આધ્યાત્મિક માર્ગ તો ઘણો જ અટપટો છે. તેમાં ઘણી વખત ખૂબ દીર્ઘકાળ પર્યંત સફળતા હાંસલ ન થાય એવું પણ બને. તે વખતે કાયર થઈ કે ગભરાઈ જઈ નાસીપાસ થયે હેતુ બર ન આવે. જ્યારે દેખીતી રીતે કોઈ પ્રગતિ ન હોય તેવે વખતે સાધકને આ ગુણની આવશ્યકતા રહે છે. સફળતા મળે કે ન મળે સાધનામાં ગમે તેવી અડચણો આવે, સાધકે ધૈર્ય ખોયા વગર દૃઢ શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ.**

આ લોકના કાર્યો સિદ્ધ થવામાં જરા વિલંબ થાય તો પણ વ્યક્તિની ધીરજ ખૂટી જતી હોય, તો પરમાત્માની પ્રાપ્તિ કરવા માટે કેટલી બધી ધીરજ જોઈએ! આ જન્મ થયો છે એ જ સાબિત કરે છે કે આપણા અનંત જન્મ થઈ ચૂક્યા છે ને હજુ સુધી પરમાત્માની પ્રાપ્તિ નથી થઈ. તો હવે પ્રભુપ્રાપ્તિને લક્ષ્ય બનાવી તે દિશામાં પ્રગતિ સાધવા આતુરતા જગાવી,

એક પ્રભુમાં જ લગની લગાડી દેવી એ સાચા સાધકનું કર્તવ્ય છે. પ્રભુપ્રાપ્તિના અવિરત પુરુષપ્રયત્નમાં પ્રભુ ક્યારેક ધૈર્યની કસોટી કરે તો પણ ધીરજ ખૂટવા ન દેવી. સંકલ્પ-વિકલ્પ કરવાની ટેવ છોડી ખૂબ patience ધીરજ રાખવી એ પ્રભુપ્રસન્નતાની ગુરુચાવી છે. સાધના દરમ્યાન ધીરજ ડગે તે યોગ્ય ન ગણાય, કારણ કે પરમાત્માની પ્રાપ્તિ એ સર્વોપરી પ્રાપ્તિ છે. તેને અર્થે ધૈર્યગુણની અનિવાર્યપણે આવશ્યકતા છે. ક્યારેક મુક્ત દ્વારા ભગવાને કહ્યું હોય કે આ તમારું કામ થઈ જશે ને તેમાં જો વિલંબ થાય તો પણ મુક્તને વિષે સંકલ્પ ન થવો જોઈએ. Totally desireless ઈચ્છા-સંકલ્પ રહિત થવું. મહારાજ અને મુક્ત ઊર્ધ્વગતિ કરવા આપણી પાસે ખૂબ જ પુરુષાર્થ કરાવે ત્યારે ધીરજની કસોટી પણ કરે, જેથી પ્રભુને પામવાની ધીરજ ને અખૂટ શ્રદ્ધા દૃઢ થાય. ગમે તેવી કસોટીમાં શ્રદ્ધા ને ધીરજ ડગે નહિ તે સાચા સાધકનું લક્ષણ છે. (૧)

સુખના અનુભવનો વિલંબ મહારાજ તથા મોટાને વિષે નિષ્ઠામાં, શ્રદ્ધામાં અને તેમનું માહાત્મ્ય સમજવામાં ખામી હોવાને લીધે થાય. જે મુમુક્ષુમાં ખૂબ જ બળવાન શ્રદ્ધા હોય અને મુક્તનો યથાર્થ મહિમા જાણી, તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી નિઃસ્વાર્થ ભાવે સેવા કર્યા કરે તો આ જન્મે જ કસર માત્ર ટળી જાય અને મુક્તદશા આવે, એવા સ્વયં શ્રીજીમહારાજના વચન છે. માટે પાત્રતા કેળવવા ખૂબ પુરુષાર્થ





કરવો. તેમાં ક્યારેય ધીરજ ખૂટવા ન દેવી. (૨)

પ્રભુના સાક્ષાત્કાર માટે ખૂબ જ ધૈર્યપૂર્વક અસ્ખલિતપણે સાધના કર્યા કરવી. તેમાં ઉતાવળ થઈ શકે નહીં. ક્યારે થશે? કેવી રીતે થશે? કેમ થશે? વગેરે પ્રશ્નોને કોઈ અવકાશ જ નથી, કારણ કે ક્યારે સાક્ષાત્કાર કરાવવો તેની પ્રભુને તથા મુક્તને બધી જ ખબર હોય છે. માટે ખંત ને ધૈર્યપૂર્વક સાધના કરવા સિવાય બીજો વિકલ્પ જ નથી. (૩)

સાધકે મૂર્તિનો સાક્ષાત્કાર અને સુખ મેળવવા માટે અખૂટ ધીરજ અને અતિ દૃઢ શ્રદ્ધા રાખવા. પ્રભુપ્રસન્નતાના સાધન કરતાં અકળાઈ જવું નહિ. તેને અર્થે એક દ્રષ્ટાંત આપ્યુંઃ એક વખત મહર્ષિ નારદમુનિ એક મહાવનમાંથી નારાયણ નારાયણ બોલતા પસાર થતા હતા. રસ્તામાં એક યોગી ઝાડ નીચે તપ કરતો હતો તેને શરીર ઉપર રાફડા થઈ ગયેલા. તે યોગી નારદમુનિનો અવાજ સાંભળી તપમાંથી જાગીને બોલ્યો, 'મુનિ, આપ ક્યાં જાઓ છો?' નારદે કહ્યું, 'હું વૈકુંઠમાં ભગવાન પાસે જાઉં છું.' પેલા યોગીએ કહ્યું, 'ભગવાનને મારે માટે પૂછજો કે મારો મોક્ષ ક્યારે થશે?' નારદ મુનિએ કહ્યું, 'ભલે, પૂછી લઈશ.' નારદ ત્યાંથી આગળ ગયા. ત્યાં આંબલીના ઝાડ નીચે એક યોગી મસ્તદશામાં આનંદથી પ્રભુનું ભજન કરતા હતા. તેણે પણ મુનિને જોઈને પૂછ્યું, 'મુનિ ક્યાં જાઓ છો?' નારદે એ જ ઉત્તર આપ્યો, 'વૈકુંઠમાં ભગવાન પાસે જાઉં છું.' તે યોગીએ

પણ કહ્યું કે મારા મોક્ષ વિષે ભગવાનને પૂછજો. નારદે કહ્યું, 'ભલે.' થોડા કાળ પછી નારદમુનિ એ જ માર્ગે પાછા નીકળ્યા. એટલે પેલા રાફડાવાળા યોગીએ પૂછ્યું, 'મુનિ, ભગવાને મારે માટે શું કહ્યું?' નારદે કહ્યું, 'ભગવાને કહ્યું છે કે તમારો મોક્ષ હજી ત્રણ જન્મ પછી થશે.' આ સાંભળી યોગી તો નિરાશ થઇ પોક મૂકીને રડવા લાગ્યો. 'આટલું બધું તપ કર્યું કે શરીર ઉપર ઊધઈના રાફડા થઇ ગયા તો ય હજી ત્રણ જન્મ લેવાના?'

મુનિ ત્યાંથી આગળ ગયા. ત્યાં પેલા મસ્તરામ યોગીએ મુનિને જોઇને પૂછ્યું, 'નારદમુનિ, મારા મોક્ષ માટે ભગવાને શું કહ્યું?' નારદે કહ્યું, 'ભગવાને એમ કહ્યું છે કે આ આંબલીના ઝાડમાં જેટલા પાંદડાં છે, એટલા યુગ જશે ત્યારે તમારો મોક્ષ થશે.' આ સાંભળી તે યોગી તો અતિ આનંદમાં આવીને નાચવા ને કૂદવા લાગ્યો કે બસ એટલા જ યુગોમાં પૂરું થઇ જશે! એટલું નક્કી તો થઇ ગયું કે આ ઝાડના પાંદડાં જેટલા જ યુગો થશે. આહા! ભગવાન બહુ દયાળુ છે. આ સાંભળી નારદમુનિને પણ થઇ ગયું કે આ યોગીની ધીરજને ધન્ય છે. ત્યાં આકાશવાણી થઇ કે વત્સ! તારો મોક્ષ અત્યારે જ થઇ ગયો. તેની અખૂટ ધીરજ અને દૃઢ શ્રદ્ધાને લઈને ભગવાને એ જ ઘડીએ તેના બધા યુગો સમાપ્ત કરીને સાક્ષાત્કાર કરાવી પૂરું કરી દીધું. આમ સાક્ષાત્કાર માટે કેટલી ધીરજ જોઈએ તે સાધકે વિચારવું રહ્યું. (૪)





શ્રીજીમહારાજના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરીને મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તેમણે સાક્ષાત્કાર ક્યારે થશે? ક્યારે પ્રભુના દિવ્યસુખની પ્રાપ્તિ થશે? વગેરે ચિંતા છોડી દેવી જોઈએ. આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરવો અને પ્રભુસંબંધી દિવ્યસુખની પ્રાપ્તિ થવી એ સાધકના હાથની વાત નથી. ફક્ત પુરુષાર્થ કરવો તે જ તેના હાથમાં છે. પુરુષાર્થ વગર સાક્ષાત્કારની અપેક્ષા આકાશકુસુમવત્ છે. ઘણા સમય સુધી સિદ્ધદશા ન આવવાથી નિરાશા આવે અને સાધના કરવાની શ્રદ્ધામાં શિથિલતા આવી જવાથી હિંમત હારી જવાય. તે માટે એ દિશામાં પાત્ર થવા ખંતપૂર્વક સાધના કર્યા કરવી એ જ સાચા સાધકનું કર્તવ્ય છે. સાધકની કેટલી પાત્રતા થઇ છે તેની સાધકને પોતાને યથાર્થ ખબર પડતી નથી. એ તો પ્રભુ અને તેમના સિદ્ધ અનાદિમુક્તને જ બરોબર ખબર પડે છે કે ક્યારે એ સાધકને દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવો અને સુખ આપવું.

સાધકે તો ફક્ત હિંમત હાર્યા વગર, બીજા કશાનો પણ વિચાર કર્યા સિવાય, નિર્ભય નિશ્ચિંત થઇને પાત્ર થવા પ્રયત્ન કર્યા કરવો. માન-મોટપ, યશ-કીર્તિ, સિદ્ધિ-પ્રસિદ્ધિની ઈચ્છામાત્રનો ત્યાગ કરી કેવળ પ્રભુની પ્રસન્નતાર્થે સેવા, ધ્યાન-ભજન વગેરે સાધનો કર્યા કરવા. એ પુરુષપ્રયત્નમાં આળસ પ્રમાદ કરીને શિથિલતા ન આવી જાય તેની હંમેશ તકેદારી રાખીને સાધન કરવા, એ જ સાધકનું કર્તવ્ય છે. (૫)

દરેક કાર્યનું ફળ મેળવવા ખૂબ જ ધીરજ રાખી પ્રયત્ન કર્યા કરવો જોઈએ. તેને અર્થે આકુળવ્યાકુળ થઈ પ્રયત્ન છોડી ન દેવા. એવા અસ્ખલિત પ્રયત્નથી પ્રભુની મરજીથી યોગ્ય પળે તેનું મીઠું ફળ મળે છે.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને એક વખત થાપાના ભાગ ઉપર ભાઠું (ગૂમડું) થયેલું. તેની પીડા અસહ્ય હતી. તેથી સૂવું બેસવું ફાવે નહીં. બીજી ક્રિયાઓ કરવામાં પણ તકલીફ પડતી. એક વાર સ્વામીશ્રી જે વૃક્ષ નીચે ધ્યાન કરવા તથા આરામ કરવા બેસતા એ વૃક્ષ એમ બોલ્યું જે ‘સ્વામી, મારા પાંદડાં વાટીને તેનો રસ લગાડી દો તો ભાઠું મટી જાય.’ ત્યારે સ્વામીશ્રી કહે, ‘હું તો રોજ તારે છાંયે બેસું છું, પહેલા કોઈ દિવસ તેં ન કહ્યું અને આજે કહ્યું! પહેલા કહ્યું હોત તો ભાઠું ક્યારનું મટી ગયું હોત.’ ત્યારે વૃક્ષે કહ્યું, ‘મહારાજ બોલાવે ત્યારે બોલાય ને! ભગવાનની મરજી વગર શી રીતે બોલાય? માટે હવે કૃપા કરીને મારા પાંદડાંનો ઉપયોગ કરો અને મારો મોક્ષ કરો’. પછી સ્વામીશ્રીએ પાંદડાં વાટીને લગાડ્યા તો ભાઠું મટી ગયું અને વૃક્ષનો પણ મોક્ષ થયો. (૬)





# ૧૬

# ધ્યાન સિદ્ધ કરવાના સૂચનો

**સાધક પ્રભુપ્રાપ્તિરૂપ પોતાના લક્ષ્યને સિદ્ધ કરવા જ્યારે ધ્યાનસાધના કરવા પ્રેરાય, ત્યારે ધ્યાનની ગહન પ્રક્રિયાના યથાર્થ જ્ઞાનના અભાવને કારણે વધુ મૂંઝાય છે. મનમાં તર્ક-વિતર્ક, સંકલ્પ-વિકલ્પો ઉઠ્યા કરે છે. એવા સાધકને ધ્યાન સિદ્ધ કરવાના સૂચનો દ્વારા મળતું સચોટ માર્ગદર્શન મૂંઝવણ મહેરામણમાં એક આશાતારકરૂપે ઊગી આવે છે જે તેની સાધનાને ગતિ આપી અંતિમ મંજિલ સુધી દોરી જાય છે.**

અનાદિમુક્તરાજ ગુરુવર્ય પૂજ્ય શ્રી નારાયણભાઈએ એક વખત કૃપા કરીને પ્રભુનું ધ્યાન કેવી રીતે કરવું અને સાક્ષાત્કાર કરવા માટે પાત્રતા કેવી રીતે કેળવવી તેની સેવકને વાત કરેલી તે અત્રે પ્રસ્તુત છે. જેને ધ્યાન કરવું હોય તેણે પ્રથમ તો શ્રીજીમહારાજના લાડીલા અનાદિમુક્તને ઓળખીને તેમનો જોગ-સમાગમ કરવો. તેમની પાસેથી શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા સમજી સર્વોપરી ઉપાસના દૃઢ કરવી. તેમના વચનમાં અને આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવી, તે શ્રદ્ધામાં ક્યારેય તર્ક ન કરવો. તેમને અંતર્યામી જાણવા અને તેમની

આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવું. આટલું કરવાથી તેમની પ્રસન્નતા થાય અને મનમાં સાત્ત્વિકભાવ ઉત્પન્ન થાય. મહારાજ અને મુક્તને વિષે દિવ્યભાવ રાખવો, ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. સારાય સત્સંગને દિવ્ય સમજી દાસભાવે રહેવું. મુમુક્ષુના લક્ષણ કેળવવા એટલે ધ્યાન કરવા માટેની પાત્રતા થાય. જ્યારે પૂર્ણ સ્થિતિવાળા મુક્ત પૃથ્વી પર પ્રગટ ન હોય, ત્યારે તેમણે કહેલી દિવ્ય વાણી દ્વારા પણ પથદર્શન મળી રહે છે. તેમનો યથાર્થ મહિમા જાણી પ્રાર્થના કરે તો પ્રગટ જેવા જ આશીર્વાદ પણ મળે છે, કારણ કે દિવ્યભાવે તેઓ સદાય પ્રગટ હોય છે.

ધ્યાન કરવા માટે અનિવાર્ય ઉપયોગી સૂચનો :

પોતાને ગમતી શ્રીજીમહારાજની સુંદર પ્રતિમા મુક્ત વિરાજતા હોય તેમની પાસે સંકલ્પ કરાવી, પ્રસાદીની કરાવી, તે મૂર્તિનું ધ્યાન કરવું. મોટા મુક્તના સંકલ્પથી પ્રતિમામાં પ્રભુનો આવિર્ભાવ થાય. એટલે પરમાત્મા તેમાં બિરાજે અને ધ્યાન કરનાર ઉપર કૃપા કરી તેને ધ્યાનમાં આગળ પ્રગતિ કરાવે. સિદ્ધમુક્ત પ્રગટ ન હોય ત્યારે ભગવાને અથવા તેમના મુક્તે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય કે જે પ્રતિમાને સંકલ્પ દ્વારા પ્રસાદીની કરી હોય તે સ્વરૂપનો સ્પર્શ કરાવીને પણ તે પ્રતિમાને ધ્યાનના ઉપયોગમાં લઈ શકાય. (૧/૧)

મહારાજની પ્રતિમા અને મહારાજની વ્યતિરેક મૂર્તિમાં ફેર નથી તેમ સમજવું. કોઈને એમ આશંકા થાય કે બધી





પ્રતિમાઓમાં જુદા જુદા ભાવ જણાય છે અને એક રોમનો ફેર નથી તેમ કહેવાનું શું કારણ? તો તેનો ઉત્તર એ છે જે શ્રીજીની બધી પ્રતિમામાં પ્રભુનો આવિર્ભાવ છે. બધા પ્રતિમાસ્વરૂપો પાછળ રહેલી પરમાત્માની મૂળ ચેતના એક જ છે. તેથી તે સ્વરૂપો સાકરના નાળિયેર જેવા છે. જ્યારે મહારાજ મનુષ્યરૂપે વિચરતા, ત્યારે પણ તેમાંથી મનુષ્યભાવ કાઢે તો શેષ દિવ્યભાવ રહે, તેમ જ પ્રતિમાનું ધ્યાન કરતી વખતે પણ તેમાંથી પ્રતિમાનો ભાવ તો કાઢવો જ પડે. તે પ્રતિમા નથી, પણ શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિ છે, તેજોમય દિવ્યસ્વરૂપ છે. તેમ દિવ્યભાવે સહિત રોમાંચિત ગાત્રે અતિ પ્રેમે સહિત તેમના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો છે, તેમ મનમાં દૃઢ નિશ્ચય કરીને પ્રતિલોમપણે ધ્યાન કરવું. પ્રથમ તો અનુલોમપણે ભગવાનના અંગેઅંગ બરોબર ઝીણવટથી નીરખવા. નખથી શિખા પર્યંત દરેક અંગનું ધ્યાન પાકું કરવું. પછી અંતરવૃત્તિએ કરીને પોતાના સર્વે અંગોમાં ભગવાનના અંગો ધારવા. આંખમાં આંખ ધારવી, હાથમાં હાથ, પગમાં પગ, મસ્તકમાં મસ્તક તેમ સર્વે અંગોમાં પરમાત્માના દિવ્ય તેજોમય અંગ ધારવા. મૂર્તિ ભૂલાય અને બીજા વિચાર-વિક્ષેપો આવે તો ફરી ખુલ્લી આંખે એકાગ્ર વૃત્તિએ મૂર્તિ નીરખવી અને ફરી અંતરમાં ઉપર જણાવ્યા પ્રમાણે પ્રતિલોમવૃત્તિએ ધ્યાન કરવું. આવી રીતે દર્શન-મનન-નિદિધ્યાસ કર્યા કરવા. (૧/૨)

ધ્યાન કરનારે અનુકૂળતા હોય તો સ્નાન કરીને અથવા હાથ, પગ, મોં ધોઈ શુદ્ધ થઈને એકાંત ને શાંત સ્થળમાં, પવિત્ર જગ્યામાં, ઊન કે સુતરાઉનું, જેની ઉપર સારી પેઠે બેસી શકાય એવું પવિત્ર આસન પાથરીને સુખાસન, સ્વસ્તિકાસન વગેરેમાંથી કોઈ પણ યોગાસનમાં પોતાને બરોબર અનુકૂળ પડે તે આસનમાં શરીરને ટટ્ટાર રાખીને ધ્યાનમાં બેસવું. ધ્યાન દરમ્યાન ઉત્પન્ન થયેલી વીજ જેવી ઊર્જાનો જમીનને પગનો સ્પર્શ થવાથી earthing થઈને વ્યય ન થઇ જાય એ હેતુથી સારી પેઠે બેસી શકાય તેવું આસન લેવાનું તાત્પર્ય છે. પહેલાના યુગમાં યોગીઓ લાકડાની ચાખડીનો ઉપયોગ પણ એ હેતુથી જ કરતા. મેરુદંડ સીધો રહે તેમ શરીરને ટટ્ટાર-સીધું રાખવાથી શ્વાસોશ્વાસની ક્રિયા વિક્ષેપ રહિત એક લયમાં થાય છે. શરીરમાં પ્રાણની ગતિ અને લોહીનું પરિભ્રમણ પણ એક લયમાં થવાથી સંકલ્પો-વિકલ્પો ને વિચારોનું પ્રમાણ ઘટે છે ને ધ્યાનમાં એકાગ્રતા વધે છે. ધ્યાન કરતી વખતે થોડી વાર સુગંધી ધૂપ-દીપ કરવાથી વાતાવરણ સાત્ત્વિક ને પવિત્ર બને છે. (૧/૩)

ધ્યાન કરનાર માટે સવારનો સમય જે બ્રાહ્મમુહૂર્ત તેમજ સંધ્યાનો કે મધ્ય રાત્રિનો સમય વધારે અનુકૂળ છે. કારણ કે એ સમયે પ્રમાણમાં શાંતિ વધારે હોય છે. જગતની દરેક રજોગુણાત્મક, તમોગુણાત્મક ક્રિયાઓ-પ્રવૃત્તિઓના આંદોલનો મંદ હોવાથી ધ્યાનમાં વિક્ષેપો ઓછા નડે છે. ઠંડા પહોર અને





શાંત વાતાવરણને લીધે મનના આવેગો ને આવેશોની તીવ્રતા ઘટવાથી મન શાંત બને છે. મનમાં સાત્ત્વિકભાવ જાગૃત થાય છે, પરિણામે ધ્યાનની પ્રક્રિયામાં એકાગ્રતા સરળતાથી સાધી શકાય છે. તેમ છતાં જ્યારે પણ સમય અને સંજોગોની અનુકૂળતા હોય, ત્યારે ધ્યાન કરવું એ મુખ્ય મુદ્દો છે.(૧/૪)

ધ્યાન કરતાં પહેલાં સદ્ગુરુ એવા અનાદિમુક્તને અતિ દિવ્યભાવથી સંભારી કોઈ પણ પ્રકારના વિઘ્નો-વિક્ષેપો ન નડે તે માટે પ્રાર્થના કરવી. પ્રાર્થના દ્વારા પ્રભુની તથા મુક્તની પ્રસન્નતા થવાથી કેટલેક અંશે આવરણો દૂર થઇ ધ્યાનમાં સરળતા રહે છે સાધનામાં પ્રભુની invisible help અદ્રષ્ટ સહાય મળી રહે છે. (૧/૫)

ધ્યાન કરનારે બધી જ કુટેવો અને નાનામોટા દરેક પ્રકારના વ્યસનોનો ત્યાગ રાખવો. ચા, બીડી, સિગારેટ, તમાકુ, દારૂ વગેરે વ્યસનોથી મનની નિર્બળતા વધે છે અને મન પોતાનું સ્વતંત્રપણું ગુમાવે છે. વ્યસન કરનારો માણસ પોતાની જાતને બુદ્ધિશાળી માને છે અને બીજાને એમ કહે છે કે મને વ્યસનોથી કોઈ જ નુકસાન થતું નથી. મારું મન મજબૂત છે, કાબૂમાં છે. હું ઈચ્છું ત્યારે વ્યસનોને છોડી શકું છું. એવી ડંફાસો મારી દંભના અંચળા હેઠળ પોતાની જાતને છેતરી દેહાભિમાનને છતું કરે છે. પણ જો અંતરમાં ઊંડો વિચાર કરીને જુએ તો ખબર પડે કે આવા નાનામોટા મનને પરવશ બનાવનાર તુચ્છ વ્યસનો પણ જો છૂટી શકતા ન

હોય, તો પછી પ્રભુના માર્ગમાં અડચણરૂપ એવા બળવાન અંતઃશત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષા, માન, સ્નેહ, રસાસ્વાદ તથા અહંકાર, તીવ્ર વાસનાઓ-સંસ્કારો વગેરેમાંથી કેવી રીતે મુક્તિ મેળવી શકાય? માટે વ્યસનોનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો.

મનની વૃત્તિઓને ચંચળ ને વિકૃત બનાવે તેવા પુસ્તકો, નવલકથાઓ, પેપરો વાંચી મનને ડહોળવું નહીં, વિક્ષિપ્ત ન કરવું. ફિલ્મ તથા મન બગાડે તેવા ટી.વી.કાર્યક્રમો જોવા નહીં. અતિ ગળ્યા-ચીકણા, અતિ ખાટા, અતિ ખારા, અતિ તીખા ખાદ્યપદાર્થો તેમજ વધુ પડતો આહાર વર્જવો. સાધક માટે રસાસ્વાદ જીતવો અતિ આવશ્યક છે, માટે મેળાવીને ખાવું, મિતાહાર કરવો. વગર પ્રયોજને જ્યાં ત્યાં રખડવું નહીં. વ્યર્થ ચર્ચામાં, વાદ-વિવાદમાં, ગ્રામ્યવાતોમાં સમય ગાળવો નહીં. ચાડી-ચુગલી, નિંદા-કૂથલી, સંકુચિતતા વગેરે મનોવિકારોમાંથી બહાર નીકળવું. ઈન્દ્રિયો-અંતઃકરણના આહારો શુદ્ધ કરવા. ઈન્દ્રિયોને નિયમમાં રાખવી. તેને જેવી છૂટી મૂકીએ કે તરત જ વિષય તરફ દોડે, પણ તેને પ્રત્યાહાર દ્વારા પંચ વિષયમાંથી પાછી ખેંચી અંકુશમાં લેવા પ્રયત્ન કરવો. શિક્ષાપત્રી વગેરે શાસ્ત્રોમાં પ્રભુએ આપેલા નિયમોનું પાલન કરવાથી ઈન્દ્રિયો, અંતઃકરણ ઉપર સરળતાથી વિજય મેળવી શકાય છે, માટે નિયમોનું ચૂસ્તપણે પાલન કરવું. (૧/૬)

પોતાને ત્રણ દેહથી પર પુરુષોત્તમરૂપ, મૂર્તિરૂપ





અનાદિમુક્ત માની પરમાત્મા અને તેમના મુક્તની કૃપાથી મૂર્તિમાં જ રસબસભાવે લીન છું. તેવી દૃઢતા સાથે દાસભાવે ધ્યાન કરવું. (૧/૭)

વ્યવહારપ્રધાન વ્યક્તિઓ સાથેના વાદવિવાદમાં, વ્યર્થ ચર્ચાઓમાં થતો સંઘર્ષ વર્જવો, એવા સંઘર્ષથી ઉગ્રતા વધવાથી મનમાં તમોગુણ વૃદ્ધિ પામે છે. તેથી સાધનામાં વિક્ષેપ થાય છે. (૧/૮)

બહાર ગયા હોઈએ ત્યારે કોઈનો સ્પર્શ ખાસ કરીને પુરુષને સ્ત્રીઓનો કે સ્ત્રીઓને પુરુષનો અજાણતા સ્પર્શ થઇ ગયો હોય તો આવીને સ્નાન કરી લેવું. જાણીને વિજાતીય સ્પર્શ ક્યારેય ન કરવો, કારણ કે સ્પર્શથી વિકાર જલદી ઉત્પન્ન થાય છે. બહાર જ્યાં ત્યાં ગમે તે પોતાના સ્વાદની લોલુપતાને વશ થઇ ખાવું નહીં, પણ પવિત્ર જગ્યાએ, પવિત્ર અન્ન હોય તો ભગવાનને સંભારીને જમવું. શૌચ ગયા પછી પણ નાહી લેવું. સ્નાન દ્વારા શરીરની શુદ્ધિ થવાથી ને શરીરનું ઉષ્ણતામાન ઘટવાથી મન પણ શાંત થાય છે. (૧/૯)

ધ્યાન કરવા માટે મનને પ્રફુલ્લિત કરે તેવું, એકાંત અને કુદરતી સૌંદર્યવાળું સ્થાન જેમ કે નદી-તળાવ, વૃક્ષો, બાગ બગીચા, જ્યાં પ્રગાઢ શાંતિ હોય તેવું પસંદ કરવું સાધનદશામાં આવશ્યક છે. એને લીધે મનની સાત્ત્વિકતા વધે અને મન ધ્યાનની અઘરી ક્રિયા માટે તૈયાર થઈ શકે. (૧/૧૦)

ધ્યાન કરનારે વચનામૃત, બાપાશ્રીની વાતો, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સિદ્ધ અનાદિમુક્તોની વાતો વાંચવી, ભગવાનની મૂર્તિનું વર્ણન કરતાં કીર્તનો ગાવા, ભગવાનની પ્રતિમામાં પ્રગટભાવ લાવી સેવા-ભક્તિ કરવી, જેથી ચિત્તની શુદ્ધિ થાય અને ભગવાનને વિષે પ્રેમભાવ પ્રગટે. (૧/૧૧)

ધ્યાન કરનારે બ્રહ્મચર્ય, નિષ્કામવ્રત દૃઢપણે પાળવું, શ્રીજીમહારાજની આજ્ઞાનું યથાર્થપણે પાલન કરવું અને મુક્તના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં રહેવું. (૧/૧૨)

ધ્યાન કરનારે રોજેરોજના ધ્યાનના અનુભવની નોંધ રાખવી. જેથી પ્રગતિ કેટલી થઈ છે, કેટલા દોષ કાઢવાના બાકી છે અને કેટલા દોષ-સ્વભાવ જીતાયા છે, તેની ખબર પડે. (૧/૧૩)

ધ્યાન કરનારે સંકલ્પ રહિત થવા પ્રયત્ન કરવો. (૧/૧૪)

ધ્યાન કરતાં કરતાં વચન સિદ્ધિ, અંતર્યામીપણું વગેરે સિદ્ધિઓ તથા સત્ય, અહિંસા, આત્મનિષ્ઠા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, વૈરાગ્યભાવ, પ્રેમ, કરુણા, નિર્માનીપણું, નિષ્કામપણું, નિર્ભયતા, નિર્દંભતા વગેરે મોટા ગુણો આવે તો તે શ્રીજીમહારાજના છે એમ માનવું અને ભૌતિક લાભના હેતુ માટે તેનો ઉપયોગ વર્જવો તથા માન-મોટપ-પ્રશંસા





વગેરેની ઈચ્છાનો ત્યાગ કરવો. (૧/૧૫)

સિદ્ધદશા આવી સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ધ્યાન-ભજન આદિક ક્રિયાઓ ગુપ્ત રાખવી. તેને ગુપ્ત ન રાખતાં પ્રકાશિત કરે તો અનેક પ્રકારના વિક્ષેપો આવે અને અહંકારની પણ વૃદ્ધિ થાય. (૧/૧૬)

વ્યાવહારિક કામકાજ કરતાં જેટલો સમય બાકી રહે તે સમયમાં ધ્યાન કરવું. પા કલાકથી શરૂઆત કરી અર્ધો કલાક કે બે-ત્રણ કલાક પણ ધ્યાન કરી શકાય. પોતાને સમયની અનુકૂળતા પ્રમાણે ધ્યાન કરવું. (૧/૧૭)

ધ્યાનસાધના દરમ્યાન ક્યારેક અનેક પ્રકારની વાસનાઓ, તીવ્ર રાગ-દ્વેષ તથા રજોગુણ, તમોગુણ સંબંધી સંકલ્પ-વિકલ્પના તરંગો ઉદ્ભવતા હોય ત્યારે શ્રીજીમહારાજે વચનામૃતમાં જણાવ્યા પ્રમાણે ઊંચે સ્વરે, નિર્લજ્જ થઈને તાલી વગાડી 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ નામમંત્રનો જપ કરવો અને પ્રભુ તથા અનાદિમુક્તોના નામ લઈ પ્રાર્થના કરવી, તો સંકલ્પોના ને વાસનામય આવેગોના તરંગો શમી જાય. ત્યાર બાદ મન શાંત થયા પછી ધ્યાનાભ્યાસ કરવો તો ત્વરિત પ્રગતિ થાય. (૧/૧૮)

સાધક ધ્યાન કરતાં થાકે ત્યારે પ્રભુના નામનો જપ અથવા 'બ્રહ્માહમ્ સ્વામિનારાયણ દાસોસ્મિ' જેવા કોઈ મંત્રનો જપ કરી શકાય, જેમાં હું પુરૂષોત્તમરૂપ, અનાદિમુક્ત એવો ભગવાન સ્વામિનારાયણનો દાસ છું. આવા દિવ્યભાવ સાથેના

મંત્રનો જપ કરવો. એમ જપ અને ધ્યાનમાં નિમગ્ન રહેતા સાધકને પ્રભુનો સાક્ષાત્કાર થવાની પાત્રતા જલદી આવે છે. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેવા અનાદિમુક્તોનો પણ આવો અભિપ્રાય છે. (૧/૧૯)

હું પુરૂષોત્તમરૂપ, મૂર્તિરૂપ એવો પુરૂષોત્તમ નારાયણનો દાસ છું. આવા ભાવ સાથેના મંત્રરટણથી અને પ્રતિલોમ ધ્યાનના અભ્યાસથી ચૈતન્યને વિષે મુક્તભાવની સતત દૃઢતા થયા કરવાથી સ્થિતિ બંધાતાં પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થવાથી એવી વાસ્તવિક દિવ્યસ્થિતિનું નિર્માણ થાય છે અને સાધક મુક્તદશા પામી પ્રભુના દિવ્યસુખની અખંડ અનુભૂતિ કરે છે. (૧/૨૦)

આ બધા સૂચનોને અમલમાં મૂકવાથી ધ્યાન જલદી સિદ્ધ થાય અને મહારાજ તથા મુક્તની પ્રસન્નતા થાય, તેથી સાક્ષાત્કાર માટેની પાત્રતા આવે. પછી પ્રભુજી તેવા ધ્યાનયોગી ઉપર અનુગ્રહ કરીને પોતાની મૂળ વ્યતિરેક મૂર્તિનો તેજોમય સાક્ષાત્કાર કરાવીને પોતાના સુખમાં રસબસ ભાવે ઝીલાવે. મુમુક્ષુએ આ ધ્યેય સિદ્ધ કરવા માટે ઉપર્યુક્ત સૂચનો અમલમાં મૂકવા. (૧)

કારણશરીરમાંથી રાગ જવા ખૂબ જ અઘરા છે. ક્યારેક જપ-તપ વગેરે સાધનો પુરુષપ્રયત્નથી થોડા સમય પૂરતા તે દબાઈ રહે, પણ તેને અનુકૂળ વાતાવરણ મળે ત્યારે ફરી ઉદ્ભવે છે. માટે ધ્યાન કરતાં પહેલાં થોડીવાર આત્મનિરીક્ષણ





ને સાંખ્યવિચાર (આત્મવિચાર) કરવો જોઈએ, નહિતર ધ્યાન યંત્રવત્ થઈ જાય. કારણશરીરમાંથી રાગ કાઢવા આત્મવિચાર, આત્મનિરીક્ષણ, સતત જાગૃતિ અને પ્રભુને તથા મુક્તને ગદગદ પ્રાર્થના એ ઉત્તમ ઉપકરણો છે. પ્રભુના સ્વરૂપના ધ્યાન સાથે તેમના કલ્યાણકારી ગુણોનું પણ ધ્યાન કરી તેને જીવનમાં આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરવો. પ્રભુના ગુણોનો આવિર્ભાવ થતાં કારણશરીરમાં રહેલ રાગ દૂર થાય છે. (૨)

એક હરિભક્ત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે રોજ વાતો સાંભળવા આવતા અને ગોપાળાનંદ સ્વામી સાથે હેત પણ રાખતા. તે હેતને લીધે તેને સ્વપ્નમાં વારે વારે સ્વામીના દર્શન થાય. તેથી એક વખત ગોપાળાનંદ સ્વામીને જણાવ્યું, 'સ્વામી, મને સ્વપ્નમાં આપના દર્શન થાય છે અને આનંદ આવે છે.' ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું, 'તને કોઈ દિવસ મહારાજના દર્શન થાય છે?' ત્યારે ભક્ત કહે, 'ના સ્વામી, મહારાજના દર્શન કોઈ દિવસ નથી થતાં.' ત્યારે સ્વામી કહે, 'ક્યાંથી થાય? કારણ કે તું રોજ મારી સામે બેસીને વાતો સાંભળે છે અને તને મારે વિષે હેત છે. તેથી મારા દર્શન થાય છે, પણ એ દર્શનથી શું ફાયદો? પૂર્ણ પુરુષોત્તમ મહારાજના દર્શન થવા જોઈએ ને? હું પણ મારા આ શરીરના આકારને સંપૂર્ણપણે ભૂલી ગયો છું. તો તું શું કામ સંભારે છે? મારા દર્શન તને થાય છે તે પણ તું જીરવી નથી શકતો, તેથી તેં મને કહ્યું. એમ કહે કહે કરવાથી સુખ જતું રહે અને

પાત્રતા ન આવે. મહારાજ અને મુક્ત તો બધું જાણે જ છે. તેમને શું ખબર ન હોય? તેમને તો બધી ખબર હોય. માટે તે કહેવાની ક્યાં જરૂર છે?' પછી હરિભક્ત કહે, 'સ્વામી, મહારાજના દર્શન શી રીતે થાય અને શી રીતે તેનું સુખ આવે તેનો ઉપાય બતાવો. 'સ્વામીએ કહ્યું, 'જેમ તું મારે વિષે હેત રાખે છે અને મારા દર્શન કર્યા કરે છે, તેમ મહારાજનું એક સુંદર સ્વરૂપ લઈને તેના અંગેઅંગનું બરોબર નિરીક્ષણ કરી અને પાકું કર. પહેલાં ધ્યાન ચરણારવિંદથી શરૂ કરવું. તે ખૂલ્લી આંખે એક વૃત્તિએ ચરણના આંગળા, નખ, પેની વગેરે ખૂબ ઝીણવટથી નીરખવું. તે અંગ બરોબર પાકું ન થાય ત્યાં સુધી તેને જ નીરખવું. પછી પીંડી, સાથળ, કટી, ઉદર, વક્ષ, ખભા, હસ્તકમળ, મુખારવિંદ, મસ્તક વગેરે દરેક અંગ ખૂબ પાકા કરવા. પછી મૂર્તિ સિદ્ધ થશે. એવી રીતે એ મૂર્તિ પાકી કરીને પછી આવજે.'

ત્યાર બાદ ભક્ત તો સ્વામીની આજ્ઞા પ્રમાણે ધર્મ-નિયમમાં ખબરદાર રહી અનુલોમપણે ધ્યાન કરવાનો ખૂબ અભ્યાસ કરવા મંડી પડ્યા. તેમને નવરાશ ખૂબ મળતી તેથી દૈહિક ક્રિયાઓ સિવાયના સમયે ધ્યાન જ કરતા. તે ચરણારવિંદ પાચ-છ દિવસમાં પાકા કર્યા. થોડા દિવસમાં પીંડીઓ, એમ કરતાં કરતાં દોઢ-બે મહિને મૂર્તિ બરોબર પાકી કરી લીધી. પછી સ્વામીની કૃપાથી મહારાજની મૂર્તિના સ્વપ્રમાં દર્શન પણ થયા અને મહારાજને વિષે અતિ હેત





પણ થયું. ખૂબ આનંદ આવવા લાગ્યો, પણ સ્વામીની આજ્ઞા હતી કે કોઈને જણાવવું નહીં, તેથી તેમણે સ્વામીને પણ જણાવ્યું નહીં કે તેમને મહારાજના દર્શન થાય છે. પછી સ્વામીએ જ તેમને કહ્યું, 'કેમ ભક્તરાજ, હવે મહારાજના દર્શન થાય છે ને?' ત્યારે બોલ્યા જે 'હા સ્વામી, આપે મારી ઉપર બહુ કૃપા કરી હવે મને મહારાજના દર્શન થાય છે અને તેનો આનંદ પણ અલૌકિક આવે છે. હવે મને મૂર્તિ સિવાય બીજે હેત નથી થતું.'

પછી સ્વામીએ તેમને અનુલોમપણે ધ્યાન કરવાને બદલે પ્રતિલોમ ધ્યાન કરવાનું કહ્યું, 'પોતાના દેહનો આકાર ભૂલી જઈ આપણા દરેક અંગમાં પ્રભુનું જ અંગ ધારવું. આંખમાં આંખ, હાથમાં હાથ, ચરણમાં ચરણ, મસ્તકમાં મસ્તક તેમ દરેક અંગમાં પ્રભુના દિવ્ય તેજોમય અંગ ધારવા. અને દરેક ક્રિયા પ્રભુ જ કરે છે તેમ અનુસંધાન રાખી પ્રતિલોમ ધ્યાન કરી પ્રભુમય બનવું. એટલે પોતાપણું જતું રહેશે અને પ્રભુમય-પ્રભુરૂપ બની જવાશે.'

આવું સાંભળી ભક્તરાજ ખૂબ જ રાજી થઇ ગયા અને તેવા ધ્યાનનો અભ્યાસ તત્કાળ ચાલુ કરી દીધો. પછી તો એવો અલૌકિક આનંદ આવવા લાગ્યો કે પોતાની જાતને જ ભૂલી ગયા અને દરેક ક્રિયા પ્રભુ જ કરે છે અને પોતે પ્રભુના સ્વરૂપમાં લીન છે, તેમ અનુભવવા માંડ્યા. થોડો સમય તેમ રહ્યું. પછી તો મહારાજના દિવ્ય વ્યતિરેક સ્વરૂપનો

સાક્ષાત્કાર થઇ ગયો અને મહારાજના દિવ્યસ્વરૂપ સંબંધી સુખના ધોધ છૂટવા માંડ્યા. તે સુખમાં ગરકાવ થઇ ગયા અને સિદ્ધ મુક્તદશા પ્રાપ્ત થઇ, એટલે મહારાજ અને અનાદિમુક્ત ગોપાળાનંદ સ્વામી વગેરે મુક્તોનો જેમ છે તેમ યથાર્થ મહિમા જણાયો અને તેમના અનુગ્રહથી મહામુક્ત બની ગયા.

માટે સાધકે પોતાનો આકાર તથા બીજા આકારો ભૂલી આ કહ્યા પ્રમાણે ધ્યાન કરવું. તો મહારાજ અને તેમના અનાદિમુક્તની કૃપાથી એવી મુક્તદશા પ્રાપ્ત થાય. (૩)

આગ્રહપૂર્વક મૂર્તિ ધારવાનો અભ્યાસ બરોબર કરવો જોઈએ. એક વૃત્તિએ મૂર્તિ ધાર્યા કરવી. મોટા મુક્ત દ્વારા શ્રીજીમહારાજે મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા છે. તેથી હું દેહ નથી, પણ દિવ્યસાકાર મૂર્તિરૂપ ચૈતન્ય છું અને સળંગ મૂર્તિમાં મહાપ્રભુજીની કૃપાથી રહ્યો છું. તેવો ભાવ રાખી બસ, એ જ મનન કર્યા કરવું કે હું નિરાકાર ચૈતન્ય નહીં, પણ પ્રભુની કૃપાથી દિવ્યસાકાર મૂર્તિરૂપ ચૈતન્ય છું. તેમ માની પ્રતિલોમપણે મહાપ્રભુજીની મૂર્તિ ધાર્યા કરવી. દેહ ભૂલાય ત્યારે જ દેહાભિમાન જાય છે અને દેહાભિમાન સાથે કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષા, દ્વેષ, રાગ વગેરે બધા દોષો જતા રહે, પછી ધ્યાનમાં મૂર્તિનો આનંદ આવે. પાત્રતા થયે મહારાજનો સાક્ષાત્કાર થઈ જેમ છે તેમ મૂર્તિનું યથાર્થ સુખ આવે. માટે પ્રભુજીની મૂર્તિ ધારવી એ જ મોટામાં મોટું તપ





છે. મૂર્તિ સિદ્ધ થાય તો જ બધા દોષ આવરણ ટળે અને સાક્ષાત્કાર માટેની પાત્રતા થાય. (૪)

સમજણ હોવા છતાં અંતઃકરણમાં અશાંતિ વર્તે છે તેનું શું કારણ છે? સેવકના એવા પ્રશ્નના ઉત્તરમાં ગુરુવર્ય મુક્તરાજે જણાવ્યું કે રાગ-દ્વેષના સૂક્ષ્મ સંકલ્પો અને આવરણો નડતા હોય છે. બાહ્ય વાતાવરણની, અન્યના સ્વભાવ-પ્રકૃતિની ને બાહ્ય સંઘર્ષોની અસર પણ અંતઃકરણને વિચલિત કરે છે. માટે જેને સાક્ષાત્કાર કરવો હોય તેને પ્રભુના સ્વરૂપનો, મૂર્તિનો વેગ લગાડી દેવો. વાચ્યાર્થ જ્ઞાનનો અહંકાર ભૂલી જવા પ્રયત્ન કરવો. જો ખબરદાર થઈને પ્રયત્ન કરે તો પ્રભુ મુક્ત દ્વારા કૃપા ઉતારે ને બધા દોષો-આવરણોથી રહિત કરે. બાહ્ય પરિબળોના વિઘ્ન પણ ટાળે. દરેક પરિસ્થિતિ, અનુકૂળ-પ્રતિકૂળ સંજોગો, એ બધું ચૈતન્યના હિતમાં અને તેના શુદ્ધિકરણ ને પ્રગતિ માટે જ હોય છે. માટે સાચી સમજણ દ્વારા જીવનની દૃષ્ટિ-અભિગમ બદલાઈ જાય તો વિઘ્નો દૂર થઈ જાય. (૫)

જેને સાક્ષાત્કારના માર્ગે આગળ વધવું હોય તેને થોડી સરખી પણ અપ્રમાણિકતા નડે છે. જોકે કેટલાક pardonable માફ કરી શકાય તેવા કર્મો પણ હોય છે. જેમ કે નોકરીમાં ટ્રાવેલિંગમાં ફર્સ્ટક્લાસનું fare ભાડું આપે તો તેમાં ન જતાં સેકન્ડકલાસમાં જાય અને પૈસા બચાવે તે માફ થઇ શકે, કારણ કે કંપની ફર્સ્ટક્લાસનું ભાડું કર્મચારીનું સ્વાસ્થ્ય સારું

રહે તે માટે આપે છે. એ સેકન્ડકલાસમાં જાય તો બીજાને નુકસાન નથી પહોંચાડતો અને કંપનીનું કામ તો કરે જ છે. માટે તેવા કર્મો થોડા ભજન-સ્મરણથી નાશ પામે છે, નડતા નથી. (૬)

કોઈને માન-મોટપ, કીર્તિ-પ્રસિદ્ધિનો રાગ બળવાન હોય તો તે ભક્તિ પણ એ રાગના પોષણ માટે દંભે કરીને કરે, પૂર્ણ સ્થિતિ ન હોવા છતાં તેનો દંભ કરે. તેના ઉપદેશથી થોડો સમાસ થાય તેથી બધા તેને માન આપે, વખાણ કરે, ને જો તેનો સ્વાદ આવી જાય તો તેને બદલો મળી ગયો. પરંતુ તેણે કરેલા પુરુષપ્રયત્નનું જમા પાસું તેને ખાતે ન જાય. એ તો પગાર લઈને કામ કર્યા જેવું છે. કોઈ પગાર લઈને ભગવાનનું કે સત્સંગનું કામ કરે તો એ સેવા ન ગણાય. એ તો પગારદાર નોકર કહેવાય તેમ. પગારદાર પણ પોતાના વળતર ઉપરાંત સેવાનું કામ કરે તો તે સેવામાં ગણાય. તે માટે સમજણપૂર્વક સમગ્ર ભાવ બદલી નાંખે તો જ સાક્ષાત્કાર તરફ આગળ વધે, નહીં તો અનેક જન્મ સુધી એનો મેળ પડે નહીં. (૭)

જેને ધ્યાનનું તથા અંતરવૃત્તિનું અંગ હોય અને મહારાજની મૂર્તિનું ધ્યાન તથા ચિંતવન બરોબર થતું હોય તેને ધ્યાન કરતી વખતે માળા ફેરવવાની આવશ્યકતા રહેતી નથી. કારણ કે ધ્યાનમાં માળા ફેરવવાની ક્રિયા અવરોધરૂપ થાય છે. ધ્યાન સિદ્ધ થયા પછી સાક્ષાત્કાર થઇ મુક્તદશા





જેને પ્રાપ્ત થઇ છે, તેમના દ્વારા તો સ્વયં શ્રીજીમહારાજ બીજાના સમાસને અર્થે માળા-પૂજા-કીર્તન-કથા-વાર્તા વગેરે કરે છે. કથા-કીર્તન-માળા-પ્રદક્ષિણા વગેરેની જડતાપૂર્વકની આંટી ન પાડવી. તે ક્રિયાઓ મૂર્તિના સંબંધ વગર કેવળ mechanical યંત્રવત્ થતી હોય તો તેનાથી બહુ કાર્ય ન સરે અને તેનું ફળ પણ બહુ અલ્પ હોય છે. જેને સાક્ષાત્કારને માર્ગે આગળ વધવું હોય તેને તો પ્રભુની પ્રસન્નતાના સાધન ખૂબ સમજણપૂર્વક કરવા અને સાધનનો ભાર તથા સાધનમાં જડતા આવવા દેવા જોઈએ નહીં. મૂર્તિમાં વિશેષપણે અનુસંધાન રહે તેમ કરવું. મૂર્તિ ભૂલી જવાય અને કાર્યરૂપ, સાધનરૂપ થઇ જવાય નહીં તેની જાણપણે રહીને ખાસ કાળજી રાખવી. આ વાત મુમુક્ષુ સાધકે લક્ષ્યમાં રાખવી. (૮)

એક વાર મુક્તરાજે જણાવ્યું જે, જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી ધ્યાન-ભજન આદિક ક્રિયાઓ ગુપ્ત રાખવી, જો ગુપ્ત ન રાખે અને બીજાને જણાવે તો બીજા લોકો તરફથી પોતાની સાધનામાં ખલેલ પડે અને લોકોને આકર્ષવાનું મન થાય. અને કોઈને આપેલા આશીર્વાદ જો ફળે તો અંતરમાં તેનો આનંદ આવે, એટલે અહંકાર વધે તો સ્થિતિમાંથી પડી જવાય. માટે ધ્યાનાદિ ક્રિયાઓ ગુપ્ત રાખવી. શ્રીજીમહારાજના વખતમાં એક સાધુ હતા તે રોજ સવારે બીજા સાધુઓ કરતાં વહેલા ઊઠી નાહી-ધોઈને ધ્યાન કરે. બીજા સાધુઓ ઊઠે ત્યારે આ સાધુને પૂછે કે તમે ધ્યાન કરી લીધું? ત્યારે તે સાધુ

જણાવે કે મેં નથી કર્યું, ચાલો આપણે ભેગા મળીને ધ્યાન કરીએ. પછી સૌ સાથે ધ્યાન કરવા બેસી જાય. પણ પોતે બીજા કરતાં વહેલા ઊઠીને ધ્યાન કરી લેતા. તે વાત કોઈને જણાવતા નહીં. માટે ભગવાનનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ધ્યાન-ભજનની ક્રિયાઓ ગુપ્ત રાખવી તે સાધકના હિતમાં છે. (૯)

પ્રભુપ્રાપ્તિ અર્થે સિદ્ધમુક્ત એવા ગુરુજીને વિષે ગુરુભક્તિ હોવી આવશ્યક છે. ગુરુભક્તિનો અર્થ એ છે કે પ્રભુની પ્રસન્નતાર્થે મુક્તના વચન પ્રમાણે જ વર્તવું. આજ્ઞા લોપ ન થવા દેવો. પ્રભુના ને મુક્તના ગમતામાં ને અનુવૃત્તિમાં જ વર્તવું તે સાચી ગુરુભક્તિ છે. (૧૦)

ચૈતન્યમાં મૂર્તિ પધરાવી, મૂર્તિરૂપ થઇ પ્રતિલોમપણે ધ્યાન કરવું. ધ્યાન કરવા માટે પૂર્વ કે ઉત્તર બધી દિશા સરખી છે, કારણ કે સર્વે પ્રકાશ મૂર્તિમાંથી જ આવે છે. જ્યાંથી પ્રકાશ આવે તે પૂર્વ છે અને તે પ્રકાશ તરફ ઉત્તરોત્તર પ્રગતિ થવી તે ઉત્તર છે. (૧૧)

શ્રીજીમહારાજની મૂર્તિ સિવાય બીજી કોઈ પણ વ્યક્તિનું ચૈતન્યને વિષે ધ્યાન ન કરાય. ઘણા દંભી જીવો પોતે મુક્તદશાવાળા ન હોય તો પણ પોતાની જાતને ભગવાન અથવા મુક્ત તરીકે ઓળખાવી પોતાનું ધ્યાન કરાવતા હોય છે. તેઓ અનેકને અવળે માર્ગે વાળી પતન તરફ ઘસડી જતા હોય છે. તેમના હાડકાં-ચામડાંના શરીરનું ધ્યાન કરવા





કરતાં પ્રભુની પ્રતિમામાં દિવ્યભાવ લાવી ધ્યાન કરવું શું ખોટું? એ જ ધ્યાનનો નિર્વિઘ્ન ને સુરક્ષિત માર્ગ છે. ખોટી ને દંભી વ્યક્તિનું ધ્યાન અધોગતિ તરફ લઇ જાય, એ સિદ્ધાંત વાત છે. (૧૨)

એક વખત મહારાજના સ્વરૂપની વાત કરીને મુક્તરાજ બોલ્યા જે, 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંત્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' નરસિંહ મહેતાની આ પંક્તિનો અર્થ છે કે આત્માનું તત્ત્વ એવા સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું દિવ્યસ્વરૂપ જ છે. તેનું જ્યાં લગી ચિંતન ન થાય અને તેનો સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી સાધનનો અંત નથી. તેથી આત્મા પોતાનું તત્ત્વ એવા પરમાત્માનું ચિંતન ન કરે ત્યાં સુધી બીજી બધી સાધનાથી શું દી' વળે? બીજા સાધનોથી કંઈ ન થાય. તેનું તો અલ્પ ફળ મળે, પણ આત્યંતિક મોક્ષને માટે તે પરમાત્માના સ્વરૂપની ઉપાસના અને ધ્યાન જ મુખ્ય છે. (૧૩)

જેને શ્રીજીમહારાજની મૂર્તિ સિદ્ધ કરી સાક્ષાત્કારને માર્ગે આગળ વધવું હોય તેમને પોતાને ગમતાં અને પોતાને જેને વિષે વધારે હેત થતું હોય. તેવા બે ત્રણ ઘનશ્યામ મહારાજના સ્વરૂપો લેવા, કારણ કે ઘણી વખત અમુક ભક્તોને એક કરતાં વધુ સ્વરૂપો ગમતાં હોય છે. તેવા ભક્તોએ તે સ્વરૂપોના દર્શન કરીને મનમાં ધારવા. પછી આંખ મીંચવાથી તરત જ અંતરમાં જે સ્વરૂપની ઝાંખી થાય તે સ્વરૂપને જ ધારવાનો

અભ્યાસ કરવો. બીજા સ્વરૂપોને ધારવાના મૂકી દેવા. તે એક જ સ્વરૂપને વિષે આકર્ષણ કરીને લગની લગાવવાની પ્રભુની મરજી છે, તેમ દૃઢ પણે માની એ જ સ્વરૂપને વિષે સ્નેહ કરવો અને દિવસે દિવસે સ્નેહ વધારતા જવું, મૂર્તિ ધારતા જવું. એમ કરે તો જ મૂર્તિ સિદ્ધ થાય, નહીં તો થોડો વખત એક સ્વરૂપ ધારે, પછી વળી બીજું સ્વરૂપ ગમે તો તેને ધારે. વળી તેનાથી કોઈ ત્રીજું વધુ સારું લાગે તો તે ધારે એમ કર્યા કરે. તો કોઈ કાળે મૂર્તિ સિદ્ધ થાય નહીં. મૂર્તિ સિદ્ધ કર્યા વગર પાત્રતા ન થાય અને પાત્રતા થયા વગર મહાપ્રભુજી અને મુક્તોની કૃપા ન થાય અને કૃપા વગર સાક્ષાત્કાર ન થાય, તો આત્યંતિક મોક્ષ શી રીતે થાય? માટે સાધકે આ વાત વિચારવી. (૧૪)

ધ્યાનની સાથે સાથે સતત જાગૃત રહી પ્રભુના કલ્યાણકારી ગુણો આત્મસાત્ કરવાનો અભ્યાસ પણ કર્યા કરવો જોઈએ. દા.ત. કોઈ વ્યક્તિ કંઈક ખોટું કરતી હોય અને અન્યને નુકસાન કરતી હોય તો તે ઉપર નાગના ફૂંફાડાની જેમ ક્રોધ પ્રદર્શિત કરવો, જેથી તે ભયથી પણ સુધરી શકે અથવા બીજાને નુકસાન કરતો અટકે, પરંતુ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ ન કરવો. મહારાજને પ્રાર્થના કરવી કે તેનો એવો ખરાબ સ્વભાવ સુધરી જાય. એમ દરેક જીવ ઉપર કૃપા વરસાવવી. કોઈ વ્યક્તિ ભલે ખોટું કરતી હોય તો પણ તેને વિષે ક્રોધ તથા ઘૃણાના વિચારોનો ડંસ આપણા





મનમાં ન રહેવો જોઈએ. ઉપરથી ક્રોધ દેખાડી શકાય, પરંતુ અંતરમાં કરુણા રાખવી. એ સાધુતાનું લક્ષણ છે. (૧૫)

દૈહિક ક્રિયા અને વ્યાવહારિક ક્રિયા કરતાં જેટલો સમય વધે તેમાં ભગવાનનું ધ્યાન કરવું અને તે ધ્યાનમાં પોષણ મળે તે હેતુથી વચનામૃત તથા બાપાશ્રીની વાતો, સ.ગુ.ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ.વૃંદાવન સ્વામી જેવા મહાન સંતોની વાતોનું વાંચન કરવું. મૂર્તિનું ધ્યાન સરસ રીતે થઇ શકતું હોય તો વાંચવાની પણ આવશ્યકતા રહેતી નથી. (૧૬)

પ્રતિમાસ્વરૂપમાં પ્રભુનો આવિર્ભાવ છે એમ માની ધ્યાન-ભજન કરવાથી બહુ ઝાઝી પ્રગતિ શક્ય નથી, કારણ કે પ્રતિમાસ્વરૂપમાં પ્રભુનો આવિર્ભાવ છે, એવી માન્યતાથી એ સાબિત થાય છે કે પ્રતિમાભાવ તો હજુ દૂર થયો નથી. એ પ્રતિમાની જગ્યાએ પ્રભુ સ્વયં છે એવો દિવ્યભાવ દૃઢ થાય ત્યારે જ પ્રભુના સ્વરૂપ વિશે દિવ્યભાવની પ્રતીતિ થાય છે. જ્યાં સુધી એવી પ્રતીતિ ન થાય, ત્યાં સુધી મોટા મુક્તનો જોગ-સમાગમ-સેવા કરીને ભગવાનના સ્વરૂપમાં પ્રેમે સહિત આપોપું કરવાનો અભ્યાસ નિરંતર કર્યા કરવો જોઈએ. (૧૭)

દેહભાવની વાત ક્યારેય કરવી નહીં. પોતાનું અધૂરું ન માનવું અને સદાય મૂર્તિમાં જ છું, એવો આનંદ અને કેફ હંમેશાં રાખી પ્રભુપ્રસન્નતા અર્થે ધ્યાન-ભજન-સેવા વગેરે સાધન કર્યા કરવાં. એમ વર્તવા માંડે તો પ્રગતિ ખૂબ જ

ઝડપથી થાય છે. (૧૮)

સિદ્ધાનંદ સ્વામીએ એકવાર મહારાજને પૂછ્યું, ‘મહારાજ! તમારી આજ્ઞાની અવધિ ક્યાં સુધી છે?’ ત્યારે મહારાજ કહે, ‘અમારી મૂર્તિ એક પળ પણ ન ભૂલાય ત્યાં સુધી. જો અમારી મૂર્તિ એક પળ માટે પણ ભૂલી જવાય તો આજ્ઞા પાળવામાં એટલી ખોટ કહેવાય. ‘સિદ્ધાનંદ સ્વામી કહે, ‘મહારાજ, તમારી મૂર્તિમાં અખંડવૃત્તિ રહે અને મૂર્તિ સિદ્ધ થાય તેવો ઉપાય બતાવો.’ મહારાજ કહે, ‘અમારી મૂર્તિ ચોવીસ કલાક સુધી અખંડ ધારી રાખે તો સિદ્ધ થઈ જાય.’ પછી સ્વામીએ સવારથી જાગી અને મૂર્તિ ધારી રાખી. બધી ક્રિયા મૂર્તિ ધારીને કરે. ચાલે તો પણ આંખ મીચીને ચાલે. ભીંતે અથડાયા ત્યારે બીજા પાળાઓએ કહ્યું, ‘કેમ આંધળા થયા કે શું?’ પછી દળવા બેઠા, પણ દાણા બહાર પડી જાય. એમને એમ ચોવીસ કલાક મૂર્તિને એક પણ પળ ભૂલ્યા વગર ધારી રાખી. એટલે મૂર્તિ સિદ્ધ થઈ ગઈ. માટે મૂર્તિ ધારવાનો અભ્યાસ બરોબર કરવો જોઈએ. મને સહિત એક દૃષ્ટિએ, એક વૃત્તિએ મૂર્તિ ધારવી જોઈએ. મૂર્તિને જોતા હોઈએ ત્યારે આજુબાજુનો કોઈ પદાર્થ ન દેખાય, તેવી રીતે ખૂબ જ એકાગ્રતાપૂર્વક ધારવી. જો આંખ ધારતા હોઈએ તો એકલી આંખ જ દેખાય, બીજું ન દેખાય. એવી એકાગ્રતાથી મૂર્તિ ધારવાનો અભ્યાસ કરવો. જેમ અર્જુને એક લક્ષ્ય કરેલું, તેમ એકાગ્રતા કેળવવી. મૂર્તિ સિદ્ધ થાય ત્યાર પછી કથા-





કીર્તન-તીર્થ વગેરે સાધનોની આવશ્યકતા રહેતી નથી. એ તો સાધનકાળમાં પ્રભુમાં જોડાવાનું બળ રહે તેથી તેની જરૂર છે, પણ મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય, પછી સાધનમાત્રનો અંત આવી જાય છે અને મૂર્તિનું દિવ્યસુખ આવે છે. (૧૯)

જેમ વિષયીને પોતાના મનગમતા સ્ત્રી આદિક પદાર્થમાં આસક્તિ થાય છે અને તેની વૃત્તિઓ તેમાં એકાગ્ર થાય છે. તેમ જે સાધકને પ્રભુના સ્વરૂપમાં અતિ પ્રેમ પ્રગટ થાય અને ધ્યાન કર્યા કરે અને પ્રભુ સિવાય બીજે બધેથી વૈરાગ્ય થઈ ને પ્રભુપ્રાપ્તિ જ એક લક્ષ્ય બને, તો તેની પ્રગતિ ખૂબ જ ઝડપથી થાય છે. (૨૦)

અનાદિમુક્ત દ્વારા શ્રીજીમહારાજ આશીર્વાદ આપે કે તારા ચૈતન્યને અમે બધા આવરણો ટાળી મુક્ત કરીને અમારી મૂર્તિમાં રાખ્યો છે. તે આશીર્વચન સત્ય છે. તેમાં ફેર નથી, પણ પાત્રતા ન હોવાથી સુખનો અનુભવ નથી થતો. જ્યારે શ્રીજીની પ્રસન્નતાના સાધન, તે સાધનનો લેશમાત્ર ભાર રાખ્યા વગર કરે, તો પ્રભુ અને મુક્તો તેની ઉપર પ્રસન્ન થાય અને પોતાની કૃપાથી તે જીવને પાત્ર કરીને પોતાના સુખનો અનુભવ કરાવે. પરંતુ પાત્રતા ન થાય ત્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહે એટલે સુખનો અનુભવ ન થાય. તેમ છતાં સુખનો અનુભવ ન થાય ત્યાં સુધી મહારાજ અને મોટા મુક્તની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી, તેમના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખી ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ જોડી રાખવાનો

અભ્યાસ કર્યા કરવો. પ્રતિલોમપણે પ્રભુના સ્વરૂપમાં જોડાઈ રહેવું અને પોતાને પૂર્ણકામ માનવું. પોતાને કોઈ પ્રકારની અધુરપ ન લાગવી જોઈએ. હું સદાય મહારાજની કૃપાથી તેમની મૂર્તિમાં જ છું તેમ માનવું ને એ જ વાતનું મનન કર્યા કરવું.

મહારાજે મુક્ત દ્વારા આશીર્વાદ આપી વગર પાત્રતાએ ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો છે. તે એમ છે જે water proof jecket બખ્તર પહેરાવીને પાણીમાં રાખ્યો છે. તેથી પાણીનો અનુભવ નથી થતો, પણ પાણીમાં રહીને બખ્તર પોતે કાઢવા પ્રયત્ન કરે તો બીજા પણ તેને મદદ કરે. પછી બખ્તર નીકળી જાય એટલે પાણીનો અનુભવ થાય અને તાપની શાંતિ થાય. તેમ જીવ કુપાત્રતા કાઢવા પ્રયત્ન કરે અને પાત્ર થાય તો પ્રભુ તેને પોતાના દિવ્યસુખનો અનુભવ ને પોતાના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે. (૨૧)

ભગવાનના કોઈપણ એક જ સ્વરૂપમાં ધ્યાન કેન્દ્રિત કરવું. એ સ્વરૂપને બદલવું નહીં. એ સ્વરૂપ સંબંધી જ ધ્યાન-ભજન, ચિંતન-મનન-નિદિધ્યાસ કર્યા કરવા. જ્યારે એવી રીતે એક જ સ્વરૂપની દઢતા થઈ જાય, પછી મંદિરોના અન્ય સ્વરૂપોનું આકર્ષણ ન રહે. તીર્થાટન કરવાની પણ આવશ્યકતા ન રહે. જુદા જુદા મંદિરોના જુદા જુદા સ્વરૂપો વારંવાર નીરખ્યા કરવાથી વૃત્તિ અનેક આકારોમાં ફેલાઈ જાય, એટલે એક સ્વરૂપની દઢતા ન થવાથી કોઈ પ્રાપ્તિ ન થાય ને





આધ્યાત્મિક ઉત્કર્ષ પણ ન થાય. તે માટે એક સ્વરૂપમાં દઢતા થવી અનિવાર્ય છે. તીર્થો તથા મંદિરો પ્રાથમિક દશામાં આવશ્યક છે. એ પવિત્ર સ્થાનોમાં જવાથી અંતઃશત્રુઓનું જોર કેટલેક અંશે ઓછું થાય ને માનસિક શાંતિ મળે, પણ જેને એક જ સ્વરૂપને વિષે અતિ દઢતા થઈ જાય, તેને તીર્થોની આવશ્યકતા રહેતી નથી. કદાચ તે તીર્થોમાં જાય તો પણ તે બીજાના સમાસ માટે, પરંતુ પોતાને તેની જરૂરિયાત હોતી નથી. (૨૨)

જેને અંતરવૃત્તિ કરીને પ્રતિલોમપણે ધ્યાન કરવાનો અભ્યાસ અને તેનો નિદિધ્યાસ થવા માંડ્યો હોય, તેમણે અનુલોમપણે બહાર મૂર્તિ ધારીને ધ્યાન કરવાની આવશ્યકતા રહેતી નથી. (૨૩)

જે ધ્યાન દ્વારા પ્રભુના સ્વરૂપમાં અભિવાંછિત પ્રેમ પ્રગટ ન થાય તે ધ્યાન ધ્યાન છે જ નહીં. એવા પ્રકારના શુષ્ક ધ્યાનથી ૫૦-૬૦ વર્ષે પણ સાધકને એમ જ લાગે કે પોતે એક ડગલું પણ આગળ વધ્યો નથી, છે ત્યાં નો ત્યાં જ છે. બલ્કે set back થયેલો છે, પાછળ પડી ગયો તેમ લાગે છે. (૨૪)

ધ્યાનમાં જે સુખ આવે છે તે એવું છે જે, સુખનો સમુદ્ર હોય અને ઉપરથી સુખની લહેરખી આવતી હોય તેવું સુખ છે, પણ જ્યારે સાક્ષાત્કાર થાય, ત્યારે તો પ્રભુજીના દિવ્યસ્વરૂપમાં પ્રવેશ થાય, એટલે રસબસભાવે મૂર્તિમાં

દિવ્યસાકાર લીન રહી તે સુખ ભોગવે. એ સુખ એવું છે, જે સુખના સમુદ્રનાં, મધ્યભાગમાં ઊંડે ઊતરી જાય અને સુખમાં ઝીલાવાય તેવું છે. માટે જ્યાં સુધી સાક્ષાત્કાર ન થાય, ત્યાં સુધી ધ્યાનની ક્રિયા, ધ્યાન દ્વારા મળેલી સામર્થી, ભગવાનના કલ્યાણકારી મોટા ગુણો, સુખ વગેરે અંતરમાં અંદર સમાવવું અને ગુપ્ત રાખવું. એટલે સુખને પામવાની ગતિ-સામર્થી વધે. પછી સાક્ષાત્કાર થાય એટલે યથાર્થ સુખનો અનુભવ થાય. ઘણા હરિભક્તો પોતાને સારું સ્વપ્ન થાય તે પણ છુપાવી શકતા નથી અને તરત જ બીજાને જણાવી દેવાનું પ્રલોભન થાય છે. તો પ્રભુના દર્શન-સુખને કેવી રીતે જીરવી શકે? માટે સાધકે પાત્રતા કેળવવા આ વાત બરોબર ધ્યાનમાં રાખવી. (૨૫)

સાક્ષાત્કારનો માર્ગ અતિ કઠીન છે, પરંતુ તે માર્ગે શ્રદ્ધાપૂર્વક આગળ વધવાનો પ્રયત્ન કર્યા કરવો અને મોટા મુક્તનો જોગ-સમાગમ-સેવા નિર્વિકલ્પ, નિષ્કામ થઈને કર્યા કરવા. (૨૬)

જેને કોઈપણ પ્રકારની ઈચ્છા જ નથી અને એક પ્રભુની પ્રસન્નતા અર્થે ધ્યાન-ભજન-સેવા વગેરે સાધનો કર્યા કરે છે. તેને સુખની પ્રાપ્તિ ત્વરિત થાય છે. તેને દરેક કાર્યમાં પ્રભુની સહાય તેમજ રક્ષા મળી રહે છે. (૨૭)

ગુરુવર્ય મુક્તરાજ નારાયણભાઈએ પોતાને મિષે વાત કરી કે : એક વાર અ.મુ. ભગવત્સ્વરૂપ સ્વામીએ મને કહ્યું,





'તમે જ્યારે કથા સાંભળો છો, ત્યારે શું કરો છો?' ત્યારે મુક્તરાજે કહ્યું, 'સ્વામી! હું તો મહારાજના સ્વરૂપને જોઉં છું. તે સ્વરૂપમાં જ અખંડવૃત્તિ રહે છે. તેથી કથામાં શું આવ્યું તે પ્રત્યે ધ્યાન નથી રહેતું અને તેની સ્મૃતિ નથી રહેતી.' સ્વામીશ્રી કહે, 'ભાઈ, અવરભાવમાં કથાના જ્ઞાનની પણ જરૂર પડે. માટે તમે બે વૃત્તિ કરો. એક વૃત્તિ મૂર્તિમાં રાખો અને એક વૃત્તિએ કથા સાંભળો તો કથાની સ્મૃતિ રહે.' મુક્તરાજને પ્રયત્નથી જણાયું કે, બે વૃત્તિ શક્ય નથી, કારણ કે પ્રભુના દિવ્યસ્વરૂપનું આકર્ષણ જ એવું જબરું છે કે તેમાં જોડેલી અખંડવૃત્તિ બે વૃત્તિમાં નથી થતી. પછી અ.મુ. શ્રી વૃંદાવનદાસજી પાસે આ વાત નીકળી ત્યારે તેમણે જણાવ્યું કે, 'પ્રતિલોમપણે ધ્યાન કરી ચૈતન્યને મૂર્તિરૂપ માની મૂર્તિમાં જ રહેવું. એટલે મહારાજ કર્તા થાય. પછી બધી ક્રિયા બોલવું, ચાલવું, સાંભળવું, જોવું, જમવું, ફરવું વગેરે મહારાજ કરે અને આપણે તો એ મૂર્તિના સુખમાં ગુલતાન રહેવું. એવો અભ્યાસ અખંડ કર્યા કરવો. એટલે એ વાત સિદ્ધ થાય.' મુક્તરાજ તો એવી અનાદિમુક્તની દિવ્ય સ્થિતિવાળા હોવાથી તે પ્રમાણે જ વર્તતા. તેમને કથા સાંભળવામાં બે વૃત્તિ કરવી ન પડતી, પરંતુ બધું પ્રભુ જ કરે છે અને ચૈતન્ય તો પ્રભુના સ્વરૂપમાં જ, સુખમાં જ છે એમ અખંડ અનુભવાતું. પરંતુ પોતાને મિષે બીજાને ઉપદેશ માટે મુક્તો આવા પ્રસંગો ઊભા કરતા હોય છે. (૨૮)

સ.ગુ. લોકનાથાનંદ સ્વામીને બહારની મૂર્તિ અર્થાત્ અનુલોમ વૃત્તિએ મૂર્તિ ધારવાનો અભ્યાસ હોવાથી મૂર્તિનું સુખ આવતું ન હતું અને અંતરમાં જોઈએ એવી શાંતિનો અનુભવ નહોતો થતો. પછી અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને વિનમ્રભાવે પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રીએ તેમને પોતાના દેહનો આકાર ભૂલી જઈ પ્રતિલોમપણે ચૈતન્યને વિષે મૂર્તિ ધારવાનું શીખવ્યું. પછી લોકનાથાનંદ સ્વામીએ તે પ્રમાણે અભ્યાસ કર્યો. તો પ્રભુના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર થઇ મૂર્તિના દિવ્યસુખનો અનુભવ થયો અને અવિચળ શાંતિ પ્રાપ્ત થઇ. (૨૯)

જમીએ ત્યારે મહારાજ જમે છે. પાણી પીએ ત્યારે મહારાજ પાણી પીએ છે. સૂઈએ ત્યારે મહારાજ પોઢ્યા છે. એમ માની સૂવે તો યોગનિદ્રાનો અનુભવ થાય. તેમ દરેક ક્રિયામાં શ્રીજીમહારાજ કર્તા છે, તેમ જ માનવું. (૩૦)

શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને આકારે રહિત વર્તી ધ્યાન કરવાની વાત કરી એટલે દેહભાવ, પોતાના દેહનો આકાર ભૂલી મૂર્તિ આકારે પ્રતિલોમ વૃત્તિએ ધ્યાન કરવું એવો અર્થ થાય છે. (૩૧)

અંતરવૃત્તિથી જ બધા પ્રશ્નોનો ઉકેલ અને યથાર્થ જ્ઞાન મળે છે. મહારાજના સ્વરૂપનું ધ્યાન જ ધ્યાનને શીખવે છે. સાધકને પ્રભુ અને મુક્ત પોતે જ આગળ ને આગળ પ્રગતિ કરાવે છે. જેમ કામને કામ શીખવે, તેમ ધ્યાન ધ્યાનને શીખવે





છે. કોઈના શીખવાડવાથી ધ્યાન થઇ જતું નથી. ધ્યાન પોતાના નિષ્ઠાપૂર્વકના સતત પ્રયત્નથી થાય છે. ધ્યાનની ક્રિયા યાંત્રિક ન બનતાં સહજ રીતે થવી જોઈએ અને એ અભ્યાસથી થાય. (૩૨)

ત્વરિત મૂર્તિ સિદ્ધ કરવાના ઉપાય :-

(૧) અનાદિમુક્તના આશીર્વાદ

(૨) શ્રીજીમહારાજની આજ્ઞાનું સંપૂર્ણ પાલન, બહારનું અશુદ્ધ ખાવાનું તથા બધા જ નાનામોટા વ્યસનોથી મુક્તિ

(૩) સંપૂર્ણ બ્રહ્મચર્ય

(૪) સ્વાદ ઉપર અંકુશ રાખી નિઃસ્વાદિ રહેવું.

(૫) પેપર વાંચવું નહીં, નવલકથા વગેરે વાંચવું નહીં, ફિલ્મ-ટીવી જોવા નહીં, અતિ તીખા અથાણાં, અતિ ગરમ મસાલા, અતિ ગળ્યું-ચીકણું, અતિ ખારું, અતિ ખાટું, અતિ તીખું એવા ખાદ્ય પદાર્થો વર્જવા. શુદ્ધ, સાત્ત્વિક, પૌષ્ટિક ને સુપાચ્ય ખોરાક લેવો. ઈન્દ્રિયો-અંતઃકરણના આહાર શુદ્ધ કરવા. પંચવર્તમાનનું તેના સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થમાં યથાર્થપણે પાલન કરવું.

(૬) ગ્રામ્યવાર્તામાં સમય ગાળવો નહીં. અગત્યના પ્રયોજન વગર જ્યાં ત્યાં બહાર રખડવું નહીં.

(૭) શૌચ જઈને નાહી લેવું અને બહાર અજાણતાં કોઈ વિજાતીય કે અશુદ્ધ વ્યક્તિનો સ્પર્શ થઇ ગયો હોય તો

આવીને સ્નાન કરી લેવું અથવા હાથ, પગ, મોં ધોઈ લેવા. જાણી જોઇને કામાસક્તિપૂર્વકનો વિજાતીય કે સજાતીય સ્પર્શ વર્જવો.

(૮) શુદ્ધ, પવિત્ર આસન ઉપર સ્વસ્તિકાસન કે સુખાસનમાં ટટ્ટાર બેસીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો છે એમ મનમાં દૃઢ સંકલ્પ ધારી એકચિત્તે રોમાંચિત થઈને એકાગ્રવૃત્તિએ મૂર્તિ નીરખવી. પ્રતિલોમપણે કરીને કાન સાથે કાન, આંખ સાથે આંખ તેમ અંગેઅંગમાં શ્રીજીમહારાજના અંગ ધારી ઝીણવટપૂર્વક ધ્યાન કરવું. અનુલોમ ધ્યાન પાકું કરવું એટલે પ્રતિલોમ ધ્યાનમાં વધુ સરળતા રહે.

(૯) સંકલ્પ રહિત થવું અને પોતાને પુરુષોત્તમરૂપ માનીને, મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત માનીને ધ્યાન કરવું.

જ્ઞાનમાં તર્ક ભલે થાય, પણ શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તોના વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાં તો જ છેલ્લો જન્મ થાય, નહિતર આશીર્વાદ હોવા છતાં વિલંબ થવાની શક્યતા છે. (૩૩)

શ્રીજીમહારાજે પોતે અષ્ટાંગયોગ સાધેલો ને લોજ ગામમાં સંતોને પણ અષ્ટાંગયોગ શીખવાડેલો. એટલે તે પ્રસાદીનો છે. તે બધા અંગોમાંથી થોડું થોડું ગ્રહણ કરવું, પણ વિશેષે ધ્યાન કરવું. અષ્ટાંગયોગમાં રહેલા યમ-નિયમનું પાલન તો પાયાની જરૂરિયાત છે. તેનો પંચવર્તમાનના યથાર્થ પાલનમાં સમાવેશ થઇ જાય છે. કેટલાક યોગાસનો દ્વારા ને





થોડા પ્રાણાયામના અભ્યાસથી શરીરની અંતઃસ્રાવી ગ્રંથિઓના તથા મગજના neurotransmitters રસાયણો સંતુલિત થવાથી તનમનનું આરોગ્ય સારું રહે છે, જે સાધનામાં આવશ્યક છે. આઠ અંગમાંના પ્રત્યાહાર દ્વારા ઇન્દ્રિયો-અંતઃકરણની પોતપોતાના વિષયમાં દોડતી વૃત્તિઓને પાછી વાળી પ્રભુના સ્વરૂપમાં જોડવી. ધારણા, ધ્યાનમાં પ્રભુના સ્વરૂપનું ધ્યાન કર્યા કરવાથી ચિત્તના નિરોધે પ્રાણનો નિરોધ થવાથી સમાધિ થાય છે. એમ સાધકની સાધનામાં અષ્ટાંગયોગનો સમાવેશ થઇ જાય છે. પૂર્ણ અષ્ટાંગયોગ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જેવા સિદ્ધ અનાદિમુક્તના માર્ગદર્શન વગર શક્ય નથી, માટે પ્રભુની આજ્ઞા પ્રમાણે શુદ્ધ, પવિત્ર જીવન બનાવી પ્રભુના સ્વરૂપનું ધ્યાન-ભજન કરવું એ શ્રેષ્ઠ માર્ગ છે. (૩૪)

# ૧૭

# જીવન વ્યવહારલક્ષી સૂચનો

**પોતાનું જીવન આધ્યાત્મિક માર્ગે સમર્પિત કરનાર સાધકનું જીવન કેવા પ્રકારનું હોવું જોઈએ. તેણે જીવનમાં શેનું ધ્યાન રાખવું? શેનું નહીં? ક્યાં અતિશયોક્તિ ન કરવી. કેવા વાણી-વર્તન-વ્યવહાર તેના ચિત્તને વધુ નિર્મળ બનાવશે વગેરેનું જ્ઞાન પણ સાધક માટે જરૂરી છે. જીવન નિર્મળ, તો ઈન્દ્રિયો અંતઃકરણ નિર્મળ અને ઈન્દ્રિયો અંતઃકરણ નિર્મળ, તો ચૈતન્ય નિર્મળ અને ચૈતન્ય નિર્મળ તો જ પ્રભુપ્રાપ્તિ શક્ય બને.**

મા-બાપની સેવા શ્રીજીમહારાજની સેવા થાય છે તેમ મહિમા જાણીને કરવી જોઈએ. તો તેમના આશીર્વાદ સાક્ષાત્કારના માર્ગે જવામાં સહાય કરે. તેમના પ્રત્યેની સેવા બરોબર ન બજાવવાથી તેમના નિસાસા લાગે તો સાધનામાં પ્રગતિ અવરોધાય છે ને સફળતા ન મળે. તેમના મૃત્યુ પછીની ઉત્તરક્રિયા પણ સરસ રીતે ભાવપૂર્વક કરવી જોઈએ. શ્રીજીમહારાજ પાછળ શ્રાદ્ધાદિક ક્રિયા થાય છે. તેમ માની કરવાથી મહારાજની પ્રસન્નતા ખૂબ થાય. ધામમાં ગયેલાને મહારાજનું સુખ પણ વિશેષ મળે. તેમની સેવા અંતકાળ





સુધી કરી લેવી. શ્રીજીમહારાજની પણ આજ્ઞા છે કે માતાપિતા, ગુરુ કે રોગાતુરની સેવા જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. (૧)

પૈસો-ધન (લક્ષ્મી) પણ એક જડ શક્તિ છે. તે જડ સાધન છે. તેમાં રહેલી શક્તિ તે માયિક હોવા છતાં તેનો સદુપયોગ મનુષ્યોના પાપકર્મોનો ક્ષય કરે છે અને તે પણ અધમોધારણ એવા સ્વામિનારાયણ પરમાત્માના સેવાકાર્યને વિષે અંતરના દિવ્યભાવે સહિત, બદલાની અપેક્ષાએ રહિત કેવળ પ્રભુપ્રસન્નતાર્થે ધન અર્પણ કરે, તો તે સેવારૂપ-ભક્તિરૂપ થઈ કલ્યાણકારી થાય છે. (૨)

ધર્માદાના પૈસામાંથી જો એક પૈસાનો પણ દુરુપયોગ કરે તો તે ભગવાનની આજ્ઞા લોપે છે અને તેનું ફળ પતન તેમજ અધોગતિ છે. માટે ધર્માદાના પૈસાનો દુર્વ્યય ન થવો જોઈએ. તે પરમાત્માનો નૈતિક સિદ્ધાંત છે. (૩)

જુનવાણી વિચારના orthodox માણસો સાથે પ્રસંગ પડે ત્યારે બહુ જાળવીને વર્તવું, નહીં તો તેમને આપણો અભાવ આવે અથવા આપણને તેમનો અભાવ આવી જાય, કારણ કે બીજા ગુણ ઘણા હોય અને થોડા અવગુણ હોય તો અવગુણ લેવાથી અપરાધ થઈ જાય. માટે લોક વ્યવહારે ખૂબ જાળવવું. (૪)

આચાર વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત તેનો નિર્ણય દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે

જાણવો. એમ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે. માટે મનની આંટીઓ-ગ્રંથિઓ યુગ અનુસાર બદલવી જોઈએ. નહીં તો અનેક પ્રકારની મુશ્કેલીઓ નડે. (૫)

કોઈને પગે લાગવું ત્યારે તેનાથી થોડે આગળ મનમાં મહારાજની મૂર્તિ ધારીને પગે લાગવું. જેથી તે નમન મહારાજને થાય અને લોક વ્યવહારે મોટા હોય તેને એમ લાગે કે આ મને પગે લાગે છે. તેથી તેને માન મળે અને આપણે વિષે સદ્‌ભાવ થાય. આપણું કંઈક વ્યાવહારિક કામ હોય તે પણ ઉકલી જાય. માટે એવા ઠાવકા થતાં પણ શીખવું. (૬)

દેશની સરકાર માટેની ચૂંટણી વખતે આપણે આપણો મત આપવાની નૈતિક અને પવિત્ર ફરજ છે. પ્રતિકૂળ સંજોગો ન હોય તો તે બજાવવી જોઈએ. ભગવાનના ભક્તો દેશની ઉન્નતિ થાય તેવા શુભ હેતુથી મત આપે, તો પ્રભુની શક્તિ તેવી શુભ ભાવના અને શુભ સંકલ્પ સાથે ભળે અને દેશની ઉન્નતિ સાધવામાં સહાયરૂપ બને તેવા સારા સેવકોની સરકાર બનાવવામાં મદદ મળે. (૭)

લોકો ખોટા જ્યોતિષ વગેરેના વહેમ અને દેવ-દેવીઓના ભય, કાળ, કર્મ, માયા, ગ્રહ-નક્ષત્ર વગેરેનું કર્તાપણું માનતા હોય તેમને એવા વહેમમાંથી સાચું માર્ગદર્શન આપી, પ્રભુની શુદ્ધ ઉપાસના તરફ વાળવા. કર્તાપણું પ્રભુ સિવાય બીજાનું માને તો પ્રભુ તેની રક્ષા ન કરે. પછી તેના





પ્રારબ્ધ કર્મફળ ભોગવવા પડે, પણ કેવળ પ્રભુ સ્વામિનારાયણનો જ એક નિશ્ચય અને મહિમા સમજી તેમને વિષે શત-પ્રતિશત કર્તાપણાની ભાવના અને નિશ્ચય હોય તો પ્રભુ તેની દરેક પળે રક્ષા કરે. શુકન-અપશુકનની અતિ માન્યતા પણ એક જાતનો વહેમ અને અંધશ્રદ્ધા જ છે. (૮)

ગુરુવર્ય મુક્તરાજે પોતે મિલની નોકરી છોડી ને ઓછા પગારે શિક્ષકની નોકરી સ્વીકારી, કારણ કે તેમાં નીતિ અને પ્રમાણિકતા સંપૂર્ણપણે જળવાઈ રહેતાં, કર્તવ્યપાલનનો અતિદૃઢ આગ્રહ રાખી નોકરી કરેલી, કોઈ સ્વાર્થ, લોભ-લાલચ રાખ્યા નહોતા, સદાય જે મળે તેમાં સંતોષની લાગણી રહેતી. તે રીતે સાધકે દરેક કર્તવ્ય પ્રભુએ સોંપેલું છે, એવા ભાવથી પ્રમાણિકપણે બજાવવું જોઈએ.

અ. મુ. સોમચંદબાપા પ્રેસમાં નોકરી કરતા ત્યારે સત્સંગ સેવાના કાર્યોમાં પણ વ્યસ્ત રહેતા. કાર્યકુશળ હોવાથી નોકરીનું કાર્ય ઝડપથી છતાં સારી રીતે થોડા જ સમયમાં પૂરું કરતા. જેટલા કલાક કામ કર્યું હોય, તેટલો જ પગાર લેતા. શેઠ પોતે વધુ પગાર આપવા માંગે તો પણ ન લેતા. એવા નીતિમાન હતા. (૯)

વિનોબાજીએ ગાંધીજીની આજ્ઞાનુસાર પશુપાલનની સેવા નીતિપૂર્વક સહર્ષ સ્વીકારીને બજાવી હતી અને પશુપાલન પર ખૂબ જ સારું સંશોધન પણ કરેલું. (૧૦)

બાપાશ્રી કરાંચીમાં રેકડો હાંકતા તેમાં નાનપ કે શરમ

નહોતા અનુભવતા. (૧૧)

માણસ અનુભવથી શીખે છે, અનુભવથી પણ જો તેનામાં પરિવર્તન ન આવે તો તે અહંકારી છે, તેમ સાબિત થાય છે. (૧૨)

દરેક કાર્ય ખૂબ વિચારીને જ કરવું જોઈએ. તેમાં ઉતાવળ, આળસ-પ્રમાદ કે બેદરકારીથી ભૂલો થઈ જાય તો તે પ્રભુને ન ગમે, કારણ કે તેમાં પ્રભુએ સોંપેલા કાર્ય પ્રત્યે પૂર્ણ નિષ્ઠામાં ઉણપ છે, એમ સાબિત થાય છે. માટે તે પ્રભુનું કાર્ય સમજી તેમાં સમગ્ર શક્તિ એકાગ્રતાપૂર્વક લગાડી ચીવટપૂર્વક કાર્ય કરવું, જેથી તે ભૂલો વગર થઈ શકે અને પ્રભુની પ્રસન્નતા થાય. (૧૩)

શ્રીજીમહારાજને કોઈ ગરીબ હરિભક્તે પૂછ્યું, ‘મહારાજ! આ ધનવાનોને ગાદી તકીયે આગળ બેસાડો છો ને અમોને નથી બેસારતા તે અમારામાં એવી શું ખામી છે?’ શ્રીહરિ આ સાંભળી હસી પડ્યા અને ધનવાનોને સાંભળતા જ બોલ્યા કે, ‘આ લોકમાં વ્યવહારે મોટા હોય તેને જો માન-સન્માન ન આપીએ તો તેઓનો અહંકાર જુદું જ સ્વરૂપ ધારણ કરે ને અમારા જીવોના કલ્યાણ કરવારૂપી કાર્યમાં વિઘ્ન નાંખે. તેમ ન થાય તે માટે એવી રીત રાખી છે. બાકી અમારી દૃષ્ટિએ આ લોકના ધનવાનો ધનવાન નથી, પણ કંગાલ જ છે. પ્રભુના કલ્યાણકારી ગુણોનો જેમાં આવિર્ભાવ થયો હોય તે જ ખરો ધનવાન. બાકીના બધા કંગાલ જ





ગણાય.’ આમ સાંભળી ધનવાનો પણ શ્રીહરિને રાજી કરવા પોતાની જગ્યાએથી ઊભા થઈ શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. (૧૪)

જીવોના કલ્યાણકારી કાર્યો માટે Income-tax આવકવેરામાંથી કાયદેસર બચાવેલી રકમ દાન તરીકે સારી, સ્વચ્છ સંસ્થાને આપવામાં આવે અને તે સંસ્થામાં ભ્રષ્ટાચાર ન હોય અને કોઈ સ્વાર્થી હેતુ ન સરતો હોય, પરંતુ જીવોના કલ્યાણનું કાર્ય થતું હોય તો તે દેશ સેવા જ છે. Income-taxની રકમ પણ દેશ સેવાના ઉદ્દેશથી જ ઉઘરાવવામાં આવે છે. તેમાં પણ અધિકારીઓના ભ્રષ્ટાચારથી તે રકમનો યોગ્ય ઉપયોગ થતો નથી તે મોટી વિડંબના છે. (૧૫)

કોઈપણ ખોટું કાર્ય પોતાની પ્રકૃત્તિને હિસાબે થયા કરતું હોય, તો પણ તેની અમુક મર્યાદા વ્યક્તિએ સમજી લેવી જોઈએ અને ચેતી જવું જોઈએ. જો સમયસર ચેતીને તેનો ત્યાગ ન કરે તો પછી પ્રભુની કર્મફળપ્રદાતા શક્તિ તેને પ્રતિષ્ઠાહીન કરી પતન તરફ દોરી જાય છે. માટે પાપરૂપ પ્રવૃત્તિ થતી હોય તો સમયસર ચેતી જઈ તેનો તત્કાળ ત્યાગ કરવો. (૧૬)

ધન એ જબરદસ્ત શક્તિ છે. તેનો સંચય કરવાની પણ અમુક મર્યાદા હોવી જોઈએ. જેમ જેમ તેનો સંચય થાય, તેમ તેમ તેમાં આસક્તિ તથા અન્ય બદીઓ વધતી જાય. અહંકાર પણ વધુ ને વધુ પુષ્ટ થતો જાય. પછી એ જ

લક્ષ્મી જ્યારે તેની મર્યાદા ઓળંગાઈ જાય, ત્યારે લાત મારીને તેનો સંચય કરનારને તથા દુર્વ્યય કરનારને બરબાદ કરી નાંખે અને તેને છોડીને ચાલી જાય. (૧૭)

ક્યારેક ક્યાંક બહાર જવાની બહુ ઉતાવળ હોય ત્યારે પૂજાની મહારાજની મૂર્તિ પધરાવી થોડી વાર એક ચિત્તે દર્શન કરી લઈ પૂજા વિધિ બંધ કરી દેવી અને રસ્તામાં મૂર્તિ સંભારી નામ-સ્મરણ કરી શકાય, પણ રોજ નિયમની પૂજા તો બરોબર કરવી. (૧૮)

સૂતા પહેલાં ભગવાનના નિત્યનિયમ-સભાચેષ્ટા મૂર્તિ ધારીને જ કરવા. (૧૯)

કોઈપણ સદ્પ્રવૃત્તિ કરતી સંસ્થા હોય તેમાં ધર્માદો આપી શકાય, પણ તેમાં મહારાજનું નામ તથા મૂર્તિ રાખે તેવો આગ્રહ રાખવો અને તેવી સંસ્થાવાળાને સ્વામિનારાયણ ભગવાનનું થોડું-ઘણું માહાત્મ્ય સરળતાપૂર્વક સમજાવવું. મહારાજનું નામ તેમજ મૂર્તિ રાખવા સૂચવવું, તો તેને લીધે ઘણા જીવોને ભગવાનનું દર્શન થાય અને બીજબળ તથા સમાસ થાય, એવું શક્ય હોય તો જ દાન આપવું, નહીં તો ન આપવું. મહારાજના વખતમાં પણ કોઈ કોઈ હરિભક્ત જે કોઈ સ્વામિનારાયણનું અમુકવાર નામ લે તેને જ પાણી આપતા. આવી ક્રિયાઓ કલ્યાણકારી છે, તેને જડતા ન ગણવી. (૨૦)

બાપાશ્રીના ઘરેથી (ધર્મપત્ની) દેવબા સીડી ઉપરથી પડી ગયાં. પછી કોઈને સંકલ્પ ન થાય તેથી બીજાને તેમની સેવા





કરવાનું સોંપીને પોતે બીજે ગામ બ્રહ્મયજ્ઞ હતો ત્યાં જતા રહેલા. પાછળથી દેવબાને શ્રીજીમહારાજ-બાપાશ્રી દિવ્ય દર્શન આપીને તેડી ગયા ને આખા ગામને દર્શન દીધા. (૨૧)

બાપાશ્રીના ઘરે મહેસુલ ઉઘરાવવા માટે મામલતદાર મહેસુલ અધિકારી આવ્યા, ત્યારે પોતે તેમનું સન્માન કર્યું અને ગાદીતકિયા બિછાવી તેની ઉપર બેસાડ્યા. તે બાપાશ્રી પાસે પૂળા ગણાવતા હતા. ત્યારે ત્યાં એક હરિભક્ત પ્રતાપભાઈ વ્યાસ નામે બેઠેલા. તે બોલવા જતા હતા કે આવા મોટા અક્ષરધામના અનાદિમુક્તરાજ ઊભા છે અને તમે કેમ ગાદી-તકિયે બેઠા છો? બાપાશ્રીએ તેમનો બોલવાનો સંકલ્પ જાણી તરત જ પ્રતાપભાઈને અપમાન કરીને કહ્યું કે બાજુએ ખસી જા. સાહેબ આવ્યા હોય ત્યારે પાસે ન બેસાય. જા, સાહેબ માટે પાણી લઈ આવ. કામ પૂરું થયા બાદ અધિકારીને સન્માન કરીને પાછા વળાવ્યા. પછી પ્રતાપભાઈને જણાવ્યું કે આ લોકના વ્યવહાર પ્રમાણે રહેવું જોઈએ. શિક્ષાપત્રીની આજ્ઞા પાળવી જોઈએ. જો મેં તારું અપમાન ન કર્યું હોત તો તું બોલી જાત, તેથી એવી કળ કરી. તે અધિકારીને થોડી ખબર છે કે અમે અક્ષરધામના અનાદિમુક્ત છીએ. માટે આ લોકના વ્યવહારનું બધું જાળવવું પડે. એમ ભગવાન તથા અનાદિમુક્તો પણ પોતાની સામર્થી ઢાંકે છે અને જીવોને તો જરાક ઐશ્વર્ય મળે તેટલામાં ઉઘાડા થાય છે. સાધકે કેવી રીતે વ્યવહારકુશળ બનવું એમ મુક્ત શીખવે છે. (૨૨)

ગાંધીજી એક વાર સાબરમતી આશ્રમમાં પોતાનાં ઓરડે ખૂબ જ ઓછા પાણીથી બરોબર ચોક્કસાઈથી હાથ ધોતા હતા. ત્યારે કોઈકે પૂછ્યું, 'બાપુ, બાજુમાં આવડી મોટી સાબરમતી નદી વહે છે અને તમે પાણીની કંજુસાઈ શા માટે કરો છો?' ત્યારે ગાંધીજી બોલ્યા, 'ભાઈ, નદી અહીં વહે છે, પણ દેશના અમુક ગામોમાં પાણીની એટલી બધી તંગી છે કે પાણીના પૈસા દેવા પડે છે. લોકોને કેટલાય ગાઉ સુધી પાણી ભરવા જવું પડે છે. માટે હું બીજાને એમ શીખવું છું કે પાણીનો, પૈસાનો કે અન્ય કોઈ પણ વસ્તુનો દુર્વ્યવ્ય ન થવો જોઈએ.' ગાંધીજીની થીયરી એમ હતી કે બધા લોકો જો એવી રીતે પૈસાનો, પાણીનો કે બીજી વસ્તુઓનો દુર્વ્યય કર્યા જ કરે તો ગરીબ દેશ શી રીતે આગળ આવે? માટે બધાએ economy કરકસરનો ગુણ શીખવો જોઈએ.

એવી રીતે સત્સંગનું કાર્ય કરતી વખતે પણ ધર્માદાના પૈસાનો દુર્વ્યય ન થવો જોઈએ. જેવી economy કરકસર પોતાના અંગત ખર્ચાઓ માટે કરીએ છીએ. તેવી જ રીતે ધર્માદાના પૈસામાં પણ કરવી જોઈએ. કોઈએ પાંચ રૂપિયાનું કામ કર્યું હોય તો તેને પાંચ રૂપિયા જ આપવા. ઓછા ન આપવા તેમજ બહુ વધારે પણ ન આપી દેવાય. નહીં તો ધર્માદાના પૈસા ખોટી રીતે વેડફાય તો પણ ભગવાનનો અપરાધ થઈ જાય. માટે કાર્યના વેગમાં આવી જઈ ધર્માદાનો એક પૈસો પણ ખોટી રીતે વેડફાઈ ન જાય તેની ખાસ કાળજી





રાખવી. શ્રીજીમહારાજ પોતે પણ એવી વ્યવહારકુશળતાથી વર્તતા અને વર્તાવતા. એવી રીતે ભગવાન અને મુક્તોના વર્તનનું અવલોકન કરીને તેમના ગુણો શીખવા. (૨૩)

આ લોકમાં મહારાજનું, સત્સંગપ્રચાર અર્થેનું કામ કરવું હોય ત્યારે બીજા હરિભક્તો, સાધુઓ વગેરેના ક્યારેક ક્યારેક વખાણ કરીને પણ કામ કરાવવું, જેથી તેમની પ્રગતિ થયા કરે અને પોષણ મળે, પણ ક્યારેક સરળતાપૂર્વક વાસ્તવિકતા તરફ પણ અંગુલિનિર્દેશ કરવો. શિથિલતા ચલાવી ન લેવી, તેમજ બહુ આકરાપણું પણ ન જણાવવું. ઠાવકા થતાં શીખવું. પ્રભુની ને સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તી પોતાની જાતને પણ સુધારતા રહેવું. (૨૪)

કોઈપણ વ્યક્તિ કે સમુહને કોઈક પ્રશ્ન અંગે judgement ન્યાય આપવાનો થાય ત્યારે હંમેશાં એક વાત ધ્યાનમાં રાખવાની કે તે ન્યાય આપવામાં કોઈનું અહિત તો નથી થતું ને! તથા કોઈ નિર્દોષ વ્યક્તિને નુકસાન તો નથી પહોંચતું ને! જો ન્યાય આપવામાં ભૂલ થતી હોય તો અપરાધ થઇ જાય, માટે ખૂબ વિચારીને કુશળતાપૂર્વક, નિષ્પક્ષપણે ન્યાય આપવો. (૨૫)

એક સાધકે પ્રશ્ન પૂછ્યો, 'ગુરુજી! આ કલિયુગમાં ઘણી વખત સારા માણસને પણ એવા કપરા-કસોટી ભર્યા સંજોગો વચ્ચે રહેવું પડતું હોય છે કે શું કરવું તે સૂઝ ન પડે. જેમ કે ભગવાનનો ભક્ત કોઈક મોટી પોસ્ટ ઉપર સર્વીસ કરતો

હોય અને તેની આજુબાજુના બધા જ ભ્રષ્ટાચાર કરતા હોય, લાંચ લેતા હોય અને જો પેલા ભક્ત લાંચ ન લે તો ખૂબ જ મુશ્કેલીમાં આવી જાય અને ક્યારેક જાનનું પણ જોખમ હોય અને તે ધન ભગવાનની સેવામાં જ વાપરી નાંખવું એવા ભાવ સાથે આપત્કાળમાં લાંચ લે તો તેને પાપ લાગે કે નહીં?' ત્યારે મુક્તરાજે જણાવ્યું, 'ખૂબ જ કપરો આપત્કાળ હોય અને તેમાંથી માર્ગ નીકળે તેવું હોય જ નહીં અને લાંચ લેવી જ પડે તેમ હોય અને તે લાંચની બધી જ રકમ સેવા અર્થે અર્થાત્ પ્રભુના કાર્ય અર્થે અર્પણ કરી દે, તો તે છે તો ચોરી જ, કારણ કે પ્રભુએ કહ્યું છે કે, 'ધર્મ કરવાને અર્થે પણ ચોરીનું કાર્ય ન કરવું'. માટે તે ચોરી હોવા છતાં આપત્કાળમાં બજાવેલું કર્તવ્ય હોવાથી થોડે અંશે ક્ષમ્ય છે, pardonable છે, તેના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ શકાય, પરંતુ જાનના જોખમ જેવો અતિ આપત્કાળ ન હોય અને ફક્ત દાનની સેવા ભાવના રાખી લાંચ લે તો તે ચોરી જ છે. પાપ કર્મ છે. સરકારે રચેલા કાયદાઓ નીતિ ઉપર જ રચાયેલા હોય છે. તેથી તેનું પાલન ન થાય તો તે ધર્મથી વિરુદ્ધ જ કહેવાય. જે સાધક ૧૦૦% શુદ્ધ પ્રામાણિક ને નીતિમાન બને તે જ પ્રભુપ્રાપ્તિના માર્ગે, સાક્ષાત્કારને માર્ગે આગળ વધી શકે. કેવળ પ્રભુના મહિમાની વાતો કરે અને નીતિ ન રાખે તો તેની પ્રગતિ અવરોધાય. લાંચ લેવાથી લેનાર પોતાના મનની સ્વતંત્રતા ગુમાવે છે અને તેના મન, બુદ્ધિ મલિન





થાય છે, ભ્રષ્ટ થાય છે, જે મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ છે.' (૨૬)

પ્રભુની આજ્ઞા પ્રમાણે પોતાની આવકમાંથી ધર્માદો કરવો જોઈએ. તેમાં પણ ભેદ છે. જે ધર્માદો ૧૦ મો કે ૨૦ મો ભાગ, ૫% કે ૧૦% કાઢતો જ નથી તે તો પાપ જ છે અને તેને જન્મ ધરવા પડે છે. કોઈને ઘણી ઓછી આવક હોય તો પણ પ્રભુની આજ્ઞા પ્રમાણે અલ્પ ધર્માદો કરે અને પોતે સંતોષથી રહે તો પ્રભુની પ્રસન્નતા થાય. ધર્માદો ન કાઢવો તે ચોરી જ છે. એક યા બીજી રીતે તે ધન તેની પાસેથી જતું રહે. જે આ લોકમાં ભૌતિક રીતે, દૈહિક રીતે, આર્થિક રીતે સુખી થઈશું તેવી ભાવનાથી તથા જે કોઈ પાપ કરીશું તે ધોવાઈ જશે, તેવી ભાવનાથી ધર્માદો કાઢે તે મધ્યમ છે. જે ધર્માદો કાઢતો જ ન હોય તેવા ચોર કરતાં એવી ભાવનાવાળો થોડો સારો, પણ પુણ્ય કમાવાની ભાવના પણ મોક્ષ માર્ગે વિઘ્નકારી છે. પાપ-પુણ્ય બંને કર્માશયો બંધનકારી છે. પુણ્ય કર્મોથી આ લોકમાં દેહે કરીને બધી વાતે સુખી થાય અને પાપ કર્મોથી દુઃખી થાય. જો પાપ કર્મો લોઢાની સાંકળ છે, તો પુણ્ય કર્મો સુવર્ણની સાંકળ છે જ. બંને જીવને બાંધી રાખે છે. પુણ્ય કર્મોથી પણ આસક્તિ થયે પાપ કર્મ કરવાની ભાવના વિકસે છે અને ધીમે ધીમે તે પાપપ્રવૃત્તિ તરફ વળે છે. માટે પાપ-પુણ્ય બંને ભાવનાનો ત્યાગ કરી કેવળ પ્રભુપ્રસન્નતા માટે સેવા-ધર્માદો વગેરે કાર્યો કરવાથી કોઈ બંધન થતું નથી અને પ્રભુપ્રસન્નતા થાય છે. નિઃસ્વાર્થ ભાવથી

કર્મ કરવાવાળો જ ઉત્તમ છે. (૨૭)

પ્રભુના જીવોના કલ્યાણ કરવારૂપી સેવાકાર્યો કરવા સાથે યશ, કીર્તિ, પ્રસિદ્ધિ, ધનપ્રાપ્તિ તથા કોઈ પણ પ્રકારની સ્વાર્થ વૃત્તિ અથવા કોઈ લૌકિક અપેક્ષા ભળે તો તે સેવા કાર્ય તેને બંધનરૂપ બને. કેવળ નિઃસ્વાર્થ, નિર્પેક્ષિત થઈને પ્રભુપ્રસન્નતા અર્થે જ સેવા કરનાર સાધક મુક્તિ પામી શકે. તેમાં જરાપણ રાગ-દ્વેષ આદિ ભળે તો વિઘ્ન થાય જ. બીજી બધી સેવાનું મહત્ત્વ છે જ, પરંતુ શ્રીજીમહારાજના પૂર્ણ સિદ્ધ અનાદિમુક્તનું મનુષ્યરૂપે પ્રત્યક્ષપણું હોય અને તેમની નિઃસ્વાર્થ ભાવે સેવા કરે અને તેમની પ્રસન્નતા મેળવે તો પ્રભુપ્રાપ્તિ વિના વિલંબે થાય. તેવા સાધકને પ્રભુ પોતાના દિવ્યસ્વરૂપ સંબંધી દિવ્યસુખ ઘણા કાળ સુધી ભોગવાવે. પછી તેને સ્વતંત્ર મુક્ત કરી બીજા જીવોના કલ્યાણ માટે સત્સંગમાં જન્મ ધરાવે. તે સુખભોક્તા રહ્યો થકો જીવોના કલ્યાણ કરી શકે એવો સમર્થ થાય.

નિઃસ્વાર્થભાવે તથા કોઈ પણ પ્રકારની અપેક્ષા રહિત મોટા મુક્તની સેવા કરે અને તેમને પ્રસન્ન કરે ત્યારે જ પ્રભુના સ્વરૂપ સાથે લગની લાગે. દોષ-સ્વભાવ-ગ્રંથિઓ પણ ત્યારે જ યથાર્થ ટળે. જ્યાં સુધી મોટા મુક્તને વિષે દિવ્યભાવ અને આપોપું નથી થતું, ત્યાં સુધી ધ્યાન-ભજનની ક્રિયાઓ નીરસ, શુષ્ક અને યંત્રવત્ mechenical રહે છે. ગમે તેટલા સાધન કરે, પણ પૂરું થવું કઠણ છે. મોટા મુક્તને સેવાએ





પ્રસન્ન કરે તો જ સાધન સિદ્ધ થાય. મુક્તની કૃપા વગર મુક્તદશા ન આવે. આ સિદ્ધાંત વાત છે. (૨૮)

સત્સંગી, શ્રીજીના મહિમાવાળી અને મોટા મુક્તના આશીર્વાદને પામેલી સ્ત્રીઓના પતિને શ્રીજીમહારાજ પોતાના સુખમાં મૂકે તો તેમને શોક ન થવો જોઈએ. પોતાને ક્યારેય વિધવા ન માનવું, કારણ કે ભગવાન સાથે તો તેમનું અખંડ સૌભાગ્ય છે જ. શ્રીજીમહારાજ અને તેમના લાડીલા મુક્તો અખંડ ભેળા છે, માટે ક્યારેય લૂખાપણું અને એકલાપણું ન માનવું. અનંત જન્મોથી સંસાર કરતા આવ્યા છીએ એટલે અનંત સંબંધો પતિ, પત્ની, બાળકો, સગાઓ સાથેના હતા. અને હવે તો જેના ભેળું અખંડ રહેવું છે, અનંત કલ્પો સુધી જેની પાસે જેના સુખમાં રહેવું છે, તેને જ સંભારવા અને તેના સંબંધી જ સંકલ્પ કરવા, વિચાર કરવા, બધું તેમના સંબંધી જ કરવું. પરમાત્માના સુખને તો જ પમાય. તે અર્થે શ્રીજીમહારાજે એક હરિભક્ત બાઈને દર્શન દઈ જણાવ્યું કે તેમના પતિને કેવા સુખમાં મૂક્યા છે! તે જોઈને તે બાઈ તો આનંદમાં આવી જઈ નાચી ઉઠ્યાં. (૨૯)

શ્રીજીમહારાજની ચરણરજનો મહિમા બીજી પ્રસાદી, પ્રસાદીના પગલાં-પદાર્થ કરતાં અધિક છે. તેમાં શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનો દિવ્યસંકલ્પ સમાયેલો હોવાથી તે રજ દિવ્ય છે. સાક્ષાત્કારવાળા અનાદિમુક્ત સંકલ્પ કરીને ચરણરજ આપે તો તેનાથી ભૂત-પ્રેત ભાગે, આસુરી-માયાવી શક્તિઓ

પરાભવ પામે, ત્રિવિધ તાપમાં શાંતિ થઈ જાય, રોગીનો રોગ જાય, અથવા તેમાં રાહત થાય અને તેને સહન કરવાની શક્તિ આવે. સાધના દરમ્યાન ઉદ્ભવતા અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ, આવેગો-આવેશો શાંત થાય, અંતઃકરણ નિર્મળ બને અને અંત વખતે કોઈને પ્રસાદીની ચરણરજ આપવાથી તેને દેહ છોડતી વખતે દુઃખમાં રાહત થાય અને યથાર્થ મહિમા જાગે તો પ્રભુના ધામને પણ પામે. પ્રભુ તથા મુક્તમાં ખૂબ શ્રદ્ધા સાથે ચરણરજ લે અથવા કોઈને આપે તો ચમત્કારિક રીતે તેમાં રહેલ પ્રભુનો દિવ્યસંકલ્પ કામ કરે છે. તેમાં જેટલી શ્રદ્ધાની દૃઢતા, એટલું ત્વરિત કામ થાય. અતિ દૃઢ શ્રદ્ધાથી રજ ગ્રહણ કરવામાં આવે તો આત્યંતિક મોક્ષ પણ કરે. આ ચરણરજ દૃઢ શ્રદ્ધાવાન, સાત્ત્વિક, પવિત્ર તથા નિષ્કામવ્રત, બ્રહ્મચર્યવ્રતમાં દૃઢતાવાળાને સાધનામાં ખૂબ જ લાભદાયી બને છે. આમ ચરણરજનું માહાત્મ્ય અનેરું છે. (૩૦)

સુંદરતા અને સ્વચ્છતા મહારાજના ગુણ છે. તેથી દરેક વસ્તુ સુંદર, સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવી જોઈએ. સભામાં શેતરંજી પાથરતી વખતે સેવકોને એવી સલાહ સાથે બોધ આપ્યો હતો. (૩૧)

પ્રભુ તથા અનાદિમુક્તને જીવોના ઉત્કર્ષ અને કલ્યાણ માટે સત્સંગસેવાના કાર્યમાં જ્યારે ધનની આવશ્યકતા હોય, ત્યારે ધનાઢ્ય ભક્તોએ ધનથી સેવા કરવી જોઈએ. જ્યારે





તનથી સેવા કરવાની આવશ્યકતા હોય, ત્યારે તનથી સ્વસ્થ અને સશક્ત વ્યક્તિઓએ તનથી સેવા કરવી જોઈએ. એ રીતે જ્યારે જ્યારે કોઈપણ પ્રકારની સેવાની તક મળે ત્યારે તે તક ઝડપી લેવી. જે મુમુક્ષુ પ્રભુની તથા મુક્તની મરજી જાણી વિચક્ષણતાપૂર્વક, પોતાના બધા ઠરાવ મૂકીને સમયસૂચકતા વાપરીને સેવા કરે તો પ્રભુની તથા મોટા મુક્તની તેના પર ખૂબ જ પ્રસન્નતા થાય છે. (૩૨)

એક વખત સેવકે મુક્તરાજને પૂછ્યું જે, 'ગુરુદેવ, ગૃહસ્થોને તો પોતાના કુટુંબ પ્રત્યે અનેક ફરજો બજાવવાની હોય છે, તેમાં પતિ-પત્નીએ કેટલીક પરસ્પર બજાવવાની ફરજમાં તેમને નિષ્કામવ્રત પાળવું ઘણું કઠણ પડે. અને બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર પાત્રતા આવતી નથી તો ગૃહસ્થોએ પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટેની પાત્રતા કેવી રીતે કેળવવી?' ત્યારે મુક્તરાજ કૃપા કરીને બોલ્યા, 'એનો ઉત્તર એ છે કે, જે જીવ એકવાર સંસારના ચક્કરમાં પડ્યો એટલે તેને પત્ની, બાળકો, સગા-સંબંધીઓ સાથે વ્યવહાર કરવો જોઈએ અને તે અંગેની ફરજો પણ બજાવવી જોઈએ. એકવાર સંસાર માંડ્યા પછી જો પોતાની ફરજો ચૂકે, બરોબર ન બજાવે તો કર્મબંધન થાય અને તેનો દોષ લાગે. મહારાજના સમયમાં ઘણા તીવ્ર વૈરાગ્યવાળા મુમુક્ષુઓ સંસાર માંડ્યા પછી પણ તેનો ત્યાગ કરીને નીકળી ગયેલા. તેમાં અતિ તીવ્ર વૈરાગ્યવાળા હતા તેમને કર્મબંધન નહોતું નડ્યું. કારણ કે

તેઓએ અતિ આકરાં વ્રત, જપ-તપ, ધ્યાન-ભજન વગેરે સાધનો કરી પ્રભુની પ્રસન્નતા મેળવી તેથી કર્મબંધન ન થયું, પણ જે ભક્તને તીવ્ર વૈરાગ્ય ન હોય અને સંસાર કર્યો હોય અને પછી તે સંસારનો ત્યાગ કરે અને પુરુષપ્રયત્ન કરીને જપ, તપ, ધ્યાન-ભજન વગેરે કરીને કર્મો ન બાળી શકે તો તે ચોક્કસ બંધનકર્તા થાય. કારણ કે પોતાની પત્ની-બાળકો, માતા-પિતા વગેરે પ્રત્યેની ફરજો ન બજાવવાથી જે દોષ લાગે, તેનું નિવારણ થવું ઘણું કઠણ છે. એટલે ગૃહસ્થોએ તો મનમાં એમ હિંમત રાખી વિચારવું કે સંસાર-વ્યવહારમાં રહીને મારે પ્રભુ સેવા, સત્સંગસેવાનું કાર્ય કરવાનું છે તે મહારાજે પોતે સોપ્યું છે. એમ માની પોતાની ફરજો અને કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવાથી તે ભક્તિરૂપ બને છે. મોટા મુક્ત, ગુરુ, માતા-પિતા અને વડીલવર્ગની સેવા પોતાની પવિત્ર ફરજ સમજી બજાવવાથી પ્રભુ તથા મુક્તની તેના પર પ્રસન્નતા થવાથી પાત્રતા આવે છે, કારણ કે તેમાં મહારાજની આજ્ઞાનું પાલન થાય છે.'

'ગૃહસ્થે સમજણપૂર્વક સંસાર સુખ ભોગવવું. અને એક કે બે સંતતિ થઇ ગયા બાદ કોઈપણ જાતના વિખવાદ અને ક્લેશનો ત્યાગ કરી mutual understanding રાખી, સમજણ તથા વિવેકપૂર્વકની સહસંમતિથી બ્રહ્મચર્ય પાળવું. જો એ રીતે રહે તો સહેજે એક બીજાના સહકારથી બંને જણ આધ્યાત્મિક પ્રગતિ સાધી, પાત્રતા કેળવી આત્યંતિક મોક્ષ મેળવી શકે.





માટે ગૃહસ્થ જીવનમાં પાત્રતા ન કેળવી શકાય તેમ ન માનવું. જો ગૃહસ્થો પોતાનું જીવન ઉત્તમ રીતે નિર્મળ બનાવે તો જરૂર પ્રગતિ સાધી શકે. જોકે ગૃહસ્થજીવન બંધનકારી તો છે જ. Married life is unnatural, but unmarried life is a natural life. ગૃહસ્થ જીવન અકુદરતી જીવન છે, પણ કુવારું જીવન તે કુદરતી જીવન છે. એટલે સમજણપૂર્વક જો બ્રહ્મચર્યવ્રત પાળે અને સંસારવ્યવહાર ન માંડે તો સરળતાથી પાત્રતા કેળવી શકે. સત્સંગ વિકાસનું કામ કરવું હોય, શ્રીજીમહારાજના જ્ઞાનનો પ્રચાર કરવો હોય, તેમણે પણ બ્રહ્મચર્યવ્રત પાળી, નિષ્કામવ્રત બરોબર દૃઢ કરવું જોઈએ તો જ પોતે ઉત્તમ કાર્ય કરી શકે અને પ્રભુની પ્રસન્નતા મેળવી શકે.' (૩૩)

જે ભક્તને નિષ્કામવ્રતમાં ખામી હોય તેવા ભક્તની સેવા મહારાજ અને મોટા મુક્તને ગમતી નથી, તેમ છતાં તેઓ કૃપાના સાગર હોવાથી તેવા ભક્તો ઉપર દયા રાખે છે અને સાચી સમજણ આપી તેવા ભક્તના દોષો ટાળવામાં મદદ કરે છે. માટે જેને એવા મુક્ત મળ્યા હોય, તેણે તેમની આજ્ઞા-અનુવૃત્તિમાં બરોબર વર્તવું. જો યથાર્થ મહિમા જાણી, શ્રદ્ધાપૂર્વક તેમની અંગત સેવા કરે, તો તેમની કૃપાથી ગમે તેવા બળવાન મલિન દોષના આવરણો હોય, તે ટળી જાય છે. મુક્તના વચન બરાબર પચાવતાં શીખવું. તેમના દિવ્ય શબ્દો ગ્રહણ કરી સ્મૃતિમાં રાખવા, તેને જીવનમાં ઉતારવા.

મુક્તના સાંનિધ્યનું સુખ પણ સમાવતાં શીખવું. ધ્યાન-ભજન કરતાં પોતાને તેનું સુખ આવતું હોય, દિવ્ય અનુભવો થતા હોય તે અંદર અંતરમાં સમાવવા. કોઈને જણાવવું નહીં, જો તે બીજાને જણાવે તો સુખ ઓછું થઈ જાય. ધ્યાનમાં આગળ વધવાથી વચનસિદ્ધિ જેવા મોટા ગુણો, ઐશ્વર્યો-સામર્થ્ય આવે તો તે પણ બીજાને આકર્ષવા માટે જણાવવા નહીં. તે ગુણો મહારાજના છે તેમ જ માનવું અને દાસભાવ દૃઢ કરવો. જેમ રૂપિયા કાગળના જ હોય છે. તેની ઉપર સરકારનો સિક્કો હોય એટલે તેની કિંમત છે, પણ જો સિક્કો ન હોય તો કાગળની કોઈ કિંમત હોતી નથી. તેમ ગુણો-ઐશ્વર્યો મહારાજના જ છે તેમ માનવું, પણ પોતે મોટાઈ ન ઈચ્છવી, નહીં તો સાક્ષાત્કારના માર્ગમાંથી વિચલિત કરે.

ઐશ્વર્યના રાગ પ્રભુનો સાક્ષાત્કાર થવામાં મોટી અડચણરૂપ છે. તે કારણશરીર કરતાં પણ અતિ સૂક્ષ્મ હોવાથી તેને મહાકારણ ગણેલા છે. સ્થૂળ-સૂક્ષ્મ-કારણથી પર થાય તો મહાકારણમાં અટવાઈ જાય, એટલે આત્યંતિક મોક્ષ થવામાં વિલંબ થઈ જાય. ઐશ્વર્યો, સિદ્ધિઓ વગેરેની ઈચ્છા તો ઐશ્વર્યાર્થીને હોય છે. માટે જેને અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવી હોય, તેમણે તો ઐશ્વર્યને જોવા પામવાની ઈચ્છા જ ન કરવી. એ માર્ગ જ બંધ રાખવો. સાક્ષાત્કાર થઈ અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત થયા પછી શ્રીજીમહારાજ તે મુક્ત દ્વારા ઐશ્વર્ય, સામર્થી વગેરે જણાવે તો તેનો બાધ





નથી, કારણ કે મહારાજ બીજા જીવોના સમાસને અર્થે તેમ જણાવે છે, પણ મુક્તો પોતાની ઈચ્છાથી નથી જણાવતા.

મહારાજની ઈચ્છા અને મુક્તની ઈચ્છા જુદી નથી, એક જ છે. મુક્તને તો મહારાજના ઠરાવે જ પોતાનો ઠરાવ હોય છે. જો મુક્ત સકામ હોય અને તેમના નોખા સંકલ્પ હોય તો તે મુક્ત કઈ રીતે કહી શકાય? મુક્ત તો નિષ્કામ, નિર્વિકલ્પ છે. તેમના સંકલ્પ તે સ્વયં શ્રીજીમહારાજના જ સંકલ્પ છે જે દિવ્ય છે. ઐશ્વર્યાર્થીઓ જે સામર્થી જણાવે છે, તે બીજાને આકર્ષવા માટે જણાવે છે અને તે અહંકારે યુક્ત હોવાથી તેવા ઐશ્વર્યાર્થીઓ વચ્ચે અટકી પડે છે. પ્રભુનો સાક્ષાત્કાર કરી તેમનું અવિચળ દિવ્યસુખ નથી પામી શકતા. તેઓ બ્રહ્માંડની ઉપાધિમાં જોડાઈને કોટી કલ્પ સુધી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય વગેરે કાર્યોમાં અટવાયેલા રહે છે. પ્રભુની અન્વયશક્તિ દ્વારા તેવા કાર્યો કરે છે, પણ પ્રભુના અવિચળ દિવ્યસુખને પામી શકતા નથી. માટે મુમુક્ષુ સાધકે બધા ઐશ્વર્યની ઈચ્છાનો ત્યાગ કરી પોતાને જે કાંઈ સુખ-સામર્થી, ગુણો પ્રાપ્ત થાય તે અંતરમાં સમાવવા, પણ કોઈને જણાવવું નહીં. પોતાનો ગોળ પોતે ચોળી ખાવો. એટલે મહાપ્રભુજીનો સાક્ષાત્કાર કરવાની પાત્રતા આવે. (૩૪)

એક વખત સેવકે પ્રશ્ન પૂછ્યો કે શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે કોઈ વૈદ્યના આચરણને જાણતાં ન હોઈએ તે વૈદ્યનું ઔષધ ન લેવું તથા બાપાશ્રીએ પણ દાક્તરી દવા ન

ખાવી એમ કહ્યું છે, તેનું કેમ સમજવું? કેટલાક લોકો આવા વચનોને જડતાપૂર્વક વળગી રહીને પોતે ખૂબ હેરાન થાય છે ને બીજાને હેરાન કરે છે. કેટલાક તો અણસમજણને લઈને ઘરડા મા-બાપની કે નાના બાળકોની સેવા કરવાનું કે ઈલાજ કરવાનું પણ ટાળે છે. અને તેમાં ક્યારેક જીવનું જોખમ હોય એવી પરિસ્થિતિ પણ ઉદ્ભવે છે, એ વખતે શું ઉપાય કરવો? તેના ઉત્તરમાં મુક્તરાજે જણાવ્યું કે શ્રીહરિએ જ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે આચાર, વ્યવહાર ને પ્રાયશ્ચિત્ત એ ત્રણ વાના તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ ને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં. બને ત્યાં સુધી આહાર-વિહારની એવી ગોઠવણ કરવી કે કોઈ બીમારી કે મંદવાડ આવે નહીં ને આરોગ્ય સારું રહે એવો પ્રયત્ન કરવો. ક્યારેક સંજોગવશાત્ કે પ્રારબ્ધ અથવા ક્રિયમાણ કર્મથી રોગ કે બીમારી આવે ત્યારે નિર્દોષ ને શુદ્ધ ઉપાય કરવા. પરંતુ અકસ્માત અથવા હૃદયરોગનો હુમલો કે અન્ય કોઈ જીવલેણ રોગ થાય ત્યારે હૉસ્પિટલમાં દાખલ થવું પડે, શસ્ત્રક્રિયા surgery કરાવવી પડે એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ઔષધ લઇ ઈલાજ પણ કરવો પડે. એ વખતે સમય ને સંજોગો પ્રમાણે વિવેકપૂર્વક વર્તવું જોઈએ. એવા સમયે જડતા વાપરે તો જાનનું જોખમ પણ થઈ શકે. દુર્લભ માનવદેહ કંઈ વારે વારે મળતો નથી, માટે સમજણ રાખવી.

શરીર સ્વસ્થ ને નીરોગી રહે તો જ પ્રભુપ્રસન્નતાના





સાધનો થઇ શકે. માટે અતિ આકસ્મિક સંજોગોમાં દવાખાનામાં ઈલાજ કરાવવો પડે તો કરાવવો જોઈએ. પછી જ્યારે શરીર સ્વસ્થ થઈ જાય એટલે શુદ્ધિ માટે ઉપવાસ સાથે પ્રભુભજન કરી પ્રાયશ્ચિત્ત કરી શકાય. આમ વિવેક ને સમજણ કેળવવી, જેથી મનુષ્યદેહ દ્વારા પ્રભુપ્રાપ્તિરૂપ ધ્યેય સિદ્ધ કરવામાં સરળતા રહે. (૩૫)

# ઉપસંહાર

'અમૃત સાગર-૧' માં સાધક માટે અતિ ઉપયોગી એવા વિષય મુદ્દાઓ વિષે વિશદરૂપે આપણે જોયું કે સાધકને પોતાનું લક્ષ્ય એવી પ્રભુપ્રાપ્તિ કરવા તથા આદર્શ ને ચારિત્ર્યપૂર્ણ જીવનઘડતર માટે મુક્તરાજ પૂજ્ય શ્રી નારાયણભાઈએ પ્રશ્નોત્તરી દ્વારા અતિ અગત્યના સૂચનો આપી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. જેને કેવળ પ્રભુપ્રાપ્તિ જ એક લક્ષ્ય છે તેને માટે આ ગ્રંથનો અભ્યાસ અતિ ઉપયોગી સાબિત થશે એમાં બેમત નથી. સાધકને પોતાની આધ્યાત્મિક સાધના દરમ્યાન નડતી મુશ્કેલીઓ, મૂંઝવણ તથા જ્ઞાનમાર્ગ સમજવામાં નડતી ગૂંચો વગેરેના સચોટ ઉપાયો આ ગ્રંથના અભ્યાસુને મળી રહે છે.

સ.ગુ. અ.મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈનો ઉપકાર તો માનીએ તેટલો ઓછો છે. તેમનું ઋણ તો અનંત જન્મે પણ ચૂકવી શકાય તેમ નથી. મુમુક્ષુ જીવોના આધ્યાત્મિક શ્રેયનો જ ઉત્કૃષ્ટ આશય ધરાવતા આવા મહાન સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી એ અતિ દુષ્કર ને દુર્લભ બાબત છે.





એ પ્રાપ્તિ જેને જેને થઇ છે તે કેવળ સદ્‌ગુરુની નિષ્કારણ કૃપાનું પરિણામ છે. એમાં જીવોના પ્રયત્નની ગણના અતિ અલ્પ ને ગૌણ છે. આવા પ્રેરણાસ્રોત સમા મહાન સદ્‌ગુરુનું યતકિંચિત્ ઋણ અદા કરવાનો એક જ ઉપાય છે કે તેમણે આપેલા જ્ઞાન અને માર્ગદર્શન પ્રમાણે શુદ્ધ આચરણ દ્વારા પ્રભુપ્રાપ્તિરૂપ લક્ષ્ય માટેની અવિરત સાધના પ્રામાણિકપણે આપણા સમગ્ર જીવનકાળ દરમ્યાન કરતા રહીએ. એ સાધનામાં પ્રભુની તેમજ આવા સદ્‌ગુરુની રક્ષા, સહાય તેમજ પ્રસન્નતા સદાય મળતી રહે એમ તેમના ચરણકમળમાં વિનમ્રપણે પ્રાર્થતા રહીએ!

## નોંધ

## નોંધ